ॐ

ભગવાન રંગાવધૂતજીએ લોકસંગ્રહના કાર્ય માટે-સમાજના આર્થિક રીતે કચડાયેલા
આત્માઓને ઉપયોગી થવાય તે હેતુથી લીંચના બચુભાઈ કૃપાશંકર રાવલ (હાલના
પૂ. પ્રેમ અવધૂત)ને માધ્યમ કરી જે સત્કર્મો કરાવ્યા તે છેઃ 'માનવતાની મહેક'

# માનવતાની મહેક

## (પદ્ય)



પૂ. શ્રી પ્રેમ અવધૂત (લીંચ)

# પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો



શ્રી રંગ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરતા
પૂ. શ્રી બાપુજી, ધનોરી

શ્રી રંગ મંદિર, પ્રાણપ્રતિષ્ઠા વખતે
પૂ.શ્રી બાપજીની આરતી ઉતારતા
પૂ.શ્રી બાપુજી, ધનોરી

મોક્ષેશ્વર મહાદેવજીના
મંદિરમાં જળ ચઢાવતા
પૂ.શ્રી બાપુજી, પાંડવ(ઉ.ગુ.)

પ.પૂ. શ્રી બાપજીની
પાદુકાજીને ફૂલ
ચઢાવતા
પૂ.શ્રી બાપુજી,
સિદ્ધપુર

સુરેશભાઈ પાઠકના ઘરે
પ.પૂ.શ્રી બાપજી જે ખુરશી પર
બેઠા હતા તેની પૂજા કરતા
પૂ.શ્રી બાપુજી, વડોદરા

સાઈમંદિરમાં દત્તભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા
પૂ.શ્રી બાપુજીના હસ્તે થયેલી, ચાણસ્મા

મહાદેવજીના મંદિરે મહાદેવજી પર ફૂલ
ચઢાવતા પૂ.શ્રી બાપુજી, સુરત

**માર્ગદર્શક** : ડૉ. ધીરુભાઇ જોષી

**પરામર્શક** : ડૉ. અશ્વિનભાઇ કાપડીયા

**પ્રધાન સંપાદકઃ** પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
મો. ૦૯૮૨૪૫ ૦૪૨૦૬

**પ્રકાશક** : ૮૦મી પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.

**ગ્રાફિક્સ** : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

**મુદ્રક** : શ્રી મુદ્રેશ પુરોહિત
**'સૂર્યા ઑફસેટ'**, અમદાવાદ.
(૦૨૭૧૭-૨૩૦૧૧૨)

**આવૃત્તિ** : પ્રથમ
ભાદરવા સુદ એકમ, ૨૦૬૬
ગુરુવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૦

**પૂ. પ્રેમ અવધૂતજીની ૮૦મી જન્મજયંતી**
**સહસ્રચંદ્રદર્શન વર્ષ**

**પ્રત** : ૧૦૦૦

**પચાસ રૂપિયા**

# સંપાદક મંડળ


**: માર્ગદર્શક :**

- ડૉ. શ્રી ધીરુભાઈ જોષી

**: પરામર્શક :**

- ડૉ. શ્રી અશ્વિનભાઈ કાપડિયા

**: પ્રધાન સંપાદક :**

- પ્રા. શ્રી કુલીન ઉપાધ્યાય

**: સંપાદકો :**

- ડૉ. શ્રી સુભાષભાઈ દવે
- શ્રી અનિલભાઈ શ્રોફ
- શાસ્ત્રી શ્રી જયેન્દ્રભાઈ દવે
- શ્રી નવનીતભાઈ પાઠક
- ડૉ. શ્રી ઇન્દુભાઈ દવે
- શ્રી ધનસુખભાઈ પટેલ

## : પૂ. પ્રેમ અવધૂતજી વિશે :

| | | | |
|---|---|---|---|
| • **નામ** | : પ્રેમશંકર | • **જન્મદિવસ** | : રવિવાર |
| • **હુલામણું નામ** | : બચુભાઈ | • **જન્મતિથિ** | : ભાદરવા સુદ એકમ પર બીજ, સં. ૧૯૮૭ |
| • **પિતાનું નામ** | : કૃપાશંકર | • **જન્મતારીખ** | : ૧૩ સપ્ટેમ્બર, ૧૯૩૧ |
| • **માતાનું નામ** | : શાંતાબહેન | • **જન્મસમય** | : રાત્રે ૨.૩૦ વાગ્યે |
| • **અટક** | : રાવલ | • **જન્મસ્થળ** | : લીંચ, જિલ્લો-મહેસાણા (ઉ.ગુ.) |

• **પ્રથમ રંગ દર્શન** : ચૈત્ર સુદ પાંચમ, સંવત ૨૦૦૬

## પુસ્તક પ્રાપ્તિ સ્થાન

**૧. અવધૂત કુટીર, લીંચ**
(જિ. મહેસાણા)
પીનઃ ૩૮૪ ૪૩૫
ફોનઃ (૦૨૭૬૨) ૨૮૨૩૪૩.

**૨. અવધૂત પુસ્તક ભંડાર**
નારેશ્વર. પો. સાયર.
પીનઃ ૩૯૩ ૧૦૭
ફોન: (૦૨૬૬૬) ૨૫૩૬૭૧

**૩. પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય**
બી/૪૦૧, પરિશ્રમ ટાવર્સ,
અંકુર, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
મો.: ૯૮૨૪૫ ૦૪૨૦૬

**૪. શ્રી અનિલભાઈ શ્રોફ**
'રંગ-આશિષ'
૨, ચેમ્બૂર-ડ્રીમલેન્ડ સોસાયટી,
ચેમ્બૂર, મુંબઈ-૪૦૦ ૦૭૧.
મો.: ૦૯૮૨૦૧ ૫૭૨૧૦

**૫. પ્રેમકુટીર, કોઠિયાખાડ.**
તા. બોરસદ, જિ. આણંદ
ફોન: (૦૨૬૯૬) ૨૮૧૩૫૮

**૬. શ્રી નવનીતભાઈ પાઠક**
શ્રી દત્તમંદિર, સેક્ટર નં. ૨૮,
ગાંધીનગર-૩૮૨ ૦૨૮.
ફોન: (૦૭૯)૨૩૨૧૦૬૪૨.

**૭. શ્રી અનંત યજ્ઞેશ્વરી**
શ્રી રંગ સોસાયટી, ચલા,
વાપી-૩૯૬ ૧૯૧.
ફોન: (૦૨૬૦) ૨૪૨ ૨૬૬

**૮ .શ્રી કનુભાઈ પટેલ**
ઈ-૪૭૮, જીઈબી કોલોની
મુ.પો. ઉકાઈ, તા. સોનગઢ.
જી. વ્યારા- ૩૯૪ ૪૬૩૦.
ફોન: (૦૨૬૨૪) ૨૩૫ ૩૦૫.

●

# અભિવંદન

સેવાકૃતા યેન ગુરોઃ પ્રકામં
કાલોચિતા બહુશઃ સુયોગ્યા ।
અશીતિ વર્ષે ગુરુકાર્ય-મગ્નં
પ્રેમાવધૂતં મનસા સ્મરામિ ॥

(જેમણે ગુરુની સમયસર અને જે સમે જેવી જોઈએ તેવી સુયોગ્ય સેવા ઘણી કરી અને ૮૦ વર્ષની ઉંમરે પણ ગુરુના કાર્યમાં રત છે તેવા શ્રી પ્રેમ અવધૂતજીને હું મનથી (વંદનપૂર્વક) સ્મરું છું.)

પૂ.ભાઈને તેમની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે એક અભિનંદન ગ્રંથ સમર્પિત કરતાં આનંદ થાય છે. પૂ.ભાઈનો મારા પ્રત્યે પ્રેમ અને પક્ષપાત રહે છે અને તે મને આ રીતે આગળ કરે છે. એમણે જે કાર્ય કર્યું છે તે ધ્યાનમાં રાખી મને પણ એમણે ચીંધેલું કામ કરવામાં આનંદ આવે છે. પૂ.ભાઈએ ક્યારેય પોતાની જાતને આગળ કરી નથી. બધો જ યશ પૂ.શ્રીને જ આપ્યો છે. પૂ.શ્રી અજ્ઞાત (તડીપાર) જયંતી કરવા માટે નર્મદામાં જ બે-પાંચ વ્યક્તિઓ સાથે નીકળ્યા હતા. ગરુડેશ્વર દર્શન કરવા ગયા. ત્યાં ઘાટ ચઢવાનો હતો. બધા મૂંઝાતા હતા કે પૂ.શ્રી આવી તબિયતે ઘાટ કેવી રીતે ચઢશે? પૂ.શ્રી બોલ્યાઃ “અરે! ગુરુમહારાજ મારી આંગળી પકડશે ને હું ચઢી જઈશ.” (અજ્ઞાત (તડીપાર) જયંતી પૃ.૭૫) બસ એવી જ રીતે પૂ.ભાઈ પૂ.શ્રીને કેન્દ્રમાં રાખી કાર્ય કરે છે, કરી રહ્યા છે અને કરશે. તેથી આ ગ્રંથ પ્રગટ થતાં માત્ર શ્રી પ્રેમ પરિવારને જ નહિ, અવધૂત પરિવારને પણ આનંદ થશે જ. એ બે પરિવારો આમ પણ ક્યાં અલગ છે?

પૂ.શ્રીના ચરણોમાં સા.દં. પ્રણામ તથા પૂ.ભાઈને હાર્દિક વંદન કરી વિરમું.

શતં જીવતુ!!

૧૩-૭-૨૦૧૦ - ડૉ. ધીરુભાઈ જોષી
રથયાત્રા દિવસ

# દેવમાનવની દિશાના પૂરોધા
# પૂ. પ્રેમ અવધૂતજી (બાપુજી)

'માનવતાની મહેક'ના આ પૂ.બાપુજીની ૮૦મી સાલગીરી નિમિત્તે પ્રકાશિત થતાં ગ્રંથની પ્રમુખ ભૂમિકા આપણાં સર્વેના આદરણીય પ્રા. કુલીનભાઈ ઉપાધ્યાયે નિભાવી છે. પરિણામે આ 'પાવન ચેતનાનો દસ્તાવેજ' આપણાં રંગ પરિવારને ઉપલબ્ધ થઈ શક્યો છે. આ સ્મૃતિગ્રંથ જેમની પાવન સ્મૃતિમાં પ્રકાશિત થાય છે એ પૂ.બાપુજી-પૂ. પ્રેમ અવધૂતજી જેમણે પૂ. રંગ અવધૂત બાપજીની પાવન ચેતનાને પોતાનાં આત્મજીવનની અને આત્મસાધનાની આરાધ્ય ગંગોત્રી બનાવી અને પૂ.બાપુજીની એકનિષ્ઠ અને સમર્પિતભાવે સેવા કરી, સેવામાં પોતાનાં આત્માનો રસ રેડીને પોતાનાં જીવનને જેમણે અમૃતનાં આચમન જેવું બનાવ્યું, જે જીવનનું પોતપોતાનાં નીજી સદ્‌ભાગ્ય થકી પાન કરવાનું સાનુકૂળ Turning Point જેમને મળ્યું છે એવા સર્વે સમર્પિત સાધકોને પૂ.બાપુજીના આ પાવન જીવંત માધ્યમ થકી પૂ.બાપજીની ચેતના ભાગીરથીમાં સ્નાન અને પંચામૃત પામ્યાનો દિવ્ય અહેસાસ થયો છે એમના સ્મૃતિ-સંસ્મરણોને એમનાં દ્વારા જ લખાયેલા કાવ્યો-સ્તોત્રોનો આ સ્મૃતિગ્રંથ એ એક ચિરંજીવ દસ્તાવેજ બની રહેશે.

પૂ.બાપુજીએ પ.પૂ.બાપજીની સેવા તો કરી જ કરી પણ સાથે સાથે પૂ.બાપજીની સમાજઉત્થાનની સંકલ્પના, સંચલનસાધના અને દિવ્યતાનાં નિર્માણની રૂપાંતરણની વરદાતા જીવનપ્રવૃત્તિઓને પણ એમણે કોઠિયાખાડ, લીંચ, ફરાદી અને અમેરિકા-કેનેડા સહિતની વિદેશની ધરતી ઉપર જે સાકાર સ્વરૂપ અને ગતિ આપ્યાં છે એ સ્વયં ચૈતસિક ઉત્ક્રાંતિની રંગસાધના જ છે. અનેક આદિવાસી-અબુધ અને સમાજનાં નીચેનાં સ્તરમાં જીવતાં બાળકોમાં જેમણે રંગબાળ-બાળગોપાળનું દર્શન કર્યું અને એક પૂર્ણ 'મા' જે સંસ્કાર સીંચે એવાં રંગભક્તિના-ચૈતસિક ઉત્ક્રાંતિ-ના સંસ્કાર સીંચ્યાં અને આ ઉંમરે પણ એનું સંકલ્પપૂર્વક જે સંવર્ધન કરી રહ્યાં છે એ પૂ.બાપુજીની સામાજિક રૂપાંતરણની સાધના છે. વિદેશની ધરતી પર આજે આ સંસ્કારો અને આધ્યાત્મિકતાથી ઉછરી રહેલાં રંગબાળોની ભક્તિ, જ્ઞાનપિપાસા અને નિષ્ઠાનાં મેં પ્રત્યક્ષ દર્શન કર્યા છે. અમેરિકન બાળકોને વિદેશી પર્યાવરણ સાથે પણ પૂ.બાપજીની રંગસાધના ભક્તિ અને આત્માની ઊંચાઈ આત્મસાત કરવાનો રાજમાર્ગ પૂ.બાપુજીએ રંગભક્તિનાં પૂરોધા તરીકે ચીંધ્યો અને એ માર્ગે પ્રસ્થાન કરવાની આત્મશક્તિનો પોતાનાં દૃષ્ટાંત, દૃષ્ટિ અને કૃપાવંત ઉદ્‌બોધન અને પાવન સ્પર્શથી સંચાર કર્યો એ માત્ર મૂલ્યવાન જીવનપ્રસાદ જ નથી પણ પૂ.બાપજીની અવધૂતી સાધનાનું જીવંત પ્રતિબિંબ છે. પૂ.બાપજીની આ પાવન ચેતનાગંગા પૂ.બાપુજીના માધ્યમ દ્વારા આજે

ભારતીય અને વિદેશી સમાજમાં વહી રહી છે અને બંને કિનારાનાં જીવનને રંગભક્તિની દિશા પ્રદાન કરી રહી છે. આદિવાસી બાળકોનાં કૃપાવંત સમૂહલગ્નનાં આયોજન દ્વારા જ આધ્યાત્મિક ક્રાંતિનું પૂ.બાપુજી દ્વારા જે નિર્માણ થયું એ શ્રીરંગદર્શનના ઈતિહાસનું એક સુવર્ણ પ્રકરણ બની રહેશે.

આવા ગરિમાયુક્ત સાધના-સમાજ અને સ્વરૂપનાં ત્રિમૂર્તિ સ્વરૂપ પૂ.બાપુજીનાં આંતરજીવનનો પ્રસાદ અને પૂ. રંગ અવધૂત બાપજીની ચેતનાગંગાનું જાણે મૂર્તિમંત સ્વરૂપ પ્રગટ થઈ રહ્યું હોય એવી સઘન પ્રતીતિ આપણાં ગુજરાત અને વિદેશમાં અનેક કુટુંબોમાં અવિરતપણે થઈ રહી છે. એવા પૂ.બાપુજીની ૮૦મી જન્મજયંતીની પાવન સ્મૃતિ નિમિત્તે પ્રકાશિત થઈ રહેલ ‘માનવતાની મહેક’નો આ ગ્રંથ હવે પછીના સમય માટે પૂ.બાપજીના જીવનની દિવ્ય પ્રસાદી અને રંગભક્તિની વૈજ્ઞાનિકતા માનવસમાજને આપતો રહેશે અને શ્રીરંગભક્તિની સાધનાક્ષિતિજોનું વિસ્તરણ પણ કરશે જ એવી બુનિયાદ આ ગ્રંથના સંકલનમાં સુપેરે પુષ્ટિ પામે છે.

પૂ.બાપુજીની આ અવધૂતી સાધનામાં પૂ.બાપજીનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે, જે સર્વદા સાકાર થતો રહે અને પૂ. પ્રેમ અવધૂતજી-બાપુજીની આ રંગચેતનાની સાધનાગંગા સદૈવ વહેતી રહો એવી પૂ.બાપજીનાં પાવન ચરણોમાં મારી પ્રાર્થના અને પૂ.બાપુજીનાં ચરણોમાં એમના ૮૦મા જન્મદિને કોટિ કોટિ વંદના સાથે આ અર્ધ્ય એક સહપરામર્શક તરીકે અર્પણ કરતા મને આત્મગૌરવ અને નિજાનંદની સદ્‌ભાગી અનુભૂતિ થાય છે.

તા. ૨૧-૮-૨૦૧૦ - અશ્વિનભાઈ કાપડિયા

યુ.એસ.એ.

# ઋણ સ્વીકાર

પૂ. પ્રેમ અવધૂતજીના ૮૦મા વર્ષના પ્રવેશ નિમિત્તે 'માનવતાની મહેક' ગ્રંથનું પ્રકાશન એ ભગવાન રંગાવધૂતજીની અસીમ કૃપાનું અને મહાનુભાવોના પ્રેમભર્યા સહકારનું જ પરિણામ છે. આ કાર્યમાં સહભાગી થનાર સહુના ઋણનો સ્વીકાર કરતાં આનંદ અનુભવું છું.

સૌ પ્રથમ અવધૂત નિવાસ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી અને આ ગ્રંથ પ્રકાશનના માર્ગદર્શક વડીલ શ્રી મુ.ડૉ. ધીરુભાઈ જોષીનો અત્યંત ઋણી છું. માર્ગદર્શન ઉપરાંત પ્રૂફ જોવાનું કપરું કાર્ય ઝડપથી કરી આપીને મને ઋણી બનાવ્યો છે. આ ગ્રંથનું નામાભિધાન પણ એમણે જ કર્યું છે એ આનંદની વાત છે. ગ્રંથના પરામર્શક મુ.ડૉ. શ્રી અશ્વિનભાઈ કાપડિયાનો, ટાઈટલ પેજ અને ફોટા અંગે દોરવણી આપી એ કાર્ય સિદ્ધ કરી આપનાર પ્રેમ-પ્રેમી રંગભક્ત મુ.શ્રી અનિલભાઈ શ્રોફનો આભારી છું. વખતો વખત ગ્રંથના કાર્યની ગતિવિધિ અંગેની પૂછપરછ કરી મને પ્રોત્સાહિત કરનાર મુ.શ્રી સુભાષભાઈનો, ડૉ. ઇન્દુભાઈ દવેનો, મુ. ધનસુખભાઈનો અને મુ. નવનીતભાઈનો પણ ઋણી છું.

મારા આમંત્રણને માન આપીને પૂ. પ્રેમ અવધૂતજી પ્રત્યે પોતાનો ભાવ પ્રગટ કરનાર બધા જ મહાનુભાવોનો આભારી છું. ખાસ કરીને પૂ. સ્વામી વિદિતાત્માનંદજીનો ખૂબ ખૂબ આભારી છું.

પૂ.મોટાના પરમ ભક્ત મુ. જયંતીભાઈ જાનીએ સામે ચાલીને પ્રૂફ જોવાની આપેલી સેવા માટે એમનો પણ આભારી છું. આવી સેવા દ્વારા એમણે એમનો પૂ. પ્રેમ અવધૂતજી પ્રત્યેનો પ્રેમ જ પ્રગટ કર્યો છે.

માનવતાભર્યા કાર્યોની મહેક ફેલાવનાર પૂ. પ્રેમ અવધૂતજીએ અમને ગ્રંથ પ્રકાશન કરવાની અનુમતિ આપી એ બદલ એમનો પણ ઋણી છું. જેમની અસીમ કૃપા એ જ પ્રકાશન પાછળનું પ્રેરક અને ચાલક બળ છે એ ભગવાન રંગાવધૂતજીનો ખૂબ જ ઋણી છું.

આ ગ્રંથના પ્રકાશનમાં અનેક વ્યક્તિનો સહકાર સાંપડ્યો છે. ગ્રાફિક્સનું કામ કરનાર મારા નાના ભાઈ રાજેન્દ્ર ઉપાધ્યાય અને તેના સમગ્ર પરિવારનો આભારી છું.

સમયસર મુદ્રણ કાર્ય સુંદર રીતે કરી આપવા બદલ સૂર્યા ઑફસેટના શ્રી મુદ્રેશભાઈ પુરોહિતનો આભારી છું.

અમદાવાદ

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# માનવતાની મહેક

## અનુક્રમણિકા



| ક્રમ | રચયિતા | પાન નં. |
|---|---|---|
| ૧ | ડૉ. પ્રા. અરુણોદય ન. જાની | ૧ |
| ૨ | શ્રી રમણલાલ જ. શુક્લ | ૧૫ |
| ૩ | પ્રા. શ્રી શિવુભાઇ દવે | ૩૨ |
| ૪ | ડૉ. શ્રી હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી | ૩૯ |
| ૫ | આચાર્ય શ્રી નીલકંઠ મહાશંકર શુક્લ | ૫૬ |
| ૬ | શ્રીમતી ઉમાદેવી દેશપાંડે | ૭૫ |
| ૭ | શ્રી જયંતીલાલ આચાર્ય | ૮૩ |
| ૮ | શ્રી પ્રપન્નાચાર્ય | ૮૪ |
| ૯ | ડૉ. પ્રા. જયદેવ અરુણોદય જાની | ૮૫ |
| ૧૦ | શ્રી વીરેશ લિંગમ્ | ૮૮ |
| ૧૧ | શ્રી રમણભાઈ શુક્લ | ૮૯ |
| ૧૨ | પ્રા. શ્રી શિવુભાઇ દવે | ૯૧ |
| ૧૩ | ડૉ. શ્રી હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી | ૯૨ |
| ૧૪ | શ્રી સુમનભાઇ પુરોહિત (ભજનભાસ્કર) | ૧૦૫ |
| ૧૫ | શ્રી જયંતીલાલ આચાર્ય | ૧૦૬ |
| ૧૬ | માં ઋતેશ્વરી | ૧૦૬ |
| ૧૭ | ડૉ. પ્રા. શ્રી સુભાષભાઇ દવે | ૧૦૭ |
| ૧૮ | શાસ્ત્રી શ્રી જયેન્દ્રભાઇ દવે | ૧૧૨ |
| ૧૯ | શ્રી વિઠ્ઠલભાઈ પાઠક | ૧૧૪ |
| ૨૦ | પ્રા. શ્રી કુલીન ગ. ઉપાધ્યાય | ૧૧૫ |
| ૨૧ | શ્રી પીયૂષભાઈ જાની | ૧૨૮ |

| ક્રમ | રચયિતા | પાન નં. |
|---|---|---|
| ૨૨ | શ્રી ઈન્દ્રવદન વ્યાસ | ૧૩૮ |
| ૨૩ | શ્રી કપિલ | ૧૩૯ |
| ૨૪ | શ્રી રજનીભાઈ સૂરતી | ૧૪૩ |
| ૨૫ | શ્રી વાડીલાલ સોની પરિવાર | ૧૪૫ |
| ૨૬ | શ્રી દિલીપભાઈ સોની | ૧૪૫ |
| ૨૭ | શ્રી ઉમંગભાઈ પાઠક | ૧૪૬ |
| ૨૮ | શ્રી નિલેશ ઠાકર | ૧૪૭ |
| ૨૯ | શ્રી ચંદ્રકાંત સોમેશ્વર ભટ્ટ | ૧૫૩ |
| ૩૦ | શ્રી અજિત પારેખ | ૧૫૫ |
| ૩૧ | શ્રી અશીત | ૧૫૬ |
| ૩૨ | શ્રી નીલદીપ પરિવાર | ૧૫૭ |
| ૩૩ | શ્રી અમૃતભાઈ પ્રજાપતિ | ૧૫૭ |
| ૩૪ | પ્રા. શ્રીમતી અંજની ઉપાધ્યાય | ૧૫૮ |
| ૩૫ | શ્રીમતી કુસુમબહેન જાની | ૧૬૪ |
| ૩૬ | શ્રીમતી કુંદનબહેન જોષી | ૧૬૫ |
| ૩૭ | શ્રી મધુમતી મહેતા | ૧૬૭ |
| ૩૮ | શ્રી શાલિની | ૧૭૧ |
| ૩૯ | શ્રી આરતી | ૧૭૩ |
| ૪૦ | શ્રી યાચક | ૧૭૪ |
| ૪૧ | શ્રીમતી સુરેખાબહેન | ૧૭૪ |
| ૪૨ | અન્ય | ૧૭૫ |



પ.પૂ.શ્રી રંગ અવધૂત (નારેશ્વર)

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥



## પૂ.શ્રી પ્રેમ અવધૂત (લીંચ)

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રંગાશયજ્ઞં સ્મિતયુતવદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબંધું શરણગતજન–પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરેફમ્ ॥



# (૧)

## સૂક્તાંજલિ

રંગાવધૂતગુરુરાજ સુશિષ્યમેનં
પ્રેમાવધૂતમહમદ્ય નમામિ મૂર્ધ્ના ।
શ્રીરઙ્ગરાજ કરુણા જલસિક્ત મૂર્ધા
સંજીવતાદ્ ભુવિ ભવાન્ શરદાં શતાનિ ॥

(ભાદ્ર શુ. ૧, ૨૦૪૬, અંબાજી)

(૬૦મી જન્મજયંતી પ્રસંગે)

**: અનુવાદ :**

રંગાવધૂતજીના શ્રેષ્ઠ શિષ્ય પ્રેમાવધૂતજીને, આજે મસ્તિષ્ક નમાવી કરું હું વંદન-
શ્રી રંગરાજની કરુણાના જલબિંદુથી સો શરદ સુધી આપ જીવંત રહો પૃથ્વી પ્રાંગણે.

## પ્રેમાવધૂત ધ્યાનમ્

કાન્તં કૃશં સુતપસા ગુરુસેવનેન
દાન્તં સુદીર્ઘસિત કૂર્ચ વિરાજમાનમ્ ।
શાન્તં સુદીપ્ત નયનં સુવિશાલ ભાલમ્
પ્રેમાવધૂત ગુરુવર્યમહં નમામિ ॥ ૧ ॥

**: અનુવાદ :**

યોગ્ય તપથી ગુરુસેવન વડે જેઓ સુંદર તથા કૃશકાય થયા છે, જેમણે શ્વેત લાંબી દાઢી-શોભતી ધારી છે અને જેમના નયન શાંત, તેજસ્વી અને વિશાલ લલાટ છે જેમનું એવા ગુરુવર્ય પ્રેમાવધૂતને વંદન કરું છું.

સેવાયાં ગુરુરઙ્ગરાજ ચરણે નીતં સ્વકીયં વયો
બુદ્ધ્વં સદ્‌ગુરુ માનસં સ્વમનસા ગુર્વર્પિતેનેહ દ્રાક્ ।
સિક્તા ભક્તજનાઃ સ્વનેત્ર કરુણા તોયેન યેનાન્વહં
તં વન્દે સ્મિત શોભિતાસ્ય કમલં પ્રેમાવધૂતં ગુરુમ્ ॥ ૨ ॥

(ભાદ્ર શુકલ ૧, તા. ૨૨-૮-૯૦, મંગળવાર)

**: અનુવાદ :**

ગુરુ રંગરાજની સેવામાં જેમણે પોતાનું આયુષ્ય ગાળ્યું છે, સદ્‌ગુરુના માનસને સમજી સ્વકીય મનને જ જલદીથી ગુર્વર્પિત કર્યું છે અને નિજ નેત્રની કરુણાથી નિત્ય-પ્રતિદિન ભક્તજનોને ભીનાં કર્યા છે એવા સ્મિત વડે મંડિત મુખકમળવંત પ્રેમાવધૂત ગુરુને વંદું છું હું.

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રઙ્ગાશયજ્ઞં સ્મિતયુત વદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબન્ધું શરણગતજન પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરેફમ્ ॥ ૩ ॥

(ભાદ્ર શુકલ ૧૪, તા. ૪-૯-૯૦, મંગળવાર)

**: અનુવાદ :**

કમનીય કરુણાપૂર્ણ ગુરુચરણદ્વંદ્વની સેવા નિત્ય કરનારાં, શાંત સ્વરૂપ રંગના આશયને સમજનાર સ્મિતહાસ્યથી મંડિત મુખમંડળ શુભ્ર દાઢીથી હૃદ્‌કમળમાં વિરાજમાન એવા દ્વિરેફ-ભમરાને-પ્રેમાવધૂતને હું વંદન કરું છું.

**શ્લોકનો અર્થઃ**

૧. કાન્ત- કમનીય, સુંદર
૨. કરુણાથી ભરેલા
૩. ગુરુના ચરણ યુગલની સેવા કરનાર
૪. નિરીહ- ઈહા (કામના) વગરના અથવા કામના વગર ગુરુચરણ યુગલની સેવા કરનાર
૫. શાન્ત (સ્વભાવવાળા)
૬. રંગાવધૂત (ગુરુ)ના આશય (૧) ચિત્તને અને (૨) ઈરાદાને જાણનાર

૭. સ્મિતથી યુક્ત વદનવાળા
૮. સફેદ દાઢીમૂછવાળા
૯. સુંદર હાસ્યવાળા
૧૦. દાન્ત- ઈન્દ્રિયોનું દમન કરનારા
૧૧. દીન (ગરીબ) અને આર્ત (દુઃખિયા)ના બંધુ (બેલી)
૧૨. શરણે આવેલા ભક્તજનોની પ્રાર્થના (ઈચ્છા) પૂરી કરનારા
૧૩. ગુરુના હૃદય સરોજ (કમળ)માં વસનારા
૧૪. દ્વિરેફ- (૧) ભમરો
(૨) પોતાના પ્રેમશંકર એ નામમાં બે રેફ (રકાર)

વાળા ભમરા પ્રેમાવધૂતને હું વંદન કરું છું.

- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
વડોદરા.

❁

# (૨)

(વસંતતિલકા)

પ્રેમાવધૂત ભવદીયવિદેશયાત્રા
તત્રસ્થ ભક્તપરિવાર શિવં કરિષ્યાત્ ।
નાનાવિધ શ્ચ શુભકાર્ય પરંપરા યા
શ્રીસદ્‌ગુરોચરણતોષકરી સદા સ્યાત્ ॥

**: અનુવાદ :**

હે પ્રેમાવધૂત! આપની વિદેશયાત્રા ત્યાંના ભક્ત પરિવારનું કલ્યાણ કરનારી નિવડો અને આપ ત્યાં જે વિવિધ શુભકાર્ય કરો છો અને પરંપરા સ્થાપો છો તે શ્રીસદ્‌ગુરુના ચરણને એટલે કે સદ્‌ગુરુ રંગાવધૂતજીને પ્રસન્ન કરનારી નિવડો.

- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

❁

# (૩)

## યાચના

(રાહ- પરમાત્મપદે રતિરસ્તુ પરા)

તવ પાદ સરોરુદ સંસ્મરણં
 ન વિમુઞ્ચતુ ચિત્તમિદં ચપલં
 હે પ્રેમગુરો ન હિ યાચેઽપરમ્ ॥ ...તવ પાદ . ૧.
તવ પાદ સરોરુદ સંસ્મરણં
 જન પાતક દાવાનલ-શમનમ્ ।
દૌર્ભાગ્યવશાદ્ તવ વિસ્મરણં
 યદિ સ્યાત્ તદૈવ હિ તન્મરણમ્ ॥ ...તવ પાદ . ૨.
મયિ દીનજને પરમા કરુણા
 કરુણાઽઽર્દ ગુરો તે ગદહરણા ।
જીવામિ તદાશ્રયણાદધૂના
 તાં વાહ્ય સંતતમેવ પરામ્ ॥ ...તવ પાદ . ૩.
પશ્યામિ ગુરુ તં રંગવરં
 હૃદયે નિવસન્તં દંડકરં ।
સકલાર્તજનાનામાર્તિહરં
 દેહે તવ કલ્પતરું ફલદમ્ ॥ ...તવ પાદ . ૪.
હૃદયે તવ પ્રેમસુધામ્બુનિધિ
 સદયે સતતં ચ સમુચ્છલતિ ।
અત એવ વિદેશ ગતસ્ય પરાં
 તવ ચિત્તમિદં કુરુતે ચિન્તામ્ ॥ ...તવ પાદ . ૫.
પરદેશ ગતોપિ સ્વદેશ ગતં
 ન હિ વિસ્મરસિ ત્વં ભક્તગણમ્ ।
હૃદયં નવનીતસમં દ્રવતે
 શ્રુત્વા ચ મનાગ્ વ્યથિત સ્વજનમ્ ॥ ...તવ પાદ . ૬.

૮-૧૦-૦૨ - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
વડોદરા



# (૪)

## અન્વય

હે પ્રેમગુરો તવ પાદ-સરોરુદ (કમળ)-સંસ્મરણં (મમ) રુદં ચપલં ચિત્ત ન વિમુઞ્ચતુ. હે પ્રેમગુરો અપરં (અહમ્) ન યાચે. (અપરં = બીજું) ...૧.

તવ પાદ સરોરુદ સંસ્મરણં, જનપાતકઃ દાવાનલ-શમનમ્ (અસ્તિ) યદિ દૌર્ભાગ્યવશાત્ તવ વિસ્મરણં સ્યાત તદૈવ તત્ (તસ્ય) મરણમ્. ...૨.

હે કરુણાઽઽર્દ્ર ગુરો મયિ દીનજનૈ તે ગદહરણા (ગદ = રોગ) પરમા કરુણા (અસ્તિ) તદાશ્રયાત્ અધૂના જીવામિ. (હે ગુરો) તાં પરાં (શ્રેષ્ઠ) (કરુણા) (ત્વં) સતતં વાહ્ય (વહેવડાવવા). ...૩.

(તવ) હૃદયે નિવસન્તં દંડકરં સકલ-આર્તજનાનામ્ આર્તિહરં, તવદેહમ્ ફલદં કલ્પતરુ, તં રંગવરં ગુરુમ્ (અહમ્) પશ્યામિ. ...૪.

(હે પ્રેમગુરો) તવ સદયે (સદયે-દયાવાળા) હૃદયે પ્રેમ-સુધા-ઽમ્બુ નિધિઃ સતતં સમુચ્છલતિ. અત એવ વિદેશ ગતસ્ય (અપિ) તવ ઈદં ચિત્તં ચિન્તા કુરુતે. ...૫.

(હે પ્રેમગુરો) પરદેશગતઃ અપિ ત્વં સ્વદેશ ગતં (તવ) ભક્તગણં ન હિ વિસ્મરસિ. (તવ) નવનીતસમં હૃદય (થોડો) મનાગ્ અપિ સ્વજનંશ્રૃત્વા દ્રવતે (પીગળે છે.). ...૬.

વડોદરા. - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

❀

# (૫)
# શ્રીગુરુપાદુકાપઞ્ચકમ્

ભક્તૌશ્વરક્ષા વ્રત દીદાતાભ્યાં
તત્કામના કલ્પલતાચિતાજ્યાતમ્ ।
બ્રહ્મેન્દ્ર સંભ્વચ્ચુજવન્દ્રિતાજ્યાં
તાભ્યાં નમઃ શ્રી ગુરુપાદુકાભ્યામ્ ॥ ૧ ॥
ભવાટવીનિર્વહનાનલાભ્યાં
ભવાર્ણતોત્તારણ પોતકાભ્યામ્ ।
દારિદ્ર્યદાવાનલ તોયદાભ્યાં
તાભ્યાં નમઃ શ્રીગુરુપાદુકાભ્યામ્ ॥ ૨ ॥
ફલોત્યુકેભ્યો ભુપિ ભોગદાભ્યાં
અકામકામાય ચ મોક્ષદાભ્યામ્ ।
વાઞ્છાધિકં જયેષ્ટફલપ્રદાભ્યાં
તાભ્યાં નમઃ શ્રીગુરુપાદુકાભ્યામ્ ॥ ૩ ॥
તેજો ગુરોરાત્મનિ ધારિણીભ્યાં
સપર્યયા શ્રીગુરુતોષિણીભ્યામ્ ।
સાક્ષાદ્ ગુરોર્દશનકારિણીભ્યાં
તાભ્યાં નમઃ શ્રીગુરુપાદુભ્યામ્ ॥ ૪ ॥
સ્થિત્વોત્તમાંગેમૃત - વર્ષિણીભ્યાં
અંગં સમગ્રં પરિષેચિણીભ્યામ્ ।
બ્રહ્મસ્વરૂપં પરિદર્શનીભ્યાં
તાભ્યાં નમઃ શ્રીગુરુપાદુકાભ્યામ્ ॥ ૫ ॥

૨૪-૧૦-૯૧ - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની



# (૬)

## શ્રીમદ્રંગાવધૂતચરણપઞ્ચરીકસ્ય પ્રેમાવતાર શ્રીપ્રેમાવધૂતસ્ય શ્રી ભૌમારી દેવ્યા બહુચરાખ્યાયાઃ સનખલપુરાભિધપીઠે સમાયોજિતે દ્વાષષ્ટિતમે જન્મજયન્તીમહોત્સવે સમર્પિતમિદં

## મઙ્ગલા શંસનમ્

સેવાધર્મં પરમગહનં યશ્ચરિત્વા ગુરું સ્વં
રઙ્ગાખ્યાતં પરમપુરુષં પ્રીણયામાસ પૂર્ણમ્ ।
ભક્ત્યા યસ્ય પ્રસન્નમનયા પ્રીતચેતા ગુરુઃ સ્વાં
પ્રાદાદ્ યસ્મૈ પ્રતિકૃતિમિમં પ્રેમરૂપં નમામિ ॥ ૧ ॥

પ્રેમ્ણાઽતિથીન્ લિંચગતાન્ પિતેવ
ભ્રાતેવ માતેવ ચ લાલયન્તમ્ ।
પ્રેમાવતારં પરિપૂર્ણપ્રેમં
પ્રેમાવધૂતં પ્રણમામિ નિત્યમ્ ॥ ૨ ॥

ભક્તાન્ સ્વકીયાન્ પરિપાલયન્તં
કલ્યાણમેષાં હૃદિ ચિન્તયન્તમ્ ।
રઙ્ગાવધૂતસય નવાવતારં
પ્રેમાવધૂતં પ્રણમામિ નિત્યમ્ ॥ ૩ ॥

દેવસ્ય કાર્યાણિ કરોતિ દેવો
ભત્વેતિ ચિત્તે ન યસ્યાભિમાનઃ ।
વિનમ્રતાયાઃ પ્રતિમાનભૂતં
પ્રેમાવધૂતં પ્રણમામિ નિત્યમ્ ॥ ૪ ॥

બાલામ્બિકાયાઃ પરમેત્ર પીઠે
સંપ્રાર્થયે તાં જનનીં પ્રણમ્ય ।
પ્રેમાવધૂતઃ કૃપયા ભવત્યા
જીવ્યાત્ શિશુસ્તે શતક સમાનામ્ ।। ૫ ।।

સં. ૨૦૪૮ - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
ભાદ્રપદ શુ. ૨
શનિવાર, ૨૯-૮-૯૨.

**: અનુવાદ :**

અત્યંત ગહન સેવાધર્મનું આચરણ કરીને પરબ્રહ્મસ્વરૂપ પોતાના ગુરુ શ્રી રંગાવધૂત મહારાજને જેમણે પૂર્ણ રીતે પ્રસન્ન કર્યા અને જેમની આ સેવાભક્તિથી અત્યંત પ્રસન્ન ચિત્તવાળા ગુરુમહારાજે જેમને પોતાનું સ્વરૂપ આપ્યું તે પ્રેમસ્વરૂપ પ્રેમ અવધૂતને હું નમન કરું છું. ...૧.

લીંચમાં આવેલા અતિથિઓને જે પિતાની માફક, ભાઈની માફક અને માતાની માફક લાડ લડાવે છે, એવા પ્રેમથી ભરપૂર, પ્રેમાવતાર પ્રેમાવધૂતને હું નિત્ય નમન કરું છું. ...૨.

પોતાના ભક્તનું પાલન કરનાર અને હંમેશાં સ્વહૃદયમાં તેમના કલ્યાણનું ચિંતન કરનાર, રંગાવધૂત ગુરુમહારાજના નૂતનાવતાર શ્રી પ્રેમાવધૂતને હું નિત્ય નમન કરું છું. ...૩.

લોકકલ્યાણના અનેક કાર્યો કરવા છતાં 'દેવનું કાર્ય દેવ કરે છે' એમ માની જે મનમાં જરાય અભિમાન રાખતા નથી અને જે વિનમ્રતાની સાક્ષાત્ મૂર્તિ છે એવા શ્રી પ્રેમાવધૂતને હું નિત્ય નમન કરું છું. ...૪.

બાલા ત્રિપુરાસુંદરીના આ પરમ પીઠમાં જગજ્જનનીને પ્રણામ કરીને હું પ્રાર્થના કરું છું કે આપની કૃપાથી આપનો આ બાળક પ્રેમાવધૂત સો વર્ષનું આયુષ્ય ભોગવો. ...૫.



## (૭)

પૂ.ભાઈ તથા સમસ્ત કુટુંબીજનો

ભિન્વન્તિ દીપાવલી દીપન્યા તમો
ધનં બહિઃ સ્ચં ન તુ ચિત્તવર્તિ
જ્યોતિર્ગુરોસ્તત્ પ્રભિનત્તિ યત્તુ
તદેવ ભદ્રં કુરુતાત્ સમેષામ્

તા. ૨૭-૧૦-૯૨ — - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
વડોદરા. — તથા કુટુંબીજનોના
નૂતનવર્ષના પ્રણામ.

❁

## (૮)

પ.પૂ. પ્રેમ અવધૂત ગુરુજીનાં ચરણમાં ગુરુપૂર્ણિમા દિને સા.દં. પ્રણામ.

પ્રેમ્ણા પ્રેમગુરોર્વન્દે પાવનં પદપંકજમ્ ।
યદાશ્રિત્ય નરો લબ્ધા શ્રીરંગસ્ય કૃપાં પરામ્ ॥

**: અનુવાદ :**

હું પ્રેમાવધૂત સદ્ગુરુના પાવન પદપંકજને પ્રેમથી પ્રણામ કરું છું. એનો આશ્રય કરવાથી માણસને શ્રી રંગાવધૂત ગુરુમહારાજની પરમ કૃપા પ્રાપ્ત થશે.)

પૂ.બાપજીની કૃપાથી ત્યાં સાધના, ભક્તિ, સત્સંગ ઇત્યાદિ કાર્યો સારી રીતે સંપન્ન થતા હશે.

આપ સર્વની કુશળતા ઈચ્છું છું. ચિ. વિરિંચિપ્રસાદ તથા ગુ.ભ.પ. અનિલભાઈને યાદ.

તા. ૫-૭-૯૦ — - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
વડોદરા.

❁

# (૯)

# પરમપૂજ્યાનાં પૂ.શ્રી રંગાવધૂતચરણપઙ્ચરીકસ્ય પ.પૂ. શ્રી પ્રેમાવધૂતચરણાનાં વિદેશપ્રયાણે શુભાશંસનમ્

(વસન્તતિલકા)

પ્રેમાવધૂત! ગુરુદેવ! ભવત્પ્રવાસો
દેશાન્તરે નિવસતાં ભવતાત્ સુભૂત્યૈ ।
કલ્યાણમાર્ગમુપદિશ્ય ભવાન્ સુતૂર્ણમ્
આગત્ય રઞ્જયતુ નો વિરહાર્ત ચિત્તમ્ ।।

તા. ૩૦-૬-૨૦૦૦ - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

**: અનુવાદ :**

હે પ્રેમાવધૂત ગુરુદેવ! આપનો વિદેશપ્રવાસ વિદેશમાં વસતા આપણા પરિવારજનોનું તેમ જ અન્ય ભાવિક ભક્તોનું કલ્યાણ કરનાર બનો.

એ લોકોને (પૂ.બાપજીએ ચીંધેલા) આત્મકલ્યાણના માર્ગનો ઉપદેશ કરી આપ અત્યંત જલદી સ્વદેશ પાછા ફરો અને આપના વિરહથી દુઃખી થયેલા અમારા ચિત્તને આનંદિત કરો.



# (૧૦)

## વિદેશયાત્રા વિધાય પ્રતિવિવૃત્તસ્ય શ્રીમદ્રંગાવધૂતખરણપંચરીકસ્ય પ.પૂ. શ્રી પ્રેમાવધૂતસ્ય સ્વદેશે પુનરાગમનપ્રસંગે સમર્પિતેયં પ્રાર્થના

પ્રેમાવધૂત! ભવદીય વિદેશયાત્રાં
પૂર્ણાં વિધાય સફલાં સમુપાત્રતોઽસિ ।
પીત્વા ત્વદીયમુખચન્દ્રસુધાં ચકોરા
નૃત્યન્તિ હૃષ્ટમનસોઽદ્ય ભવત્સુભક્તાઃ ॥ ૧ ॥
એતે સમુત્સુકતરા ભવદીય વાણી
પીયૂષપૂર્ણ વચનાં નનુ કર્ણયુગ્મૈઃ ।
શ્રોતું, ભવાનથ ભવદ્વિજયસ્ય વાર્તાં
સંશ્રાવ્ય નન્દય મનાંસિ સુદુઃખિતાનિ ॥ ૨ ॥

- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

**: અનુવાદ :**

હે પ્રેમ અવધૂત! આપ આપની પરદેશની યાત્રાને સંપૂર્ણ સફળ બનાવીને પાછા ફર્યા છો. તમારા આ સદ્‌ભક્તો તમારા મુખચંદ્રના અમૃતને પીનારા ચકોરો છે. આપને લાંબા વખત પછી જોઈને આ ભક્તોના મન હર્ષ પામ્યાં છે અને તેઓ આજે નાચી રહ્યા છે. ...૧.

આ બધા ભક્તો પોતાના કાન દ્વારા આપની પીયૂષ પૂર્ણ વચનવાળી વાણી સાંભળવા ખૂબ ઉત્સુક છે. આપ હવે આપના વિજયની કથા સંભળાવી એમના વિરહથી દુઃખી બનેલ મનને આનંદિત કરો. ...૨.

# (૧૧)

## શ્રી દ્વારિકાધીશ પાવિત-અકોરસેત્રે શ્રીમદ્રંગાવધૂત કૃપાપાત્ર શ્રી પ્રેમાવધૂતસ્ય ત્રિષષ્ટિતમ જન્મદિન નિમિત્તમાયોજિતે વર્ધાપનકાર્યક્રમે પ્રસ્તુતેયં

## પ્રાર્થના

(પરમાત્મપદે રતિરસ્તુ પરા- ઈતિ રાગેણ ગીયતે)

અયિ પ્રેમગુરો તવ પદકમલે
 વિલસન્તુ સદા મમ નતિતતયો- વિલસન્તુ...

વદનં તવ મન્દસ્મિતોપેતં
 દ્સતીવ સદા શશિનં સાંભમ્ ।
તવ કૂર્ચમિદં હિમવચ્છેવતં
 નિજભત્ત્જનાઘહરં વિમલમ્ ॥ ૧ ॥ ...અયિ પ્રેમ.

હૃદયે તવ રાજતિ રંગગુરો-
 ર્મૂતિર્મધુરા વરદા સુગુરો! ।
અભયેન વરેણ સુશોભિકચ
 ભવભીષણસાગરપારકરા ॥ ૨ ॥ ...અયિ પ્રેમ.

ત્વં રંગગુરોરપરં હૃદયં
 કલિનં સકલં ગુરુહાર્દગતમ્ ।
સન્તુષ્ટ-હૃદા ગુરુણા મધુરં
 સંક્રાન્તમતસ્ત્વયિ સ્વં રૂપમ્ ॥ ૩ ॥ ...અયિ પ્રેમ.

અધુનાપરનારેશ્વરકલ્પે
 ક્ષેત્રે કોકિલકૂજિતકુંજે ।
સેવાલબ્ધમહાનન્દે-
 શ્રીરંગગુરુરાજતિ લિંચે ॥ ૪ ॥ ...અયિ પ્રેમ.



તવ દૃષ્ટિસુધા નનુ જીવિતરા
ડોકગતાઃ પુનરાનીતાઃ ।
નયનામૃતધારા સેચનતો
માં પાલવ દીનં પ્રેમગુરો ॥ ૫ ॥ ...અયિ પ્રેમ.

ડંકપુરે
૧૬-૯-૯૩

ભવચ્ચરણપંચરીકઃ
- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

# (૧૨)

## યાચના

અયિ પ્રેમગુરો! તવ પદકમલે
મમ માનસભૃઙ્ગવરો રમતામ્ (૨)
તવ ચરણસરોરુદમેવ કરં
નિજભક્તજનાર્તિદરં વરદમ્ ॥ ૧ ॥ ...હે પ્રેમગુરો કુરુતાં કરુણામ્.

ત્વં રંગગુરોરપરં રૂપં
ત્વયિ ક્રીડતિ રંગગુરુઃ સતતમ્ (૨)
લીલા વિવિધા વિદધાભિ સ્વયં
સમુપાશ્રિતત્વત્તનુયષ્ટિરયમ્ ॥ ૨ ॥ ...હે પ્રેમગુરો કુરુતાં કરુણામ્.

ભવતા ભવપારકરેણ કરો
ગૃહીતોદ્ય સ્વભસ્મપુરો હસતા (૨)
નિજભક્તજનોદ્ધરધાર્થમિદ્ર
જનુરેવ મમેતિ ચ દર્શયતા ॥ ૩ ॥ ...હે પ્રેમગુરો કુરુતાં કરુણામ્.

પ્રણિપત્ય પદામ્બુજયુગ્મમિદં
તવ પ્રેમગુરો ગુરુભક્તિપ્રદમ્ (૨)
યાચે કરુણામય તે કરુણાં
મા મા મમ મુઞ્ચ કદાપિ કરમ્પરમ્ ॥ ૪ ॥ ...હે પ્રેમગુરો કુરુતાં કરુણામ્.

તા. ૩૦-૯-૯૦ - ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
અમદાવાદ.

**: અનુવાદ :**

હે પ્રેમગુરુ! તમારા ચરણકમળમાં મારો મનરૂપી શ્રેષ્ઠ ભમરો રમણ કરો (કારણ કે) આપનું આ ચરણકમળ શ્રેષ્ઠ છે અને પોતાના ભક્તજનોના દુઃખને હરનારું તથા વરદાન આપનારું છે. ...૧.

આપ શ્રી રંગગુરુનું બીજું સ્વરૂપ છો. શ્રી રંગગુરુ આપનામાં સતત ક્રીડા કરી રહ્યા છે. આપના નાજુક શરીરનો આશ્રય લઈને તેઓ જાતે વિવિધ લીલાઓ કરી રહ્યા છે. ...૨.

આપે આજે પોતાના ભક્તોની હાજરીમાં ભવપાર કરાવનાર આપના કર વડે મારો કર પકડ્યો. તે દ્વારા "મારો જન્મ મારા ભક્તોના ઉદ્ધાર માટે જ છે" એમ આપે (બધાને) બતાવ્યું. .૩.

ગુરુભક્તિ આપનાર આપના આ ચરણકમળમાં પ્રણામ કરીને હે કરુણામય પ્રેમગુરો આપની કરુણાની યાચના કરું છું. (આપે પકડેલા) મારા આ હાથને આપ ક્યારેય છોડશો નહિ. .૪.

# પૂ.શ્રી પ્રેમ અવધૂત



દત્તમંદિરે પ્રવચન કરતા
પૂ.શ્રી બાપુજી, ગાંધીનગર

પૂ.શ્રી બાપુજી, દાંડી

પૂ.શ્રી બાપુજી

પૂ.શ્રી બાપુજી, કોઠિયાખાડ

પૂ.શ્રી બાપુજી, લીંચ

# પૂ.શ્રી પ્રેમ અવધૂત



પત્ર લખતાં પૂ.શ્રી બાપુજી

પારાયણ કરતાં બાળકો સાથે પૂ.શ્રી બાપુજી, કોઠિયાખાડ

પૂ.શ્રી બાપુજી, બોદાલી

પૂ.શ્રી બાપુજી, ધમડાછા

પ.પૂ.શ્રી બાપજીના મંદિરમાં પ.પૂ.શ્રી ગુરુમહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા પૂ.શ્રી બાપુજી

નર્મદાઘાટનું ખાતમુહૂર્ત કરતાં પૂ.શ્રી બાપુજી, નારેશ્વર

ડાયરીમાં લખતા પૂ.શ્રી બાપુજી



# (૧૩)

॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥
॥ શ્રી રઙ્ગઃ પ્રસન્નોઽસ્તુ ॥

પૂ.શ્રી પ્રેમાવધૂતમહારાજસ્ય ષટ્પઞ્ચાશત્તમે જન્મદિને તેષાં કરકમલયોઃ સપ્રણામં સપ્રેમ સૂક્તિસુમનસામઞ્જલિઃ સમર્પ્યતે।

। સૂક્તિસુમનસામંજલિ ।

અસ્તુ પ્રેમાવધૂતસ્ય સર્વજનહિતૈષણઃ
ષટ્પઞ્ચાશત્તમે વર્ષે પ્રવેશો મઙ્ગલપ્રદઃ ॥ ૧ ॥
ગજાનનં વિઘ્નવિનાશકં વિભું
દયાલુમેવાત્ર કૃપાપરં પ્રભુમ્।
તમોઽભિહન્તારમથાભિપ્રાર્થયે
શ્રીપ્રેમમૂર્તેઃ શુભસ્વાસ્થ્યલબ્ધયે ॥ ૨ ॥
ક્ષમાશીલાય શાન્તાય પરહિતપરાય વૈ।
દાનપ્રિયાય દાન્તાય નમોઽસ્તુ પ્રેમમૂર્તયે ॥ ૩ ॥
'શરદસ્ત્વં શતં જીવં' હૃદેહં પ્રાર્થયામહે।
ભગવન્તં ગુરું રઙ્ગં વિભું નારેશ્વરાધિપમ્ ॥ ૪ ॥
પ્રેમાવધૂત બ્રહ્મર્ષે તવ જન્મદિને શુભે।
દર્શનાયાગતાન્ સર્વાન્ કૃપયા શાધિ પાહિ ચ ॥ ૫ ॥
ગુરુપાદાબ્જલીનાય ગુરુધ્યાનપરાય વૈ।
ગુરુવાગ્વર્તિને નિત્યમવધૂતાય નમો નમઃ ॥ ૬ ॥

સમર્પકઃ
ભૃગુવાસરઃ, લીંચગ્રામે. - રમણલાલ જ. શુક્લઃ।
તા. ૫-૯-૮૬

## : અનુવાદ :

પૂ.શ્રી પ્રેમાવધૂત મહારાજના ૫૬મા જન્મદિને તેમના હસ્તકમળમાં પ્રણામ સહ સપ્રેમ પ્રેમપુષ્પોની અંજલિ આપવામાં આવે છે.

બધાં મનુષ્યના હિતની ઈચ્છા કરનારા પ્રેમાવધૂતના ૫૬મા વર્ષમાં પ્રવેશ મંગલકારી બનો. ...૧.

ગજાનન વિઘ્ન દૂર કરનાર વ્યાપક દયાળુ કૃપાસાગર પ્રભુ તથા અંધારાને દૂર કરનારની (સૂર્ય) પ્રાર્થના કરું છું. અને તે શ્રી પ્રેમમૂર્તિના શુભ સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે. ...૨.

ક્ષમા કરનાર, શાંત, પરહિતકારક, દાનપ્રિય, સંયમી પ્રેમમૂર્તિને હજો વંદન. ...૩.

હૃદયથી અમે પ્રાર્થીએ છીએ-‘સો શરદ જીવો.’ પ્રાર્થના છે નારેશ્વરાધિષ્ઠાતા ગુરુ રંગ પ્રભુ ભગવાનને. ...૪.

પ્રેમાવધૂત મહર્ષિ તમારા શુભ જન્મદિને દર્શનાર્થ આવનારા સૌ કોઈનું શાસન કરો, રક્ષણ કરો. ...૫.

ગુરુના ચરણકમળતલ્લીન, ગુરુધ્યાનપરાયણ, ગુરુવારનું વ્રત રાખનાર (વારી વારી રીતે ભક્તો આવે) નિત્ય અવધૂતી વૃત્તિવંતને હજો વંદન-વંદન. ...૬.



# (૧૪)

# સૂક્તિસુમનાંસિ

પૂજ્યશ્રી પ્રેમાવધૂતસ્ય પઞ્ચપઞ્ચાશત્તમ જન્મદિનમહોત્સવપ્રસઙ્ગે પૂજ્યશ્રી ચરણકમલયોઃ
સૂક્તિસુમનાંસિ।
(સ્રગ્ધરા છન્દ)

માતા સ્વાઙ્કે નિવેશ્ય લઘુવયસિ શિશું શ્રાવયામાસ નિત્યં
પ્રહ્લાદસ્યાથ ધ્રુવસ્ય પ્રભુચરણરતિ ખ્યાપયન્તીઃ કથાઃ સ્તાઃ।
તં બાલં કૃષ્ણચન્દ્રં ધ્રુવમનુદિવસં સાદરોત્ફુલ્લદષ્ટ્યા
સ્મારં સ્મારં ચ સિદ્ધિં શિશુરપિ હૃદયે નિશ્ચિકાયેશપ્રાપ્ત્યૈ ॥ ૧ ॥

પુત્રસ્યૈકાન્તવૃત્તેરનુદિનચરિતં વીક્ષમાણેન પિત્રા
માત્રા ચૈતદ્ વિચાર્ય 'સ્વકુલતતિકૃતે શીઘ્રમેવાસ્ય યોજ્યઃ।
સંસ્કારો લગ્નનામા સુકુલપિતૃગૃહે જાતયા કન્યયા હિ
નો ચેદેષ પ્રગન્તા' પરિણયસુવિધિઃ કારિતઃ શીઘ્રમેવ ॥ ૨ ॥

સંગદ્ધો લગ્નબંધનાત્ પ્રભુવિરહતયા તપ્તસ્વાન્તઃ સદા હિ
દૈવાજ્જાતઃ સુસઙ્ગો ભવભયહરણે શક્તિમદ્ભિર્યતીન્દ્રૈઃ।
શ્રીરઙ્ગૈસ્તૃપ્તસ્વાન્તઃ ગુરુચરણરતઃ કતૃમેવ પ્રવૃત્તઃ
સેવાં રઙગસ્ય નિત્યં ગુરુસુખજનયે નિષ્ઠયા શ્રદ્ધયાચ ॥ ૩ ॥

(અનુષ્ટુપ છંદ)

ગુરુકંજપદે લગ્નો ગૃહત્યાગં વિચારયન્।
વારિતો ગુરુદેવેન ગૃહે સ્થાતું ચ બોધિતઃ ॥ ૪ ॥

ગૃહસ્થેન સ્વકર્તવ્યં ન ત્યાજ્યં ધર્મમિચ્છતા।
કિં ત્વનાસક્તભાવેન સંપાદ્યં હિ તતો જયઃ ॥ ૫ ॥

સ્વયં વિચાર્ય ગુર્વર્થં કૃતયા સેવયા ગુરુઃ।
પ્રહૃષ્ટો ભવતે સર્વં યદ્ધેયં પ્રદદૌ સ્વયમ્ ॥ ૬ ॥

સેવાદર્શોડવધૂતેન પ્રેમાપ્લાવિત ચેતસા ।
સ્થાપિતો બોધયત્યેવ સેવયા કિં ન સાધ્યતે ॥ ૭ ॥

ગૃહસ્થોડપિ સપુત્રોડપિ નિઃસઙ્ગોડસૌ શમી દમી ।
અતિથીનાં સદાતિથ્યં કુર્વંસ્તુષ્યતિ હૃષ્યતિ ॥ ૮ ॥

ગૃહસ્થધર્મરક્ષાર્થં સાહાય્યં કર્તુમુદ્યતાઃ ।
સાધ્વી પત્ની સુતાશ્ચૈતે સાનન્દં હિ સપત્નીકાઃ ॥ ૯ ॥

પ્રેમ્ણા પ્રેમાવધૂતસ્ય જન્મદિનમહોત્સવઃ ।
પઞ્ચપઞ્ચાશવાર્ષિકો યોજિતસ્તુ મહોદયૈઃ ॥
આજોલગ્રામવાસ્તવ્યૈ ર્ભૂયાદ્ધિ સર્વમઙ્ગલઃ ॥ ૧૦ ॥

આયોજકૈસ્તથાન્યૈશ્ચ ભક્તૈરત્ર સમાગતૈઃ ।
પ્રણમ્ય ભક્તિભાવેન પ્રાર્થ્યતે દત્તપાદયોઃ ॥
પૂજ્યપ્રેમાવધૂતોડસૌ જીવતુ શરદાં શતમ્ ॥ ૧૧ ॥

ઋષેઃ પ્રેમાવધૂતસ્ય પાદપદ્મે સમર્પ્યતે ।
સૂક્તિસુમનસાં માલા કૃપયા સ્વીકરોતુ તામ્ ॥ ૧૨ ॥

આજોલગ્રામેઃ
દિનાંકઃ ૧૫-૯-૮૫

સમર્પકાઃ
- સૂક્તિ રચયિતા રમણભાઈ શુક્લ
અમદાવાદસ્ય- અવધૂતાધ્યાત્મકેન્દ્રસભ્યાઞ્ચ ।
પંચપંચાશતત્તમે

**: અનુવાદ :**

## પૂ.શ્રી પ્રેમાવધૂતજીના પંચાવનમા જન્મદિન-મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીના ચરણકમળમાં *સૂક્તિ-પુષ્પમાળા

માતા બાલ્યવયમાં રહેલા પોતાના બાળકને પોતાના ખોળામાં બેસાડીને દરરોજ પરમાત્માના ચરણકમળમાં પ્રીતિ વધારે તેવી બાળભક્ત પ્રહ્લાદની તેમ જ બાળભક્ત ધ્રુવની કથાઓ સંભળાવતી હતી. આથી બાળક (શ્રી બચુભાઈ) તે શ્રીકૃષ્ણભક્ત બાળ ધ્રુવને અહર્નિશ તેના પ્રત્યે આદરપૂર્વક



વિકસિત નજરથી જોતા અને તેની સિદ્ધિ (ઈશ્વરપ્રાપ્તિ)ને સતત યાદ કરતા, અને આમ તેમણે પણ પરમાત્માની પ્રાપ્તિ માટે પોતાના હૃદયમાં દઢ સંકલ્પ કર્યો. ...૧.

એકાંતપ્રિય પુત્રની દિનચર્યા જોઈ રહેલાં માતાપિતાએ વિચાર્યું, "પોતાનો વંશવેલો ચાલુ રાખવા માટે સારા કુળનાં માતાપિતાને ઘેર જન્મેલી કન્યા સાથે આનો લગ્નસંસ્કાર કરી દેવો જોઈએ, નહિ તો આ કાયમ માટે ચાલ્યો જશે." આમ વિચારી માતાપિતાએ તેમનાં જલદી લગ્ન કરાવી નાખ્યા. ...૨.

લગ્નબંધનથી બંધાતા અને પ્રભુવિરહને કારણે ખરેખર સદાય અંતરમાં સંતપ્ત રહેતા શ્રી બચુભાઈને દૈવયોગે જન્મમરણનો ભય ટાળવા સમર્થ યતિવર પૂજ્યશ્રી રંગાવધૂત ગુરુમહારાજનો સુભગ ભેટો થઈ ગયો. અને તે સાથે જ તેમનું અંતર સંતૃપ્ત થયું- શાંતિ અનુભવી રહ્યું! અને ત્યારથી જ ગુરુચરણકમળના અનન્ય પ્રેમી બન્યા! તેઓ પૂજ્ય શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની સુખસગવડ માટે નિષ્ઠા અને શ્રદ્ધાપૂર્વક નિત્ય સેવા કરવામાં લાગી ગયા. ...૩.

શ્રી બચુભાઈ શ્રી સદ્‌ગુરુ ચરણકમળમાં જોડાઈ જતાં ગૃહત્યાગનો (મનમાં) વિચાર કરતા હતા ત્યાં જ શ્રી સદ્‌ગુરુ પૂજ્ય રંગાવધૂતજીએ તેમને વાર્યા અને ગૃહસ્થ બની રહેવાનો બોધ આપ્યો. ...૪.

"ધર્મનું આચરણ કરવા ઇચ્છતા ગૃહસ્થે પોતાનું કર્તવ્ય ન ત્યજવું; પણ અનાસક્ત ભાવે તે પાર પાડવું ખરેખર! તેથી જય (પરમાત્મા) પ્રાપ્ત થાય છે." ...૫.

'ગુરુને શું જરૂરી છે' એમ પોતે જ (અગાઉથી) વિચારીને કરવામાં આવતી સેવાથી ખૂબ પ્રસન્નચિત્ત સદ્‌ગુરુમહારાજે પોતે જ આપને (શ્રી બચુભાઈને) (વણમાગ્યે) આપવું જરૂરી એવું બધું જ આપી દીધું! ...૬.

પ્રેમ (સાગર)માં હિલોળા લેતા ચિત્તવાળા અવધૂતે (શ્રી પ્રેમાવધૂતજીએ) સ્થાપેલો સેવાનો આદર્શ બોધ આપે છે કે 'સેવાથી શું સિદ્ધ કરી શકાતું નથી?' ...૭.

જેમણે વૃત્તિઓનું શમન કર્યું છે અને ઇન્દ્રિયોનું દમન કર્યું છે એવા (શમી અને દમી) પૂજ્ય શ્રી પ્રેમાવધૂતજી ગૃહસ્થ હોવા છતાં અને પુત્રપરિવાર હોવા છતાં નિઃસંગ છે. અને સદા તેઓ અતિથિઓનો સત્કાર કરતાં ખુશ થાય છે, આનંદ અનુભવે છે. ...૮.

સાધુચરિત પતિવ્રતા પત્ની અને સપત્નીક પુત્રો ખરેખર! તેમના ગૃહસ્થધર્મની રક્ષા માટેના કાર્યમાં મદદ કરવા સહર્ષ તૈયાર હોય છે. ...૯.

શ્રી પ્રેમાવધૂતજીનો પંચાવનમાં જન્મદિન-મહોત્સવ આજોલ ગામના રહેવાસી ભાગ્યશાળી લોકોએ યોજ્યો છે, જે ખરેખર! સર્વ કોઈને માટે મંગલકારી થાય. ...૧૦.

આ મહોત્સવના આયોજકો તેમ જ અહીં આવેલા અન્ય ગુરુભક્તો ભક્તિભાવપૂર્વક શ્રી દત્તભગવાનના ચરણકમળોમાં પ્રાર્થના કરે છે કે ‘આ પૂજ્ય શ્રી પ્રેમાવધૂતજી સો વરસનું દીર્ઘાયુષ્ય ભોગવો. ...૧૧.

આ સૂક્તિ-પુષ્પમાળા ઋષિ (કાન્ત દૃષ્ટા) પ્રેમાવધૂતજીના ચરણકમળમાં અમે અર્પણ કરીએ છીએ. તે આપ (પૂજ્ય પ્રેમ અવધૂતજી) કૃપા કરી સ્વીકારો. ...૧૨.

આજોલ ગામ
૧૫-૯-૮૫
રવિવાર

સમર્પકો :-
- સૂક્તિ રચયિતા : રમણભાઈ શુક્લ
અને
શ્રી અવધૂત-અધ્યાત્મકેન્દ્ર, અમદાવાદના સભ્યો.

* સંસ્કૃતભાષામાં ગૂંથેલી સૂક્તિ-પુષ્પ-માળાનું આ ભાષાંતર પૂજ્ય શ્રી પ્રેમાવધૂતજીના ચરણે સપ્રેમ પ્રણામપૂર્વક અર્પણ કરું છું.- રમણભાઈ શુક્લ, અમદાવાદ.

❁

## (૧૫)

## પરમ પુણ્યે પરમ ધન્યે મહાશિવરાત્રિ દિને પૂજ્યપિતુઃ કૃપાશઙ્કરસ્ય પુણ્યતિથિદિને ભાવશ્રદ્ધાઞ્જલિઃ -

ન માતુઃ પિતુશ્ચૈવ દૈવતં પરમુચ્યતે ।
અતઃ પિતૃભ્યાં પૂજ્યાભ્યાં ભૂયો ભૂયો નમો નમઃ ॥ ૧ ॥

પ્રેમાવધૂત જનક-કૃપાશઙ્કર બ્રહ્મણઃ ।
પુણ્યાતિપુણ્યદિવસઃ ધન્યઃ શિવકૃપાપ્રદઃ ॥ ૨ ॥

શિવરાત્રિર્મહારાત્રિસ્તમોહન્ત્રી સદૈવ હિ ।
ભક્તાનાં શિવનિષ્ઠાનાં હૃત્પદ્મવિકાસિની ॥ ૩ ॥

કૃપયા શઙ્કરસ્યાયં પુત્રઃ પ્રેમ્ણા કરોતિ શમ્।
લોકાનાં સ્નેહયુક્તાનાં ભક્તિભાવાર્દ્ર ચેતસામ્॥ ૪ ॥

પિતા તુ શઙ્કરો નિત્યં માતા ચ પાર્વતી સ્વયમ્।
પિત્રોરુપાસકો નિત્યં પ્રેમાવધૂતઃ પ્રસીદતુ॥ ૫ ॥

પિત્રોઃ પ્રેમાવધૂતસ્ય પાદપદ્મે સમર્પ્યતે।
ભક્તિશ્રદ્ધાયુતોઽયં હિ શ્રદ્ધાઞ્જલિઃ પુનાતુ નઃ॥ ૬ ॥

લિઞ્ચગ્રામે
દિનાંકઃ ૨૬-૨-૮૭
ગુરુવાસરઃ

સમર્પકઃ
- ગુરુણાં વરાંવદઃ
રમણલાલ જ. શુક્લઃ।

**: અનુવાદ :**

**પરમ પુણ્યપ્રદ પરમ ધન્ય મહા શિવરાત્રિદિન જે છે પૂ. પિતાજી કૃપાશંકરની પુણ્યતિથિ- તે દિવસે ભાવપૂર્વક શ્રદ્ધાની અંજલિ-**

નથી માતા તથા પિતાથી વધુ ઉત્કૃષ્ટ દૈવત અન્ય, આથી માતાપિતા- પૂજ્ય પિતૃને વારંવાર વંદન વંદન. ...૧.

પ્રેમાવધૂતના પિતા કૃપાશંકર-બ્રહ્મરૂપ માટે અત્યંત પુણ્યકારી છે ધન્ય શિવકૃપા આપનાર. ...૨.

મહા શિવરાત્રી એ મહા રાત્રી ગણાય છે, તમસ્-અજ્ઞાન, અંધકાર દૂર કરનારી એ શિવનિષ્ઠ ભક્તોના હૃત્કમળને વિકાસ આપનારી છે. ...૩.

કૃપા થકી શંકરની પુત્ર પ્રેમપૂર્વક કરે છે કલ્યાણ, સ્નેહભીનાં, ભક્તિભાવાર્દ્ર ચિત્તવાળા લોકોનું. ...૪.

છે પિતા શંકર નિત્ય અને છે માતા પાર્વતી સ્વયં, પિતૃસેવારત નિત્ય કરો કલ્યાણ અને પ્રસન્ન થાઓ પ્રેમાવધૂત. ...૫.

માતાપિતા પ્રેમાવધૂતના ચરણકમળમાં છે સમર્પિત, ભક્તિશ્રદ્ધાયુત શ્રદ્ધાંજલિ આ કરો અમને પાવન સર્વને. ...૬.





## (૧૬)

# પ.પૂ. શ્રી પ્રેમાવધૂત મહારાજસ્યૈકોનષષ્ટિતમે જન્મજયન્તીદિને સૂક્તિકુસુમાઞ્જલિઃ

પ્રેમમૂર્તે [1]નંદમૂર્તે ભવ્યમૂર્તે કૃપાનિધે ।
પ્રેમાવધૂત બ્રહ્મર્ષે રઙ્ગચિત્ત નમોસ્તુ તે ॥ ૧ ॥

ઇન્દુભાઇ દવેભ્રાતા સમાહૂતો ગતો નનુ ।
વિદેશં માસપર્યન્તં સરલો બાલવત્સદા ॥ ૨ ॥

ગત્વા વિદેશાન્ વિવિધપ્રદેશાન્ અમેરિકાદ્યાંસ્ત્વમગસ્તમાસે ।
દત્તપ્રભોર્ભક્તિ પસારકાર્યે ભવ્યં સુસંપાદ્ય સમાગતોઽસિ ॥ ૩ ॥

શ્રીદિનેશ ગૃહે ભવ્યો રમ્યો જન્મમહોત્સવઃ ।
વિદેશેઽપિ સુસંપન્નઃ સર્વમઙ્ગલકારકઃ ॥ ૪ ॥

તિથિમનુ વિદેશે તુ ભાદ્રપ્રતિપદિ નતુ ।
તારિકાયાં ત્રયોદશ્યાં દેશે જન્મમહોત્સવઃ ॥ ૫ ॥

કોનષષ્ટિતમે[2] વર્ષે પ્રવેશો ભક્તોઽદ્યવૈ ।
મહોત્સવઃ સુભાષસ્ય ગૃહેઽસ્તિ સર્વમઙ્ગલઃ ॥ ૬ ॥

પ્રસન્નવદનેનૈવ સમદષ્ટયા હિ પશ્યસિ ।
દર્શકાન્ યાસિ દષ્ટવૈવ સૌમ્યમૂર્તે સદા હ્રદા ॥ ૭ ॥

લોકકલ્યાણકર્તા હિ ત્યક્ત સર્વૈષણો ભવાન્ ।
દત્તભક્તિ પ્રસારાર્થં જીવતુ શરદાં શતમ્ ॥ ૮ ॥

૫૯મી પ્રેમ જયંતી
તાઃ ૧૩-૯-૮૯
બુધવાસરઃ

ભવતાં શંવદઃ
- રમણભાઇ જ. શુક્લ
અહમદાબાદ

૧. નંદમૂર્તે = આનંદમૂર્તે. ૨. કોનષષ્ટિતમે = એક-ઉન-ષષ્ટિતમે-એકોનષષ્ટિ = સાઇઠમાં એક ઓછા = ઓગણસાઇઠમાં.



: અનુવાદ :

### પ.પૂ. પ્રેમાવધૂત મહારાજના ૫૯મા જન્મજયંતી દિવસે પુષ્પસૂક્તાંજલિ

પૂ. પ્રેમમૂર્તિ આનંદરૂપ, ભવ્યમૂર્તિ, કૃપાસાગર, પ્રેમાવધૂત રંગના ચરણમાં જેવું છે મન એવા બ્રહ્મર્ષિને હજો વંદન. ...૧.

ઈન્દુભાઈ દવે બોલાવ્યા ખરેખર, માસ સુધી વિદેશમાં રહ્યા સરલ બાલ સરીખડાં. ...૨.

જઈ વિદેશના વિવિધ પ્રદેશોમાં, અમેરિકાદિના ઑગસ્ટ મહિને, પ્રભુ દત્તની ભક્તિ તણા પ્રચાર કાર્ય કરી ભવ્ય પાછા છો પધાર્યા. ...૩.

દિનેશના ગૃહે ભવ્ય ને રમ્ય જન્મમહોત્સવ, વિદેશમાં પણ સર્વ મંગલકર થયો ખરેખર. ...૪.

ભાદરવા મહિનામાં તિથિ હા વિદેશમાં, તારીખ તેરમીએ દેશમાં જન્મમહોત્સવ. ...૫.

ઓગણસાઠના વર્ષમાં થાય છે પ્રવેશ આજે, સુભાષના ઘરે સર્વ મંગલકર્મ મહોત્સવ. ...૬.

જ્યારે જુઓ ત્યારે પ્રસન્નમુખડું દ્દષ્ટિમાં છે સમતા ભાસે, જુઓ છો દર્શકોને સૌમ્યરૂપ હૃદયથી સદા. ...૭.

છોડી બધી ઈષણા ફકત લોકકલ્યાણકર, દત્તભક્તિ તણા પ્રસાર માટે જીવો સો શરદ ઋતુ. ...૮.

❁

## (૧૭)

## સુક્તિ સુમનાંસિ (શાર્દૂલ વિક્રીતડિત)

પ્રેમ્ણા પ્રેમનિધિઃ સદા વિજયતે પ્રેમાવધૂતઃ પરં
માયાબદ્ધજનં વિનમ્રહૃદયં મુક્તિપથ દર્શયન્ ।
વત્સં માતૃસમીપતઃ પ્રતિદિનં વાત્સલ્યપ્રાપ્તિર્યથા
હિતોડપ્ય ન્યજનાત્તથૈવ લભતે પ્રેમાવધૂતે રતઃ ॥ ૧ ॥

વિશ્વેઽસ્મિન્ કલિકાલદૂષિતપ્રભાઃ પ્રાયો જના દુર્બલાઃ
જન્માદ્યન્તવિધૌ પરં ચ તમસઃ પારં પ્રભું વીક્ષિતુમ્ ।
યસ્યાનુગ્રહમાત્રતો હિ સહજં શાનં ગુરોઃ પ્રાપ્તવાન્
તેનાસૌ ગુરુ રઙ્ગદત્તચરણં પ્રેમ્ણા બ્રુતે સેવિતુમ્ ॥ ૨ ॥

(અનુષ્ટુપ)

પઞ્ચવિંશતિવર્ષેભ્યઃ પૂર્વં રઙ્ગસ્ય સદ્‌ગુરોઃ ।
અમ્બાજી જગદમ્બાયાઃ સ્થાને જન્મમહોત્સવઃ ॥ ૩ ॥

યોગાનુયોગતસ્તત્ર ભવ્યો જન્મમહોત્સવઃ ।
ષષ્ટિતમોઽવધૂતસ્ય પ્રેમમૂર્તેઃ સુયોજિતઃ ॥ ૪ ॥

વાસુદેવો ગુરુર્યત્ર સિદ્ધપુર ઉવાસ હ ।
તત્રાધુના સુસંપન્નઃ ષષ્ટિપારાયણો વિધિઃ ॥ ૫ ॥

પ્રાર્થયામો વયં દત્તં પ્રેમ્ણા હૃદયપૂર્વકમ્ ।
દત્તભક્તિપ્રસારાર્થં જીવતુ શરદાં શતમ્ ॥ ૬ ॥

**શ્રી જગદમ્બાયાઃ અમ્બાજીમાતુઃ સ્થાને પૂજ્યશ્રી પ્રેમાવધૂતસ્ય ષષ્ટિતમે જન્મમહોત્સવે**

૬૦મી પ્રેમ જયંતી, અમ્બાજી — સમર્પકઃ
૧૧-૮-૯૦ — - રમણભાઈ જ. શુક્લ
ભાદ્રપદસ્ય શુક્લે — અન્યે ચ
પક્ષે પ્રતિપદ્ — ગુરુચરણાનુરાગિણઃ ।

**: અનુવાદ :**

**જગદંબા અંબામાતાના સ્થાનમાં પૂ. પ્રેમાવધૂતના સાઠમા જન્મમહોત્સવ પ્રસંગે સૂક્તિપુષ્પો દ્વારા અંજલિ-**

વિજય પામે સદા પ્રેમથી ભંડાર પ્રેમ તણો બતાવતા મુક્તિમાર્ગ માયાબદ્ધજનને નમ્ર રીતે સદા પ્રાપ્તિ વાત્સલ્યની પ્રાપ્તિ માતા પાસે જેમ, તે જ રીતે પ્રેમાવધૂતરત અન્ય જન્મમાં ચોક્કસ-સુસ્નાત. ...૧.



વિશ્વમાં બધે કલિકાલના પ્રભાવથી કલુષિત જન માત્ર દુબળા- જન્મથી આરંભી મરણ સુધી તમસ્‌થી પર પ્રભુના દર્શનાર્થ અનુગ્રહ થતાં જેનો ગુરુનો સહજ જ્ઞાન પ્રાપ્ત- આથી જ તો ગુરુરંગ દત્તચરણસેવા પ્રેમથી કરવા કહે છે. ...૨.

પચીસ વર્ષ પહેલાં રંગગુરુનો જન્મોત્સવ જગદંબા અંબાજીના સ્થાનમાં હતો. ...૩.

યોગાનુયોગ થતાં થયો ભવ્યપ્રદ ત્યાં જ આયોજન પ્રેમમૂર્તિ અવધૂતના ૬૦મા વર્ષનો જન્મમહોત્સવનું- ...૪.

વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ જ્યાં રહ્યા હતા સિદ્ધપુરમાં ત્યાં થયા સંપન્ન સાઠ પારાયણનો વિધિ- ...૫.

પ્રેમપૂર્વક હૃદયથી દત્તને પ્રાર્થીએ છીએ- દત્તભક્તિના પ્રસાર માટે જીવો સો શરદ પ્રેમ. ...૬.

## (૧૮)

## પૂજ્યશ્રીરઙ્ગાવધૂતગુરુભક્તસ્ય પ્રેમાવધૂતસ્ય યોગિનઃ સપ્તતિતમે વર્ષે પ્રવેશે સૂક્તિકુસુમાઞ્જલિઃ -

ગુરોઃ પ્રેમાવધૂતસ્ય પુણ્યે હિ જન્મનો દિને।
પ્રાર્થયામી વયં ત્રીશં જીવતુ (સઃ) શરદાં શતમ્॥

ધન્યોઽયં દિવસો હિ યત્ર મિલનં યોગાનુયોગેન વૈ
શ્રીકૃષ્ણસ્ય ગુરોશ્ચ ભક્તસુહૃદોઃ એકાસને રાખતે।

દશ્યં દર્શનપાવનં ભુવિ નૃણાં પ્રાહ્લાદકં શાન્તિદં
શ્રીકૃષ્ણે ચ ગુરૌ ચ ભક્તિવરદં ભુક્તૌ મુદા પ્રેરકમ્॥

કૃષ્ણરઙ્ગૌ દત્તચિત્તૌ પરાર્થે ધૃતજીવિતૌ।
પ્રાર્થ્યતે હિ જનૈસ્ત્રીશો 'જીવતં શરદાં શતમ્'॥

દેશે વિદેશે સર્વત્ર ગુરોરાદેશપાલને।
દત્તચિત્તાય શિષ્યાય ગુરો! દેહિ નીરોગતામ્॥

તા. ૧૩-૯-૨૦૦૦

સમર્પ્યતે
- સહૃદયં ગુરુભક્તૈઃ।
રમણભાઈ શુક્લ

: અનુવાદ :

### પૂ. શ્રી રંગાવધૂતભક્ત પ્રેમાવધૂત યોગીના સીત્તેરમા વર્ષપ્રવેશે સુક્તિપુષ્પોની અંજલિ-

ગુરુ પ્રેમાવધૂતના પુણ્યકારક જન્મદિને કરીએ પ્રાર્થના ત્રિતયની- જીવો (એ) સો શરદ-

ધન્ય છે આ દિન જ્યાં યોગાનુયોગથી ખરેખર શ્રીકૃષ્ણના અને ભક્તપ્રેમી ગુરુ બિરાજે છે એક આસને છે આ દશ્ય દર્શનમોહક આહ્લાદક અને શાંતિકર માનવાર્થ ભૂતલે શ્રીકૃષ્ણ અને ગુરુમાં ભક્તિવરદ નિત્ય મુક્તિ કાજ પ્રેરકબળ- કૃષ્ણ તથા રંગમાં છે ચિત્ત અર્પિત અને છે પરાર્થ જીવનધારક દેશમાં તથા વિદેશમાં સઘળે ગુરુના આદેશપાલનમાં ચિત્ત જેનું છે રત તેવો એ ગુરુરંગના શિષ્યને પ્રાપ્ત થાઓ નૈરુજ્ય.

✿

## (૧૯)

## શ્રીગુર્જરદેશરાજધાનીનગરે નારાયણપુરોવિભાગ સંસ્થિતસ્ય શ્રી કામેશ્વરશિવાલયસ્ય પ્રાઙ્ગણે સુયોજિતે પરમ પૂજ્ય પ્રેમાવધૂતસ્ય એકષષ્ટિતમજન્મદિન મહોત્સવે તત્પાદપદ્મયોઃ સૂક્તિસુમનાંસિઃ

રાજધાનીપુર ભવ્યે કામેશ્વરશિવાલયે ।
પ્રેમમૂર્તેઃ જયન્ત્યાસ્તુ યોજિતઃ સુમહોત્સવઃ ॥ ૧ ॥

એકષષ્ટિતમે વર્ષે પ્રવેશો ભવતાં ગુરો ।
મઙ્ગલો વરદો ભૂયાદ્ જ્ઞાનવૈરાગ્યલબ્ધયે ॥ ૨ ॥

શિરો વિશાલં નયને વિશાલે શ્રવણં વિશાલં સ્મરણં વિશાલમ્ ।
વચનં વિશાલં ભજનં વિશાલં પ્રેમાવધૂતે હૃદયં વિશાલમ્ ॥ ૩ ॥

ગુરો રઙ્ગાવધૂતસ્ય પરબ્રહ્મસ્વરૂપિણઃ ।
ભક્ત્યાં પ્રેમાવધૂતસ્તુ નિત્યં લીનો હિ દશ્યતે ॥ ૪ ॥

હૃદિ રઙ્ગઃ સ્મૃતૌ રઙ્ગઃ વાચિ રઙ્ગઃ કૃતૌ સદા ।
દષ્ટ્યાં રઙ્ગ શ્રુતૌ રઙ્ગઃ રઙ્ગાદન્યન્ન કિઞ્ચન ॥ ૫ ॥

રઙ્જિતો રઙ્ગ રઙ્ગેણ મગ્નો જાતશ્ચિદાત્મનિ ।
રઙ્ગાવધૂત બાલસ્ત્વં રઞ્જય ત્વામુપાગતાન્ ॥ ૬ ॥

દત્ત દત્ત દત્ત દત્ત રઙ્ગ રઙ્ગ સદા રટ ।
અયં તવોપદેશસ્તુ રટતઃ પાતુ સર્વદા ॥ ૭ ॥

ગુરોરિચ્છા ગુરોરિચ્છા ગુરોરિચ્છા ગરીયસી ।
ગુરોરિચ્છાં વિના કિઞ્ચિત્ જગત્યાં નૈવ સિધ્યતિ ॥ ૮ ॥

પ્રેમાવધૂતનિષ્ઠાનાં સર્વેષાં પ્રાર્થના ત્વિયમ્ ।
ભવાંસ્ત્વારોગ્યસંયુક્તો જીવતાત્ શરદાં શતમ્ ॥ ૯ ॥

અહમદાબાદનગર
તા. ૯-૯-૧૯૯૧

ગુરુણાં વશંવદઃ
- રમણભાઈ જ. શુક્લ

**: અનુવાદ :**

**ગુજરાતપ્રાંતરાજધાનીનગરમાં નારણપુરા વિભાગમાં આવેલ શ્રી કામેશ્વર શિવાલય પ્રાંગણમાં આયોજિત પ.પૂ. પ્રેમ અવધૂતજીના ૬૧મા જન્મદિન મહોત્સવ પ્રસંગે એમના ચરણમાં અર્પિત સૂક્તિપુષ્પમાળા-**

રાજધાનીપુરમાં કામેશ્વર મંદિર પ્રેમમૂર્તિ જન્મજયંતી અર્થ યોજિત છે મહોત્સવ. ...૧.

૬૧ના વર્ષમાં ગુરુ તમારો થાય છે પ્રવેશ- જ્ઞાનવૈરાગ્ય પ્રાપ્ત કરવા મંગલ અને વરદ બનો. ...૨.

છે મસ્તિષ્ક વિશાલ, નયન છે વિશાલ, કાન પણ છે મોટાં, સ્મરણ છે સ્પષ્ટ- વાણી પણ ઉદાત્ત અને ભજન અલગારી- છે પ્રેમાવધૂતમાં હૃદય પણ વિશાલ. ...૩.

પરબ્રહ્મસ્વરૂપ રંગગુરુભક્તિથી નિત્ય લવલીન દેખાય પ્રેમાવધૂત. ...૪.

રંગ સદા હૃદયમાં છે સદા રંગ સ્મરણમાં વાણીમાં છે નિત્ય રંગ ક્રિયા પણ છે રંગમય રંગ વિના નથી કાંઈ અન્ય. ...૫.

રંગના ભાવથી રંગાયેલ મગ્ન થયેલ ચિદાત્મામાં રંગાવધૂતના બાલ તમો- રંગી ધો- આનંદ આપો આવેલ સર્વને. ...૬.

દત્ત દત્ત રંગ રંગ રંગ રંગ નિત્ય જપો રટતાં તમ ઉપદેશ વડે મળો રક્ષણ સદા. ...૭.

ગુરુની ઈચ્છા, ગુરુ તણી ઈચ્છા- ગુરુની મનીષા છે મસમોટી. ...૮.

પ્રેમાવધૂતનિષ્ઠ સર્વેની છે ભાવપ્રાર્થના-નીરોગી તમે જીવો સો શરદ. ...૯.

## (૨૦)

## શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ

જય રઙ્ગ દયાઘન પ્રભો જય દત્તાપરરૂપ હે વિભો।
જય રઙ્ગ કૃપાસુધામ્બુધે જય ભક્તાર્તિનિવારણ પ્રભો॥ ૧॥

જય રઙ્ગ યતીશ્વર પ્રભો જય માર્ગત્રયબોધક પ્રભો।
જય મૌન પરાયણ પ્રભો જય ધર્મધ્વજધારક પ્રભો॥ ૨॥

જય રઙ્ગ ગુરો ત્વમેવ હિ મમ માતા વરદા ચ વત્સલા।
જય રઙ્ગ પિતા ત્વમેવ હિ મમ બન્ધુઃ સુખદસ્ત્વમેવ હિ॥ ૩॥

જય રઙ્ગ ગુરો ત્વમેવ હિ મમ મિત્રં હિતકારિ સર્વથા।
જય રઙ્ગ ગુરો ત્વમેવ હિ મમ વિદ્યા ભવતારિણી પ્રભો॥ ૪॥

જય રઙ્ગ ધનં ત્વમેવ હિ મમ સર્વં સકલં ત્વમેવ હિ।
જય રઙ્ગ ગુરો તવૈવ હિ ચરણૌ મે શરણં સદૈવ હિ॥ ૫॥

જય રઙ્ગ ગુરો ત્વયા વિના શરણં નાન્યદિહાસ્તિ પાહિ મામ્।
જય રઙ્ગ યદિ ત્વમેવ માં ત્યજસિ ત્યક્તકરઃ કરોમિ કિમ્॥ ૬॥

જય રઙ્ગ ગુરો કૃપાં કુરુ મયિ શિષ્યેઽનિરામેવ બાલકે।
જય રઙ્ગ ગુરો ન માં ત્યજ ચરણે તે મમ નમ્રવંદના॥ ૭॥
જય રઙ્ગ તમો હૃદિ સ્થિતં જહિ નૈકેષુ ભવેષુ સંચિતમ્।
જય રઙ્ગ કૃપાનિધે ગુરો જહિ મે ષડ્રિપુ રઙ્ગ હે॥ ૮॥



અભયં હૃદયેઽસ્તુ મે પ્રભો સતતં ચેતસિ રૂપમસ્તુ તે।
સતતં ગુણકીર્તનં તવ પદકઞ્જેઽસ્તુ સદા મનોલયઃ॥ ૯ ॥

ગુરુકઞ્જપદધ્યાત્રા ભાવતસ્તુ કૃતાં સ્તુતિમ્।
પઠેદ્યો ભક્તિભાવેન સ શ્રી દત્તપ્રિયો ભવેત્॥ ૧૦ ॥

અમદાવાદ
તા. ૧૧-૧૨-૮૫
શ્રી રઙ્ગાવધૂતમહારાજસ્ય
નિર્વાણદિનમ્

રચયિતા :
- શ્રી રઙ્ગપદકઞ્જાનુરાગી
રમણભાઈ શુક્લઃ।

**: અનુવાદ :**

દયાઘન રંગ પ્રભુ જય હો, દત્તાપરરૂપ થાઓ જય, કૃપામૃતસમુદ્ર થાઓ રંગ તણો જય- ભક્તાર્તિનિવારક પ્રભ જય થાઓ. ...૧.

યતીશ્વર પ્રભુ રંગ તમારો જય, જ્ઞાનકર્મોપાસના માર્ગત્રયબાધકનો જય, મૌનપરાયણ તથા ધર્મધજા ધારક- જય જય હો. ...૨.

રંગગુરુ તમે જ દો મારી વત્સલા માતા- વરદાન આપનારી- તમે જ છો પિતા, મારા સંબંધી સુખદ તમે જ જય પામો. ...૩.

જયશીલ રંગગુરુ તમે જ છો મારા હિતકારી મિત્ર સદા- હે પ્રભુ તમે જ છો ભવતારિણી વિદ્યા- જય હો. ...૪.

છો મારું સર્વસ્વ તન મન ધન છે તમારા ચરણ મારે કાજ શરણ લેવા લાયક- જય હો. ...૫.

જયશીલ રંગગુરુ- તમ વિના ન કોઈ મારું શરણ, અહીં- રક્ષા કરો મારી- હે રંગગુરુ જો તરછોડશો તમે તો શું કરીશ હું. ...૬.

જય થાય છે જેનો કરો કૃપા નિત્ય આ બાલશિષ્ય પર- ન છોડજો, છે નમ્ર વિજ્ઞપ્તિ તવ ચરણે. ...૭.

બધા ભક્તોના સંચિત હૃદગત્ અજ્ઞાન કરી દૂર, હે રંગ મારા કામાદિ છ રિપુને મારી હટાવો. ...૮.

હૃદયમાં મારા થાઓ અભય ચિત્તમાં રૂપ થાઓ સ્થિર સતત કીર્તન ગુણોનું અને આપના ચરણકમળમાં મારા મનનો લય થાઓ. ...૯.

ગુરુચરણકમળનું ધ્યાન કરનારે ભાવથી કરી છે સ્તુતિ- ભક્તિભાવે કરે પાઠ જે- તે થશે દત્તપ્રિય. ...૧૦.

## (૨૧)

## પરમ પૂજ્ય શ્રી પ્રેમાવધૂતચરણકમલેષુ સૂક્તિકુસુમાંજલિઃ

નમઃ પ્રેમાવધૂતાય મનસા વચસા તથા।
કર્મણા ત્રીશરાસે[1] હી નિત્યં સંવાદદાયિને ॥ ૧ ॥

વિસંવાદિ સૂરાણાં હિ વાદિત્રાણાં નિજૈઃ કરૈઃ।
સંવાદિસૂરનિષ્પત્ત્યૈ સફલં યતતે નમઃ ॥ ૨ ॥

સેવાતપઃ પ્રપૂતાય યમિને શમિને નમઃ।
ગુરુપ્રેમ્ણિ પ્રલીનાય પ્રેમબોધાય તે નમઃ ॥ ૩ ॥

આત્માનન્દે નિમગ્નાય દિવ્યાનન્દૈકદૃષ્ટયે।
નમોઽકશોકનાશાય પ્રેમદૃષ્ટિશલાકયા ॥ ૪ ॥

ગુરુકૃપાં વિના નાહં નાન્યદિચ્છામિકિન્ચન।
ગુરોરેવ ભવામ્યાહો દૃષ્ટિરેષાપુનાતુ નઃ ॥ ૫ ॥

લીંચ
૨૩-૨-૮૫ - શ્રી સદ્‌ગુરુપાદસરોરુહાનુરાગૌ
શનિવાર રમણઃ શુક્લઃ।

૧. ત્રીશરાસે = દત્તપ્રભુના સંવાદી સંગીતમય રાસમાં.

**થયું તેમ મુજને અહીં રમતાં વિષયે દેવ,**
**જ્ઞાનાંજનથી દિવ્યદષ્ટિ આપો તતખેવ!! (અ.૧૨૯/દો.૯૫)**



**: અનુવાદ :**

નમું પ્રેમાવધૂતને વાણીથી મનથી તથા
કર્મથી *દત્તરાસે જે નિત્ય સંવાદ અર્પતા. ૧.
વિસંવાદી સૂરોનાં તો વાજિંત્રોને સ્વહસ્તથી
સંવાદી સૂરને કાજે સફળ યત્નશીલને. ૨.
સેવા ને તપથી શુદ્ધ યમી ને શમીને સદા
ગુરુના પ્રેમમાં લીન પ્રેમતત્ત્વજ્ઞને નમું. ૩.
આત્માનન્દે જ જે મગ્ન દિવ્યાનંદ જ દષ્ટિમાં
પ્રેમદષ્ટિ-શલાકાથી દુઃખશોકઘ્નને નમું. ૪.
'ગુરુકૃપા' વિના ના હું, બીજું ના ઇચ્છું કશું!
ગુરુનો જ રહું નિત્ય, દષ્ટિ પાવન આ કરો. ૫.

❁

* દત્તપ્રભુ-પરબ્રહ્મ-રસસ્વરૂપ (રસો વૈ સઃ ઇતિ શ્રુતેઃ) હોઈ (અને રસ એવ રાસઃ) ત્રણે ભુવનોમાં- સમગ્ર બ્રહ્માંડમાં ચાલતા તેમના સંવાદી સંગીતમય રાસમાં.

# (૨૨)

## વન્દનત્રયી

(ઉપજાતિ)

**ન**મામિ નિત્યં ગુરુપ્રેમરૂપં
**મા**ધુર્યવન્તં સુખદં સદૈવ ।
**મિ**તોક્તિયુક્તં પ્રિયમૌનમેવ
**નિ**જાત્મદં હા પરમં કિમન્ય ॥ ૧ ॥
**ત્યં** ચં સમિચ્છન મનુજઃ પ્રયાતિ
**ગુ**રુપ્રસાદેન સદા બિભર્તિ ।
**રુ**જાર્તિહલ્લોચનલ્લમદ્ય
**પ્રે**મસ્વરૂપં પ્રણતોસ્મિ નિત્યમ્ ॥ ૨ ॥
**મ**ન્દંસુમન્દં હસિતં ચ યસ્ય
**સ્વ**કં ન કિંચિત્ પરકં ન કિંચિદ્ ।
**રૂ**પ્યાલકં રૂષિતશુભ્રવસ્ત્રં
**પં**થે ચલન્તં ગુરુરંગદિષ્ટમ્ ॥ ૩ ॥

**(અનુષ્ટુપ)**

પ્રેમભક્તિસ્વરૂપા યા સ્તુતિ સ્ત્રિશ્લોકગુંફિતા ।
પ્રેમદેહે ગુરુ રંગ પીયૂષાય દદાતુ શમ્ ॥ ૪ ॥

વડોદરા — પ્રા. શ્રી શિવુભાઇ દવે

* આ શ્લોકમાં **'નમામિ નિત્યં ગુરુ પ્રેમસ્વરૂપં'** અક્ષરો ગૂંથાયાં છે.

**: અનુવાદ :**

### વન્દનત્રયી (ત્રણ શ્લોક)

વંદું નિત્ય ગુરુ પ્રેમરૂપ હંમેશાં મધુરાં સુખદ- વદે થોડું ઉપયુક્ત મૌન વધુ પ્રિય છે જેને હરહંમેશ પરમસ્વરૂપ. ...૧.

જે જાય માનવ સાચું ઈચ્છી ગુરુકૃપાથી તે થાય પૂર્ણ દુઃખહર છે જેના પ્રફુલ્લ નેત્ર હાલ- પ્રેમસ્વરૂપને વિનય સહ વંદન. ...૨.



જેનું હાસ્ય છે મંદ ખૂબ મીઠું, નથી સ્વકીય કે પરકીય ન કદા, કેશકલાપ રૂપવંત ધાર્યા છે શુભ્ર વસ્ત્ર, જઈ રહ્યા છે- જોઉં છું- રંગના આદેશમાર્ગ તરફ. ...૩.

પ્રેમભક્તિ સ્વરૂપ આ સ્તુતિ ત્રણ શ્લોકમાં ગૂંથાએલ છે. પ્રેમની દેહયષ્ટિમાં શ્રી રંગ પીયૂષ વરસાવો.

## (૨૩)

## શ્રીપ્રેમ-અવધૂત-પ્રશસ્તિઃ ।

હૃદ યસ્ય, રઙ્ગસ્ય જપે પ્રલીનં
જીહ્વા સદા ગાયતિ રઙ્ગાધામ્ ।
સેવાં ગુરોર્યઃ કુરુતે કરાભ્યાં
પ્રેમાઽવધૂતાય નમોઽસ્તુ તસ્મૈ ॥૧॥

માતુઃ સમં પ્રેમ બિભર્તિ વિશ્વે
હૃદ યસ્ય સર્વારુ જનાય દિવ્યમ્ ।
રવ્યાતોઽસિ નામ્ના નનુ પ્રેમમૂર્તિઃ
પ્રેમાઽવધૂતાય નમોઽસ્તુ તસ્મૈ ॥૨॥

સેવાધર્મઃ (સેવાધર્મઃ) પરમગહનો યોગિનામ વ્યગમ્યો
જ્ઞાત્વા હ્યેતત્પરમરતિના રઙ્ગસેવાં ચકાર ।
સેવામૂર્તિરિતિ પ્રમુદિતૈર્ઘોષિતો રઙ્ગભક્તૈ
સ્તસ્મૈ પ્રેમ્ણે ભવતુ ચ સદા નો નતિર્નીતિ પૂર્વા ॥૩॥

ન્યુજર્સી, - પ્રા. શ્રી શિવુભાઇ દવે

# (૨૪)

# પ.પૂ. પ્રેમ અવધૂતજીની બિરુદાવલી

સનાતન ધર્મપાલન કૃત નિશ્ચય ।
ગુરુસેવા સમર્પિત સમ્પૂર્ણજીવનક્રમ ।
સેવામૂર્તિપદપ્રાપક ।
પ્રાણિમાત્રહૃદયસ્થગુરુરઙ્ગદર્શનપરાયણ ।
શાન્તાબેનમુખપદ્મદિવાકર ।
ભરદ્વાજમુનિગોત્રભૂષણ ।
કૃપાશંકર આનન્દવર્ધન ।
શ્રીપ્રેમાવધૂતો વિજયતેતરામ વિજયતેતરામ્ વિજયતેતમામ્ ।

- પ્રા. શ્રી શિવુભાઇ દવે

**: અનુવાદ :**

સનાતન ધર્મનું પાલન કરવા માટે કૃતનિશ્ચય
ગુરુસેવામાં સમર્પિત જીવનક્રમ સંપૂર્ણ
સેવામૂર્તિ નામ પ્રાપ્ત કરનાર
પ્રાણીમાત્રના હૃદયમાં રહેનાર સ્વકીય ગુરુ રંગના દર્શનાર્થ તત્પર
(માતા) શાંતાબહેનના મુખકમળના સૂર્ય
ભરદ્વાજમુનિ ગોત્રમાં ભૂષણ સ્વરૂપ
(પિતા) કૃપાશંકરને માટે આનંદવર્ધક
શ્રી પ્રેમાવધૂતનો વિજય, વિજય, હંમેશાં ખૂબ વિજય પ્રાપ્ત થાઓ.



# (૨૫)

## આશીયાચના

**પ્રે**માડવધૂત ગુરુદત્તવિશિષ્ટભક્ત
**મા**-પાશ-મુક્ત ગુરુનામ-જપ-પ્રલીન ।
**વ**ન્દામહે તવ તપશ્ચરણં સુદિવ્યં
**ધૂ**તા ચ યેન ભક્તા ભવદાડપ્યહંતા ॥ ૧ ॥

'**ત**ત્ત્વં પરં' શ્રુતિષુ 'બ્રહ્મ'-પદેન પ્રોક્તં
**ગુ**ર્વંઘ્રિસેવનપરોડપિ ચ લપ્સ્યતે તત્।
**રુ**ગ્ણાલયોડસ્તિ ગુરુનામ-જપઃ પૃથ્વિયાં
**દ**ત્તે રતિર્ભવતિ યેન જનિં નિહત્ય ॥ ૨ ॥

**ત**સ્મિન્ દ્વયે તવ મનોડપ્યભવત્ સુલગ્નં
**વિ**દ્યા-વિવેક-નિરહંકૃતિમદ્-યદસ્તિ ।
**શિષ્ટ**ા મનો યદવદત્ ગતપૂર્ણિમાયાં
**ત**ન્મુદ્રિતં કૃતમહો! પરિવારભક્તૈઃ ॥ ૩ ॥

**ભક્**તાંઃ કુર્વન્તિ તસ્યાદ્ય, વિમોચનોત્સવં મહત્।
**ત**સ્યોપર્યાશિષો વૃષ્ટિં, કરોતુ રઙ્ગ! મઙ્ગલામ્ ॥ ૪ ॥

ન્યૂજર્સી — કવયિતા
ગુરુપૂર્ણિમા-૨૦૫૬ — - પ્રા. શ્રી શિવુભાઈ દવે

**: અનુવાદ :**

હે પૂ. પ્રેમ અવધૂતજી, હે ગુરુદેવ દત્ત (પરમાત્મા)ના (અન્ય કરતાં) વિશિષ્ટ શિષ્ય (ભક્ત), હે માયાના પાશમાંથી મુક્ત થયેલા, હે (સદા સર્વદા) ગુરુદેવ (રંગ અવધૂત બાપજી)ના

નામજપમાં જ પ્રલીન (સંપૂર્ણ મગ્ન) થનારા સંત! અમે પરમ દિવ્ય એવી આપની તપશ્ચર્યાને પ્રણામ કરીએ છીએ, જેનાથી (જે તપશ્ચર્યાથી) આપે સંસારને જન્મ આપનારી અહંતા (અહંકાર)નો (જડમૂલથી) ત્યાગ કર્યો છે. ...૧.

જે પરમ તત્ત્વ (ઉપનિષદ્) શ્રુતિઓમાં 'બ્રહ્મ'ને નામે ઉચ્ચારાયું છે, તે (તત્ત્વ)નો સાક્ષાત્કાર, ગુરુદેવની પાદસેવામાં (સદા) પરાયણ રહેનાર પણ પ્રાપ્ત કરે છે. આ પૃથ્વિ પર 'ગુરુદેવના નામનો જપ' એ (એવી) હૉસ્પિટલ છે કે જેમાં (મનુષ્યને) જન્મ-મરણ-ચક્રનો નાશ કરી દત્તમાં (પરમ) રતિ (પ્રેમ) ઉત્પન્ન થાય છે. ...૨.

આ બેમાં (ગુરુપાદસેવા, ગુરુનામજપ) આપનું મન ઊંડાણથી (મગન) (સદા) લાગી ગયેલું છે- (જે બેથી) વિદ્યા (પરા વિદ્યા- પરમાત્મપ્રાપ્તિનું પરોક્ષ-પ્રત્યક્ જ્ઞાન), વિવેક [પરમાત્મ પ્રાપ્તિ માટેના ચાર સાધન- (નિત્યાનિત્ય વસ્તુ) વિવેક, (ઈહામુત્રફલભોગ)વિરાગ, ષટ્સંપત્તિ (શમ-દમ-તિતિક્ષા-શ્રદ્ધા-સમાધાન અને મુમુક્ષુત્વ)] અને અહંકારમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

આપનું (અધ્યાત્મવિદ્યામાં) શિસ્તબદ્ધ બનેલું મન ગયા વર્ષની પૂર્ણિમાએ જે બોલ્યું તે સર્વ અહીંના પરિવારભક્તોએ (પુસ્તકરૂપમાં) છપાવ્યું છે. ...૩.

એ પુસ્તકનો વિમોચનનો મંગલ ઉત્સવ આજે ભક્તો કરી રહ્યા છે (ત્યારે) હે રંગબાપજી, એમના (પ્રેમ અવધૂતજી) પર આપ મંગલ આશીર્વાદની વૃષ્ટિ કરો (એવી આપને પ્રાર્થના). ...૪.

❀

## (૨૬)

## પૂ. પ્રેમ અવધૂતજીની ૭૦મી જન્મજયંતી પ્રસંગે ભાવ-પ્રશસ્તિ

ગુરો! રઙ્ગદેવ! ભવદ્‌ભક્તવૃન્દૈઃ
**શિકાગો**સ્થિતોઽદ્ય જયન્ત્યુત્સવં ૐ ।
ભવદ્-બાલ-**પ્રેમાવધૂતસ્ય** પ્રેમ્ણા
કરોતિ-કુરુષ્વાય ચોપસ્થિતિં ત્વમ્ ॥ ૧ ॥



રઙ્ગુરો! તવ નામ સુમિષ્ટં
સ્વસ્થમનાઃ સતતં સ્મરતીષ્ટમ્ ।
જીવનવૃત્તમતીવપવિત્રં
તે, સુજનેષુ મુદા મધુ બ્રૂતે ॥ ૨ ॥

(વંશસ્થવૃત્તમ્)

"સ્નાનં ચ ભિક્ષા શયનં પ્રબોધો..."
દૈનંદિનીં સ્વાં વિવિધાં ક્રિયાં ત્વમ્ ।
અદ્યાપિ લિંચે કુટિરે કરોષિ
નિદર્શનં **પ્રેમણિ** તેઽસ્તિ પ્રેમ્ણઃ ॥ ૩ ॥

(શાર્દૂલવિક્રીડિતમ્-છંદ)

સેવા યેન કૃતા ગુરો તવ સદા નક્તંદિવં શ્રદ્ધયા
**સેવામૂર્તિ**-પદેન વિશ્રુતિમસૌ ભક્તેષુ તે પ્રાપ્તવાન્ ।
ચિત્તં યસ્ય ચ પ્રાણિમાત્રહૃદયે રઙ્ગં ગુરું પશ્યતિ
પ્રેમાર્દ્રં હૃદયં બિભર્તિ ચ મહત્ **પ્રેમાઽવધૂતો** હ્યતઃ ॥ ૪ ॥

(મન્દાક્રાન્તા છંદ)

**શાન્તો દાન્તો** વિચરતિ સદા મીલિતું રઙ્ગભક્તાન્
**શુદ્ધો બુદ્ધો** નિખિલમનુજશ્રેયસે લગ્નચિત્તઃ ।
**પૂતો મુક્તો** જગદપિ તૃણં મન્યતે યશ્ચ તસ્મિ*-
*ન્નાશીર્વાદાન્ વિતરતુ ભવાન્ રઙ્ગ! **પ્રેમાવધૂતે** ॥ ૫ ॥

ન્યૂજર્સી
૩૦, ઑગષ્ટ, ૨૦૦૦

કવયિતા
- પ્રા. શ્રી શિવુભાઈ દવે
વડોદરા

---

* તસ્મિન્ + આશીર્વાદાન્ ની સંસ્કૃતમાં સંધિ થાય તસ્મિન્નાશીર્વાદાન્

## : અનુવાદ :

હે ગુરુદેવ રંગ! આજે શિકાગોમાં વસતા આપના ભક્તોનો સમૂહ આપના બાલક શ્રી પ્રેમ અવધૂતજીનો જન્મજયંતી મહોત્સવ ઊજવી રહ્યો છે, તેમાં આપશ્રી ઉપસ્થિત રહો, (એવી પ્રાર્થના). ...૧.

હે રંગગુરુ! એઓશ્રી (પ્રેમ અવધૂતજી) સ્વસ્થ મનથી નિરંતર આપનું મધુર અને ઈષ્ટ નામ સ્મર્યા કરે છે, અને (સુયોગ મળતાં) આપના અતિ પવિત્ર અને મીઠા જીવનપ્રસંગો સુજનોને કહે છે. ...૨.

(હે રંગદેવ) આપશ્રી સ્નાન-ભિક્ષા-શયન-ઉત્થાપન (આદિ) આપની નિત્યક્રમની વિવિધ ક્રિયાઓ આજે પણ લીંચ-કુટિરમાં કરો છો- એ આપના પ્રેમ (પૂ. પ્રેમ અવધૂતજીનું પૂર્વાશ્રમનું નામ-પ્રેમશંકર) ઉપરના પ્રેમનું દષ્ટાંત છે. ...૩.

હે ગુરો! જેણે શ્રદ્ધાપૂર્વક રાતદિન આપની હંમેશાં સેવા કરી છે, એવા તેઓ (પ્રેમ અવધૂત) આપના ભક્તોમાં **'સેવામૂર્તિ'** પદથી ખ્યાતિ પામ્યા છે; જેમનું ચિત્ત પ્રાણીમાત્રના હૃદયમાં (બિરાજેલા આપ) શ્રી રંગગુરુનું દર્શન કરે છે, અને જેઓ (સર્વ માટે) પ્રેમથી આર્દ્ર એવું વિશાળ હૃદય ધરાવે છે-(એવા) તેઓશ્રી (સાચા અર્થમાં) માટે જ **પ્રેમ અવધૂત** (કહેવાય) છે. ...૪.

જે **શાન્ત** (મનની સામ્યાવસ્થા) છે, જે **દાન્ત** (ઈન્દ્રિયનિગ્રહવાળા) છૈ- એવા તેઓ હંમેશાં રંગ (ગુરુ)ના ભક્તોને મળવા વિચરણ કરે છે; જે **શુદ્ધ** (વિકાર વિનાના-નિર્મલ) છે, જે **બુદ્ધ** (પરમ તત્ત્વની સાચી સમજવાળા) છે, એવા તેઓનું ચિત્ત બધા માનવોના કલ્યાણ માટે વ્યપૃત છે; જેઓ **પૂત** (પવિત્ર વિચારસરણીવાળા) છે; જેઓ મુક્ત (દેહ પ્રત્યેની આસક્તિ વિનાના) છે, એવા તે જગતને પણ તૃણવત્ માને છે; હે રંગદેવ! એ શ્રી પ્રેમ અવધૂતજીને (આજે) આપ આશીર્વાદ આપો, (એવી પ્રાર્થના). ...૫.



# (૨૭)

## શ્રીપ્રેમાષ્ટકમ્

(સ્રગ્ધરા)

સૌમ્યં સદ્ભક્તવર્યં સ્વગુરુગુણરતં સેવનીયં શરણ્યં
સ્તુત્યં સૌજન્યશીલં સુમતિ સુકૃતિનં સાધકં સાર્થસારમ્।
સ્વાત્મસ્થં સ્વાત્મતુષ્ટં શમદમનિપુણં સાત્ત્વિકં સત્ત્વશીલં
સેવે સ્નેહાવધૂતં સકલરતિકરં શાન્ત સદ્રંગલીનમ્ ॥ ૧ ॥

(શાર્દૂલ)

શ્રીપ્રેમો ગુરુરંગપાદનિરતઃ પ્રેમં ભજે શાંતિદં
પ્રેમેણાર્પિતવૃત્તિરંગપદયોઃ પ્રેમાય તસ્મૈ નમઃ।
પ્રેમાદ્ રંગસુભક્તિ વિસ્તૃતમહો પ્રેમસ્ય સેવાવ્રતં
પ્રેમે સ્નિહ્યતિ સર્વલોકહૃદયં ભો પ્રેમ! શાંતિં નય ॥ ૨ ॥

(શાલિની)

શ્વેતશ્મશ્રું શ્વેતવસ્ત્રં સ્મિતાસ્યમ્
અંગં ક્ષીણં દીર્ઘદેહં જટાલમ્।
દીર્ઘાં માલાં યો વિધત્તે સ્વકંઠે
સન્તં પ્રેમં નૌમિ નિત્યં નમસ્યમ્ ॥ ૩ ॥

(ભુજંગી)

સદા શ્રીકરં શ્રીધરં પ્રેમરૂપં
મુદા શાંતિદં પુષ્ટિદં તુષ્ટિદં ચ।
સ્થિતં દેશમધ્યે વિદેશે કદા વા
પ્રવાસે સ્વભક્તાર્થમાપ્તો વરેણ્યઃ ॥ ૪ ॥

(ઉપજાતિ)

નારેશ્વરે નમ્રસુમિષ્ટ નિમ્બ
આમ્રો વિનમ્રશ્ચ તથૈવ લિંચે।
રંગસ્ય તત્રાસ્તરણં સદૈવ
યદા કદા લિંચગતઃ સ દેવઃ ॥ ૫ ॥

(શિખરિણી)

'ન મે કાચિચ્ શક્તિર્ ગુરુચરણમેકં હિ શરણં,
ગુરુઃ શ્રેયોઽસ્માકં' ત્વિતિ વદતિ યો રંગચરિતમ્।
સદા યોગક્ષેમં સ્વજનસદૃશઃ પૃચ્છતિ મુદા,
હ્યજસ્રં સંમાનં જનયતિ ન કિં રંગગુરુવત્ ॥ ૬ ॥

(વસંતતિલકા)

શ્રીદત્તસેવનપરો જનવન્દનીયો,
યો લોકસેવનપરો નતનન્દનીયઃ।
દત્તા બનાસવિષયે બહુમૂલ્યસેવા,
પ્રેમાવધૂતપદયોઃ પ્રણતિં કરોમિ ॥ ૭ ॥

(પૃથ્વી)

નમામિ તવ પાદપંકજમરં સદા શાતદં,
સ્મરામિ તવ કિંકરત્વમતુલં ગુરોર્લોભ્યકમ્।
ગૃણામિ તવ તલ્લઘુતાગુણમીડ્યમૂર્જસ્વલં,
ભજામિ હરિરંગરૂપભજકં હિ લિંચસ્થિતમ્ ॥ ૮ ॥

(અનુષ્ટુપ)

પ્રેમાષ્ટકં શુભં હ્યેતદ્ વિવિધછંદગુંફિતમ્।
**હરિ**છંદાનુરોધેન પ્રેમરંગમવાપ્નુયાત્ ॥ ૯ ॥

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી



# (૨૮)

## સેવા સુમગન્ધમ્

(રાગ-ગાયતિ રેવા રવ મધુરમ્-નો)

પ્રસરતિ સેવાસુમગન્ધમ્ । ...ધ્રુ.

સ્મૃતિદં ગતિદં કૃતિદં ધૃતિદં મતિદં રતિદં નતિદં તતિદમ્ ।
સૃતિદં હ્યકદં મલદં ખલદં ભજનાનન્દં તદિદમિતિ ।।૧।।

શ્રી રંગ ચરણ સંશ્રય કરણં પ્રેમલકોમલ ભાવુક હૃદયમ્
શ્વાસે શ્વાસે સેવા-સ્મરણં જનહિતકરણં સતતમિતિ ।।૨।।

મન્દં મન્દં પ્રવિશતિ મૂલં પ્રસ્તરકોટર દઢતર દુર્ગમ્
તદ્વદ્દેશ વિદેશે પ્રેમ્ણા કૃત ગુરુપદં માન્યમિતિ ।।૩।।

રંગચરણકૃતલીલાગાનં તદ્વચનાનાં હિ સુધાપાનમ્ ।
નાહં કશ્ચિન્નહિ મે શક્તિર્ ગુરુકૃપયા તદ્ભવતીતિ ।।૪।।

૨૮-૯-૨૦૦૩ - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી

**: અનુવાદ :**

સેવારૂપી પુષ્પની સુગન્ધ પ્રસરી રહી છે. ...ધ્રુ.

(આ સુગન્ધ રંગની) સ્મૃતિદેનારી છે, ગતિ આપનારી છે, કૃતિ કરાવનારી છે, ધીરત દેનારી છે. મતિ, રતિ, નતિ (વંદન) અને વિસ્તાર કરનારી છે. તથા તે સંસાર (જન્મ મરણનો ફેરો) ટાળનારી, દુઃખ કાપનારી, મળને દૂર કરનારી તથા ખલને (દુષ્ટનો) વિનાશ કરનારી છે. (એ સુગન્ધ) એ જ ભજનાનન્દ છે. (એમ હું માનું છું.) ...૧.

શ્રીરંગના ચરણનો આશ્રય કરનાર, પ્રેમાળ, કોમળ, ભાવુક હૃદયવાળા, શ્વાસે શ્વાસે સેવા અને સ્મરણ કરનાર અને સતત જનતાનું હિત કરનાર (શ્રી પ્રેમાવધૂત) છે. ...૨.

ધીમે ધીમે જેમ (વૃક્ષનું) મૂળિયું, જમીન કોટ અને મજબૂત કિલ્લામાં પ્રવેશી જાય છે. તેવી જ રીતે દેશમાં અને વિદેશમાં શ્રી પ્રેમાવધૂતજીએ ગુરુના ચરણોને સન્માન્ય કર્યા છે. ...૩.

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજનાં ચરણો દ્વારા તેમણે જ લીલા કરી તેનું ગામ, તેમનાં જ વચનોનું અમૃતપાન (તેમણે) કર્યું છે. હું કંઈ જ નથી, મારી કોઈ શક્તિ નથી આ બધું તો ગુરુકૃપા વડે જ થાય છે. (એમ તેઓ માને છે.) ...૪.

## (૨૯)

## શ્રીરંગપ્રીતિપ્રાપ્તિકર સ્તોત્રમ્

**પ્રે**માસ્પદં પ્રેરિતરંગભક્તિં
**મ**ન્દસ્મિતં નૌમિ કૃપાર્દ્રષ્ટમ્ ।
**સ્વ**યં ન કશ્ચિદ્ ગુરુરેવ સર્વં
**રૂ**પં વિદેશે ગુરુરંગદૂતમ્ ॥૧॥

**પં**કેઽપિ સંવર્ધતિ રંગમૂલં
**સ્મ**રન્તિ સર્વે ગુરુરંગવૃક્ષમ્ ।
**ર**તિં પ્રકુર્વઞ્ ચ કૃપાભિલાષી
**ચિ**રં હિ મગ્નાઃ ભજને સદા મુ- ॥૨॥

**ત**મિસ્રહન્તારમરં હિ સૂર્યં
**પ્રી**તિશ્ચ તદરંગપદારવિન્દે ।
**ત્યા**ગો હિ રંગસ્ય વરો વિબોધો
**હ**રિં વિના નાસ્તિ પરં હિ તત્ત્વમ્ ॥૩॥

**વં**દે સદાઽહં ગુરુભક્તમેકં
**દે**વેન્દ્ર રંગસ્ય કૃપા પ્રલબ્ધમ્ ।
**વિ**શેષત શ્ચાર્પિતપાદસેવાં
**દે**વાધિદેવસ્ય મનો વિકૃષ્ટમ્ ॥૪॥

**હું ચાત પ્યાસો અતિ; તમ વિણ મેઘ ન અન્ય,**
**પ્યાસ છિપાવે એહ જે! કરો કૃપા ગુરુ ધન્ય!! (અ.૧૪૨/દો.૩)**



**શે**ષં નિજાયુઃ ક્રમતે સ્વબુદ્ધ્યા
**ગુ**રોસ્તુ કાર્યે જનસંગ્રહાર્થમ્ ।
**સ્વ**ચ્છસ્વરૂપં સરલસ્વભાવં
**રં**ગાશિષા સર્વજનશ્च હૃદ્યઃ ॥૫॥

**ગ**ત્વા વિદેશં ગુરુબન્ધુમધ્યે
**દૂ**તાયતે રંગવિચારધારામ્ ।
**તં** પ્રેમરૂપં હ્યભિનંદ્ય કાંક્ષે
પ્રેમસ્ય જન્મોત્સવમસ્તુ નિત્યમ્ ॥૬॥

યો બહિર્લાપિકાયુક્તાં સ્તુતિં ષટ્શ્લોકગુંફિતામ્ ।
પ્રેમભક્ત્યા પઠેન્નિત્યં રંગપ્રીતિં સમાપ્નુયાત્ । ॥૭॥

શિકાગો - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી
૨૬-૯-૨૦૦૩

**: અનુવાદ :**

પ્રેમનું નિવાસસ્થાનણ રંગભક્તિને પ્રેરનાર, મંદ સ્મિતવાળા, કૃપાથી ભીનાં નેત્રવાળા (એવા શ્રી પ્રેમાવધૂતને) હું નમું છું. (જે માને છે કે) હું પોતે કંઇ નથી; ગુરુ જ બધું છે. એ (અહીં) વિદેશમાં ગુરુના દૂતનું સ્વરૂપ છે. ...૧.

કચરામાં (કાદવમાં) રંગનાં મૂળિયાં નાખી ઉછેરે છે તેથી બધા (મૂળ) વૃક્ષસ્રૂપ શ્રીરંગને યાદ કરે છે (સ્મરણ કરે છે) અને કૃપા પામવાની ઇચ્છા સાથે તેમને જ પ્રેમ કરે છે અને ભજનમાં લાંબા સમય સુધી મગ્ન રહે છે. ...૨.

અંધકારને ઝડપથી દૂર કરનાર તે સૂર્યની પ્રીતિ એ જ રંગના ચરણ કમલમાં છે. રંગનો ઉત્તમ બોધ ત્યાગ (આપી છૂટવું) છે અને (તે કહે છે) પરમાત્મા વિના કોઇ બીજું મોટું તત્ત્વ નથી. ...૩.

તે એક; ગુરુના ભક્ત કે જેણે દેવાધિદેવ રંગની કૃપા પ્રાપ્ત કરી છે અને વિશેષ કરીને તેમનાં ચરણની સેવા કરી છે અને તેમનું મન આકર્ષ્યું છે તે (પ્રેમાવધૂતને) હું વંદન કરું છું. ..૪.

તે પોતાનું બાકી રહેલું આયુષ્ય પોતાની બુદ્ધિ અનુસાર ગુરુના કાર્યમાં (મિશનમાં)

લોકસંગ્રહાર્થે (લોકકલ્યાણાર્થે) ગાળે છે. તેમનું સ્વરૂપ રુચિકર છે અને સ્વભાવ સરળ છે. રંગની આશિષો વડે તે બધા લોકોને ગમે છે. ...૫.

વિદેશે ગુરુભાઈઓ વચ્ચે જઈને રંગવિચારધારાનું દૂતત્વ કરે છે. તે પ્રેમસ્વરૂપને અભિનંદન આપીને ઇચ્છું કે પ્રેમ (પ્રેમાવધૂત)નો જન્મોત્સવ નિત્ય થયા કરો. ...૬.

બહિર્લાપિકાયુક્ત છ શ્લોકની ગુંથેલી આ સ્તુતિ પ્રેમ-ભક્તિથી જે નિત્ય બોલે છે તે રંગપ્રીતિને પામશે. ...૭.

❁

## (૩૦)

## શિકાગો સ્થિત-અવધૂતપરિવારાણાં સામૂહિકં શ્રી રંગાવધૂત કૃત શ્રીગુરુલીલામૃતસ્ય ચક્રીય પારાયણ પ્રસંગે શ્રીપ્રેમવન્દનમ્

યદ્ દેહયષ્ટિં પરમાં ચ તુંગાં
યષ્ટિં ગૃહીત્વા સ્વકરે સુદીર્ઘામ્ ।
સ્મૃત્વા ચરૈવ ભ્રમણં કરોતિ
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૧॥

સજ્જો હિ પૂર્વે ગુરુસેવાનાર્થે
પશ્ચાદપિ ક્ષિપ્રમુ ચોદ્યતો યઃ ।
રગે રગે રંગગુરું વહન્તં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૨॥

કાયેન વાચા મનસા સદૈવ
હૃદ્બોધયન્ ભક્તિમખંડમૂર્દ્વામ્ ।
બુદ્ધં ચ શુદ્ધં વિનતં વરેણ્યં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૩॥

રંગસ્ય કાર્યં પરદેશમધ્યે
કૃત્વા ચ દત્ત્વા હિ વરં સદૈવ
સંવર્ધયન્તં ગુરુભક્તિમાર્ગં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૪॥



સર્વે સુધન્યા હિ વયં મિલિત્વા
પારાયણે યત્ કૃપયા પ્રવિષ્ટઃ
આલંબનં યેન તુ દત્તમિષ્ટં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ।।૫।।

પંચશ્લોકાત્મકં સ્તોત્રં પ્રેમાવધત પાદયોઃ
અર્પિતં હરિભાવેન ભૂયાત્ તદ્ વરદં કદમ્ ।।૬।।

શિકાગો
૨૦-૪-૨૦૦૮ - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

**: અનુવાદ :**

જેની દેહયષ્ટિ ઘણી ઊંચી છે અને જે લાંબી લાકડી હાથમાં પકડીને (ઉપનિષદનો) ખરૈવ ફરતા રહો ને યાદ કરી ભ્રમણ કરે છે તે પ્રેમાવધૂતને હું નિત્ય પ્રણામ કરું છું. ...૧.

પહેલાં પણ તે ગુરુ સેવા માટે તૈયાર રહેતા અને પછી પણ જલદીથી તે (સેવા) માટે તૈયાર રહે છે અને જેની રગે રગમાં રંગગુરુ વહે છે તે પ્રેમાવધૂતને હું રોજ નમન કરું છું. ...૨.

કાયાથી, વાણીથી અને મનથી જે સદા અચંડ ને ઊર્ધ્વ ભક્તિનું ઉદ્‌બોધન કરે છે. વળી જે બુદ્ધ, શુદ્ધ, નમ્ર અને વરેણ્ય-વરણ કરવા યોગ્ય છે તે પ્રેમાવધૂતને હું નિત્ય વંદન કરું છું. ...૩.

પરદેશમાં જે રંગ કાર્ય કરીને સદાય વરદાન આપીને ગુરુભક્તિનો માર્ગ વિકસાવતા રહે છે તે પ્રેમાવધતના ચરણોમાં હું ઢળી પડું છું. ...૪.

આપણે બધાં સુધન્ય છે કે ભેગા મળીને જેની કૃપાથી પારાયણના કાર્યમાં જોડાયા છે. જેમણે આપણને આ ઈષ્ટ એવું આલંબન આપ્યું છે તે પ્રેમાવધૂતને હું નમસ્કાર કરું છું. ...૫.

પાંચ શ્લોકનું આ સ્તોત્ર હરિના ભાવથી પ્રેમ અવધૂતના ચરણે અર્પણ કર્યું છે તે વરદ અને ક(સુખ)દ બનો! ...૬.

# (૩૧)

## શિબિરાષ્ટકમ્

સ્વયં હિ દત્તં ભુવિ જાતમીશં સાર્ધં શતાબ્દં સુમુખે સુમુક્તમ્ ।
ગ્રન્થાનનેકાન્ રચિતાન્ રસાઢ્યાન્ વન્દે હિ ટેમ્બે ગુરુ વાસુદેવમ્ ।।૧।।

નારેશ્વરે નાર્મદનીર પાનં વારું નિજં નિમ્બતરોઃ સુમૂલે ।
શ્રીદત્તનામ-સ્મરણે સુમગ્નં રંગાવધૂતં ગુરુમાનતોઽસ્મિ ।।૨।।

રંગૌજસા શોભિત દિવ્ય ભાલં । તત્તેજસા દીપ્તિયુતં સુનેત્રમ્ ।
રંગાનુસારં ખલુ વકિત વાક્યં । પ્રેમાવધૂતં શિરસા નમામિ ।।૩।।

રંગાવધૂતસ્ય સુભક્ત લોકાઃ જર્સ્ત-શિકાગો પ્રભૃતૌ વરુન્તિ ।
સર્વામ્ વિકીર્ણાન્ પરિવારલોકાન્ એકત્રિતાન્ પ્રેમપદેનચાદ્ય ।।૪।।

પ્રત્યેક વર્ષે ગુરુરંગ રક્તઃ પ્રેમઃ સમાયાતિ ચ ભાવયુક્તઃ
પ્રાતશ્ચ સામં ભજને સુમગ્નઃ । પાઠાદિયારાયણપ્રેરકશ્ચ ।।૫।।

યા સંસ્કૃતિર્ભારતવર્ષમધ્યે । તત્પાલનાર્થાદ્ય વિદેશભૂમૌ ।
અસ્મિંશ્ચ વર્ષે ત્રિદિનાનિ ચિત્તમ । સંમેલનં યોજિતમત્ર ભવ્યમ્ ।।૬।।

બાલૈઃ કુમારૈર્જરઠૈ ર્મિલિત્વા । રંગસ્ય ધારા ખલુવાહિતા હિ ।
સાફલ્યમાલબ્ધમહો સુપૂર્ણં । સર્વેઽપિભક્તાઃહ્યભિનંદનીયાઃ ।।૭।।

સર્વે પ્રસન્નાઃ ગુરુકાર્યયુક્તાઃ । ભૂર્યાશિષઃ પ્રેમકરૈઃ સુલબ્ધાઃ ।
શ્રીદત્ત-ટેમ્બે-ગુરુરંગ ભક્તિં । વર્ધન્તુ નિત્યં **હરિ**ભાવયુક્તમ્ ।।૮।।

૮-૮-૨૦૦૩ — ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી
ન્યૂજર્સી

**: અનુવાદ :**

ઈશ્વર સ્વરૂપ દત્ત સ્વયં આ પૃથ્વી ઉપર જન્મ્યો છે. દોઢસો વર્ષના, સુંદર મુખવાળા, અત્યંત મુક્ત અને જેણે રસપૂર્ણ અનેક ગ્રંથોને રચ્યા છે તેવા ગુરુ વાસુદેવાનંદ સરસ્વતી ટેમ્બેને હું વંદન કરું છું. ...૧.



નારેશ્વરમાં નર્મદાનાં નીરનું પાન કરતા, લિમડાના વૃક્ષના મૂળમાં પોતાનો નિવાસ કરતા અને શ્રીદત્તના નારસ્મરણમાં અત્યંત મગ્ન રહેતા શ્રી રંગ અવધૂત ગુરુમહારાજને હું પ્રણામ કરું છું. ...૨.

રંગાવધૂતના ઓજસ(તેજ)થી જેનું દિવ્ય ભાલ શોભી રહ્યું છે, તેના જ તેજથી દીપ્તિમંત જેનાં સુંદર નેત્રો છે અને જે ખરેખર રંગના વિચારને અનુસરતાં વાક્યો બોલે છે તેવા શ્રી પ્રેમ અવધૂતજીને હું માથું નમાવી નમન કરું છું. ...૩.

જર્સી-શિકાગો વગરે પ્રદેશમાં રંગ અવધૂતજી પ્રત્યે સદ્ભક્તિભાવ વાળા ભક્તો વસે છે તે અત્ર તત્ર વિખરાએલા પરિવારના સર્વ લોકોને શ્રી પ્રેમ અવધૂતજીએ અહીં એકત્રિત કર્યા છે. ...૪.

પ્રત્યેક વર્ષે ગુરુ શ્રી રંગમાં આસ્કત થયેલા અને ભાવથી યુક્ત શ્રી પ્રેમાવધૂત આવે છે. સવારે ને સાંજે ભજનમાં સુમગ્ન રહે છે અને પાઠ પારાયણ ભજનાહિના પ્રેરક બને છે. ...૫.

જે સંસ્કૃતિ ભારત વર્ષમાં છે તેના પાલન અર્થે વિદેશની ભૂમિમાં આજે આ વરસે ત્રણ દિવસ શિબિર રાખીને ભવ્ય સંમેલન યોજાયું છે. ...૬.

બાળકો, યુવાનો, વૃદ્ધ જનો સર્વેએ મળીને રંગની વિચારધારાને વહાવી છે અને એથી એ (સંમેલન) સંપૂર્ણ સફળતાને વર્યું છે જે માટે બધા જ ભક્તોને અભિનંદન ઘટે છે. ...૭.

ગુરુના કાર્યમાં જોડાએલ સર્વે પ્રસન્ન છે અને શ્રી પ્રેમ અવધૂતજીની ખૂબ ખૂબ આશિષો પ્રાપ્ત કરી છે. હરિના ભાવથી યુક્ત એવી શ્રીદત્ત ટેમ્બે અને ગુરુ રંગની ભક્તિ સદાય વધ્યા કરો! ...૮.

❁

# (૩૨)

## વિદેશમાં ઉજવાતા પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના હિરક મહોત્સવ પ્રસંગે વંદનાષ્ટક

(રાગ-નર્મદાષ્ટકનો)

ધરી ઉમંગ અંગ અંગ ના તમા નિજાંગની,
કરી મુદા કદા સદા સુસેવ રંગઅંગની;
મળી, લળી લળી વદે બધાય સંગ, ના અહં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૧.

કરી વિચાર શું ગમે? જરૂર શી હશે હવે?
મમૈવ સદ્‌ગુરો! સુઝાડ તું જ આજ અંતરે!
ખરા દિલે ધરે જ આર્ત-ભાવ એ ગ્રહી પદં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૨.

કરે સ્વરંગ-સંગ રંગભંગ કાજ ત્યાહરે,
વસે કરી સુસંગ રંગ પાસ સ્થાન માંહ્ય રે;
કદા સ્વધામ લીંચમાં જ સીંચતા પદાબ્જકં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૩.

શનૈ શનૈઃ થયા સુલીન મીન શા સુદીન જે,
ન સૂધ બૂધ જો અબૂધ શા દિસે ન કૈં લહે;
ગુરો! કરે ભલું મમૈવ તું જ યાચતા અલં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૪.

વિદેશ પંથ રંગ કંથ કાજ સાજ જો સજે,
રહ્યા કુટીર ના અધીર એ લગીર ધીર જે;
બચૂ-પ્રદત્ત જે કમોડ તે થયું સુખપ્રદં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૫.



બધા અહીં સુયાન-વાન લૈ ફરે રૂઆબથી,
રમૂજી રંગ સંગ લૈ કમોડ કહેઃ રમૂજથીઃ-
ભલું કમોડ ભક્તિભાવનું બચૂ! થજો શુભં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૬.

કમોડ બાદ જાય પ્રેમ દેશથી વિદેશમાં,
પ્રવૃત્ત લોકસંગ્રહે પ્રમત્ત રંગનાદમાં;
બધું કરે જ બાપજી, નિમિત્ત પ્રેમનાટકં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૭.

વદે ગુરુમુખાબ્જ કે ભિલામ આજ ચોઢશું,
વદે જ માઃ ભિલામ કાજ અગ્નિ લૈ જતો ન તું!
જતાં જ અગ્નિ મા વદતઃ બાબુ-વાક્ય સૌખ્યદં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૮.

નવા નવા જુવાનિયા વિદેશિયા વળી નવા,
વિચાર ધારતા વિના પ્રચાર રંગની હવા;
પ્રદીપ્ત દીપ લૈ કર્યું સ્વનામ ધામ સાર્થકં
ભજું સદાય પ્રેમ-પાય જાય લ્હાય થાય શં. ૯.

(અનુષ્ટુપ)

હીરક-ઉત્સવે પ્રેમ હરિહૈયે સમુલ્લસો!
ભાઈ! નિરામયે સૌખ્યે શતાયુ વિલસી રહો!

તા. ૨૯-૭-૦૫ - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી

**: અનુવાદ :**

અંગ અંગે ઉમંગ ધરીને, પોતાના અંગની જરાય તેમણે પરવાહ કર્યા વિના જેમણે આનંદપૂર્યકણ સદા રંગના અંગની સારી રીતે સેવા કરી. જે કોઈ રંગપરિવારના મળે તે બધાની સાથે ળળી ળળીને વાતો કરનાર, જેને અહં નથી તેવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૧.

પ્રેમ અવધૂતજી (વિચારે છે કે) હે મારા સદ્ગુરો! તને શું ગમશે અને તારે હવે શાની જરૂર પડશે તે તું જ મને સૂઝાડ (જ્ઞાન, જરૂરિયાતનું પ્રેર) અને ખરા દિલથી આર્તભાવ ધરીને તે (પ્રેમ અવધૂતજી) (ગુરુ રંગના) પદ પકડે છે. એવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૨.

પોતાના રંગનો (સંસાર-જન્મમરણરૂપ) ભંગ થાય તે કાજે પોતાનો આત્મરંગના સંગમાં, રંગના સ્થાનમાં, રંગસંગે વસ્યા અને ક્વચિત્ પોતાના ગામ લીંચમાં પણ તેમના પગકમળને સીંચતા રહ્યા તેવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૩.

(પછી) ધીરે ધીરે મત્સ્ય જેમ લીન થાય, દીન થઈ રહે તેમ તેઓ (પ્રેમ અવધૂતજી) પૂ.શ્રીમાં લીન થયા. એમણે પોતે પોતાની આગવી સુધબુધ ખોઈ નાંખી અને ગુરુમહારાજ આગળ અબુધ શા કહેવા લાગ્યા કે હું કંઈ જાણતો નથી. તું જે કરીશ તે મારા હિતનું જ હશે. મારે કંઈ યાચવું નથી (બસ). એવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૪.

શ્રીરંગ પોતાના ગુરુનું કાર્ય કરવા વિદેશના પંથે ગયા (આફ્રિકા) અને લીંચની કુટિરે તેઓ રહ્યા ત્યારે તેમને (વિદેશ જવાની) જરાય અધીરાઈ ન હતી. ધીર હતા (શાંત, ઉતાવળ નહીં) અને (તે વખતે) બચુભાઈએ આપેલું કમોડ સાથે લઈ ગયા જે તેમને સુખપ્રદ નીવડેલું. એવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૫.

પરદેશમાં બધા (સુપાન) સારી સારી મોટરોમાં જુવાન અલમસ્ત શરીર સાથે (વાન જેવી મોટી ગાડીમાં) રૂઆબથી ફરતા હતા ત્યારે પૂ.શ્રી રમૂજથી કમોડ લઈને ફરતા હતા (કમોડધારી મહાત્મા!) મનમાં તો તેઓ વાંછતા હતા કે હે બચુ, ભક્તિભાવથી અર્પેલું તારું કમોડ મારે તો બસ (ભલું છે) તારું કલ્યાણ થજો, એવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૬.

કમોડ (પહેલા ગયું) પછી પ્રેમ અવધૂત વિદેશમાં ગયા અને ત્યાં લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિઓમાં ગૂંથાયા (પ્રવૃત્ત થયા). રંગના નાદમાં ગાંડા થઈ ગયા (પ્રમત્ત). છતાં એમ માનતા રહ્યા કે આ બધું બાપજી જ કરે છે. પ્રેમ અવધૂત તો આ નાટકનું નિમિત્ત જ છે. એવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૭.



(એક દિવસ નારેશ્વરમાં) ગુરુના મુખકમળથી નીકળ્યું કે બચુભાઇ, આજે ભિલામો લગાડીશું. પૂ.માજીને (ખબર પડી તેથી તેમણે) બચુભાઇને કહ્યું કે તું અગ્નિ (ભિલામો ચોઢવા માટે જરૂરી) લઇ જ ન જતો. પણ બચુભાઇ તો ગુરુઆજ્ઞા માની અગ્નિ લઇ ગયા તે જાણી માજી બોલ્યા, બાબુ (પૂ.શ્રીનું હુલામણું નામ) એટલે કે ગુરુ કહે તે વાક્ય જ (શિષ્યને) સુખ આપનારું નીવડે છે. એવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૮.

(એમના સંગમાં) નવા નવા યુવાનો અને પરદેશના ભાઇ-બેનો તદ્દન નવા જ, (જ્યાં) કોઇ પ્રચાર વિના રંગની વિચારધારાને સમજ્યા ને શ્રીરંગની હવા ત્યાં ઊભી થઇ છે અને એ રીતે પ્રજવળેલો દીવો તેમણે ધર્યો છે અને બચુભાઇએ પોતાનું નામ સાર્થક કર્યું છે. તેવા પ્રેમ અવધૂતના પાયને (ચરણને) હું સદા ભજું છું કે જેનાથી સંસારની લ્હાય (દુઃખ, વ્યગ્રતા) જતી રહે છે અને સુખ થાય છે. ...૯.

આ હીરક ઉત્સવમાં હરિના (હરિપ્રસાદ(ધીરુભાઇ) જોષી) હૈયામાં પ્રેમ (પૂ.ભાઇ) પ્રત્યેનો ભાવ ઉલ્લસિત થાય અને પૂ.ભાઇ સુખપૂર્વક નિરામય સો વર્ષનું આયુષ્ય પામો.

॥ અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત ॥

# (૩૩)

## શ્રી પ્રેમકુટિર પ્રવેશાષ્ટકમ્

### (વસંત તિલકા)

રૂપાન્તરં ભવતિ વૈ સદનસ્ય તસ્ય
યત્રાવધૂતપદયોઃ પ્રથમો નિવાસઃ ।
નારેશ્વરેઽન્યનગરે સુગતે હિ રંગે
સર્વત્ર નૂતનવિનિર્મિતિરદ્ય જાતા ॥ ૧ ॥

### (અનુષ્ટુપ)

તથૈવ કોઠિયાખાડ-ગ્રામે જાતા ગુરોર્લીલા ।
પ્રેમાવધૂતપાદાનાં પ્રવેશો નૂતને ગૃહે ॥ ૨ ॥

રુકમાસપાદશતાબ્દી રામજન્મોત્સવોડપિ ચ।
અમૃતસિદ્ધિયોગશ્ચ શ્રીપંચમીન્દુવાસરઃ ॥ ૩ ॥

સર્વં શુભં શુભા ભક્તાઃ સુમાંગલ્યોત્સવોડત્ર હિ।
શુભઃ પ્રેમાવધૂતશ્ચ સાશીર્વાદપરાયણઃ ॥ ૪ ॥

કલ્યાણં નિશ્ચિતં ચાત્ર સર્વત્ર મંગલં ખલુ।
યત્ર સુમંગલૌ પાદૌ લિંચાદિહ સમાગતૌ ॥ ૫ ॥

## (વસંત તિલકા)

અંતર્બહિશ્ચ સરલો હરિભાવપૂર્ણઃ
પ્રેમાવધૂતહૃદયઃ સુપવિત્રભૂતઃ।
રંગાશ્રયાદ્ ભવતિ યો વરશક્તિપૂર્ણસ્
તસ્યાલયો ભવતુ નઃ પરિપાલનાર્થમ્ ॥ ૬ ॥

આયાન્તુ પ્રેમપાદાશ્ચ વર્ષમધ્યે પુનઃ પુનઃ।
કૃત્વા વાસં પ્રભૂતં ચ જ્ઞાનં દદ્યાત્ સુશાન્તિ દમ્ ॥ ૭ ॥

સાનંદો ગુરુરંગો હિ પ્રેમોડપિ નંદસાગરઃ।
ભગવાનપિ સાનંદો ધીરો નન્દતિ નન્દતિ ॥ ૮ ॥

## (૩૪)

## શ્રી પ્રેમકુટિર પ્રવેશ અષ્ટક

ધારે જ તે સદન જો નવલું સ્વરૂપ,
યત્રાવધૂત-પદનો સ્વનિવાસ આદ્ય;
નારેશ્વરે જ અથવા ક્યહીં અન્ય રંગ
જાતા ત્યહીં નવલનિર્મિત જો અભંગ! ૧.

તેવી જ ગુરુની લીલા કોઠિયાખાડમાં બને;
પ્રેમાવધૂત ચર્ણોનો પ્રવેશ નવલા ગૃહે. ૨.

રુકમા-સપાદ-શતાબ્દી રામનો જન્મ ઉત્સવ;
અમૃતસિદ્ધિનો યોગ સોમે શ્રીપંચમી શુભ. ૩.

ભક્તો ને શુભ સર્વેયે માંગલ્યોત્સવ આજનો,
આશિષો અર્પતા જોને શુભ પ્રેમાવધૂત જો! ૪.

કલ્યાણ નિશ્ચયે આંહી મંગલ સઘળે સહી;
પધાર્યા લિંચથી જ્યાંશ્રી મંગલપદ જો અહીં. ૫.

જે બ્હાર અંદર ઋજુ હરિભાવપૂર્ણ
પ્રેમાવધૂત-હૃદ ખૂબ પવિત્ર જાણ;
રંગાશ્રયે વરદ શક્તિસુપૂર્ણ થાતા
તેનું નિકેતન બનો અમ યોગદાતા. ૬.

આવજો પ્રેમના પાદ વર્ષમધ્યે ફરી ફરી,
ઘણેરો કરજો વાસ સશાંતિ જ્ઞાન ધો અહીં. ૭.

સાનંદ ગુરુ રંગાજી નંદસાગર પ્રેમ જો,
સાનંદ ભગવાન્ નિશ્ચે નંદતો ધીરુ નંદતો! ૮.

કોઠિયાખાડ, - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી
૭-૪-૨૦૦૩

**: અનુવાદ :**

જ્યાં અવધૂત ચરણનો પ્રથમ નિવાસ થયો હોય છે તે સદનનું રૂપાંતર થઇ જાય છે. શ્રીરંગ નારેશ્વરમાં કે અન્ય જગ્યાએ રહ્યા હોય ત્યાં સર્વ સ્થળે નવનિર્માણ થયેલું છે. ...૧.

એ જ રીતે કોઠિયાખાડ ગામમાં શ્રીરંગની લીલા થઇ છે. શ્રી પ્રેમ અવધૂતજીના ચરણનો નવીન કુટિરમાં પ્રવેશ થઇ રહ્યો છે. ...૨.

આ રુકમામ્બાનું સવાસોમી જન્મજયંતીનું વર્ષ છે. વળી આજ કાલ રામનો જન્મોત્સવ થઇ રહ્યો છે. આજે અમૃતસિદ્ધિયોગ છે અને શ્રીપંચમી તથા સોમવાર છે. ...૩.

બધું જ શુભ છે. ભક્તો પણ શુભભાવવાળા છે. અહીં મંગલ ઉત્સવ છે. શ્રી પ્રેમ અવધૂતજી પણ શુભ છે અને આશીર્વાદ આપવાવાળા છે. ...૪.

અહીં કલ્યાણ નિશ્ચિત છે; સર્વત્ર મંગલ મંગલ છે કારણ કે અહીં લીંચથી સુમંગલ ચરણો પધાર્યાં છે. ...૫.

અંદર ને બહાર સરળ, હરિભાવથી પૂર્ણ, અત્યંત પવિત્ર થએલ એવું પ્રેમ અવધૂતજીનું હૃદય છે. વળી શ્રીરંગના આશ્રતે કરીને જેમનામાં વરદ શક્તિ સંપૂર્ણ રીતે ખીલેલી છે તેમનું આ જીવન આપણા રક્ષણાર્થ શક્તિમંત બની રહો. ...૬.

શ્રી પ્રેમાવધૂત અહીં વરસમાં વારે વારે આવતા રહો અને વધુ ને વધુ સમય રહી શાંતિ આપનાર જ્ઞાનનું વિતરણ કરો. ...૭.

ગુરુ શ્રીરંગ આનંદસ્વરૂપ છે, શ્રી પ્રેમાવધૂત પણ પ્રેમસાગર છે. ભગવાનનું સ્વરૂપ પણ આનંદમય છે તેથી ધીરુ અહીં આનંદમાં ડૂબે છે. ...૮.

❁

## (૩૫)

## શ્રીપ્રેમ વિભક્તિ સ્તુત્યષ્ટકમ્ ।

શ્રીપ્રેમઃ સરલઃ સદા વિજયતે પ્રેમં ભજે ભક્તિદં
શ્રીપ્રેમેણ કૃતં હિ રંગભજનં પ્રેમાય તસ્મૈ નમઃ ।
પ્રેમાદ્ રંગરતિર્વિદિશિકજને પ્રેમસ્ય હન્નિર્મલં
પ્રેમે ગરછતુ સર્વદા મમ મનો હે પ્રેમ માં પશ્યતુ ॥૧॥

શ્રીપ્રેમઃ કુશલં કરોતુ સતતં પ્રેમં ભજે નંદદં
શ્રીપ્રેમેણ પરાર્થ સેવિત ગુરું પ્રેમાય તુભ્યં નમઃ ।
શ્રીપ્રેમાત્ સ્મિતબોધ પ્રાપ્તિરતુલાં પ્રેમસ્ય દૃષ્ટિઃ સ્થિરા
શ્રીપ્રેમે સુરતિઃ સદા ભવતુ મે પ્રેમેક્ષણં ત્વં કુરુ ॥૨॥

પ્રેમો રંગપદામ્બુજે રતિકરઃ પ્રેમં સ્તુવે નિત્યશઃ
પ્રેમેણાપદમસ્તકં ગુરુરુચિઃ પ્રેમાય રંગાશિષઃ ।
પ્રેમાત્ પ્રેમકલાપિરસ્તુ સતતં પ્રેમસ્ય શુદ્ધં મનઃ
પ્રેમે પશ્ય પરાત્મશક્તિરમિતા પ્રેમ! પ્રભાં દર્શય ॥૩॥



શ્રીપ્રેમો જનસંગ્ર પ્રેમં મુદા ચિન્તયે
શ્રીપ્રેમેણ જિતં હિ રંગ હૃદયં પ્રેમાય મે સંનતિઃ।
પ્રેમાદ્ વત્સલતા-સ્રવં સ્રવતિ વૈ પ્રેમસ્ય ધારા દૃઢા
શ્રીપ્રેમે કુરુ ભક્તિ ભાવમનિશં પ્રેમામૃતં મા નય ।।૪।।

શ્રીપ્રેમો હ્યસજશ્ચસન્નયતિ કૌ પ્રેમં ભજે મુક્તિદં
પ્રેમેણા ચરિતં ગુરોઃ પ્રવચનં પ્રેમાય સર્વં ત્યજ।
પ્રેમાત્ પુષ્ટિરથાપિ તુષ્ટિરજરા પ્રેમસ્ય ભક્તો ભવ
પ્રેમે ચેદ્ યદિ તે રતિં જગદિશં પ્રેમ! પ્રસન્નો ભવ ।।૫।।

પ્રેમઃ પ્રેમકરઃ સદાતિસુલભઃ પ્રેમં ન કિં સેવ્યતે
પ્રેમેણાભિહતાશ્ચ ષડ્રિપવઃ પ્રેમાય મે જીવનમ્।
પ્રેમાદ્ રંગઃ સુદર્શન-લાભમતુલં પ્રેમસ્ય ભાવો મહાન્
પ્રેમે સિંચતુ સર્વભાવમખિલં પ્રેમ! પ્રશાંતિં કુરુ ।।૬।।

પ્રેમો નામ મહાર્ઘમસ્તિ ભુવને પ્રેમં પ્રણામં કુરુ
પ્રેમેણેરિત રંગ ભક્તિરધિકં પ્રેમાય સર્વ-ક્રિયા।
પ્રેમાદ્ રંગ વિચાર શિક્ષણ મહો પ્રેમસ્ય સેવાં કુરુ
શ્રીપ્રેમે મનસિ સ્થિતે ન હિ ભયં પ્રેમ! સ્વ રંગં નય ।।૭।।

પ્રેમઃ શ્વેતશિરો હિ રક્ષતુ સદા પ્રેમં સદા માનય
પ્રેમેણાભિનિવિષ્ટ ચિન્તનમથઃ પ્રેમાય મે ભાવના
પ્રેમાદ્ દેશિકભક્તિ પદ્ધતિમહાં પ્રેમસ્ય વૃત્તિં ભજ
પ્રેમે સ્નિહ્યતિ યઃ સુપ્તં પ્રલભતે ભો પ્રેમ મુક્તિં નય ।।૮।।

સર્વવિભક્તિ સંયુક્તમ્ અષ્ટશ્લોકસમન્વિતમ્।
સ્તોત્રં પ્રેમાવધૂતસ્ય હરિભાવેન શં વ્રજેત ।।૯।।

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી

## (૩૬)

## પ્રેમાસ્પદહેતવે કણ્ઠસ્ય સ્વૈરવિહારઃ

રઙગસ્તુ જયોતિઃ પ્રેમસ્તુ પ્રકાશઃ ।
રઙગસ્તુ પુષ્પમ્ પ્રેમસ્તુ સૌરભઃ ।
રઙગસ્તુ મિષ્ટમ્ પ્રેમસ્તુ મિષ્ટતા ।
રઙગસ્તુ પરબ્રહ્મ પ્રેમસ્તુ તત્પરાગઃ ।

ભજત રે ગાવત રે પ્રેમરઙગરંજિતમ્
ધાવત રે પ્રણમત રે તં શ્રેષું સિદ્ધમ્
કૃપયા નિર્વ્યાજં જાતમ્ સુષ્ઠુ નમત સાષ્ટાઙ્ગમ્ ॥

પ્રેમાસ્પદં પ્રેમસ્વરૂપં નિત્યં ધ્યાનપરાયણમ્ ।
ધ્યાને તુ દત્તાવધૂતં વન્દે તં નિરાશસમ્ ॥

આરમ્ભે તુ જીવનસ્ય ભક્તાધીનં ભગવન્તમ્ ।
મનસિ તુ વિનિશ્ચિત્ય રઙ્ગગુરું શ્રીકાજેશમ્ ॥

શુશ્રૂષાં તુ સમાજસ્ય સ્વીકૃત્યાશ્રમં દ્વિતીયમ્ ।
પરિવારેણ સંયુક્તં તથાપિ બનુસ્તુ શુદ્ધમ્ ॥

નૈકવારં સ્વગ્રામે હિ વાસિતં ગુરું શ્રીરઙગમ્ ।
ઘચધિકપઞ્ચાશતવારં પાણ્ડુરઙગં લીંચાસ્પદે ॥

સેવાધર્માદર્શં નનુ સ્થાપિતં સ્વસદ્મનિ ।
બાલ્યકાલાદિધ સ્વીકૃત્ય પ્રેમ્ણા હિ દઢવ્રતમ્ ॥

અદ્વૈતં સર્વદા નિત્યં તં વિભુમ્ પ્રણમામ્યહમ્ ।
તં પ્રેમં ભજ્ઞવુકરૂપં રઙ્ગાનુરાગીમ્ મુદા ॥

દીપ્તિકરં દિવ્યભાલં દિવ્યયષ્ટિં દિવ્યદેહમ્ ।
દત્તદીક્ષં દિવ્યશ્મશ્રુમ્ પ્રેમાસ્પદં પ્રણમામ્યહમ્ ॥



ગતે રઙ્ગે તનુત્યાગં દૃઢીકૃત્ય સોપવાસમ્ ।
દત્તદૃષ્ટાન્તં તુ રઙ્ગેણ શ્રીગુરુલીલામૃતે હિ ॥

દ્રષ્ટવ્યં ભક્તિસંયુક્તં કિં તત્ર સ્પષ્ટીકૃતમ્ ।
તદનુ પક્વવિચારં કુરુ કુરુ રે હે બચુ ॥

યતઃ જનદૃષ્ટ્યા સિદ્ધઃ ત્યજતિ સ્વશરીરમ્ ।
તથાપિ તિષ્ઠતિ ધીરઃ સર્વથા નિત્યાવશ્યમ્ ॥

રઙ્ગદત્તા તુ પ્રેરણા શિષ્ટં કાર્યં કુરુ પૂર્ણમ્ ।
તદનુ દિવ્યં રમ્યં હિ પ્રેમાવધૂતં શ્રીસિદ્ધમ્ ॥

શ્વાસે શ્વાસે પ્રભુસ્મૃતિમ્ ગુરુદર્શિતપ્રથા હિ ।
સ્મરન્તં તં પ્રેમરૂપં કણ્ઠેન વન્દ્યતે ખલુ ॥

- આચાર્ય શ્રી નીલકંઠ મહાશંકર શુક્લ

## (૩૭)

## પુણ્યપીયૂષપૂર્ણ પ્રેમપ્રચાલિત પ્રૌઢિપરામ્પરાપ્લુત-કલાપીકણ્ઠસ્ય વૈખરીવરિવસ્યા

પરાવાઙ્મૂલસ્થા પશ્યન્તી નાભિદેશગા ।
હૃદિસ્થા મધ્યમા જ્ઞેયા વૈખરી કણ્ઠદેશગા ॥

નમોઽસ્તુ પ્રેમરૂપાય નમોઽસ્તુ રઙ્ગજાપિને ।
નમોઽસ્તુ બચ્ચાખ્યાય નમો દત્તમયાય ચ ॥ ૧ ॥

વચને વચને પ્રેમં તીર્થાનિ ચ પદે પદે ।
નિરીક્ષણે તુ કૈવલ્યં સ વૈ પ્રેમાસ્પદો બચુઃ ॥ ૨ ॥

હૈયઙ્ગવીનહૃદયઃ લાભાલાભવિવર્જિતઃ ।
હર્ષપ્રદસ્સર્વાધારો ભક્તેષ્ટસર્વમઙ્ગલઃ ॥ ૩ ॥

યસ્ય નો પશ્ચિમો જન્મ સઃ પ્રેમાવધૂતો ખલુ ।
શ્રીગુરુરઙ્ગપ્રસાદાચ્ચ કરોતુ ભક્તમઙ્ગલમ્ ॥ ૪ ॥

પ્રેમ્ણા ત્વેકાક્ષરં જપ્ત્વા ગાયત્ર્યાશ્ચ જપાદિકમ્ ।
સિદ્ધિર્લબ્ધોત્તમા તત્ર ગુરુકૃપા હિ કારણમ્ ॥ ૫ ॥

જનસેવા તુ શ્રીસેવા દૃઢીકૃત્ય હૃદયે હિ ।
સાધનાયાઃ નોદ્‌ઘોષં રઙ્ગગુરુરીત્યા નનુ ॥ ૬ ॥

ન યાચિતા પ્રસિદ્ધિસ્તુ ધર્માપ્તિરેવ સર્વદા ।
જનસેવા દત્તસેવા સનાતનપરામ્પરા ॥ ૭ ॥

પ્રેમઃ પ્રેમેણ પ્રેમાય, પ્રેમે પ્રેમસ્ય પ્રેમાત્ ।
પ્રેમં ત્વામેવ સકલં પ્રેમ નાન્યદ્વેદ્મિ કિઞ્ચન ॥ ૮ ॥

નમસ્તે પ્રેમાવધૂતાય શ્રીસાધુવર્યાય તુભ્યમ્ ।
ભક્તાનાં મઙ્ગલકર્ત્રે પ્રાકટ્યમહોત્સવે હિ ॥ ૯ ॥

અષ્ટકદશક વર્ષે તુ પ્રવેશં મઙ્ગલં વરમ્ ।
આધિવ્યાધ્યુપાધિમુક્તમ્ ભવતુ ભવ્યસાધકમ્ ॥ ૧૦ ॥

સર્વદુઃખહારકઃ હિ નૈકસુખપ્રદાયકઃ ।
સર્વત્ર જયદોઽસ્તુ ચ ભાવુકાનાન્તુ પ્રેમદઃ ॥ ૧૧ ॥

મહાભાગ પદ્‌માક્ષ પરબ્રહ્મસ્વરૂપ તે ।
સર્વાર્થ સિદ્ધિપ્રદં ચ ભવતાં પ્રાકટ્યમઙ્ગલામ્ ॥ ૧૨ ॥

ભક્તેભ્યોઃ વરદઃ નિત્યં ભક્તવિઘ્નવિનાશિને ।
સાષ્ટાઙ્ગવન્દનં જ્ઞેયં નીલકણ્ઠકૃતં મુદા ॥ ૧૩ ॥

પ્રેમઃ પ્રીતિકરસ્સદા વિજયતે પ્રેમં લપેત્ સર્વથા ।
પ્રેમેણાભિહતાઽખિલા જડમતી પ્રેમાય તુભ્યન્નમઃ॥ ૧૪ ॥

પ્રેમાન્નાસ્તિ રસાયણં ભવભયે પ્રેમસ્ય સઙ્ગસ્સદા।
પ્રેમે મોહલયોઽસ્તુ મે દુઃખહરે ભોઃ પ્રેમ કુરુ મઙ્ગલમ્ ॥ ૧૫ ॥



શાન્તં સિદ્ધાસનસ્થં જનહિતનિપુણં પુનિતં ધામમઙ્ગલમ્ ।
દૃષ્ટ્યા ચાકર્ષયન્તં પુણ્યાપુણ્યરહિતં શ્વેતભૂષા સુદિવ્યમ્ ॥ ૧૬ ॥

શ્રીમન્તં પ્રેમરૂપં વરદણ્ડયુતં શુભ્રશ્તશ્રુણા શોભિતમ્ ।
વન્દે શ્રીપ્રેમાવધૂતં ગુણનિધિમ્ પૂર્ણકારુણ્યમૂર્તિમ્ ॥

સ્તોત્રેણાનેન પ્રેમેષ્ટં સ્તુત્વા લીંચનાગરમ્ ।
શ્રીપ્રેમાયણપાઠાચ્ચ પ્રાપ્નોતુ રઙ્ગમઙ્ગલમ્ ॥

(ન ખલુ મનસિ નિશ્ચિતમ્ કિન્તુ શ્લોકષોડશો દત્તષોડશીવન્ નિર્મિતા ।)

- આચાર્ય શ્રી નીલકંઠ મહાશંકર શુક્લ

✿

## (૩૮)

## મેશકેશપ્રેરણયા યત્ કિઞ્ચિત્

'બ્રહ્મા દક્ષઃ કુબેરો યમવરુણમરુદ્વહ્નિચન્દ્રેન્દ્રરુદ્રાઃ
શૈલાઃ નદ્યઃ સમુદ્રઃ ગ્રહગણમનુજા દૈત્યગન્ધર્વ નાગાઃ ।
દ્વીપા નક્ષત્રતારા રવિવસુમુનયો વ્યોમ ભૂરશ્વિનૌ ચ
સંલીના યસ્ય સર્વે વપુષિ સ ભગવાન્ પાતુ વો વિશ્વરૂપઃ ॥'

વિશ્વરૂપવ્યાપકવિભુભવ્યદિવ્યરમ્યકમ્યકૃપાવાપ્તયે નૈકસત્પુરુષાઃ પ્રયતન્તિ । સાધવોપિ જન્મજાતમાનવાઃ । સંસારવ્યવહારે તુ પ્રધાનરીત્યા સુગ્મેન્દ્રિયે પ્રધાનીભૂતે ।

- રસનેન્દ્રિયમ્ જનનેન્દ્રિયઞ્ચ । મનસિ માનવાનામુદરપૂરણાર્થા પ્રક્રિયા તથા વૈષેયિકસુખાર્થપરામર્શઃ । યૌનાકર્ષણેન પરસ્પરાસક્તિયુતાઃ । તયોદરમ્ભરિણો જીવાઃ દશ્યન્તે । તે તુ મન્દાઃ સુમન્દમતયો મન્દભાગ્યા હ્યુપદ્રુતાઃ પાખણ્ડનિરતાઃ વર્તન્તે । એતાદશાઃ નૈકવારજનનાદિકમ્પ્રાપ્નુવન્તિ । અત્ર કિઞ્ચિત્ વિચાર્યતે ।
- અસ્મદીયભારતદેશસ્તુ માતૃદેવો ભવ ઇત્યાદર્શં મનસ્યવધાર્ય માતૃપ્રધાનઃ । અત એવ ધર્મદેશઃ વિદેશે પત્નીપ્રધાનઃ અત એવ ભોગપ્રધાનઃ । અસ્માકં દેશે સનાતનધર્મઃ પ્રધાનઃ ।

• સનાતનયતિ પરમાત્મસ્વરૂપં પ્રાપયતિ- અથવા સનાતનશ્ચાસૌ ધર્મશ્ચ । ન કેનાપિ પુરુષપ્રચાલિતઃ સનાતનઃ પુરાતનસમયાત્ સમ્પ્રાપ્તદિવ્યપરમ્પરાયુતઃ ધર્મઃ । ધર્માનુચરણં શ્રેષ્ઠં શિષ્ટવિશિષ્ટસન્તવચાંસિ તદ્‌ધેતવે કેન્દ્રીભૂતાઃ । યે તુ સાધવસ્તે તુ પૂર્વસૂર્યુક્તાનિ સુમનાંસિ વચાંસિ વિચારયન્તિ ।

સુસંગતિ સદા ઘડો, સુજનવાક્ય કાનીં પડો,
કલંક મતિચા ઝડો, વિષય સર્વથા નાવડો;
સદંઘ્રિકમલીં દડો, મુરાડિતાં હટાને અડો,
વિયોગ ઘડતાં રડો, મને ભગવચ્ચરિત્રીં જડો ॥ ૧ ॥

ન નિશ્ચય કધીં ઠળો, કુજનવિઘ્નબાધા ટળો,
ન ચિત્ત ભજનીં ટળો, મતિ સદુક્તમાર્ગી વળો,
સ્વતત્ત્વ હૃદયીં કળો, દુરભિમાન સારા ગળો,
પુન્હાં ન મન હેં મળો, દુરિત આત્મબોધેં મળો ॥ ૨ ॥

મોરોપંતનામકાનુભવયુક્તસંતવચાંસિ મનસ્યુપધારો

પ્રયતનશીલઃ જ્ઞાનકર્મોપાસનાસાહાય્યેન મુક્ત્યવાપ્ત્યર્થં યતન્તે । તત્ર તુ દિવિધા મુક્તિઃ - સદ્યોમુક્તિઃ ક્રમમુક્તિશ્ચ । તદ્યથા-

શુકો મુક્તો વામદેવશ્ચોઽપિ મુક્ત-
સ્તાભ્યાં વિના મુક્તિભાજો ન સન્તિ ।
શુકમાર્ગં યેઽનુસરન્તિ ધીરાઃ
સદ્યોમુક્તાસ્તે ભવન્તીહ લોકે ॥

વામદેવં યેઽનુસરન્તિ નિત્યં
મૃત્વા જનિત્વા ચ પુનઃ પુનસ્તત્ ।
તે વૈ લોકે ક્રમમુક્તા ભવન્તિ,
યોગૈઃ સાંખ્યૈઃ કર્મભિઃ સત્વયુક્તૈઃ ॥

શુકશ્ચ વામદેવશ્ચં દે સૃતી દેવનિર્મિતે,
શુકો વિહંગભો પ્રોક્તો વામદેવઃ પિપીલિકા ॥

- વરાહોપનિષત્



**'These are two eternal paths, direct and gradual which lead to hiberation entire Bliss.'**

વેદેષ્વપિ નિર્ણીતમ્- 'નાન્યઃ પન્થાઃ વિદ્યતેઽયનાય' ।
આઙ્ગ્લભાષાનિબદ્ધવચાંસિ-

**'Lives of greatmen all remind us, We can make our lives behind us,**
**And departing leave behind us, Footprints on the sands of time.**
**Footprints, that perhaps another, Sailing over life's solemn main;**
**A forlorn and shipurrecked brother, seeing may take heart again.'**

**- Longfellow**

**The same poet has given warning-**

**'Trust no future; however be pleasant!**
**Let the dead past bury its dead.**
**Act-act in the living present!**
**Heart within and God overhead.'**

શ્રીમદ્ ભગવદ્ ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદેપિ સુસ્પષ્ટમ્- શુક્લકૃષ્ણે ગતી હ્યેતે જગતઃ અશ્વતે મતે । ...શ્રીટિમ્બેશ્રીરઙ્ગપ્રભુતયઃ શુકમાર્ગ ભાવમિશ્રાઃ ।

(**ભાવમિશ્ર**નો અર્થ મહાપુરુષ, સંમાનાર્હ વ્યક્તિ)

ગૌરવાસ્પદગુર્જરપ્રદેશે બ્રહ્મીભૂતટેમ્બેસ્વામિપાદૈઃ ભગવાદદિચ્છાનુસારેણ સનાતનદત્તપરમ્પરા મૂલારોપણમ્ કૃતમ્। શ્રીશાનુકંપયા નરસિંહવાટિકાયામ્ 'હા આમચા મુલગા આહે । કાય રે મૂલા તુ કોણાચા?' પૃષ્ટમ્ સ્વામિપાદૈઃ, પ્રત્યુત્તરમ્ પ્રદત્તમ્ વળામેડવટઙ્કેન પાણ્ડુરઙ્ગેણ- 'તુમચા' । એવમેકવારદર્શને સ્વીકૃતઃ પાણ્ડુરઙ્ગઃ ।

'જ્યા જ્યા ઠિકાણીં મન જાય માઝેં
ત્યા ત્યા ઠિકાણીં નિજરૂપ તુઝેં।

મી ઠેવિતો મસ્તક જ્યા ઠિકાણીં
તેથે તુઝે સદ્ગુરુ પાય દોન્હી ॥'



**નશ્વર દેહે જે સદા ઉદાસીન નિર્ધાર,**
**કૃપાકટાક્ષે પ્રેતને ઊઠાડે તત્કાળ; (અ.૧૪૭/દો.૨૩)**

વિશેષતઃ ગુર્જરસ્થ નારેશ્વરે શિવસઙ્કલ્પપૂર્વક જીવનચાપનેન પાણ્ડુશબ્દસ્ય વિલોપનં સઞ્જાતમ્ કેવલામ દત્તગુરુરઞ્જિતઃ રઙ્ગોઽવશિષ્ટઃ। અવધૂતગીતોક્તલક્ષણાનિ નિરીક્ષ્ય શંસિતાઃ રઙ્ગાવાધૂતાઃ ॥ તેષાં સમીપે યે ગતાઃ 'ફાવી ગયા'. ષષ્ટિતમજયન્તિ સમયે દિવંગત માસ્તરવસન્તેન સંગીતજ્ઞન તુ દઢીભૂતમ્। મુક્તિહેતવે શ્રીદત્તટેંબે-રઙ્ગસમર્પણમ્ કર્તવ્યમ્। કશ્ચિત્ શલ્યશાલાક્ય-નિષ્ણાતાધુનિકચિકિત્સકેન સ્વકીયરુગ્ણાલયે આઙ્ગલભાષાયામ્ 'Surgery' સમાલોચના દર્શિતા મયા પઠિતા, તર્હિ 'સમર્પણ' સમાલોચના મે મનસ્યુત્પન્ના- સમાન્તરરૂપેણ ગવેષણા વિધેયા-

**About Surgery**
**There are risks & benefits**
**There are choices & alternatives**
**It is your body, it is your life**
**The final decision is yours,**
**Wish you best of luck.**

**About Surrender**
**There are gifts & benefits**
**There are choices & alternatives**
**It is your decision, it is your life**
**The final reward is yours,**
**Dutiful, Delicious, Divinity**
**Wish you best of luck.**

**'Investigate carefully**
**Decide correctly**
**Follow faithfully.'**

મયા તુ, દઢીભૂતાનિ દષ્ટાનિ શ્રીરઙ્ગાવધૂતલીલા-યામેતત્ સર્વમ્। નિર્ગુણા-નિઃસ્પૃહા-પ્રેમલક્ષણા-અનન્યા-અપ્રતિહતા-નિર્વૈરા-એકાન્તિકી-અવ્યભિચારિણી-ઉર્જિતો-અકિંચના-અનિમિત્તા-નિર્વ્યાજા-લક્ષણોપેતા લક્ષિતોપાસના દષ્ટા શ્રીદત્તાપરાવતારરઙ્ગલીલાયામ્। તદન્વધુના પ્રેમાપ્લુતા વાક્, પરોપકારકરણનિષ્ઠા, પરાર્થ-દેવાર્થ-જીવનમ્, વિદેશસ્થાનાં પરધર્મચુતાનામુદ્ધારાર્થનામસઙ્કીર્તનમ્,-ઇત્યાદિ માનવોદાત્તજીવનસોપાનાતિ સિદ્ધાનિ યૈઃ મહાનુભાવૈસ્તે તુ પ્રેમાવધૂતાઃ રઙ્ગપ્રેમલિપ્તાઃ। ઉપાસનારતાઃ અવધૂતાઃ। કીદશી વિધેયોપાસના?

અન્ધેકી લાઠી બન જાના, ભક્તજનકો રાહ દિખાના
ઔર અનાથોંકો અપનાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

કષ્ટ સભીકે દૂર હઠાના, કંટક ચુનના, સુમન સજાના
અંધકારમેં જ્યોતિ જગાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

ભૂખેં જનકી ક્ષુધા મિટાના, પ્યાસેકો જલપાન કરાના
રોગીકો ઔષધ પહુંચાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।



શક્તિવિકલકો ગલે લગાના, રોતોંકો ધીરજ બંધવાના,
આહોમેં સુખચેન બસાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

નિર્ધનકો નિજ અર્થ લુટાના, નિર્બલકે બલ બન દિખલાના,
નિર્જનનકા નિજજન બન જાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

અપને પ્રણ પર પ્રાણ ગઁવાના, જો કુછ કહના કર દિખલાના,
કર્મવીર જગમેં કહલાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

સદા ધર્મ પર બલિ-બાલ જીના, કુપંથ છોડ સત્પથ અપનાના,
સજ્જનસેવામેં સુખ પાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

કામ ક્રોધકો માર ભગાના, દ્વેષવૈરકો દૂર હટાના,
પ્રભુચિંતનમેં હી સુખ પાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

પરધન પર ન કભી લલચાના, પરનારી પર ધ્યાન ન લગાના,
સાદે જીવનમેં રસ પાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

નહીં સફલતામેં ઇતરાના, નહીં વિફલતામેં ડિગ જાના,
નહીં કિસી પર દોષ લગાના- હૈ ઉપાસના, નહીં ભુલાના।

શ્રી બચુભાઇ રાવલ-લીંચવાસ્તવ્યે નૈકલક્ષણાનિ દરીદશ્યન્તે, ભાવુકાનામ્ કૃતે ત્વાદર્શચરણાઃ પ્રેમાવધૂતાઃ।

દીનોઽહં દીનોઽહં યઃ બ્રૂતે સઃ કૃશઃ।
સોઽહં સોઽહં યઃ બ્રૂતે સઃ પુષ્ટઃ।

સોઽહં રઙ્ગોઽહમ્ દત્તોઽહમ્- અહં બ્રહ્માસ્મિ પરભૃતિકાદર્શિતોઽહમાપ્રવાટિકાયામ્।
લેખનાન્તે શ્રીટિમ્બેઽનુજ સીતારામબુવાકૃત પ્રાર્થના-

'દત્તાત્રેય નમોઽસ્તુતે તે ભગવતે પાપક્ષયં કુર્વતે
દારિદ્યં હરતે ભયં શમયતે કારુણ્યમાલન્વતે।

ભક્તાનુદ્ધરતે શિવં પ્રદદતે સત્કીર્તિમાતન્વતે
ભૂતાન્ દ્રાવયતે વરં ચ દદતે શ્રેયઃ પતે સદ્ગતે ॥'

'પ્રેમાવધૂતાઃ જીવન્તુ શરદઃ શતમ્।'-ઇમાં વાચં કલ્યાણી ભાવદામિ।

**Farewell to ye farewell to all,**
**My readers till at Heaven's call;**
**We must meet at last to live for ever,**
**The life Divine we strive for here.**

- શ્રીસીતાનાથ તર્કભૂષણ

સત્યમ્ શિવમ્ સુન્દરમ્ ।

સં. ૨૦૬૬, આષાઢ શુ.૮ — પરિવેષક
રવિ, તા. ૧૮-૭-૨૦૧૦ — - શિતિકણ્ઠઃ

**: અનુવાદ :**

[શ્રી વાસુદેવનામસુધા સ્તોત્ર પૂ.શ્રી રંગાવધૂતજીએ પ.પૂ. ગાંડા મહારાજ વિરચિત શ્રી ગુરુમૂર્તિચરિત્રના પ્રકાશન સમયે નિત્ય પાઠ માટે તૈયાર કરેલ છે. ટેંબે સ્વામીની જીવનલીલાનો ખ્યાલ ૧૦૮ શ્લોકમાં સૂત્રાત્મક રીતે આપ્યો છે. આ સ્તોત્રના ૬૦મા શ્લોકમાં 'મેશકેશ' અને ૯૫મા શ્લોકમાં 'મકેશ'-નૂતન આવિષ્કૃત શબ્દરૂપ બ્રહ્મા-હરિ-હર રૂપ દત્તને માટે આપ્યા છે.]

બ્રહ્માહરિહરની પ્રેરણાથી યત્ કિંચિત-

થોડામાં ઘણું-

જગત્ સ્રષ્ટા બ્રહ્મા, દક્ષ, કુબેર, યમ, વરુણ, વાયુ, અગ્નિ, ચંદ્ર, ઈન્દ્ર, રુદ્ર, પર્વતો, નદીઓ, સમુદ્ર, ગ્રહગણ, માનવ, દાનવ, ગંધર્વ, સર્પ, બેટ, નક્ષત્રો, તારાગણ, સૂર્યનારાયણ, આઠ વસુ, સપ્ત ઋષિ, આકાશ, પૃથ્વી, અશ્વિનીકુમાર ઇત્યાદિ સર્વે જેમના સ્વરૂપમાં સંલગ્ન થયેલ છે એવા વિશ્વવ્યાપક વિભુ અમારી રક્ષા કરો.

આખાય જગતમાં પ્રગટ પ્રભુની ભવ્ય, દિવ્ય, રમણીય, સુંદર કૃપા પ્રાપ્ત કરવા અનેક સત્પુરુષો પ્રયત્ન કરે છે. એમાં સાધુ પુરુષો પણ (મૂળમાં) જન્મથી માનવરૂપે જ પ્રગટ થયાં છે. અને આ સંસારવ્યવહારમાં મુખ્ય રીતે બે ઈન્દ્રિયો પ્રધાન લાગે છે. એક છે સ્વાદ સમજનાર રસના-જીભ અને અન્ય ઉત્પત્તિ મૂલક વિષયેન્દ્રિયના સુખનો વિચાર. વૈષેયિક સુખના આકર્ષણથી (સ્ત્રી-પુરુષ) પરસ્પર આસક્તભાવવાળાં છે તથા પેટ ભરનારાં (ભૂખાળવા) જીવો છે. આવા બધાં હીન, ટૂંકી બુદ્ધિવાળાં, ભાગ્યહીન, અનેક જાતના ઉપદ્રવ-દુઃખથી ઘેરાએલાં અને પાખંડને-પાપખંડને પોષનારા છે. આવા અનેક વાર જન્મમરણ પ્રાપ્ત કરે છે. આ અંગે થોડુંક વિચારીએ.

- આપણો ભારત દેશ 'માતૃદેવો ભવ' (કઠોપનિષદ્ શિક્ષાવલ્લી)ના સૂત્ર-આદેશને મનમાં આદર્શ માની માતૃપ્રધાન છે, આથી તે ધર્મદેશ છે, વિદેશોમાં સ્ત્રીને-પત્નીને મુખ્ય ગણવામાં આવે છે આથી તે દેશો ભોગપ્રધાન છે. આપણા દેશમાં સનાતનધર્મ પ્રધાન (મુખ્ય) છે.



- સનાતન બનાવે છે- સાત્ત્વિક પરિવર્તનથી પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે એટલે અથવા બીજી રીતે જે ધર્મ હંમેશ માટેનો છે તે. કોઈ પણ વ્યક્તિવિશેષ દ્વારા ચલાવેલ એ ધર્મ નથી. પ્રાચીન-પુરાતન સમયથી દિવ્ય પરંપરાવંત ધર્મ. ધર્મનું આચરણ (ફક્ત ઉચ્ચાર નહિ) શ્રેષ્ઠ છે એ માટે ખૂબ સારાં, ઉમદા સાધુપુરુષોના વચનો કેન્દ્રિય (મૂળ) સ્થાને છે. જે (સાચા) સાધુ છે તે પૂર્વકાલીન વિદ્વાનોના સુવાસિત પુષ્પવચનોનો વિચાર કરે છે.

સારાની સોબત હંમેશાં પ્રાપ્ત થાઓ. સજ્જનોના વાક્ય કાનને સાંભળવા માટે સાંપડો. બુદ્ધિમાંથી કલ્મષ-પાપ નીકળી જાઓ. વિષયસુખ મને ન મૂંઝવે. સંતચરણમાં મન લાગી જાઓ, નિશ્ચયપૂર્વક ખોટો વળાંક મને પ્રાપ્ત ન થાઓ. ભગવદ્‌વિયોગ મને સુખ આપો. મારું મન ભગવાનના ચરિત્રોમાં જડાએલું રહો. ...૧.

સાચા નિર્ણયથી હું દૂર ન થાઉં, દુષ્ટજન તરફથી પ્રાપ્ત વિઘ્નબાધા દૂર થાઓ. મારું ચિત્ત નિત્ય ભજનમાં જ રત રહો (ત્યાંથી ન ખસો). મારી મતિ સંતોએ બતાવેલા માર્ગ તરફ જ જાઓ. મારા હૃદયમાં 'હું કોણ છું?' એનો જ ભાવ આવ્યા કરો. ખોટું અભિમાન- બધું જ દૂર થાઓ. મારું મન ફરીથી ખોટે માર્ગે ન જાઓ. આત્મબોધ પ્રાપ્ત થાઓ. ...૨.

મોરોપંત નામક (દક્ષિણી) અનુભવી સંતના વચનોને મનમાં ધારણ કરી પ્રયત્ન કરનારા જ્ઞાન, કર્મ અને ઉપાસનાની મદદથી મોક્ષ મેળવવા માટે યત્ન કરે છે. આ (મોક્ષ) મુક્તિ બે પ્રકારની- સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ- છે. આ અંગેઃ-

શુકદેવ મુક્ત થયા છે અને વામદેવ પણ મુક્ત બન્યા છે, બે પ્રકારની મુક્તિ વિનાના અન્ય કોઈ નથી બન્યા મુક્ત. શુકદેવનો માર્ગ જે અનુસરે છે તે ધીર આ લોકમાં સદ્યઃ (તૂર્ત જ- આ જ જન્મમાં) મુક્ત બને છે જ્યારે વામદેવનું અનુસરણ કરનારાં હંમેશ મરણ પામી, જન્મ પ્રાપ્ત કરી વારંવાર એમ ને એમ તે બધાં સાત્ત્વિક-સત્ત્વશીલ યોગ સાંખ્ય માર્ગમાં બતાવેલ કર્મ વડે ક્રમમુક્ત બને છે. શુકદેવ તથા વામદેવ- બે મુક્તિ દેવનિર્મિત છે શુકદેવમાર્ગ એટલે વિહંગમ-આકાશમાર્ગ-ઉડ્ડયનશીલ જ્યારે વામદેવમાર્ગ એટલે પિપીલિકા-કીડીનો માર્ગ -ધીરે ધીરે આગળ ધપવાનો માર્ગ.

- વરાહોપનિષદ

આ બે છે શાશ્વત માર્ગ.

- સીધો-તૂર્તનો અને ધીરો-ક્રમપૂર્વકનો લઈ જાય છે બંને મુક્તિ તરફ- શાશ્વત શાંતિ-પ્રશાંતિની પ્રાપ્તિ. વેદોમાં પણ નિર્ણય છે કે 'આ સિવાય અન્ય કોઈ માર્ગ નથી.'

અંગ્રેજી ભાષામાં (મુક્તિ પંથે જનારા) આ અંગેના વચનો-

મહાપુરુષોના જીવન-કવન કરાવે છે સ્મરણ કે આપણે પણ ઉદાત્ત જીવન બનાવી શકીએ અને જતાં જતાં (મુક્તિ મેળવતાં) મૂકી જઈએ આપણી પાછળ, પાદચિહ્નો- સમયની રેતી પર.

પાદચિહ્નો- કે જે કદાચ અન્ય જીવનનૌકાને ચલાવનારા- એકલાં અટૂલાં નૌકા જેમની ભાંગીતૂટી ગઈ છે એવા જોઈને પુનઃ હામ મેળવી શકે હૃદયમાં.

- લોંગફેલો

આ જ કવિએ ચેતવણી પણ આપી છે- ભવિષ્ય પર ન રાખતાં આધાર (વિશ્વાસ) ભલે એ ગમે તેટલું સુંદર હોય- દાટી દો એ ભૂતકાળને અને કાર્યરત બનો વર્તમાનકાળમાં હૃદયંગત ભાવ રાખી સુદૃઢ અને છત્રછાયા છે એ સર્જનહારની.

શ્રીમદ્ ભગવદ્‌ગીતોપનિષદ્ બ્રહ્મવિદ્યાન્તર્ગત યોગશાસ્ત્ર- શ્રીકૃષ્ણાર્જુનસંવાદમાં (આઠમા અધ્યાયમાં) પણ આ બે જ માર્ગ- શુક્લ અને કૃષ્ણ- શાશ્વત બતાવ્યા છે. શ્રી ટેંબે સ્વામીજી (શ્રી વાસુદેવાનંદ સરસ્વતી) અને રંગાવધૂત ઇત્યાદિ શુકમાર્ગના જ યાત્રિકો-ભાવમિશ્ર-મહાપુરુષે થઈ ગયા છે.

ગૌરવ સ્થાન પ્રાપ્ત કરનાર ગુજરાત પ્રદેશમાં બ્રહ્મીભૂત ટેંબે સ્વામીજીએ ભગવદિચ્છાને અનુસરી સનાતન પરંપરાથી વર્તમાન દત્તપરંપરાના મૂળનું આરોપણ કર્યું છે. પ્રભુની અનુકંપાથી જ્યારે નરસોબાવાડીમાં એમનો મુકામ હતો ત્યારે જગદંબા રુકમામ્બા યજ્ઞોપવીત સંસ્કાર જેના થયા છે એવા બંને બાળકોને લઈ પહોંચ્યા. સ્વામીજી જાણે કે રાહ જ જોતા હતા. પાંડુરંગ જ્યારે વંદન કરે છે ત્યારે સ્વામીજી બોલ્યાઃ 'આ મારો દીકરો છે. ઓ બાળક! તું કોનો દીકરો?' પૂછ્યું સ્વામીજીએ- જવાબ આપ્યો વળામે અટકધારી પાંડુરંગે- 'તમારો.' આમ, એક જ વારના દર્શનથી સ્વીકાર પામ્યા પાંડુરંગ.

'જે જે સ્થળે આ મન જાય મારું
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે.'

વિશેષપણે ગુજરાતના નારેશ્વર તીર્થક્ષેત્રમાં શિવસંકલ્પપૂર્વક-સાધનાજીવન વ્યતીત થવાથી પાંડુ શબ્દનો લોપ થયો અને ફક્ત દત્તગુરુના રંગથી રંગાએલ રંગ અવશિષ્ટ રહ્યા. એમની પાસે જે ગયા તે 'ફાવી ગયા.' શ્રીરંગની ષષ્ટિપૂર્તિ જયંતી સમયે સંગીતજ્ઞ દિવંગત વસંત માસ્તરે શબ્દો આપ્યા- અને તે જડાઈ ગયા. મુક્તિની પ્રાપ્તિ માટે શ્રી દત્તપ્રભુ, શ્રી ટેંબે સ્વામી, શ્રી રંગાવધૂતજીના ચરણોમાં સમર્પિત-શરણે જવું જોઈએ. કોઈક આધુનિક દાક્તરી વિજ્ઞાનના



વાઢકાપના નિષ્ણાત દાક્તરે પોતાના દવાખાનામાં-હૉસ્પિટલમાં અંગ્રેજી ભાષામાં -'Surgery- ઑપરેશન' અંગેની સમાલોચના બતાવી હતી તે મારાં વાંચવામાં આવી ત્યારે 'સમર્પણ' બંનેનો વિચાર સમાંતરરૂપે કરી નિર્ણય કરવો.

**સર્જરી-ઑપરેશન**

છે એમાં ખતરો અને લાભ
અને છે ઈચ્છિત અને તેના પર્યાય
એ છે તમારું શરીર, છે તમારું જીવન
છેલ્લો નિર્ણય તમારો,
ઈચ્છું છું સુભગ ભાગ્ય.

**સરેન્ડર-સમર્પણ**

છે એમાં ઈનામ અને લાભ
અને છે ઈચ્છિત અને તેના પર્યાય
એ છે તમારો નિર્ણય, છે તમારું જીવન
છેલ્લું પારિતોષિક છે તમારું
કર્મશીલ, કર્મસૌરભ, કર્મદિવ્ય
ઈચ્છું છું સુભગ ભાગ્ય.

'શોધ ખોજ કરો કાળજીથી
નિર્ણય કરો સાચુકલો
અને અનુસરો શ્રદ્ધાપૂર્વક.'

મેં તો જોયા છે દઢીભૂત-દઢ બનેલા આ પ્રસંગો શ્રી રંગાવધૂતની જીવનઝરમરમાં.

નિર્ગુણા, નિઃસ્પૃહા, પ્રેમલક્ષણા, અનન્યા, અપ્રતિહતા, નિર્વેશ, એકાન્તિકી, અવ્યભિચારિણી, ઊર્જિતા, અકિંચની, અનિમિત્તા, નિર્વ્યાજા [શ્રીમદ્ ભાગવતમાં આ બાર શબ્દોથી અત્યુત્કટ ભક્તિ-ઉપાસનાનો નિર્દેશ કર્યો છે.] આવા લક્ષણવાળી અદ્‌ભુત ઉપાસના શ્રીદત્ત ભગવાનના જ અવતાર સ્વરૂપ શ્રીરંગની જીવનલીલામાં નિહાળી છે. ત્યાર બાદ હાલ-વર્તમાન સમયમાં પ્રેમપૂર્વકની વાણી, અન્યનું ભલું કરવાની વૃત્તિ, અન્યને માટે દેવપ્રીત્યર્થ જીવન, વિદેશમાં રહેનારાં અને અન્ય ધર્મનું પાલન કરનારાના ઉદ્ધાર માટે નામસંકીર્તનારંભ વગેરે માનવીય ઉત્કૃષ્ટ જીવનના પગથિયાં જેમણે કંડારી આપ્યા છે એવા તે મહાનુભાવ- એટલે રંગના પ્રેમથી લપેટાએલાં શ્રી પ્રેમાવધૂતજી. અવધૂત (હંમેશાં) ઉપાસનારત જ હોય છે. કેવી હોય છે (અવધૂતી) ઉપાસના કઈ છે એની રીત.

[ઉપાસના- ફક્ત પલાંઠી વાળી એક જ સ્થાનમાં બેસવાનું નહિ- પરંતુ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં પહોંચવું એ છે ઉપાસનાનો આદર્શ]

અંધની લાકડી બની એને સાચે રસ્તે પહોંચાડવા
ભાવુકોને માર્ગ બતાવવો, અનાથોને અપનાવવા-
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

કષ્ટ બધાનાં દૂર કરવા, કાંટા શોધી દૂર કરવા, રસ્તા પર
પુષ્પો બિછાવવા, અંધારું હોય ત્યાં પ્રકાશ પાડવો-
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

ભૂખ્યાંને ભોજન, તરસ્યાને પાણી આપવું
રોગીને માટે દવાની વ્યવસ્થા કરવી
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

વિકલાંગ શક્તિવિહોણાને પોતાના માનવા
રડતાની આંખ લૂછવી, ધીરજ આપવી
દુઃખી દર્દીને માટે સુખ આરામનો કરવો વિચાર
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

જેની પાસે નથી કાંઈ એવાને પોતાની પાસેથી મદદ કરવી
બળ વિનાના માટે પોતાના પુરુષાર્થનો કરવો ઉપયોગ,
જેનું નથી કોઈ તેને પોતાના બનાવવા
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

પોતાના પણ ટેક માટે પ્રાણ ન્યોચ્છાવર કરવા
જે કાંઈ કહીએ તે જ પ્રમાણે કરી છૂટવું-
જગતમાં કર્મવીર સિદ્ધ થવું-
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

હંમેશાં ધર્મરક્ષણાર્થે બલિદાન આપવું
માર્ગ છોડી ખોટો, પંથ સાચો અપનાવવો
સજ્જનની સેવા એ જ છે સુખ-
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

મારી ભગાવો કામક્રોધને, દ્વેષ અને વેરને કરી ધો દૂર,
પ્રભુચિંતનમાં જ સુખ મેળવો.
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,



અન્યના ધન પર કદી ન લલચાવું
અન્ય સ્ત્રી તરફ ન ધ્યાન રાખવું,
સાદા જીવનમાં જ આનંદ પામવો
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

સફળતામાં ઉભરાવું નહિ, વિફળતામાં ન બનવું હતાશ
ન કોઈ પર દોષ લગાવવો-
આ જ છે ઉપાસના- ભૂલશો નહિ,

લીંચમાં મૂળ રહેનાર શ્રી બચુભાઈમાં આમાંના અનેક સલ્લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. ભાવુકોને માટે તો શ્રી પ્રેમાવધૂતજી છે ઉમદા આચરણવંત આદર્શચરણ.

ગરીબડો છું, ગરીબડો છું- બોલે આમ તે છે કૃશ શરીરનો, જ્યારે હું તે જ છું- હું તે જ છું- બોલનાર છે હૃષ્ટપુષ્ટ.

(અજપાજપ) હું તે જ છું, હું જ રંગ, હું જ છું દત્ત. હું જ છું પરબ્રહ્મસ્વરૂપ. (તું હું તું હું કોયલડી પોકાર)- આ ભજનમાં અવધૂતે આપેલ આદર્શ- પરભૃતિકા- કોયલ ‘કૂઉઉઉ’ કરી આંબાવાડીઆને આંબે છે. ‘હું પણ તે જ છું.’

લેખની છેવટે શ્રી ટેંબે સ્વામીના નાના ભાઈ શ્રી સીતારામબુવાએ કરેલ પ્રાર્થના (કરીએ.)

પાપનો ક્ષય કરનારાં દત્તાત્રેય આને હજો પ્રણામ. દળદર હરનાર, ભયનો નાશ કરનાર, કારુણ્ય બતાવનાર, ભક્તોના ઉદ્ધારક, કલ્યાણ કરનાર, સુકીર્તિને ફેલાવનાર, ભૂતપ્રેતને ભગાડનાર, વરદાન આપનાર, શ્રીપતિ સદ્‌ગતિ અર્પો.

‘પ્રેમાવધૂતજી સો શરદ ઋતુ જીવંત રહો’- આવી કલ્યાણી વાણી હું ઉચ્ચારું છું.

‘સદ્‌ભાવના તમ સર્વને, સર્વ કોઈને,- મારા વાચકવર્ગને છેલ્લે મળીશું ને સ્વર્ગના સાદે;

જીવવાનું છે અંત ઘડી સુધી, પ્રયત્ન છે અનંતને માટે
જીવન દિવ્ય- જેની છે મનીષા- પ્રયત્ન છે અહીંયાં.’

- શ્રી સીતાનાથ તર્કભૂષણ

સત્યમ્ શિવમ્ સુન્દરમ્

# (૩૯)

શ્રવણ દર્શનાવુભૌ-
શ્રૂયતે શબ્દમતિમધુરમ્
દશ્યતે દશ્યમત્યન્તદિવ્યત્ ।। ધ્રુ. ।।
દત્તઃ સોऽહં રઙ્ગઃ સોऽહં ૐ ૐ
દત્તઃ સોऽહં સોऽહં સોऽહમિતિ ।। શ્રૂ. ।।
શ્રૂયતે દ દ દ દિવ્યઙ્ગાનમ્ (૨)
કુટિરેऽદભૂતેऽવધૂતનિવાસે,
લીંચે પવિત્રે બચ્ચુનિર્મિતે ।। શ્રૂ. ।।
શ્રૂયતેऽનુભૂયતે મકેશઃ (૨)
દ્રાં દ્રાં દિવ્યં સુચિત્રં વિશુદ્ધમ્,
ભવ્યં સુરમ્યં ભદ્રાતિભદ્રમ્ ।। શ્રૂ. ।।
ક્ષણે કણે સદા સોऽહં નાદમ્ (૨)
ૐ ગુરુ રઙ્ગઃ શ્રી ગુરુ રઙ્ગઃ,
જીવન્માત્રે રુક્માઈનંદનઃ ।। શ્રૂ. ।।
ધર્મે નિખિલે સનાતને તુ (૨)
પરિપૂર્ણોऽહં પરિપૂર્ણોऽહમ્,
દશ્યતેऽત્ર તત્ર સર્વત્ર હિ ।। શ્રૂ. ।।
કૃત્વા નિમિત્તં પ્રેમાણં ખલુ (૨)
પરમા પવિત્રા રઙ્ગલીલા,
શ્રૂયતે દશ્યતે રમ્યા દિવ્યા ।। શ્રૂ. ।।
ભાષતે રઙ્ગઃ દત્તસ્વરૂપઃ (૨)
બ્રહ્માऽહં સોऽમયમાત્મા ૐ
તત્ ત્વં તત્ ત્વં પ્રજ્ઞાનં બ્રહ્મેતિ ।। શ્રૂ. ।।
અનુગીતમિદં પુણ્યં રચિતં કણ્ઠભાવાત્ ।
ગાયનાદસ્ય રીત્યા તુ લાભમ્પ્રાપ્નોતુ ભાવુકઃ ।।

સં. ૨૦૬૬, કૃ. કામિકા ૧૧ — શ્રાવકઃપશ્યકશ્ચ
શુક્રઃ - તા. ૬-૮-૨૦૧૦ — - શિતિકણ્ઠઃ (સૂર્યપુરીયઃ)



## શ્રવણ અને દર્શન- બંને એક્કાલાવાંચ્છન્ન-

આ છે અનુગીત. ટીપુ સુલતાનના સમયમાં થયેલ વિદેહી સદાશિવેન્દ્રસ્વામીજીએ 'ખેલતિ બ્રહ્માંડે ભગવાન્' શબ્દદેહ આપ્યો છે જ્ઞાનાનુભવને. પૂ.શ્રી દત્તાવતાર શ્રી રંગાવધૂતજીએ 'ગાયતિ રેવા રવમધુરમ્' રેવાદર્શનને લીલારંગથી પૂર્યો છે. આ બંને પૂર્વસૂરીઓના રંગઢાળને અનુસરવાનો છે પ્રયત્ન- અને આથી જ છે એ અનુગીતા શિતિકંઠના આ ભાવને જે લયબદ્ધ ગાશે તેવા ભાવુકને અનોખો લાભ પ્રાપ્ત થાઓ.

સંભળાય છે અત્યન્ત મધુર શબ્દ દેખાય છે ખૂબ જ દિવ્ય દર્શન

(શું સંભળાય છે?)- દત્ત હું છું, રંગ હું છું, તે હું છું, ૐ ૐ- દત્ત છું હું, તે હું છું, તે હું છું- ખરેખર.

(ફરી કાંઇ સંભળાય છે?) સંભળાય છે દ-દ-દનું દિવ્યગાન- (દયા દાન દમન)

(ક્યાં?) કુટિરમાં-ઝૂંપડીમાં જે છે અદ્‌ભુત અને કર્યો છે નિવાસ અવધૂતે ત્યાં (એમ?) પવિત્ર લીંચ ગામે-શ્રી બચુભાઇએ બનાવી એ ઝોંપડી- સંભળાયા કરે છે, અનુભવ પણ ખરો જ બ્રહ્મા હરિહરનો-

(શ્રીવાસુદેવનામસુધામાં શબ્દ સાંપડ્યો છે મકેશ) (શું સંભળાય છે?) એકાક્ષરી પિંડ- દ્રાં દ્રાં- દત્ત ભગવાનનો દિવ્ય પવિત્ર અત્યંત શુદ્ધ ભવ્ય રમણીય અને ખૂબ કલ્યાણપ્રદ.

(એમ! ક્યાં? ક્યાં?) પ્રત્યેક ક્ષણમાં, દરેક નાના કણમાં હું તે જ છું નો નાદ સાંભળવા મળે છે-

(કોણ કરે છે આ નાદ?) અરે જાતે જ રુકમામ્બાના બાળ શ્રી ગુરુ રંગ- તે જ ગુરુ રંગ.- પ્રત્યેક જીવ ઉદ્દેશી.

ૐ ગુરુ રંગા શ્રી ગુરુ રંગા
રુકમાઇનંદન ૐ ૐ (૨)

આ ધૂન શ્રી પ્રેમાવધૂતે બતાવી છે. પૂર્ણ સનાતન ધર્મ પ્રમાણે છે આમ- હું છું પરિપૂર્ણ, હું છું પરિપૂર્ણ દેખાયા કરે છે અહીં તહીં બધી જગાએ.

કરી નિમિત્ત શ્રી પ્રેમશંકરને (પ્રેમાવધૂતને)
થઇ છે લીલા શ્રેષ્ઠ અને પવિત્ર
દેખાય છે, સંભળાય છે રમ્ય અને દિવ્ય.
બોલે છે દત્તસ્વરૂપ શ્રી રંગ

હું છું બ્રહ્મ, તે આ પરમાત્મા પરબ્રહ્મ
તે તું, તે તું છું પ્રજ્ઞાન બ્રહ્મ ઠીક.
- સાંભળનાર અને દર્શન કરનાર છે સુરતનો 'શિતિકંઠ'.

અનુગીતના છેલ્લા ભાગમાં ચારેય વેદોના મહાવાક્યોનો ખ્યાલ રાખી ગૂંથવા પ્રયત્ન કર્યો છે. શ્રુતર્ષિ મહીદાસ એતરેય બ્રાહ્મણમાં ઋગ્વેદનું મહાવાક્ય આપે છે. 'પ્રજ્ઞાનં બ્રહ્મ'. યોગીશ્વર યાજ્ઞવલ્કય- જે છે શુક્લ યજુર્વેદના પ્રવર્તક અને શતપથના બ્રાહ્મણના દષ્આ-બૃહદારણ્યોપનિષદ્ દ્વારા મહાવાક્ય 'અહં બ્રહ્માસ્મિ'નો નિર્દેશ કરે છે. શ્વેતકેતુના પિતા શ્રુતર્ષિ ઉદ્દાલક- ગાનપ્રધાન સામવેદના મહાવાક્યનો કરે છે ઉલ્લેખ- 'તત્ ત્વમસિ', અને પ્રણવવિદ્યાસંગ્રાહક માંડુક્ય મુનિ અથર્વવેદના મહાવાક્ય 'અયમાત્મા બ્રહ્મ'ને શબ્દાંકિત કરે છે.

(શ્રતિગાન અને અનુભવદર્શન માટે મહેસાણા તાલુકામાં લીંચ ગામે જઇ જાતે જ કૃતાર્થ થવા અનુનયચુત વિજ્ઞપ્તિ.)

❁

# (૪૦)

## સુમનાંસિ કણ્ઠગુમ્ફિતાનિ-

ક્વાહં મન્દમતિરજ્ઞઃ ક્વેદં લીંચજન્મયશઃ ।
તથાપ્યુપપન્નોઽસ્મિ શ્રીરઙ્ગાનુકંપયા હિ ॥

નમઃ પ્રેમાવધૂતાય યત્પ્રેમ પુષ્કરાયતે ।
દત્તરઙ્ગઘનધ્વાનો નીલકણ્ઠસ્ય તાણ્ડવે ॥

સદભીપ્સિતલાભાય દર્શનીયો સઃ ભાવુકૈઃ ।
સર્વારિષ્ટચ્છિદે તસ્મૈ કાજેશાય નમોઽસ્તુ તે ॥

ધર્મં કુર્વન્તિ શાસ્ત્રોક્તં દત્તચિત્તપરાયણાઃ ।
જનસેવા તુ શ્રીસેવા દૃઢવ્રતાનુરાગિણઃ ॥



ઉચ્ચકોટિસમુત્પન્નાઃ સદ્‌વિપ્રસમુદ્‌ભવાઃ ।
બચ્ચાખ્યાઃ બાલ્યકાલે હિ પ્રેમશંકર શંસિતાઃ ॥

ઇચ્છાદ્વેષવિહીનેન સર્વથા પ્રિયચેતસા ।
ભગવદ્‌રઙ્ગરાગેણ પ્રાપ્તા હ્યુન્નતસાધના ॥

દયયા પ્રાણિમાત્રેષુ સન્તુષ્ટ્યા સર્વદા તથા ।
સર્વોપદવશાન્ત્યા ચ પ્રાપ્તોઽહ્યવધૂતાસ્પદાઃ ॥

દુર્ગતિદૂરનાશાય સદ્‌ગતિપ્રાપ્તયે ખલુ ।
લીંચગ્રામસમુદ્‌ભૂતાઃ જીવન્તુ શરદઃ શતમ્ ॥

શ્લોકાષ્ટકમિદં પુણ્યં ગુમ્ફિતં કણ્ઠકણ્ઠતઃ ।
પઠનાદસ્ય પ્રેમ્ણા તુ સિદ્ધિં ભજતુ ભાવુકઃ ॥

સં. ૨૦૬૬, આષાઢ શુ. ૮ — આચાર્ય નીલકંઠ મ. શુક્લ (શિતિકંઠ)
રવિ-તા. ૧૮-૭-૨૦૧૦ — સુરત

**: અનુવાદ :**

## કંઠ દ્વારા ગૂંથાયેલા સુભાષિત પુષ્પો

અલ્પ બુદ્ધિવાળો અજ્ઞાની હું ક્યાં? અને લીંચ ગામમાં જેમનો જન્મ થયો છે એમનો યશ ક્યાં? છતાં પણ શ્રીરંગ અવધૂતજીની અનુકંપાથી જ હું તૈયાર થયો છું.

પ્રેમ અવધૂતને હજો વંદન કે જેમનો પ્રેમ દત્તરંગના દઢ ગુંજારવ સાંભળતા કમળની માફક ખીલી ઊઠે છે અને તે વખતે નિલકંઠ એટલે મયૂર કે જે ગેલમાં આવી જાણે કે તાંડવનૃત્યનું અનુકરણ કરે છે કે શું?

પોતાના મનની ઈચ્છા પરિપૂર્ણ થાય એવા લાભને માટે જેઓ ભાવુક દ્વારા દર્શનીય છે એવા બધી જાતના અનિષ્ટને દૂર કરનારા બ્રહ્માહરિહરને હજો વંદન.

દત્ત ભગવાનમાં જેમનું ચિત્ત પરોવાયું છે એવા શાસ્ત્રએ બતાવેલા માર્ગ પ્રમાણે ધર્મનું આચરણ કરે છે અને દઢ રીતે વ્રતમાં અનુરાગ રાખી જનસેવાને જ પ્રભુસેવા માને છે એવા

બ્રાહ્મણકુળમાં જેમનો જન્મ થયો છે અને સાત્ત્વિક બ્રાહ્મણને ત્યાં જેમનો જન્મ થયો છે, જેમનું બાલ્યકાળમાં નામ બચુ હતું એવા સો શરદ ઋતુ સુધી જીવંત રહો.

જેમનામાં કોઈ જાતની ઈચ્છા નથી, કોઈ પ્રત્યે દ્વેષ નથી અને હંમેશાં પ્રફુલ્લ મનવાળા રહે છે અને ભગવાન રંગ પ્રત્યેના ભાવને લીધે ઉન્મત્ત બનવાનું સાધન પ્રાપ્ત થયું છે.

પ્રત્યેક પ્રાણી તરફ દયાનો ભાવ અને હંમેશાં સંતોષવૃત્તિ અને બધી જાતના ઉપદ્રવની શાંતિથી જેમને પ્રેમ સ્થાન પ્રાપ્ત થયું છે એવા પ્રેમાવધૂતને હજો વંદન. દુર્ભાગ્ય દૂર કરવા માટે અને સદ્‌ગતિની પ્રાપ્તિને માટે જેઓ લીંચ નામક ગામમાં પ્રગટ થયા છે.

શિતિકંઠના કંઠ દ્વારા આ આઠ શ્લોક ગૂંથાયા છે જે પુણ્યકારક છે અને એનું ભાવપૂર્વક પઠન કરવાથી ભાવુકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.



# (૪૧)

## પ્રેમાવધૂતં સતતં નતાસ્મિ

### (અનુષ્ટુપ)

વેત્તિ યઃ પરમં તત્ત્વં સદ્ગુરોઃ પરમાત્મનઃ।
નમામિ પ્રેમરૂપંઃ તમ્ અવધૂતં સદાત્મકમ્ ॥૧॥

### (ઉપજાતિ)

રંગાવધૂતસ્ય યઃ સાધુભક્તઃ
સત્કાર્ય વૃન્દસ્ય પ્રવર્તકોઽયમ્।
જીયાચ્ચિરં મઙ્ગલકાર્યકર્તા
પ્રેમાવધૂતં સતતં નતાઽસ્મિ ॥૨॥

વસંત પઞ્ચમી — ઉમાદેવી દેશપાંડે
૧૦-૨-૧૯૮૯ — વટપત્તનમ્

### : અનુવાદ :

### પ્રેમાવધૂતને હંમેશા વંદન મારાં

જેઓ પરમાત્મા સદ્ગુરુના પરમ તત્ત્વને સમજે છે-જાણે છે એવા પ્રેમરૂપ સદ્ગુરુ સત્યરૂપને વંદન કરું છું. ...૧.

શ્રી રંગાવધૂતજીના જે સાચા ભક્ત છે, અને જે છે અનેક સત્કર્મોના પ્રવર્તક એવા કલ્યાણકર્મ કરનારાં લાંબુ જીવો (એવી મંગલકામના)- પ્રેમાવધૂતને હંમેશાં વંદન મારાં. ...૨.

❀

# (૪૨)

## શ્રી પ્રેમષટ્કમ્

સ્વરૂપં મઙ્ગલં યસ્ય વિકારરહિતં શુભમ્ ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૧ ॥

શ્રીરઙ્ગ સદ્‌ગુરોર્નિત્યં સ્મરણં યસ્ય માનસે ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૨ ॥

જ્ઞાતં યેન પરં તત્ત્વં સદ્‌ગુરોર્મુક્તિદાયકમ્ ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૩ ॥

પરાર્થેજીવનં યસ્ય સત્કાર્યમ્ ઈશપ્રેરિતમ્ ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૪ ॥

સરસ્વતી તથા લક્ષ્મીઃ સુવિધે યસ્ય પાવતી ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૫ ॥

અમીષ્ટં પ્રાપ્નુયાન્નિત્યં જીવેત્સઃ શરદાં શતમ્ ।
કલ્યાણં મઙ્ગલં ભૂયાદ્ શ્રીરંગસ્ય કૃપાફલાત્ ॥ ૬ ॥

૧૦-૮-૯૦ — - ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્

**: અનુવાદ :**

જેનું નિર્વિકારી મંગલ સ્વરૂપ છે એવા પ્રેમરૂપ આત્મીય અવધૂતને હંમેશાં વંદન કરું છું. ...૧.

જેમના મનમાં હંમેશાં શ્રી રંગ સદ્‌ગુરુનું જ સંસ્મરણ રહે છે એવા પ્રેમરૂપ આત્મીય અવધૂતને હંમેશાં વંદન કરું છું. ...૨.

જેમણે સદ્‌ગુરુના મુક્તિ આપનારા તત્ત્વને-રહસ્યને જાણ્યું છે એવા પ્રેમરૂપ આત્મીય અવધૂતને હંમેશાં વંદન કરું છું. ...૩.



અન્યને માટે છે જીવન જેમનું, ઈશ્વરપ્રેરણાથી જ સત્કર્મ કરે છે એવા પ્રેમરૂપ આત્મીય અવધૂતને હંમેશાં વંદન કરું છું. ...૪.

જેમની પાસે સરસ્વતીમાતા અને લક્ષ્મીમાતા હંમેશાં પવિત્ર રહે છે એવા પ્રેમરૂપ આત્મીય અવધૂતને હંમેશાં વંદન કરું છું. ...૫.

નિત્ય અભિલાષ પરિપૂર્ણ થાઓ અને સો શરદ ઋતુ પર્યંત જીવંત રહો. શ્રીરંગના કૃપાબળથી કલ્યાણ અને મંગલ બનો. ...૬.

❁

## (૪૩)

સદ્‌ગુરોઃ પૂજકો ધીમાન્ કૃપાલુઃસદ્‌ગુરુઃ સમઃ ।
પ્રેમાવધૂતઃ સદ્‌બન્ધુ રક્ષકો મમ સંકટાત્ ॥

- ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્

**: અનુવાદ :**

ગુરુમહારાજના બુદ્ધિમંત પૂજક- જે છે કૃપાસાગર અને સાચે જ ગુરુ સરીખડાં, એવા એ પ્રેમાવધૂત સાચાં સંબંધી સંકટમાં મારા રક્ષક છે.

❁

## (૪૪)

અખણ્ડમણ્ડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
દર્શિતં તત્પદં યેન નમો પ્રેમાવધૂતાય ॥ ૧ ॥
નમો પ્રેમાવધૂતાય કરુણાસ્નેહમૂર્તયે ।
ભક્તિપ્રજ્ઞાનવયયિ અભીષ્ટફલદાયિને ॥ ૨ ॥

- ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્



: અનુવાદ :

અખિલ ક્ષિતિજના આકારરૂપ, જેણે ચરાચર (જગતને) આવરી લીધું છે અને જેમણે તત્- તે પરમાત્માના સ્થાન બતાવ્યું છે એવા પ્રેમાવધૂતને હજો વંદન. ...૧.

કરુણા અને સ્નેહના મૂર્ત સ્વરૂપ, ભાવના સાચા સ્વરૂપવંત, અભિલષિત ફળ આપનારા પ્રેમાવધૂતને હજો વંદન. ...૨.

## (૪૫)

પ.પૂ. શ્રી પ્રેમ અવધૂતબન્ધુશ્રીઃ
સાદરં નમો નમઃ ।

પ્રજ્ઞાનઘનરૂપોઽયં સ્નેહમૂર્તિશ્ચ સર્વદા ।
આનન્દમઙ્ગલં ભૂયાદ્ અસ્માકં જીવને પ્રભો ॥ ૧ ॥

વન્દેઽહં સાદરં નિત્યમ્ પ્રેમાવધૂતસદ્ગુરુમ્ ।
રક્ષકં નિજભક્તાનાં સન્મતિપ્રેરકં સદા ॥ ૨ ॥

વન્દામહે વયં સર્વે બન્ધુવર્યં સદાત્મકમ્ ।
અપરાધસહસ્રાણિ ક્ષમસ્વ પરમેશ્વર ॥ ૩ ॥

૨૮-૭-૯૩ - ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્

: અનુવાદ :

પ.પૂ. શ્રી પ્રેમાવધૂતભાઈજી,

આદરપૂર્વક વારંવાર વંદન.

જેઓ છે સાચુકલા જ્ઞાનસ્વરૂપ અને હંમેશાં સ્નેહમૂર્તિ છે, એઓશ્રી હે પ્રભુ! અમારા જીવનમાં આનંદમંગલપ્રદ બનતા રહો. ...૧.

આદર સહ હંમેશાં પ્રેમાવધૂત સદ્ગુરુને વંદન, જેઓ સ્વકીય ભક્તોના રક્ષણહાર છે અને સન્મતિદાયક છે. ...૨.

સગાં સંબંધીઓમાં શ્રેષ્ઠ સચ્ચરિત્રને અમે બધા વંદન કરીએ છીએ. પરમેશ્વરસ્વરૂપ, અમારા અનેક અપરાધોને ક્ષમા કરો. ...૩.



# (૪૬)

## શ્રી પ્રેમષટ્કમ્

પ્રાતઃસ્મરણીય, પરમશ્રદ્ધેય શ્રી પ્રેમ અવધૂતભાઈજી,

સાદરં નમો નમઃ ।

સ્વીકરોતુ મહિરચિતમ્ ઇદં પ્રેમષટ્કમ્ સાદરમ્ ।

**શ્રી પ્રેમષટ્કમ્**

**પ્રે**મામૃતપ્રપૂર્ણા યદ્વાણી ભક્તિપ્રિયા સદા ।
**પ્રે**મપૂર્ણં યસ્ય રૂપં વન્દે તં પ્રેમ સદ્‌ગુરુમ્ ॥ ૧ ॥

**મ**નનં સ્મરણં યસ્ય સદ્‌બુદ્ધિપ્રેરકં પરમ્ ।
**મ**નસઃ શાન્તિદં નિત્યં, વન્દે તં પ્રેમસદ્‌ગુરુમ્ ॥ ૨ ॥

**અ**વનં નિજભક્તસ્ય પાલનં પુત્રવત્સદા ।
**અ**મલં પ્રેક્ષણં યસ્ય વન્દે તં પ્રેમસદ્‌ગુરુમ્ ॥ ૩ ॥

**વ**ચનમ્ ઊર્જિતં શ્રેષ્ઠં સદ્‌ગુરોર્ગુણભાવનમ્ ।
**વ**દનં દુઃખશમનં, વન્દે તં પ્રેમસદ્‌ગુરુમ્ ॥ ૪ ॥

**ધૂ**સરં રમણીયં ચ સ્વરૂપં યસ્ય નન્દનમ્ ।
**ધૂ**પવદ્ વર્તતે રમ્યં વન્દે તં પ્રેમસદ્‌ગુરુમ્ ॥ ૫ ॥

**ત**મેવ શરણં યામિ પ્રેમરૂપં ચ સદ્‌ગુરુમ્ ।
**ત**વૈવાહં તવૈવાહં તવૈવાહં સદા પ્રભો ॥

૨૭-૮-૯૨

- ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્

**: અનુવાદ :**

પ્રાતઃસ્મરણીય પરમ શ્રદ્ધેય શ્રી પ્રેમાવધૂતભાઈજી,

આદરપૂર્વક પુનઃ પુનઃ વંદન.

કરો સ્વીકાર મારાથી રચાએલ આ પ્રેમષટ્કને-





## પ્રેમષટ્ક (છ શ્લોક)

જેમની વાણી નિત્ય પ્રેમામૃતથી પરિપૂર્ણ છે અને સભર ભક્તિભાવથી પણ પૂર્ણ છે, જેમનું સ્વરૂપ પણ પ્રેમથી પૂર્ણ ભરપૂર છે એવા સદ્‌ગુરુ પ્રેમાવધૂતને હું વંદન કરું છું. ...૧.

જેમનું મનન અને સ્મરણ સદ્‌ગુરુ પ્રત્યે ખૂબ જ પ્રેરક છે અને મનને શાંતિપ્રદ છે એવા તે પ્રેમરૂપ સદ્‌ગુરુને વંદન કરું છું. ...૨.

આત્મીય ભક્તનું રક્ષણ અને એનું પાલન પુત્રરૂપે જ કરે છે અને જેની દૃષ્ટિ વિમલ (પવિત્ર) છે એવા તે પ્રેમરૂપ સદ્‌ગુરુને વંદન કરું છું. ...૩.

સદ્‌ગુરુના ગુણભાવને સમજી જેમના વચન છે જે અત્યંત શ્રેષ્ઠ તથા પવિત્ર છે, અને જેમનું મુખડું દુઃખ શમન કરનારું છે એવા તે પ્રેમરૂપ સદ્‌ગુરુને વંદન કરું છું. ...૪.

જેમનું સ્વરૂપ ભૂખરું-રાખોડીવત્ સહજ શ્યામ છે, છતાં ખૂબસૂરત તથા આનંદપ્રદ છે જેમનો નિવાસ- જાણે કે ધ્રુવને માટેનું સ્થિર સ્થાન છે કે શું એવા તે પ્રેમરૂપ સદ્‌ગુરુને વંદન કરું છું. ...૫.

એમના જ શરણમાં હું જાઉં છું, પ્રેમરૂપ સદ્‌ગુરુના- હે પ્રભુ, હું તમારી જ, તમારી જ, તમારી જ છું.

[આ ષટ્કમાં પ્રેમાવધૂતને શબ્દને વણવા પ્રયત્ન છે. પ્રથમ શ્લોક- બંને લીટીના આરંભમાં 'પ્રે'- આમ, દરેક શ્લોકમાં અનુક્રમે 'મ' 'અ' 'વ' 'ધૂ' 'ત' અક્ષરો છે.]



# (૪૭)

## ॥ શ્રી પ્રેમપ્રશસ્તિઃ ॥

પ્રેમરૂપં પરં તત્ત્વં જીવનં સર્વપ્રાણિનામ।
ગાયન્તિ મધુરં ગીતં યચ્છક્ત્યા પક્ષિણે મુદા ॥ ૧ ॥

પ્રેમરૂપા ચ ગૌમાતા વેદશ્રુતિઃ સદાત્મિકા।
ભારતી માતૃભૂમિશ્ચ જ્ઞાનવિજ્ઞાનદાયિની ॥ ૨ ॥

પ્રેમનિર્ઝરિણી નિત્યં જનની સ્નેહસંપ્લુતા।
વન્દનીયા ચ સર્વેષાં પાવની કુલધારિણી ॥ ૩ ॥

પ્રેમરૂપં ગુરોસ્તત્ત્વં ભક્તસંજીવકં પરમ્।
અવધૂતં સદા વન્દે શ્રીરંગસદ્‌ગુરુપ્રિયમ્ ॥ ૪ ॥

પ્રેમવાણી પરાવાણી માધુર્યસ્નેહસંયુતા।
કલ્યાણકારિણી દિવ્યા હ્યભીષ્ટફલદાયિની ॥ ૫ ॥

પ્રેમાત્મકં ગુરું વન્દે સાદરં કરુણાલયમ્।
શાશ્વતં મલં યસ્ય યશઃકાયં સદામૃતમ્ ॥ ૬ ॥

૧૭-૯-૯૩ - ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્

**: અનુવાદ :**

સર્વ પ્રાણીઓનું મૂળ તત્ત્વ પ્રેમરૂપ જીવન છે, તેનું મધુરું ગાન યથાશક્તિ ભાવથી પક્ષીઓ કરી રહ્યા છે. ...૧.

ગાય માતા, વેદસંહિતા, ભારતીય માતૃભૂમિ સત્‌સ્વરૂપ અને જ્ઞાન વિજ્ઞાનપ્રદ છે- આ બધું જ છે પ્રેમરૂપ. ...૨.

પ્રેમના ધોધને ઉત્પન્ન કરનાર સ્નેહ પરિપૂર્ણ માતા કુલધારિકા અને પવિત્ર છે તે બધા માટે વંદીનીય છે. ...૩.

ગુરુનું તત્ત્વ પ્રેમરૂપ છે- ભક્તને માટે સંજીવની સમાન છે એવા શ્રી રંગસદ્‌ગુરુના પ્રિય પાત્ર અવધૂતને હંમેશાં વંદું છું. ...૪.

વાણી એમની પ્રેમની, અને છે પરારૂપા- સાથે છે સ્નેહ પરિપૂર્ણ, કલ્યાણપ્રદા. વળી દિવ્ય અને ઈપ્સિત ફલને આપનારી છે. ...૫.

કરુણાના ભંડાર પ્રેમાત્મક ગુરુને આદર સહ વંદન કરું છું. જેમની ઉજ્જવલ યશપતાકા અમૃતા છે અને સદા સર્વદા સર્વથા મંગલ કરનારી છે. ...૬.

✿

# (૪૮)

## શ્રી પ્રેમાષ્ટકમ્ ।

વન્દે પ્રેમાવધૂતં ત્વાં લીંચતીર્થેનિવાસિનમ્।
શ્રીમદ્ રંગાવધૂતસ્ય નવં પ્રેમસ્વરૂપિણમ્॥ ૧ ॥
બાલ્યાત્ સદ્ધર્મરક્તિસ્તે જનૈ રદ્યાપિ દશ્યતે।
તસ્માત્ સુરક્ષિતો નિત્યં, 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' ॥ ૨ ॥
શક્તિપાતપ્રસાદોઽયં ત્વયા પ્રાપ્તઃ સુસેવયા।
ઈહજન્મનિ સંપ્રાપ્તા સદ્યો જીવનમુક્તતા॥ ૩ ॥
ત્વયિ પ્રકટિતા પ્રેમરૂપા શ્રીરંગ ચેતના।
કિમાશ્ચર્યં યદિ પ્રેમ્ણા સર્વે હ્યાકર્ષિતાઃ સ્વયમ્॥ ૪ ॥
ગૃહસ્થાશ્રમમાશ્રિત્ય પંચમાશ્રમમંડિતઃ।
રંગભક્તિરતો નિત્યમ્ સર્વભૂતહિતે સઃ॥ ૫ ॥
અવધૂત જનાનાં સદભક્તિવૃદ્ધ્યથમેવ હિ।
સંચારો ભવતામ્ ભક્તવાત્સલ્યાત્ પ્રેમતઃ કૃતઃ ॥ ૬ ॥
"સંતોષં જનયેત્ પ્રાજ્ઞઃ" તત્સૂત્રં સદ્ગુરોસ્ત્વયાઃ।
સ્વાચારે સ્થાપિતં તસ્માત્ સંતુષ્ઠા બહવો જનાઃ ॥ ૭ ॥
'સેવાસૌરભ' ગ્રંથસ્થા વાક્સુધા ધર્મબોધદા।
સેવાર્થીનાં વિશેષેણ સાધકાનાં તથૈવ ચ॥ ૮ ॥
ઈદં પ્રેમાષ્ટકં પુણ્યં યઃ પઠેત્ પ્રેમતઃપુમાન્।
દત્તરંગપદે તસ્ય સદ્ભક્તિ વર્ધતે સદા॥ ૯ ॥

ઈતિ શ્રી રંગપાદારવિન્દમિલિન્દ જયંતીલાલ શર્મણા વિરચિતમ્ શ્રી પ્રેમાષ્ટકમ્ સમાપ્તમ્।

- શ્રી જયંતીલાલ આચાર્ય





: અનુવાદ :

શ્રીમદ્ રંગાવધૂતજીનું નવું પ્રેમસ્વરૂપ જે, લીંચતીર્થ નિવાસી શ્રી પ્રેમવાધૂતને નમું. ...૧.

સદ્ધર્મે પ્રેમ બાલ્યેથી આજેય સૌ જનો જુએ, નિત્ય રક્ષિત તેનાથી, 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' ...૨.

સુસેવાથી તમે પામ્યા શક્તિપાત પ્રસાદી આ, આ જન્મે જ તમે પામ્યા સદ્ય જીવન મુક્તતા. ...૩.

પ્રેમરૂપી તમારામાં પ્રગટી શ્રીરંગચેતના, આકર્ષો સર્વને પ્રેમે સ્વયં તેમાં નવાઈ શું? ...૪.

ગૃહસ્થાશ્રમમાં રહીને શોભો પંચમ આશ્રમે, રંગભક્તિમહીં ડૂબ્યાં શા, સર્વ સૌખ્ય ચહ્યું સદા. ...૫.

વધે અવધૂત ભક્તોમાં સદ્‌ભક્તિ એ જ કારણે, ભક્તવત્સલતા વશ થે પ્રેમે પ્રવાસ આદર્યા. ...૬.

સદ્‌ગુરુ સૂત્ર સ્વાચારે સ્થાપ્યું, "સંતોષ આપવો- પ્રાજ્ઞે" તેથી તમારાથી સંતોષાયા જનો ઘણા. ...૭.

ધર્મ બોધે સુધાવાણી સેવા સૌરભગ્રંથની, સાધકોને, વિશેષે તો સેવાના ભેખધારીને. ...૮.

પ્રેમથી પઢશે જે આ પુણ્ય પ્રેમાષ્ટક નર, દત્તરંગપદે તેની વધે સદ્‌ભક્તિ સર્વદા. ...૯.

રંગપાદાબ્જ મકરંદ જયંતીલાલે રચેલ આ, સ્તોત્રને અનુવાદે આ ગણુ-કુલીન પ્રેમથી.

❁

## (૪૯)

રંગાવધૂત ચરણાશ્રિત ધૂલિ ધન્યઃ
પ્રેમાદ્યશંકર સમાપન નામ ધેયઃ।
લીંચસ્થ શાંતિ શુભ સૂનુરહર્નિશં સ
ભૂયાદમેય મહિમાર્ણવ રંગસંગી॥

- શ્રી પ્રપન્નાચાર્ય

: અનુવાદ :

શ્રી રંગ અવધૂતના ચરણરજમાં રહેલ આશ્રિત ધન્યવાદને પાત્ર, પ્રેમ છે આદિમાં તથા નામમાં છે છેલ્લે શંકર; લીંચ નામક ગામમાં રહેનાર શાંતિ તથા શુભના આત્મજ એવા રંગનો સંગ રાખનારાનો મહિમાસાગર અમાપ બની રહો.



# (૫૦)

## પ્રણમામ્યવધૂતં પ્રેમગુરુમ્

(પરમાત્મપદે રતિરસ્તુ પરા- લયઃ)

હૃદયમ્ મમ ભાવયુતમ્ સતતમ્ ।
કથયત્યનિશં સ્મર પ્રેમગુરુમ્ ॥
પ્રણમામ્યવધૂતં પ્રેમગુરુમ્. (૨)
વસુધાવિલસન્મણિરંગગુરો-
વિનિદર્શિતભક્તિપથે સતતમ્ । (૨)
ચલનેને પદૈઃ કલમમુક્તગતિં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૧ ॥ પ્રણમા.

સમકાયશિરઃ સ્થિરમાત્મરતિં
નિજનેત્રયુગેન નિજાત્મગતમ્ । (૨)
હૃદયેઽવિરતં ગુરુમૂર્તિધરં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૨ ॥ પ્રણમા.

ક્ષુધયા તૃષયા સ્પૃહયા ચ પરં
રતિભીતિ વિમુક્તમનો દધતમ્ । (૨)
શરણાગતતાપહરં વરદં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૩ ॥ પ્રણમા.

યતિવેષધરં ધૃતદણ્ડકરં
વિલસન્તમમું વસુધાધિપતિમ્ । (૨)
સુપરોક્ષરિપોરપિ દણ્ડકરં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૪ ॥ પ્રણમા.

વસુધાઽપ્યનવાપ્ય કરસ્ય સદા
વિનિયોગમસૌ તવ દણ્ડહતા । (૨)
જયતાત્ જયતાદિતિ ઘોષપરા
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૫ ॥ પ્રણમા.

ધરણી પદરેણુતૃષા જ્વલિતા
પદપાદુકયાऽऽહત ધૂલિમસૌ । (૨)
ચરણામ્બુજમાપ્ય કૃતાર્થધૃતિઃ
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૬ ॥ પ્રણમા.

સતતં ગમનં સતતાગમનં
નગરે નગરેऽથ વિદેશવરે । (૨)
ભવભાવિકલોકસુરક્ષણદં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૭ ॥ પ્રણમા.

હર ભીતિમશેષ વિશેષધર
કુરુ નસ્તમસઃ પુરુ સંહરણમ્ । (૨)
ભવભીતિયુતાં ધૃતિશાન્તિકરં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૮ ॥ પ્રણમા.

જગતઃ ક્રમ ઈદશ એવ મતો
દદતે યદિ યસ્ય ભવેત્ સ હિ તત્ । (૨)
કથયામિ સમર્થમિદં શતિનં
પ્રણમ્યામ્યવધૂતં પ્રેમગુરુમ્ ॥ ૯ ॥ પ્રણમા.

રચયિતાઃ
- ડૉ. પ્રો. જયદેવ અરુણોદય જાની
વડોદરા.

## : અનુવાદ :

મારું ભક્તિભાવથી ભરેલું હૃદય સતત બોલ્યા કરે છે કે પ્રેમ અવધૂત ગુરુજીનું સતત સ્મરણ કર. હું પ્રેમ અવધૂત બાપુજીને પ્રણામ કરું છું.

વિશ્વવિખ્યાત સાધુઓમાં મણિસમા શ્રેષ્ઠ ગુરુ રંગ અવધૂત બાપજીના બતાવેલા ભક્તિમાર્ગ ઉપર પગે ચાલવા છતાં અથાગ ગતિશીલ શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૧.

શરીર અને મસ્તકને ટટાર રાખનાર, આત્મરત, બંને આંખો (ખુલ્લી હોવા છતાં) નિજાત્મામાં સ્થિર રાખનાર અને હૃદયમાં અવિરતપણે શ્રીગુરુમૂર્તિનું ધ્યાન ધરનારા શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૨.

નામમાત્રમાં ભેદ પણ સઘળે એ જ અરૂપ;
ક્રીડે ગુરુશિષ્યાદિનાં વિધવિધ ધરી સ્વરૂપ!! (અ.૧૪૮/દો.૨૭૫)



ભૂખ, તરસ અને દુન્યવી સ્પૃહાથી પર, વાસના અને ભયથી મુક્ત મન ધરાવનાર, શરણાગત ભક્તોના તાપને દૂર કરનાર અને વરદ શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૩.

યતિ-મુનિનો વેષ ધારણ કરનાર, હાથમાં દંડ ધારણ કરવાને લીધે પૃથ્વીતળના ચક્રવર્તી રાજાની જેમ (કેવળ પ્રત્યક્ષ જ નહિ, પરંતુ) નજરે ન દેખાતા (કામ, ક્રોધાદિ આંતરિક) શત્રુઓને દંડ-સજા કરનારા શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૪.

પૃથ્વીતળ પૂજ્ય બાપુજીના હસ્તનો સ્પર્શ નહિ મળવાને લીધે તેમના દંડનો ભૂમિ પર (મૂકવાથી થતા ખટ્ ખટ્ના) 'આપ સર્વોત્કૃષ્ટ છો' 'આપ સર્વોત્કૃષ્ટ છો' એવો ધ્વનિ બહાર કાઢે છે તેવા શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૫.

આ ધરતી (જ્યાં જ્યાં પૂ.બાપુજી વિચરે છે ત્યાં) સીધો ચરણ સ્પર્શ પ્રાપ્ત નહિ થતો હોવાને લીધે પગની પાદુકાની ઈર્ષ્યા કરીને બળતી હોય તેમ ધૂલિ-રજના સ્વરૂપે ઉપર ઊડે છે અને ચરણ સ્પર્શ કરીને હેઠી બેસે છે તે શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૬.

સ્વદેશના નગરે નગરે અને વિદેશમાં નગરે નગરે પૂ.બાપુજીનું સતત આવન-જાવન સંસારમાં ભાવિક ભક્તોનું રક્ષણ કરે છે તે શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૭.

સઘળી વિશિષ્ટતા ધરાવનાર હે બાપુજી, અમારી (સંસારની) ભીતિ દૂર કરો. અમારા અજ્ઞાનના ઊંડા અંધારાને દૂર કરો. ભવસાગરના ભયમાં પીડાતા અમ ભક્તોને ધીરજ અને મનની શાંતિ આપનારા શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૮.

આ જગતનો ક્રમ એવો છે કે જેની પાસે જે વસ્તુ હોય તે વસ્તુ જ આપે અને છતાં હું (ઉંમરમાં ઘણો નાનો હોવા છતાં) સમર્થ ગુરુ શતાયુષી (સો વર્ષના આયુષ્ય લઈને પધારેલા) પૂ.બાપુજી શ્રી પ્રેમ અવધૂતજીને હું પ્રણામ કરું છું. ...૯.

# (૫૧)

## પ્રેમ-પ્રાર્થના

નારેશ્વરનાથપ્રિયં રંગહૃદિદધાનં, બુધજન નમસ્કૃતં તરણજ્ઞાનસિંધુમ્;
શ્વેતાંબરધરં દંડધરમાજાનુબાહું, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૧.

ગૃહં ગૃહં વ્રજત્યાશીર્વચન દાનહેતું, ઓંકારમૂચતુર્નમન્તમાશીરાપ્તમાનમ્;
ચાતુર્વર્ગ્ય ફલપ્રદં યો નિજમાશ્રિતાનાં, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૨.

નિરપેક્ષપ્રેમદં અશેષમાનંદમૂર્તિમં, સર્વેભક્તમનનાનુવરદં આત્મબંધુમ્;
સદા રંગલીલામૃત ઝરી લોલાયમાનં, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૩.

દરસ્મેર સમ્મોહિતં સમાશ્રિતજનાનામં, સમાધ્યનુભૂતિ લાભં કેવલદર્શનેન;
રંગ ગુરુ સપ્રેમણાધૂતમજ્ઞાનધ્વાંતમં, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૪.

પ્રેમસંસિક્ત સ્નિગ્ધ નેત્રદ્વયી દષ્ટિસારમં, આજન્મમોક્ષ બીજં ભક્ત હૃદિ સ્થાપમાનમ્;
જનન મરણ ચક્રછેદકં સર્વકાલમં, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૫.

ભક્તજન બહુ સેવિતં વરદાનમાત્રમં, બાલવૃદ્ધાનુરાગેણ રસસ્વાદ્યંતરંગમ્;
સદા રંગ સેવામાદધાનં શિરસાહૃદે, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૬.

અવધૂત્યાનન્દ પારણ દેશિકં સદ્ગુરું, સાધુજન હૃત્કમલ સંસ્થિતમાત્મતેજમ્;
મહિ સરફ્ તીરસ્થ શ્રી પ્રેમકુટીરાધીશ્વરમં, તં ભાવયે હૃદિ સદા પ્રેમનામાવધૂતમ્. ૭.

૧૫-૭-૧૦ — વીરેશ લિંગમ્
ગુરુવાર — કાકરાપાર

એકઘડી સ્તનપાનનું વળે ન ઋણ પણ જ્યાંય,
કેમ માતૃઋણથી અહીં થાય મુક્ત સુત ત્યાંય? (અ.૮૪/દો.૬૦)



# (૫૨)

## ૭૭મી પ્રેમજયંતી પ્રસંગે ભાવાંજલિ

**પ્રે**મ-મય રંગ દિવાના, દત્ત દુલારા;
તારી કરુણાનો પાર નથી.

**મ**મતાની મૂરત, દયાના સાગર;
તારી કરુણાનો પાર નથી.

**અ**વધૂતના વહાલા, દિગંબર મસ્તાના;
તારી કરુણાનો પાર નથી.

**વ**નમાળી મોહન મૌજી રામ પ્યારા,
તારી કરુણાનો પાર નથી.

**ધૂ**ન દત્ત રંગની ગાતા, પ્રેમ રેલાવતા;
તારી કરુણાનો પાર નથી.

**ત**પસી-તત્ત્વમસિ, ત્રિવિધ તાપ હરણ;
તારી કરુણાનો પાર નથી.

**જી**વ માત્રે રંગમય દિસતા શાંતાના લાલા;
તારી કરુણાનો પાર નથી.

**ની**સ્પૃહી સેવા તત્પર, કૃપાશંકર લાડલા;
તારી કરુણાનો પાર નથી.

**જય** હો દેશ-વિદેશે રંગ-રંગ રેલાવતા,
તારી કરુણાનો પાર નથી.

- રમણભાઈ શુક્લ

ભાદરવા સુદ એકમ,
બુધવાર,
તા. ૧૨-૯-૦૭

# (૫૩)

# ૭૬મી પ્રેમજયંતી પ્રસંગે ભાવાંજલિ

**પ્રે**મ પધાર્યા શાંતા-ઘરમાં, ખરે કૃપા શંકરની,
**મ**તિ સદાયે સત્ તત્ત્વમાં, રહે રંગ કિંકરની.
**અ**નન્ય ભાવે ગ્રહ્યું, શરણ શ્રીગુરુવર રંગાજીનું,
**વ**ર્તન સરળ ને પવિત્ર, જાણે ઝરણું ગંગાજીનું.
**ધૂ**ન મચાવી દત્તરંગની, ભક્તિ ઉર પ્રગટાવી,
**ત**પસી સમ જીવન જીવીને, પ્રેમલ જ્યોત જલાવી.
**ચિં**તન હરતાં ફરતાં કરતાં, રંગનું નિર્મળ મનમાં,
**ત**ન્મય થઈને જીવે જિંદગી, રંગ-રંગ જીવનમાં.
**ન**મ્ર, વિવેકી, સેવાભાવી, બોલે નિર્મળ પ્રેમવાણી,
**શ્રી**મંત હોયે, હોય ગરીબ વા, વહે પ્રેમ-સરવાણી.
**ગુ**ણગ્રાહી અવધૂતી દૃષ્ટિ, રાખી જગને નીરખે,
**રુ**કમામ્બાનો અઢળક પામ્યા પ્રેમ, પ્રેમને પરખે.
**દે**શ વિદેશે સઘળે કરતાં, શ્રીગુરુનો જયકાર,
**વ**ન્દન આજે કરું પ્રેમને, કરો પ્રેમ-સ્વીકાર.
**દત્ત** રંગને પ્રેમ મહીં, ના ભાળું કાંઈ ભેદ,
રમણાં! મધુરં સ્મરણ પ્રેમનું, કરતાં રહે ના ખેદ.

ભાદરવા સુદ ૧,
ગુરુવાર
તા. ૨૪-૮-૨૦૦૬

- રમણભાઈ શુક્લ

# પ્યારે! અંદર ગોતા લગાવ



નાયગ્રાધોધ નીરખતાં
પૂ.શ્રી બાપુજી, અમેરિકા

ન્યુપોર્ટ બીચ પર
પૂ.શ્રી બાપુજી, અમેરિકા

ન્યુપોર્ટ બીચના કિનારે પૂ.શ્રી બાપુજી,
કેલીફોર્નીયા, ઈ.સ. ૨૦૦૬

પૂ.શ્રી બાપુજી, દાંડી

ન્યુપોર્ટ બીચ પર પૂ.શ્રી બાપુજી,
કેલીફોર્નીયા, ઈ.સ. ૨૦૦૬

# પૂ.શ્રી પ્રેમ અવધૂત



નારેશ્વરના સ્વ. પ્રમુખ શ્રી જયંતીભાઈ આચાર્ય તથા પૂ.શ્રી બાપુજી, નારેશ્વર

ડૉ. રતિભાઈ પંડ્યા પૂ.શ્રી બાપુજીને અલ્ફી પહેરાવતા

પ્રેમજયંતી પર પૂ.શ્રી બાપુજી, ગાંધીનગર, ૧૯૫૭-૧૯૫૮

પૂ.શ્રી બાપુજી, લીંચ

પૂ.શ્રી બાપુજી, હરિદ્વાર



# (૫૪)

# શ્રી પ્રેમજયંતી (૨૦૦૩) નિમિત્તે પ્રણતિ-સ્તુતિ

તું છે પ્રેમનો પુંજ, પ્રેમાવધૂત!
નવાડે સહુ પ્રાણિને પ્રેમથી તું
તું આ ચાનો ધર્મ પાળી અનેરો
શિખાડે સ્વ આચારને પ્રેમથી તું. ...૧.

તું સેવા રહસ્ય-જ્ઞ પ્રેમાવધૂત
ગુરુ-રંગ-સેવા કરે પ્રેમપૂત
ગુરુ દેવ-સેવા-ગરિમા વિશે તું
પ્રબોધે જનોને અતઃ પ્રેમથી તું. ...૨.

રટી રંગ ત્યાં મગ્ન પ્રેમાવધૂત!
રહે કર્મયોગે બની પ્રેમદૂત;
જનોને ગુરુ-રંગ-ઘેલું લગાડી
ત્યજાવે જગદ્-રંગ પ્રેમે પલાળી. ...૩.

જનો રંગના જે, તું દેશે વિદેશે
દઈ પ્રેમ-શ્રેયસ્ તણી શીખ પ્રેમે,
બતાવે જ ચાવી ઊભે પ્રાપ્તિ કેરી
સદા પ્રેમથી શીખ દે છે જ તેની. ...૪.

જયંતી મનાવે જનો સર્વ તારી,
નિરાસક્તિ ને પ્રેમથી તેં પ્રમાણી,
વદે હૈયું તારું-"ગુરુ ૐ ગુરુ ૐ"
'શિવાનંદ હો' આશિષો દે ઘડી ૐ. ...૫.

તિહારા જયંતી મહીં શ્રીગણેશ
વળી જોઈ નંદે જ શ્રીપાદ ઈશ,
ડૂબે રંગ-હૈયું મહાનંદમાં હા!
નમે તું ત્રણેના ગ્રહી પાદ સૌના. ...૬.

ચિરંજીવી હો કામ્ય કર્મો વિનાશી
ચિરંજીવી હો કર્મયોગે નિવાસી,
ચિરંજીવી હો સ્વાર્થ ધર્મે વિરાગી
ચિરંજીવી હો તુંજ માનુષ્ય રાગી. ...૭.

**અનુષ્ટુપ**

માતા છે **શાંતિ** જેની ને પિતા **કૃપા** સ્વરૂપ છે
બચુડો રંગનો વ્હાલો, પ્રેમાવધૂત એ જ છે.

શિકાગો — પ્રા. શ્રી શિવુભાઇ દવે

❁

# (૫૫)

# પ્રેમનો રંગ

## પૂજ્ય ભાઈની ૭૮મી જન્મજયંતી પ્રસંગે ન્યૂપોર્ટબીચ(લોસ એન્જેલસ)માં વાક્કુસુમાંજલિ

(શાર્દૂલ)

રંગ શ્રી અવધૂત આગમન ના થાતું કદા જો અહીં,
એના કિન્તુ સુભક્ત સૌ નિવસતા વર્ષો પહેલાં અહીં,
કેનેડા નવ જર્સી આદિ વસતા એલ એ શિકાગો ઘણાં
તેવા શ્રી અવધૂતના ચરણમાં હોજો પ્રણામો ઘણાં. ... ૧.

(ઉપજાતિ)

સેવાર્થ રેતા બચુ રંગ પાસે,
વિચારતા જો ગુરુ શ્રી શું માગે?
જરૂર શાની પડશે હવે હા?
તૈયાર રાખી ભજતા રહેતા! ............... ૨.



(મંદાક્રાન્તા)

રંગા કાર્યે કુશળ નિરખી આશિષો આપતા કે;
'આશીર્વાદો બચુ! તવ ફળો સર્વને આપતાં એ'
નિત્યે મારા મિશનતણું આ કાર્ય રે'જે કરંતો
આર્યાવર્તે સ્વવિષય મહીં વા વિદેશે સ્મરંતો! ... ૩.

(ભુજંગી)

નથી જ્ઞાન અંગ્રેજીનું ભાઇ પાસે,
પરં જ્ઞાન છે તેમનું સુઝ સાથે. .............. ૪.

(પૃથ્વી)

નડે નવ અહીં કશી અડચણો ભાષાગત,
ગવાય ભજનો સગુર્જર તથા ગિરા સંસ્કૃત;
ઘણા જન વિદેશના ય વદતા મુખે પાઠ એ
સાગી સૂરજનો અવધૂતનો. ... ૫.

(શિખરિણી)

યદા આફ્રિકાથી પરત ગુરુ શ્રીરંગ ફરતા,
વગાડ્યો ડંકો શ્રીગુરુ ચરણનો એમ વદતા;
ભલે સ્વામીજીએ ગમન પરદેશે નવ કર્યું
પરં એનું કેવું શિશુગમનથી નામ ઉજળું! ... ૬.

(શાલિની)

એવી રીતે પ્રેમ આવે વિદેશે
રંગ કેરુ નામ કેવું ઉજાળે!
ધીમે ધીમે રંગભક્તો વધે છે,
આકર્ષાતા જો વિદેશી જનો યે. ................ ૭.

(સ્રગ્ધરા)

સાંનિધ્યે જાદુ કેવો ગહન અસરનો પ્રેમનો ચાલતો હા!
સાહિત્યે રંગના એ મધુર રણકતા શબ્દના સ્ફોટ કેવા?
સૌને દે શાંતિ સાથે સમજ જીવનની માર્ગ ચીંધે અનેરો
લાભે રંગાશિષો ત્યાં બચુ હૃદયતણા માધ્યમે રંગ ઘેરા. ... ૮.

(મત્તમયૂર)
વર્ષો ઇઠ્યોતેર થયાં પ્રેમતણાં જ્યાં
થાએ આનંદોત્સવ મોટો સઘળે ત્યાં,
રંગાને યાચે હરિ ઊંડા દિલથી જો,
લોકો બોલેઃ પ્રેમતણો રંગ જ ન્યારો! ............. ૯.

ન્યુપોર્ટ બીચ
લોસ એન્જલિસ. - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી
તા. ૧૩ સપ્ટે, ૨૦૦૮.

# (૫૬)
# પૂ.ભાઈની ૭૮મી જન્મજયંતી પ્રસંગે વંદન-ગાન

(ઉપન્નતી છંદ)
જેને ગણે શ્રી અવધૂત એના ઓવારણાં આજ લઉં જ તેનાં;
દેશે વિદેશે બચુભાઇ નામ પ્રાતઃ સમે પુણ્યદ જાણ પ્રેમ. ... ૧.

શ્રીકૃષ્ણ જેને વદતા અકામ સત્કર્મ યોગી જગમાં સુનામ,
લોકશિક્ષાર્થે જગે ફરે છે ભાઇ સમા તે જગવન્દ્ય રે છે! ... ૨.

છે ભદ્ર એ ભાદરવો અમારો અમાસ પશ્ચાત્ પડવો અનેરો,
લીંચસ્થ શ્રીપ્રેમ તણો જ પ્રેમે આનંદ જન્મોત્સવનો લઇએ. ... ૩.

તારીખ લેખ તિથિ તેરમી છે એ આવશે અલ્પ દિનો પછી તે
બંને તણો લાભ અમેરિકા લે જનો શિકાગો પરિવાર આજે. ... ૪.

ભલે વિદેશે અશુભા ગણાય તારીખ જે તેરમી હા સદાય;
પરંતુ થાતી શુભ ભાઇ-જન્મે અહીં લભે છે શુભપર્વ સર્વે. ... ૫.

ત્રયોદશી ભારતમાં પ્રસિદ્ધ સૌ કાર્ય થાએ જલદી જ સિદ્ધ,
જણાવવા એ તિથિ તેરમી લે નમું નમું ભાઇ પદે હસીને! ... ૬.

અમાસ રંગે શુભ જો થવાની, શ્રીપ્રેમ તારીખ કરે જ એવી,
માંદો નહીં જો શનિ વાડી માંહી હજાર હો વંદન પાદ માંહો? ... ૭.

ગાતા કર્યા સંસ્કૃત રંગાજીએ સ્તોત્રાદિ ગાએ હરખે જ સર્વે
ભાઇ ગવાડે, પરદેશી ગાએ પ્રભાતિયાં ગુર્જર સર્વ ભાવે! ... ૮.

નમું રંગ ગુરો! તમોને જેણે સમર્પ્યા શુભ ભાઇ જોને!
છે બાપુજી એ અમ રંગ પ્યારા! જેણે જણાવ્યા સુવિચાર તારા! ... ૯.

વિકાસ દેખી મુજનો અસન્ન જ્યાં જ્યાં મળે ત્યાં હસતા પ્રસન્ન,
પચાવવા રંગ ન સ્હેલ આમ, પચાવતા ભાઇ-પદે પ્રણામ! ... ૧૦.

હરિના લાલની આજે જન્મજયંતી છે અહો!
આશિષ યાચના ત્યારે પ્રેમ-રંગ ઘણો વહો!

શિકાગો — ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

## (૫૭)

## શુભાશિષ-પ્રાર્થના

(તોટક છંદ)

પદ ભાઇ તણા વિલસે દિન જે, નવ તેર તણી શુભ તારીખ તે;
હરખે ન સમાય ખુશી દિલની, સ્મરશું સમ વાત જ રંગ તણી. ...૧.

કરતા ઉભયે ગુરુકાર્ય જગે, અરપે યશ બેઉ જણા ગુરુને;
ગમતાં ન વખાણ કદી દ્વયને, પણ ભક્ત ખુશી નિરખી જ સુણે! ...૨.

જમણો કરતો નહિ વાત ત્યહીં કદિ જાણત શું કરતો જ અહીં;
નિજ નું સઘળું અરપે જ ઊભે તનુ-ફીકર સ્થાન ન કયાંય લભે. ...૩.

નવ ભૂંસત રેખ કદા પરની, નિજની કરતા બસ લંબ ઘણી;
ગુરુકાર્ય ગણી કરતા જ રહે પ્રભુ કાર્ય કરે પ્રભુ નું જ, ગણે. ...૪.

નિજની અથવા પરદેશ-ધરા વિભુની સઘળી ધરતી સુફલા
બસ માનવતા ધરતાં કરતા સઘળું વિભુનું વિભુને ધરતા. ...૫.

ગગને વિભુના ખગ સૌ ઉડતાં નિજ શક્તિ અને મતિ થી મથતાં
નવ ઉચ્ચ અનુચ્ચ નભો-નજરે, સરખો સઘળો પરિવાર ગણે. ...૬.

મતિ તર્ક તણી ઢમઢોલ ખરે કરવું નવ કૈં બસ વાદ કરે;
ઉભયે ખસતા અતિ દૂર જૂઓ નુકશાન ન કૈં હરિ-લાભ થયો! ...૭.

ગણનાથ જનાર્દન શંભુ ભજો જગમાત દિવાકર અત્રિ જ કો,
સઘળાં વિભુનાં જ સ્વરૂપ ગણે અવધૂત ઉભે નવ ભેદ ગણે. ...૮.

નવ ના ગુણ આઠ સંપૂર્ણ થયા, નવ માં નવ નાં શુભ દ્વાર ખુલ્યાં;
શત સો શત આયુ નિરામય હો! હરિ કેઃ ગુરુ રંગ શુભાશિષ દ્યો!! ...૯.

શિકાગો,
૯-૧૩-૨૦૦૩ — ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

# (૫૮)

## નવા પ્રેમવર્ષે
### (ભુજંગી છંદ)
### દત્તનામ સ્મરણાત્મ-(રાગ)

તમો પ્રેમ આપો, સદા રંગને જો
તમો પ્રેમ પામ્યા, સદા રંગનો જો
ધરી એક બીજા, પરે પ્રેમ ભાવ
જગે ઉચ્ચ આદર્શનો એ લગાવ! ...૧.

સદા રંગ દેતા, કદીયે ન લેતા,
છતાં લોક મૂહે, વહેંચી જ દેતા;
તમારો રહ્યો એજ ઊંચો રિવાજ
ન કો ચીજની ચાહના આત્મકાજ! ...૨.



વડીલો બધાં પંડિતો માન પામે,
નવાજે સદા રંગ એ સૌ પ્રણામે;
નમે તે ગમે સર્વને નીતિ એવી
ગ્રહી રંગની એ પ્રણાલી જ દૈવી! ...૩.

પરાર્થે જીવો એટલે અન્ય કાજે
સમર્પે વળી સર્વ કૈં ઇશ કાજે;
વિચારો ધરે સ્પષ્ટ એ રંગદેવ
તમે એજ ધારા ગ્રહી એકમેવ! ...૪.

કરે રંગ મારો, સદા એ જ સાચુ,
મને આ જ આપો, ન ક્યારેય યાચું;
ન ઇચ્છા થતી પૂર્ણ તોએ વિચારો
હશે ભાવિ કલ્યાણ મારું જ ત્યાં તો! ...૫.

કહે રંગ સૌ આચરો બાદ બોલો
કરો કાર્ય બોલ્યા વિના શબ્દઠાલો,
ન આશા રહો નામની દામની વા
જણાયે બધુ પ્રેમ! ત્વત્સત્વમાં હા! ...૬.

સદા એક વાણી અને ચિત્ત રાખે,
વળી વર્તને એજ દેખાય જોને!
વૃથા માન મોહાદિનો લેશ ના જ્યાં
ઉભે પ્રેમને રંગમાં સામ્ય છે ત્યાં! ...૭.

બધાં વિશ્વ સામર્થ્યનું મૂળ જાણો,
સદા ઇશની પ્રાર્થના નામ જાપો
કર્યો પ્રેમ હે, આપ એવું જ જાણું,
વધે આપનું તેજ સ્હેજે અનેરું! ...૮.

ભુજંગી લખે ધીર અત્રે ઉમંગે,
જૂએ રંગધારા અહીં પ્રેમ-સંગે
રહો સ્વસ્થ ભાઇ તમો! કાર્યમગ્ન
સદા રંગ કેરા રહી પાદલગ્ન! ...૯.



કાલકર્મગુણવશ નકી, પંચાત્મક તું જાણ;
કરવો હર્ષ ન જન્મથી, મર્ચે શોક ના માન. (અ.૮૪/દો.૧૫૨)

(અનુષ્ટુપ)
વર્ષ-વર્ધાવને વંદુ પ્રેમ સ્વરૂપને સ્મરી
રંગ-સ્મરણાથી ગૂંથી માળા એની સ્તુતિ કરી! ...૧૦.

૧૨-૭-૨૦૦૪ - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

## (૫૯)

## થાય પ્રેમથી

(સોનેટ)-તોટક છંદ

બચુભાઇ કરે ગુરુસેવ મુદા,
ગુરુ રંગ વદે બચુભાઇ સદા;
ગુરુ સેવક પ્રેમ વહે અદકો,
વધતાં વધતાં બનતો અધિકો. ...૪.

પરિવાર વદેઃ અવધૂત મુદા,
ગુરુપ્રેમ નહીં બચુ હું જ સદા,
બનતી જનસંગ્રહની કરણી,
નહિ એ મુજની, કરુણા ગુરુની. ...૮.

ઝઘડો બચુ-પ્રેમતણો, વધતો,
વિજયી ઉર-પ્રેમ જ ત્યાં બનતો,
વચલે પથ ભાઇ તણો ગ્રહતાં
થઇ સંધિ બધાં હરખે દિલમાં. ...૧૨.

(અનુષ્ટુપ)
નામ ઓળખવા માટે, નામીનો મહિમા હરિ!
રંગનું કાર્ય દેશે વા વિદેશે થાય પ્રેમથી! ...૧૪.

૬-૯-૨૦૦૫ - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

✿

હર્ષશોકૌ સમૌ કૃત્વા લાભહાની તથૈવ ચ ।

# (૬૦)

## ૭૩મી પ્રેમજયંતી(૨૦૦૩) નિમિત્તે પ્રણતિ-સ્તુતિ

(ભુજંગી)

તું છે પ્રેમનો પુંજ, પ્રેમાવધૂત!
નવાડે સહુ પ્રાણિને પ્રેમ થી તું
તું આચાર નો ધર્મ પાળી અનેરો
શિખાડે સ્વ આચાર ને પ્રેમ થી તું. ...૧.

તું સેવા રહસ્ય-સ પ્રેમાવધૂત
ગુરુ-રંગ-સેવા કરે પ્રેમપૂત
ગુરુ દેવ-સેવા ગરિમા વિશે તું
પ્રબોધે જનો ને અતઃ પ્રેમ થી તું. ...૨.

રહી રંગ ત્યાં મગ્ન પ્રેમાવધૂત!
રહે કર્મ યોગે બની પ્રેમદૂત,
જનો ને ગુરુ-રંગ-ઘેલું લગાડી
ત્યજાવે જગદ્-રંગ પ્રેમે પલાળી. ...૩.

જનો રંગનાં જે, તું દેશે વિદેશે
દઇ પ્રેમ-શ્રેયસ તણી શીષ પ્રેમે,
બતાવે જ ચાવી ઉભે પ્રાપ્તિ કેરી
સદા પ્રેમ થી શીખ દે છે જ તેની. ...૪.

જયંતી મનાવે જનો સર્વ તારી,
નિરાસક્તિ ને પ્રેમ થી તેં પ્રમાણી,
વદે હૈયું તારું-'ગુરુ ૐ ગુરુ ૐ'
'શિવાનંદ હો' આશિષો દે વહી ૐ. ...૫.

તિહારી જયંતી મહીં શ્રી ગણેશ
વળી જોઇ નંદે જ શ્રીપાદ ઇશ,
ડૂબે રંગ-હૈયું મહાનંદ માં હા!
નમે તું ત્રણેના ગ્રહીપાદ સૌનાં. ...૬.

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી



હરશે અમ પદ શું અહો, ડરે એમ નક્ષત્ર!
જાય ભર્તુ સહ સ્વર્ગમાં એમ સતી એ તત્ર. (અ.૮૫/દો.૧૧૭)

# (૬૧)
# કોઠિયાખાડમાં શ્રી પ્રેમકુટીરે પાદુકાપૂજન પ્રસંગે

(ઉપજાતિ)

શ્રી પાદુકા રંગતણી ઉમંગે
પૂજાય શ્રી પ્રેમતણા સુસંગે।
આનંદવાજાં ગગને જ ગાજે
જાગે ઘણા સાત્વિકભાવ આજે॥

વિચારધારા ગુરુની પ્રસારી
થૈ પ્રેમની ઝૂંપડી સત્ત્વશાળી।
ચરોતરે જે ઉતરી નિરાળી
શી વિસ્તરી એ શુભ વૃક્ષમૂળી॥

ન પાદુકા લાકડું વૃક્ષ કેરું
તેમાં ભર્યું ઓજસ રંગ કેરું।
ભરી તપસ્ય ભવ કાપનારી
તત્પૂજને સૌ સુખ આપનારી॥

સદ્ભક્તિનો માર્ગ બતાવનારી
એ મુક્તિભાતું બસ અર્પનારી।
ગાતાં સ્મરતાં ભજનો સુદિવ્ય
આનંદહેલી વરસે જ ભવ્ય॥

શ્રી પ્રેમનું કાર્ય જ પ્રેમભાવે,
આકર્ષવું રંગભણી સ્વભાવે।
સ્વાચારથી જીવન સંત ઠેલે
નિઃશબ્દથી ધોધ સુબોધ રેલે॥

એવું બધું જો ઉભરે ઘડીઆ,
સામેલ થૈ પૂજનમાં અહીંયાં।
પાયે પડું રંગ! ન કાંઈ યાચું
સાંનિધ્ય દેજે બસ ભાઈ કેરું॥



રંગા અને ભાઈ-દિલે ન કાંઈ
સદ્ભક્તિ-ધૂણી શુભ જો ધખાઈ।
ફેરી કરે ગુર્જરમાં વિદેશે
સંદેશ લૈને ગુરુનો જ હોંશે॥

અર્પું સુપુષ્પો તવ પાદપદ્મે
શ્રી પાદુકાપૂજનના નિમિત્તે।
ના તું પ્રશંસા ચહતો કદીએ
પવિત્ર વાણી **હરિ**ની કરે એ॥

૨૪-૩-૦૫ - ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી

❁

# (૬૨)

## ૧. રંગ રંગ બોલો! ધૂન મચાવો

(દત્ત દત્ત બોલો - એ રાહ)

રંગ રંગ બોલો ને ધૂન મચાવો
ધૂન મચાવો પ્યારા। ધૂન મચાવો! ...ટેક.

વિઠ્ઠલ રુકમા જાયો, મારી વ્હારે ધાયો (૨)
પરદેશે પણ આવ્યો, ધૂન મચાવો! ...૧.

એણે એલચી મોકલ્યા બચુભાઈ તો ભાવ્યા(૨)
સીધા સાદા લાગ્યા, ધૂન મચાવો! ...૨.

કરતા વાતો રંગની, અવધૂતી આનંદની(૨)
લીલા સઘળી એમની, ધૂન મચાવો! ...૩.

નારેશ્વરના રંગા, રે'તા દત્તા સંગા (૨)
પ્રેમકેરી ગંગા, ધૂન મચાવો! ...૪.

દ્વારે હરિના લીન, થાય આપણે દીન (૨)
પ્રેમ છે તલ્લીન, ધૂન મચાવો! ...૫.

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી

> **વાયુ વરુણ ને અન્ય પણ સતી સ્પર્શથી એમ**
> **થાએ પવિત્ર, દૃષ્ટિ પણ એની પાવન તેમ. (અ.૮૫/દો.૧૨૯)**

## ૨. ગુરુ લડાવે લાડ

(એવો દિ દેખાડ - એ રાહ)

આવો દિ' દેખાડ, રંગા! આવો દિ' દેખાડ,
તારા સંગે પ્રેમમાં, ઊગે પ્રેમનું ઝાડ! ...ટેક.

ભાઈ ભલે હો લીંચમાં, ભાવો વિશ્વે જાય, રંગા! ભાવો વિશ્વે જાય,
ફરકે ગુરુનો વાવટો, ઊંચે વિશ્વ-પ્હાડ! ...૧.

રંગરંગે રંગમાં, રંગો સૌ રેલાય, રંગા! રંગો સૌ રેલાય,
પ્રેમ-વ્હેણે એક સૌ તૂટે અંતર-વાડ! ...૨.

રંગતણા એ એલચી, વાતે વાતે વ્હાલ, રંગા! વાતે વાતે વ્હાલ,
રંગા કેરા હાથમાં, સોંપી એણે નાડ! ...૩.

નથી દર્શન રંગનાં, અંતર રંગ ઊભરાય, રંગા! અંતર રંગ ઊભરાય,
દર્શન **હરિ** ત્યાં પ્રેમનાં, ગુરુ લડાવે લાડ!

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી

## (૬૩)

## પૂજ્ય બચુભાઈના અમૃતવર્ષના મહોત્સવ પ્રસંગે ભાવાત્મક કુસુમાંજલિ

(શાર્દૂલ)

'સેવે શ્રી બચુભાઈ રંગચરણો માની સ્વયં દત્ત એ,
સેવા સાથ સદા વિચાર કરતા રંગા મને શું કહે?'
ના એ ફ્હે! કયું આપવું? મન મહીં શું ધારતા? ને કરે,
સેવે એમ મને મળ્યો પથ ખરો સેવા તણો પ્રેમને! ૪.

સેવા સાથ થતું ખરું સ્મરણ ને રંગા થયા બ્રહ્મ એ,
શોકે કાળ ગયો તિહાં તનિક ને બેઠા થયા એ ક્ષણે;
કાર્યારંભ કર્યો અહા મિશનનો ઘૂમે બધે દેશમાં,
ધારી શ્રી અવધૂત-વૃત્તિ જગમાં કાર્યો કરે રંગના! ૮.

**પતિવ્રતા જેને ઘરે પુણ્યવાન એ ધન્ય;**
**સપ્તજન્મનાં પુણ્યથી સાધ્વી મળે સુધન્ય! (અ.૮૫/દો.૧૩૧)**



(તોટક)

નિત રંગ ગ્રહી ગુરુ રંગ તણો, કદિ સ્વાંગ ધરે નવ રંગ તણો;
નિજને નવ એ અવધૂત જાણે, બચુ માન્ય જ જે અવધૂત ભણે! ૧૨.

ગુરુ પ્રેરિત એ જનકાર્ય કરે, ગણતા ગુરુની કરુણા જ ખરે!
નવ છે મુજમાં કશું, ભાવ ધરી ભજતાં ભવ-પાર-સુપંથ ગ્રહી! ૧૬.

નવ ઇંગ્લિશ જાણ પરંતુ જતા, પરદેશ મહીં, જનમાં ભળતા;
સુખિયા દુખિયા સઘળા વળતા, અવધૂત-વિચાર બધા ગ્રહતા! ૨૦.

વરસે ત્રણ માસ વિદેશ જતા, ગુરુરંગજનો દિલ ખુશ થતા;
બચુભાઇ થઇ બચુ બાળક એ, રમતાં રમતાં ગમતા જ બધે! ૨૪.

નવયૌવનમાં સમતા ધરતા, યુવકો સઘળા ચરણો ચૂમતા;
ધનભારતનું ગુરુ-રંગ ધરે, અવધૂત તણો ધ્વજ જો ફરકે! ૨૮.

ભજનો અતિભાવ ધરી કરતા, ઊગતાં ઢળતાં રવિ, જ્યાં વસતા;
ગુરુનામ લઈ વદતા વચનો શુભ શુભ્ર સદા ધરતા વસનો! ૩૨.

અહીં ભારતમાં પણ કાર્ય થતાં, જનના મનના બહુ રોગ જતા!
મનસંયમ દાન દયા વધતાં, ગુરુ સ્થાન મહાત્મ્ય વળી વદતા! ૩૬.

હિતકારક થાય બધાં વચનો, મુનિ શા નિયમે મિત છે અશનો,
નવ દંભ કદા હસતા રહતા, સહજ સ્થિતિમાં સઘળે રમતા! ૪૦.

કદિ મૌન ધરી વિભુ-લીન થતાં, દિવસો પર હા દિવસો વિતતા!
જન-દુર્લભ એ ગુરુ કાર્ય મહીં! બળ જ્યાં લભતા, સહુલભ્ય પછી! ૪૪.

ન અમેરિકામાં ગુરુ રંગ જતા, બચુ રંગવિચાર લઈ ફરતા,
ભજનો કથનો સહ ઇંગ્લિશમાં લિપિ કે અરથો પ્રગટે બહુ ત્યાં. ૪૮.

સુવિધા નિજની ન જુએ તનિક, ધરતા પદ ભક્ત ન હો ધનિક!
બહુ શ્વેત વિધર્મ તણા ઢળતા અતિ પ્રેમથકી હૃદયે મળતા! ૫૨.

(ભુજંગી)

થતું કાર્ય શ્રી રંગનું છેલછેલ્લું, જુઓ દક્ષિણે દત્તના કાર્ય કેરું;
વદે રંગ જીલ્લો મળ્યો ખૂબ મોડો, રહ્યો રંજ શ્રીરંગને એ જ થોડો! ૫૬.

**કિં સાધનં વિવેકો વૈરાગ્યાદ્યં શમાદિષટ્કં ચ ॥**

પરં પ્રેમ જાતો જિહાં દક્ષિણે ત્યાં કર્યાં કાર્ય રંગાતણા જે અધૂરાં,
ગયો પ્રેમ વાપી લગી જો ખૂણામાં, શક્યો ના જઈ રંગ હા દેહ હોતાં! ૬૦.

અરે એ નવાં બીડ ફાડે બનાસે, કરે રંગપૂજા વિશિષ્ટા નિરાશે!
દવા વસ્ત્ર ને પાત્ર દેતા દિલાસો, ગણી રંગ-કાર્યો દિયે જો ભરોંસો! ૬૪.

કરે આ બધું શાંતિથી, ના ઉધામો, મળે સર્વ એ, ના કરે હસ્ત લાંબો!
કરે દેવનું કાર્ય શ્રીરંગ જાણે, થતાં ચિત્ત આનંદ રંગા પ્રમાણે! ૬૮.

ન ભૂંસી કરે ક્યાંય લીટી જ નાની, કરે જાય મોટી સ્વની રંગરંગી!
ગમે રંગને જે કરે નિત્ય ભાઇ, જતા વૃક્ષ મૂળી સમા જો સમાઇ! ૭૨.

(સ્રગ્ધરા-હારબંધ)

શ્રી પ્રેમે પ્રેમ પ્રેર્યો બચુ ઢચુપચુ ના પ્રેરણા રઙ્ગરઙ્ગી, કેવા સેવા પ્રવાહો વહત હરિ-હવા તારતા રઙ્ક રઞ્જ!
ઊંચા ઊંચા વિચારો તરુ-ગુરુ-ઉરુના ધારતો રસ્ય રમ્ય, ગાતો રેતો જતો એ ધન ધન જનમાં વંદનો દત્ત-દર્પ!૭૬.

અમદાવાદ — ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષીના
૨૫-૬-૦૬ — વંદનાત્મક શ્રીગુરુદેવ દત્ત

જેના ઘરમાં ના સતી, તદ્દગૃહ અરણ્ય ઘોર;
વૃથા જન્મ તેનો નકી, કર્મબદ્ધ એ ચોર! (અ.૮૫/દો.૧૩૪)



# (૬૪)

# ભક્તનો પોકાર

પ્રેમ હમારી પાસ હૈ રંગસે પ્રેમ પીછાન,
પ્રેમ રંગ એક હી ભયો બેઠે હૃદય મોઝાર,
પ્રેમ હમારે હૃદય હેય, પ્રેમ હૈ રંગહૃદય
પ્રેમ રંગ એક હી ભયો રંગ રંગ જય જય.
જીસકે હૃદય પ્રેમ નહિ લીખ લીખ ભજન સંદેશ
મો પ્રેમ મો હૃદય બસે તાકો ક્યા સંદેશ
પ્રેમ ભૂલ ન જાના મેરા સ્થાન હય અનજાના

પ્રેમ ભૂલ ન જાના.
મેરે આંગનમેં ગુલરકી છાયા
ઉસકે હરે હરે પાના,
યે છાયામેં ધ્યાન ધરત હું
અકિ દર્શન દેના
પ્રેમ ભૂલ ન જાના.

સંક્રાંતિ ૨૦૫૯, મંગળવાર
૧૪-૧-૦૩

- સુમનભાઇ પુરોહિત(ભજનભાસ્કર)

❁

## ધૂન

પ્રેમ અવધૂત રે પ્રેમ અવધૂત
પાંડુરંગનો પ્યારો મારો પ્રેમ અવધૂત.

તા. ૨૩-૩-૨૦૦૩

- સુમનભાઇ પુરોહિત(ભજનભાસ્કર)

❁

કિં દેયં સદ્વિદ્યા કા સા જન્તુર્વિમુચ્યતે યસ્યાઃ ॥

# (૬૫)

## પ્રેમજયંતીનો અર્ઘ્ય

દ્વાદશ પ્રેમથી યુક્ત પત્ર પ્રાપ્ત થયો અહીં
દ્વાદશ જ્યોતી થકી જાણે પ્રકાશિત થયો સહી.

નવા વર્ષમહીં પ્રેમે પ્રેમાસ્પદો ભણી મુદા,
આશિષ નજરે જોતાં રહેજો પ્રેમથી સદા.

પ્રેમ વસે ત્યાં નિત્ય છે દીપાવલી દિન-રાત,
આત્મદીપની જ્યોત ત્યાં પ્રગટી રહે સાક્ષાત્.

સેવાથી મેવા મળે અનુપમ તવ દૃષ્ટાંત,
સેવામય બનતાં થયાં સેવ્યરૂપ નિતાંત.

કીટ ભ્રમર ન્યાયે બન્યાં પ્રેમરૂપ અવધૂત
ગૃહસ્થ જીવનમાંહ્ય છો તમે સર્વતઃ પૂત

- જયંતીલાલ આચાર્ય

# (૬૬)

વ્હાલા પધાર્યા પ્રેમ રંગ પીયૂષ સંગ
પ્રેમ પકવાન ને, પીધાં પ્રેમ પયપાન
આંખે આંસુડાંની ધાર ને ભૂલ્યાં સહુભાન. ...વ્હાલા. ૧.
હયાતી ગ્યાં હારી ફ્રીઝમાં રૈનૈ હલિદ્રા સારી
ભજનમાં લાગ્ન તારી ને દોણીમાં રૈગૈ છાશ રોતી! ...વ્હાલા. ૨.
'પ્રેમ' પરખપદૂડાંના હૈયે ચમકે છે હેત-મોતી
હર્ષા, જાગીને જોતી તો, ભૂલ ન આવી હોતી! ...વ્હાલા. ૩.
કિરદાર કૃષ્ણા! કેમે કરી મુખ ના બોલતી
'પુનઃ પધારશો' ની આશ હૈયે કોળતી. ...વ્હાલા. ૪.

- માં ઋતેશ્વરી

# (૬૭)

## પ્રેમ પ્રશસ્તિ

'પ્રેમ'ગુણ ગાઓ, હેતે હેતે ધાઓ? ...ટેક.

અવધૂ 'રંગ'નો પ્યારો, 'રંગ'જનોને ભાવ્યો
હૈયે રંગ બિરાજ્યો, સમીપે એની ધાઓ. ...૧.

બાલુડાંની સંગે, ખેલે એ ઉમંગે,
સર્વજન એના સ્નેહિ સમીપે એની ધાઓ. ...૨.

હાથે દંડ ઝાલી, ખભે ખેસ ધારી,
પટપટ પાવડી ચાલી, સમીપે એની ધાઓ. ...૩.

ગજવે ગુરુનો ડંકો, દેશ વિદેશે,
મોજ મૌનની ચખાડે? સમીપે એની ધાઓ. ...૪.

'દ-દ-દ'થી રાજે, કેવળ પ્રેમ એ યાચે?
ગૃહસ્થી 'અવધૂ' પિછાણો? સમીપે એની ધાઓ. ...૫.

- ડૉ. પ્રા. સુભાષભાઈ દવે

# (૬૮)
# રંગબંદાને વંદના

દષ્ટિ ઓજસ ઝીલાયું અંધારે,
અસત્ ઓળખાયું એ અજવાળે,
હૃદય ગુફામાં 'રંગ' બિરાજે,
'પ્રેમ'-'સેવા' નિરંતર પ્રસરાવે.
'રંગ'-ઉચ્છંગે 'પ્રેમ' હિલ્લોળે.
'દૂર-નિકટ'ની લીલા ભળાવે!
અવસરે જન્મતિથિના આજે,
પ્રણામ પરિવાર પાઠવે 'પ્રેમ'-ચરણે. ...૧

- ડૉ. પ્રા. સુભાષભાઇ દવે
ભાદ્રપદ શુક્લપક્ષ એકમ/બીજ વિ.સં. ૨૦૫૮

**પૂ. પ્રેમ અવધૂતજીને વંદના.**
શ્રી પ્રેમ પ્રેમ ગુરુનિષ્ઠ પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શિષ્યવરિષ્ઠ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ ગુરુસેવક પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ ભક્તિવર્ધક પ્રેમ પ્રેમ. ...૨

**પૂ. પ્રેમ અવધૂતજીને વંદના.**
નિર્ભેળ નેહે હળીએ હસીએ,
પ્રેમ અવધૂતના અંતરમાં વસીએ.
કંઇકમાંથી કંઇક દઇ દઇએ,
પ્રેમ અવધૂતના અંતરમાં વસીએ,
તનમનધન ન મારું ભાવે રહીએ,
પ્રેમ અવધૂતના અંતરમાં વસીએ. ...૩

- ડૉ. પ્રા. સુભાષભાઇ દવે



# (૬૯)

## પૂ. પ્રેમ અવધૂતજીને વંદના

શ્રી પ્રેમ પ્રેમ ગુરુનિષ્ઠ પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શિષ્યવરિષ્ઠ પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ ગુરુસેવક પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ ભક્તિવર્ધક પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ અકામી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ અક્રોધી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ નિર્લોભી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ નિર્મોહી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ વિગત મદ પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ વિગત મત્સર પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ વિરાગ વિભૂષિત પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ ઐશ્વર્ય સંપન્ન પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ આત્મ ઓજી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ યશોજયી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ સ્વ પર સમદ્રષ્ટા પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શ્વેતજટાધારી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શ્વેત સ્મશ્રુધારી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શ્વેત વસ્ત્રધારી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શ્વેત અંચલધારી પ્રેમ પ્રેમ
શ્રી પ્રેમ પ્રેમ શ્રરવેત કરાંચલધારી પ્રેમ પ્રેમ

ગુરુનિષ્ઠ, શિષ્યવરિષ્ઠ, ગુરુસેવક, ભક્તિપોષક પૂ. પ્રેમ અવધૂતજીને વંદન.

પ્રેમ પ્રેમનો પૂટ છે.
પ્રેમનો નર્યો અવતાર છે.
પ્રેમનો સાક્ષાત્કાર છે.
પ્રેમનો પારાવાર (સમુદ્ર) છે.

- ડૉ. પ્રા. સુભાષભાઈ દવે

# (૭૦)

## પ્રેમ-સ્તવન-બારાક્ષરી

પ્રેમસરસો મુક્તસંગી સદાયે,
મન 'રંગ-દત્ત' સમર્પિત ખરે. ૧.

અવસરે અવધૂતી પદ પઢે,
વ્હાલ દઈ વ્હાલ ઝીલે ધીરે. ૨.

ધૂન-બાવની રટાવે સૌની કને,
તરંગો તૂટે-ટે અને રે! શમે. ૩.

પ્રાતઃ સાયં સમૂહ સ્તુતિ-સાધને,
અંતરના અજવાળે વ્યવહારે. ૪.

વદન-ચક્ષુએ સ્મિત કરુણા હૃદે,
સુકા-લીલા મધુર મેવા પ્રસાદે. ૫.

વયસ્ક પરિવારીને પૂજ્ય ગણે,
વિરલ વિવેકે ગર્વ સૌનો ગળે. ૬.

દ્વેષ-રાગ ખસે-હઠે, મોળા પડે,
સ્તુત્ય તેથી તું સહજ ખરે ઠરે. ૭.

નહીં કર્મી-અકર્મી, વિકર્મી ખરે,
લોક સંગ્રહી સેવા વ્રતી જ તપે. ૮.

૨૦-જુલાઈ-૦૪ - ડૉ. પ્રા. સુભાષભાઈ દવે
વડોદરા.

❁



# (૭૧)

## “પ્રેમ અમીવર્ષણ”

પ્રેમ પ્રકાશે અવધૂ આવે જો! પ્રેમ પ્રકાશે શૂન્ય સંભરે જો! ...ટેક.

પ્રેમ પ્રકાશે નજરું ચમકે, પ્રેમ પ્રકાશે સૂણવું ઝૂમે,
પ્રેમ પ્રકાશે સૂંઘવું પમરે, પ્રેમ પ્રકાશે અડવું સ્પન્દે. ...૧.

પ્રેમ પ્રકાશે અમૃત ઝરે, પ્રેમ પ્રકાશે દેવ પધારે,
પ્રેમ પ્રકાશે મન અન્મન, પ્રેમ પ્રકાશે ચિત્ત ઠરણ. ...૨.

પ્રેમ પ્રકાશે વૃત્તિ વિરામ, પ્રેમ પ્રકાશે બુદ્ધિ નિશ્ચલ,
પ્રેમ પ્રકાશે જીવ ઉજાગર/જાગરણ,
પ્રેમ પ્રકાશે શિવ અવતાર/અવતરણ. ...૩.

પ્રેમ પ્રકાશે વ્યક્તિ-વિકસન, પ્રેમ પ્રકાશે વૈશ્વિક વ્યાપન,
પ્રેમ પ્રકાશે અરૂપે રૂપમ્, પ્રેમ પ્રકાશે અરવે રવમ્. ...૪.

પ્રેમ પ્રકાશે નિર્ગુણ ગુણી, પ્રેમ પ્રકાશે દંભ છૂટણી,
પ્રેમ પ્રકાશે રાગ વિરાગી, પ્રેમ પ્રકાશે દ્વેષ રાગની. ...૫.

પ્રેમ પ્રકાશે જ્ઞાન ચાંદરણું, પ્રેમ પ્રકાશે ભક્તિ ઝરણું,
પ્રેમ પ્રકાશે કર્મ શરણું, પ્રેમ પ્રકાશે સહજ ઉભરણું. ...૬.

પ્રેમ પ્રકાશે ભવ ભૂલવું, પ્રેમ પ્રકાશે અવધૂ ભળવું.
પ્રેમ પ્રકાશે પિંડ અશેષ, પ્રેમ પ્રકાશે બ્રહ્મ વિશેષ! ...૭.

- ડૉ. પ્રા. સુભાષભાઇ દવે

## (૭૨)
## પ્રેમગુરુવન્દના

(અનુષ્ટુપ)

જેમ ન્યગ્રોધબ્રીજસ્થ શક્તિરૂપ મહાદ્રુમ ।
તેમ આ હૃદ્ બીજસ્થ રંગાત્મક ચરાચર ॥૧॥

ગુરુમૂર્તિ અતિગુહ્ય ગુહ્યવિજ્ઞાન રૂપિણી ।
ગુહ્ય ભક્ત-જન પ્રેમી નમું પ્રેમ ગુફાસ્થિત ॥૨॥

રહસ્ય સદ્ગુરુકેરું સદ્ગુરુ શ્રીમુખે સ્ફુરી ।
કર્ણોપકરણે આહીં પ્રસર્યું અવની તલે ॥૩॥

ગુરુલીલામયી ગુફા, ગુફા અમૃતવર્ષિણી ।
એ રંગી રંગના પ્રેમે પ્રેમાસ્પદ ગુફા નમું ॥૪॥

અન્તરુલ્લાસથી સ્વચ્છ પ્રેમી પીયૂષ પુષ્ટ આ ।
ભોગવતો રહે દેહ પૂજાર્થે દત્તની સદા ॥૫॥

નાખ ગભીર પાતાલે અથવા સ્થાપ સ્વર્ગ સામ્રાજ્યે ।
ગુરુ માવડી! તવ ચરણો નહિ છોડું હું, નહિ જ છોડું હું ॥૬॥

- શાસ્ત્રી જયેન્દ્રભાઇ દવે

❁

## (૭૩)
## પ્રેમ-પદારથ

અવધૂતજીની હૃદય-ગુફામાં પ્રગટ્યું ઝરણું પ્રેમ;
કરુણા-ભક્તિ સાગર થઇને વહેતું ઝરણું એમ.

જીવનની આ નાજુક નૈયા સદ્ગુરુકૃપા સમીર,
રંગ-પ્રેમના રટણે તરવો ભવ-સાગર ગંભીર.



ઊડે-આથડે પતંગિયા-શું ચંચળ ચિત્ત અધીર,
ક્યાં વિસામો નિરાંત કેવી જીવડું પામર કીર.

જવું-આવવું ભચકાવું ને ડૂબવું આખર તીર,
બીતાં બીતાં નસીબ જોગે જીવવું મરવું થીર.

પ્રેમ-પદારથ પાઠ ભણીને થાય ચિત્ત જો સ્થિર;
પ્રેમ-કૃપા પારસના પરશે સોનું થાય કથીર.

વિદ્યાનગર - શાસ્ત્રી જયેન્દ્રભાઇ દવે

❁

## (૭૪)

## હશે રંગ કેવા?

(અનુષ્ટુપ)

લીંચનું કાળજું કંપ્યું પ્રેમને દુઃખ જે થયું,
દુઃખ એવું મને થાઓ એકસો બાવીસે કહ્યું.

પ્રેમના ઉરનાં સુખે બોડાણો લીંચના થયા
સુખ એવું મને થાઓ ડાકોરી રંગ દ્વારમાં.
આરતી કંઠમાં ઘૂંટી મૂળીએ આર્તભાવથી
કંઠ મારો બની આર્ત ઘૂંટાઓ રંગ આરતી.

જુસ્સો અશ્વ સમો લોહી મોદીના ભાવમાં ભળ્યો.
અબ્રાહમ થઉં પામું અમૃત સ્પર્શ રંગનો.

પિછાણ્યા પીંછીએ રંગો રંગ-પ્રેમ ભર્યા નર્યા
પ્રમોદી મોદ પીંછીથી રંગાઉં પ્રેમ-રંગમાં.

(આર્યા)

કેમેરાની આંખે દીઠા જેવા અમે લહ્યા તેવા
ઉરની આંખે શોધ્યું પ્રમાણવાતે હશે રંગ કેવા?

વિદ્યાનગર - શાસ્ત્રી જયેન્દ્રભાઇ દવે

❁

# (૭૫)

## રંગપ્રેમ અમૃત વર્ષા

(રાગ-શિવરંજની)

સારાસાર વિચારને મુક્તિમાર્ગ બતાવ્યો છે જેણે;
વંદન ભવજલનૈયાના ખેવૈયા રંગગુરુ ચરણે.
જન્મ ધરીને જેને કરવું કે મેળવવું નહોતું કંઈ,
એજ અકિંચન અવધૂતને જાણ્યો, માણ્યોને જીરવ્યો અહીં.
રંગ પ્રેમ અમૃતની પરબો, માંડી જેણે દેશ વિદેશ;
કર્તાભાવે અહંશૂન્ય જે, ભલે ધર્યો અવધૂતી વેષ!
“સેવા ધર્મ પરમ ગહનો” એ સૂત્ર સહજભાવે આચર્યું;
નિજ જીવનથી ‘પ્રેમે’ જેનું ઉદાહરણ પ્રત્યક્ષ ધર્યું!
વિચારધારા અવધૂતની, યત્કિંચિત પચાવી પ્રસરાવી,
જે ગુરુને ગમતું કરતા તેવા ભક્તોને બિરદાવી.
અભિવાદન ઉત્સવનું આયોજન, આજ સમિતિએ કરીયું;
“રામ તે અધિક રામકર દાસા”, જાણે એ ચરિતાર્થ થયું.
‘પ્રેમાવધૂત’ રંગપ્રેમ વર્ષા શત વર્ષ સુધી કરજો!
વિપુલ વિનમ્ર વિનતીઆ, શ્રીરંગ ગુરુ કાને ધરજો!

(ઘણાં વર્ષો પહેલાં ‘મોહે દત્ત દરસહી આસ’ ભજનનો રાગ મેં પૂ. પ્રેમ અવધૂતજીને શીખવાડેલો તે તેઓ કાયમ યાદ કરે છે અને કહે છે કે તમે મારા સંગીતના ગુરુ છો, તેમ કહી પગે લાગે છે.)

નારેશ્વર - વિઠ્ઠલભાઈ પાઠક

જયેષ્ઠ કૃષ્ણ અમાવાસ્યા, ૨૦૬૨.



# (૭૯)
# પ્રેમ-નામ-પીયૂષ
(અનુષ્ટુપ)

રંગના ચરણે મૂકી શીશ-આશિષ માગતો
રંગ પ્રેમ ભર્યા હૈયે **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧.

રંગ! રંગો મને પ્રેમે, પ્રેમના રંગથી સદા-
અંતરે ઉભરે ભાવો, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨.

આપની આશિષે આજે પ્રેમને ગુરુ માનતા-
ભક્ત ચાહે કૃપા રંગા! **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩.

નથી શક્તિ નથી ભક્તિ રિક્તતા અનુરક્તિમાં,
તોયે પૂરી કરો આશા **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪.

પ્રેમ-સેવા પૂજા જાણું અલ્પ ના, તો ય આદરું-
ગાન આ પ્રેમ લીલાનું **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫.

લીંચ ગ્રામે ધર્યો દેહ, કુળ વિપ્રોત્તમોત્તમ
શિવભક્તિ ભર્યા ગૃહે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬.

ઓગણીસો સત્યાશીની એકમોપરી બીજ જે
ભાદ્ર સુદે ધરે જન્મ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭.

શાન્તાબેન સમા માતા કૃષ્ણભક્તિથી પુષ્ટ જે
એની કુખ ઉજાળે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮.

શિવ રીઝ્યા ગુરુરૂપે કૃપાશંકર ભક્તિથી,
શિવ કૃષ્ણ પ્રસાદી જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯.

નામ પાડે પિતા માતા પ્રેમશંકર ભાવથી,
જાણીતા બચુ નામે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦.

જશોદા ભગિની મોટી અકાળે મૃત્યુ પામતાં,
ઘેરો આઘાત વેઠે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૧.



સચ્ચિદ્આનંદરૂપ તું જગદ્ગુરુ સાક્ષાત;
તાર પાર ત્રિમૂર્તિ હે; હે કરુણાકર તાત! (અ.૮૬/દો.૧૬૫)

અભ્યાસે અગ્રતા એવી સ્નેહ શિક્ષકનો મળે,
સાંભળે ધર્મવાતો જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૨.

વાણી પ્રેમ ભરી મીઠી, હૈયું ઋજુલતા ભર્યું,
જગત્સુહૃદ્ બને છે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૩.

ભજને ચિત્તની રુચિ, વૃત્તિ સદ્ગુરુ પ્રાપ્તિની,
અનુષ્ઠાને પ્રીતિ જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૪.

મૌન ને ગાયના દૂધે ગાયત્રીની ઉપાસના-
કરે પુરશ્ચરણ ત્રણ જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૫.

ખુલ્લી આંખે નભે જોતાં દેવ ઉપાસ્ય ત્રિપદા,
શિવ કૃષ્ણે રતિ જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૬.

રામ નામે અતિ પ્રીતિ, પ્રીતિ શ્રીહનુમાનમાં,
સેવા ધર્મ સ્વીકારે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૭.

સ્વપ્ને સિદ્ધપુરુષોની સભામાં સ્નેહ પામતાં,
દિવ્ય જન્મ કહે સિદ્ધો, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૮.

કર્મકાંડી પિતા જેવાં, ધર્મગ્રંથો પઢે સદા,
સેવે આદર્શ ઊંચા જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૯.

ગોઠિયા મૂળજીભાઈ સંગાથે જે વિચારતાં-
સાધના નર્મદા કાંઠે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૦.

વર્ષ અષ્ટાદશે પાડે પગલાં પ્રભુતા મહીં
વરે કન્યા મધુ નામે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૧.

સદ્ગુરુની કરે શોધ શિષ્ય વ્યાકુળતા ધરે,
પામે દેવકૃપાથી જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૨.

ભોગીમામા થકી પામ્યા રંગદર્શન યોગને,
રંગ આંખો ગયા જોવા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૩.

સંવત હજાર બે ને છ પંચમી શુક્લ ચૈત્રની,
નારેશ્વરે મળ્યા રંગ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૪.

---

**કા ગુરુતા નિઃસ્પૃહતા લોકે લઘુતા ચ હીનતો યાચ્ઞ્ચા ।**

---



સવારે સ્ટેશને થાશે આવજો આંખ દર્શને,
એવું રંગ કહે જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૫.

રમે વૃત્તિ સદા રંગે, રંગ પણ મનમાં રમે,
રંગ વિણ ના ગમે અન્ય, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૬.

રહે સંસારમાં તોયે ચિત્ત ચરણે રંગના,
સોંપે સર્વ શ્રીરંગાને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૭.

વૃત્તિ લીન સદા રંગે, રંગ વૃત્તિ મઠારતો,
અવનવું સૂઝતું જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૮.

ગામના બહુરૂપીની સેવા પ્રેમ થકી કરી,
અગ્નિદાહ કરે જાતે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૨૯.

જીવ માત્રે જુએ રંગ સેવા ભાવ જ આદરે
દીન-હીન જનો ઠારે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૦.

ખેતરે ધાન્યના છોડે પડે જીવાત ઘાતકી
તો યે દવા ન છાંટે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૧.

ગામથી કુટિરે જાતાં જોતાં ગર્દભ દુઃખમાં,
પાટા પીંડી કરે જેના, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૨.

મૂર્ખતાથી કરી જેણે વર્ષા અપશબ્દો તણી
અંતે તેને ઘરે રાખે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૩.

સિદ્ધપુર તણા ક્ષેત્રે ટિકિટમાસ્તર આપતા-
વધુ પૈસા દીધાં પાછાં, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૪.

સિદ્ધપુરે જઈ પામે જ્ઞાન સંસ્કૃત-શાસ્ત્રનું,
જ્ઞાનનો બોજ ના જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૫.

ડોલડાલ જતા રંગા જોઈ આવે વિચાર જે,
સંડાસે સાધનાવૃત્તિ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૬.

રંગને ગમતું કરવું, ના ગમતું કરવું નહિ,
એવો મંત્ર ગ્રહ્યો જેણે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૭.

રંગાના મનને ઠાર્યું રંગ આનંદ માણતો,
રંગ રાજી કરે જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૮.

જેહના ભાવ ભક્તિથી લીંચમાં ચાર વાર જો
કરે વાસ્તવ્ય શ્રીરંગા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૩૯.

માગવાની નથી વૃત્તિ, અપેક્ષા નહિ આંખમાં,
ગુણગ્રાહી સ્વભાવે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૦.

રંગ નિષ્ઠા ઉરે ઊંચી રંગ આદર્શ જાળવે,
રંગ આપે છતાં ના લે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૧.

ભક્ત આવે ઉમલ્લાથી આસોની નવરાત્રિમાં,
કન્યાર્થે શ્લોક નવ લાવે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૨.

રંગની વાત ના માને ના દે રંજુ-મંજુને
ગામના ગરીબોને દે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૩.

લીંચ તો ગુરુ રંગાનું જાણ ગોકુળ કૃષ્ણનું,
રંગ-કૃપા રહે શાંતિ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૪.

રંગ જેને કહે મિનિ નારેશ્વર વળી શ્રીમુખે,
પ્રાણ પૂરી કરે તીર્થ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૫.

પાદરાની જયંતીથી વળે પાછાં વડોદરે,
હેમ-હાર દીધો પાછો, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૬.
રંગને પોરગ્રામે તો થાય કેસર સ્નાન જો,
ધ્યાને રંગ પીળા ભાળે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૭.

સંદેશો ગુરુનો ઝીલી ગયા સ્ટેશન દર્શને,
ઝીલે રંગ પ્રસાદી જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૮.

દ્વારિકાથી પધારેલા રંગ મંતર મારવા-
બોડાણા સમ કે' જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૪૯.

ગુજરાતે જો ત્યજું દેહ ત્યજું એ લીંચ તીર્થમાં,
રંગ કે' રતિભાઈને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૦.



રંગની પારખી વૃત્તિ ભેળવે નિજ વૃત્તિને,
અહંકાર મિટાવે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૧.

રંગના મનમાં સ્ફુરે કરે હાજર તત્ક્ષણે,
'રંગનું મન' ગણાયે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૨.

એકનાથે ગુરુ સેવ્યા એ રીતે રંગ સેવતાં,
ગૃહસ્થાશ્રમ શોભાવે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૩.

રહે રાજી બચુભાઈ કરે લીલા શ્રીરંગજી,
હરિદ્વારે સ્મરે લીંચ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૪.

જે રીતે રંગને સેવ્યા એ રીતે શ્રીરંગના-
સેવકોની કરી સેવા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૫.

'માજી'ને જે અતિ વ્હાલા માજી પણ અંતે સ્મરે-
'બચુ' આવ્યો મીઠા શબ્દે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૬.

રંગના નખ કાપે જ્યાં પ્રેમથી બચુભાઈ જો
'સાચવો' રંગ કે' જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૭.

રંગના ખરતા વાળો સાચવ્યા જતને અતિ,
ૐકાર રૂપથી રાખે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૮.

લોકસંગ્રહકાર્યાર્થે યોગ્ય અવધૂત ઠેરવે
પાસે રાખી ઘડ્યા જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૫૯.

રંગનું કહ્યલું માની સહે જે ક્રોધ માજીનો
ભીલામો પગ પર દે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૦.

મોરટક્કા જઈ આપે પોર્ટેબલ સંડાસ જો
રંગ આશિષ પામ્યા જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૧.

રંગની માંદગી ટાણે સેવે ચિંતા અનન્ય ને
મોકલે થૂંકદાની જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૨.

રંગ જાયે હરિદ્વારે હૈયું જેનું રડ્યા કરે
સાંત્વના રંગ દે જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૩.

હાથી પરે ફરે શોભા યાત્રા 'શ્રી'ની જ ચપુરે
ભાળે જે રહીને લીંચે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૪.

'ચાલો લીંચ' કહે રંગા ભક્ત શ્રી રતિભાઇને-
અંતકાળે હરિદ્વારે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૫.

રંગ દેહ ત્યજે જ્યારે વિષાદે વિંટળાયલા-
રિસાઇ અન્ન ત્યાગે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૬.

અષ્ટાદશે દિને રંગા રિઝવે નિજ બાળને
દઇ દૃષ્ટાંત, શાંતિ દે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૭.

રંગભક્ત રતિભાઇ પ્રેમ અવધૂત નામથી
નવાજે બચુભાઇને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૮.

લીંચના લોકને આપે પ્રેમ ને પ્રેમ મેળવે,
લોકો વંદે ગુરુ માની, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૬૯.

ગામે ને પરિવારે જે નાના બાળકને ગમે,
નાના બાળ ગમે જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૦.
જગન્નાથ ત્રિવેદીની રંગ ભિક્ષાની ભાવના,
પૂરે રંગ 'બચુ' દ્વારા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૧.

કનૈયાલાલ વાણી જો પહેરાવી પુષ્પમાળ ને-
મૂકે માથું પદે જેના, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૨.

કૃષ્ણશંકર શાસ્ત્રીજી કરે દર્શન રંગની-
આંખના, પ્રેમની આંખે **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૩.

ભક્ત મહાદેવિયા છૂટે વ્યાધિ વંટોળથી ખરે,
નોધારાના બને બેલી, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૪.

હીરને મોતથી રક્ષે, રક્ષે અંજની સર્વદા,
ઋજુલને જીવાડે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૫.

ભંડેરી પોળમાં તાપે, સામૈયામાં તપે બધાં,
ઇચ્છા માત્રે કરે છાયા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૬.



પોરવાસી કથાકાર પ્રેમી ગોવિંદભાઇને,
મૃત્યુ સન્માન આપે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૭.

સુપથે વાળીને જેને નૂતન જીવન બક્ષતાં,
સ્મરે યોગેશને ભાવે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૮.

વ્યાસનો ભાવ જાણીને આપે નિદ્રા દૂરે રહી,
મુક્તિ આપે વ્યથામાંથી, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૭૯.

જેની હૂંફે સહે દીપ્તિ દુઃખો રંગ ખુમારીથી,
યોગક્ષેમ વહે છે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૦.

ભાવ અંતરનો જાણી સંભાળે જે અનિલને,
ઘણા સંકટ હર્યા જેણે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૧.

જામાતા શ્રોફના શોધે ભૂમિ હોસ્પિટલ કાજ જે,
આપે માગ્યા પ્રમાણે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૨.

વચ્ચે રાખી રંગ જેને લીલા દિવ્ય જ આચરે,
વર્તે સેવક ભાવે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૩.

પરદેશે પરિવારે જે સંવાદિતા સંવારતો,
જીવન કવન કર્યા મીઠાં, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૪.

નિષ્ઠા ભક્તિ અતિ ઊંચી ભક્ત દેવેન્દ્રભાઇની,
રક્ષા કીધી હૃદય રોગે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૫.

મહેશ પત્ની પુષ્પાની વિપત્તિ જે ધનોરની-
કરી દૂર, જીવાડે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૬.

જેની કૃપા થકી પામ્યા સુખ સંતાનનું ખરે-
મઘોલકર દંપતિ એ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૭.

સિદ્ધપુર તણી કન્યા પીડાએ ચર્મ રોગથી,
દુઃખ પીડા હરી જેણે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૮.

રંગ દર્શન ઇચ્છાથી ભક્ત દેહ ન છૂટતો,
દર્શન આપી કરે મુક્ત, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૮૯.

રંગના મંત્રની સ્મૃતિ ઉર્મિલાના જયેશને-
કરાવે હાથ મૂકીને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૦.

સોની ઘડે અલંકારો હરે ભૂત ડભોઈમાં,
મંત્ર આપી હરે પીડા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૧.

રંગ ભક્ત ઉમલ્લાના સપડાયા ખૂન કેસમાં,
અનુષ્ઠાને થતી મુક્તિ, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૨.

સુધાબેન દવે કેરી કીડનીની વ્યથા હરે-
સ્વપ્ન દર્શન માત્રે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૩.

જગજીવન ગાંધી પુત્રીનાં સંકટો સઘળાં હરે,
સંભાળે અતિ પ્રેમે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૪.

દર્દ ભારે ઉપિકાનું હરે રંગ-પ્રસાદથી
મૂઠી ભરી પગે જેણે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૫.

ધમડાછા ધામ રંગાનું, ભક્તિ જોઈ નિરૂતણી,
અમીને સંતતિ દે જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૬.

જાતાં જામનગરમાં જે દત્તમંદિર દર્શને,
દેવની ફરકે આંખો, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૭.

રેખા પુત્રવધૂને દે સુખ સંતાન પ્રાપ્તિનું,
પાળે બોલેલ શબ્દો જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૮.

આત્મજા ગણતા જેને જીવની જેમ જાળવે,
હરે સંકટ નિશાના જે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૯૯.

પોતાના ઘરમાં આજે સુખે રહે મિનાક્ષી જો,
પ્રેમની પ્રેમ દૃષ્ટિથી, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૦.

મિત્ર ઋણ અદા કરવા લીલા અવનવી આચરે
કાન્તિલાલ દવેને ત્યાં, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૧.

જોલી ભાર્ગવને દેતાં ઈચ્છિત પ્રવેશ અંતમાં,
રાખે રંજનને રાજી, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૨.



ઈસુના કોકને થાતાં દર્શન જો વળી સાંઈના,
જલારામ ગણે જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૩.

વિદેશ ગ્રીકવાસીની સમસ્યા સૂલઝાવતાં-
સનાતન મંદિરે લીલા, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૪.

કચુ દરજી સુતા કેરી પ્રાર્થના રંગ સુણતાં,
માધ્યમ રંગ કરે જેને, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૫.

માતૃભાવે સદા રક્ષો પ્રેમ! રંગ-પ્રસાદથી,
જેવો તેવો તમારો છું, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૬.

રંગના પ્રેમમાં ડૂબી પ્રેમ રંગ સદા સ્મરે,
ભુક્તિ ને મુક્તિ પામે તે, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૭.

ભક્તિ ભાવ થકી સેવે પ્રેમ નામ પીયૂષને
**પાપીગણુ** ટળે પાપો, **નમું શ્રીગુરુ પ્રેમને.** ...૧૦૮.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# (૭૭)

## નાનું ને નાનકડું લીંચ તીર્થ ધામ

નાનું ને નાનકડું લીંચ તીર્થ ધામ,
અવધૂત શ્રીરંગનું ગોકુળિયું ગામ.
પ્રેમ-કૃપા-શાંતિનો હોય જ્યાં મુકામ. ...અવધૂત શ્રીરંગનું.

ભલાભોળા માનવીના હૈયામાં પ્રેમ છે,
રંગ કેરા ચરણોમાં યોગ અને ક્ષેમ છે,
હાથે રંગ કામ અને મુખે રંગ નામ. ...અવધૂત શ્રીરંગનું.

રંગ કહે લીંચ મિનિ નારેશ્વર જાણો,
રંગે પૂર્યા પ્રાણ અહીં, વાત સાચી માનો,
**પાપીગણુ** ભક્તોના મનનો વિશ્રામ. ...અવધૂત શ્રીરંગનું.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# (૭૮)
# પ્રેમચાલીસા

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર **શ્રીરંગ-પ્રેમ**.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ-સેવક-ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે લઘુતા ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત કૃપાશંકર સંસ્કારી, માતા શાંતિ સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઈ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લાં કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
"કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખના દર્શન થાશે."
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે.
સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.
રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
રંગ, રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોના હૈયા હરખાયા.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, **પ્રેમ, કૃપા, શાંતિ** જ જણાએ.
"લીંચ જાણ મીની નારેશ્વર", એવું બોલ્યા રંગ ગુરુવર.
'દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં' એમ રંગ વદે છે.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી.

મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, સેવે ગુરુ પણ, એવા સેવકને હો ધન-ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, 'લીંચ જરૂર આવીશ' એમ સીધું.
રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
"આવીશ કહીને કેમ ન આવ્યા?" બચુભાઈ તો હઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.
એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.
દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું, મન પણ બહુ હરખાયે.

રંગ હૃદય-મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, 'એને હું શું આપું મૂર્ત?'
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
**રંગ-કૃપા-શાંતિ**નો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
'થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.'
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, **હીર-ઋજુલ**ને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ-પ્રેમમાં **કુલીન ગણુ** ડૂબી જાતાં પામે ઘણું.

ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ-પ્રેમમાં ન્હાય,
ઘર-જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.

યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,
નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્‌ગુરુ રંગકી જય.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# (૭૯)

## જાગો જાગો હે રણછોડ રાયા

જાગો જાગો હે રણછોડ રાયા
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા. ...ટેક.
તારા પ્રેમની લગાડી તેં માયા. ...રંગ.
તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા. ...રંગ.
તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા. ...રંગ.
સૂણો **પાપીગણુ**ના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભક્તો હરખાયા. ...રંગ.

(ધૂનઃ શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે)

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# (૮૦)
# આ લીંચ તે ડાકોર

આ લીંચ તે ડાકોર, રંગરાજા શ્રીરણછોડ.
ભક્ત ભાવના દેખી દોડ્યો, વિઠ્ઠલ-નંદકિશોર. ...આ લીંચ.

સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન,
લીંચ જાણ **'મિનિ નારેશ્વર'** એ રંગાના બોલ. ...આ લીંચ.

દ્વારિકાથી પ્રભુ પધાર્યા, **બચુભાઈને**[1] કહેવા લાગ્યાં,
'બોડાણા સમ મંતર મારો, સુવું તાણીને સોડ'. ...આ લીંચ.

ભક્ત[2] પૂછે 'પ્રભુ હશો ન જ્યારે, શાંતિ કાજ જવું ક્યાં અમારે?'
લીંચ જજો ત્યાં શાંતિ મળશે એ રંગાનો કોલ. ...આ લીંચ.

હરિદ્વારમાં રતિભાઈને[3], રંગ પૂછે શું આપું એને?
ભલું કરે ભગવાન જ એનું, દે આશિષ અમોલ. ...આ લીંચ.

રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
**રંગ-પ્રેમ** તો **કુલીનગણુ**ની કાળજડાની કોર. ...આ લીંચ.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

❁

# (૮૧)

## પ.પૂ. પ્રેમ અવધૂતશ્રીના ૭૫મા અમૃતમહોત્સવ નિમિત્તે

## પ્રેમષડાક્ષરસ્તોત્ર

પ્રેમાક્ષાય પ્રેમપ્રદાય પ્રેમસ્વરૂપાય પ્રેમેશ્વરાય
નિત્યાય હૃદિપ્રેમપૂજાય, તસ્મૈ **'પ્રે'**કારાય નમઃ પ્રેમાય

મન્દસ્મિતાય મનઃપ્રિયાય મનઃસુખાય મનેશ્વરાય
મનમન્દિરાય સદાસ્થિતાય, તસ્મૈ **'મ'**કારાય નમઃ પ્રેમાય

અખિલવિશ્વવ્યાપ્તાય અકાયકાય અધિગમાય અનંતેશ્વરાય
અવધૂતનાથાય અભયપ્રદાય, તસ્મૈ **'અ'**કારાય નમઃ પ્રેમાય

વરલક્ષણાય વરસ્પંદનાય વન્દનપ્રિયાય વરેશ્વરાય
વદનસુખાય વરવરદાય, તસ્મૈ **'વ'**કારાય નમઃ પ્રેમાય

ધૂનપ્રિયાય, ધૂપપ્રિયાય ધૂલિપ્રિયાય ધૂર્જટિશ્વરાય
ધ્રુવસ્થિતાય ધ્રુવપદપ્રાદય, તસ્મૈ **'ધૂ'**કારાય નમઃ પ્રેમાય

તન્મયસ્થિતાય તનઃપ્રાણાય તત્પદપ્રદાય તત્ત્વેશ્વરાય
શુદ્ધાય તત્ત્વાય તત્સ્વરૂપાય, તસ્મૈ **'ત'**કારાય નમઃ પ્રેમાય

**: અનુવાદ :**

પ્રેમરૂપી આંખવાળા, પ્રેમ પ્રદાન કરવાવાળા પ્રેમસ્વરૂપ, પ્રેમેશ્વર (પ્રેમના સ્વામી), જે નિત્ય છે અને હૃદિપ્રેમથી પૂજાય છે તેવા **'પ્રે'** આકારી 'પ્રેમ' તમને નમન કરું છું.

મન્દસ્મિતવાળા, મનને પ્રિય અને મનને સુખ આપનાર, મનેશ્વર (મનના સ્વામી), જે મનમંદિરમાં સદા સ્થિત છે તેવા **'મ'** આકારી 'પ્રેમ' તમને નમન કરું છું.

અખિલ વિશ્વમાં વ્યાપેલા, શરીર વગરના છતાં શરીરી, નિકટતમ રહેનાર, અનંતેશ્વર (અનંતના સ્વામી), અવધૂતનાથ અને અભય પ્રદાન કરનાર તેવા **'અ'** આકારી 'પ્રેમ' તમને નમન કરું છું.



શ્રેષ્ઠ લક્ષણ ધારાણ કરવાવાળા, શ્રેષ્ઠ સ્પંદન ઉત્પન્ન કરવાવાળા, વંદનપ્રિય, વરેશ્વર (શ્રેષ્ઠ ઈશ્વર), સુખ આપતું વદન ધારણ કરનાર, શ્રેષ્ઠ વરદાન આપનાર તેવા **'વ'** આકારી 'પ્રેમ' તમને નમન કરું છું.

ધૂન જેને પ્રિય છે તેવા, ધૂપ જેને પ્રિય છે તેવા, ધૂળ જેને પ્રિય છે તેવા, ધૂર્જટેશ્વર (વાંકડી જટા ધારણ કરવાવાળા ઈશ્વર), સદા ધ્રુવ સ્થિતિમાં રહેનાર, ધ્રુવપદ પ્રદાન કરનાર તેવા **'ધૂ'** આકારી 'પ્રેમ' તમને નમન કરું છું.

સદા તન્મય રહેનાર, તનના પ્રાણ, તત્પદ દેનાર, તત્ત્વેશ્વર (તત્ત્વરૂપી ઈશ્વર) શુદ્ધ, તત્ત્વ અને તત્સ્વરૂપ તેવા **'ત'** આકારી 'પ્રેમ' તમને નમન કરું છું.

ચરણાનુરાગી
- પીયૂષ જાની

# (૮૨)

## સદ્‌ગુરુઋણાષ્ટક

**પ્રે**મે કરી પ્રેમકૃપા ને, અપરંપાર પામ્યા પ્રેમ
**મ**નથી, હૃદયથી પ્રણામ કરું, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૧.

**ગુ**હ્ય અંધકાર દૂર કર્યો, અંતર પ્રગટાવ્યો પ્રેમ
**રુ**હનું ભાન કરાવ્યું આપે, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૨.

**બિ**લકુલ ખબર પડી નહીં, પેસ્યો અંતરતમ પ્રેમ
**ન**ર્યો ભીંજવ્યો; ઋણી છું, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૩.

**જ્ઞા**ન થયું સહજ તુજ સંગ, ને સહજ થયો તુજ પ્રેમ
**ન**થી પ્રશ્નનું ઉદ્‌ભવ સ્થાન, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૪.

**રં**ગલીલાઓ અનુભવાવી, ધરાઈ કર્યો છે પ્રેમ
**ગ**ગનપાર પહોંચાડ્યો પામર, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૫.

**કિ**સ્મત કે આ ઋણાનુબંધ! 'પીયૂષ' પામ્યો 'પ્રેમ'
**સ**દા, સર્વદા સાથ નિભાવ્યો, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૬.

**બિ**નશરતી સોદો પામ્યો, ચપટી સાટે ખોબો પ્રેમ
**ધ**ન્ધો શીખવ્યો સત્ત્વનો, સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૭.

**પા**ય લાગુ મન, હૃદિ, સાષ્ટાંગે, ધ્યાન ધરી ગુરુપ્રેમ
**ઉ**ર ધર્યું છે ગુરુદક્ષિણે, સ્વીકારો સદ્‌ગુરુ શ્રીરંગપ્રેમ. ...૮.

૨૧-૭-૨૦૦૫
ગુરુપૂર્ણિમા

ચરણાનુરાગી
- પીયૂષ જાની

## (૮૩)
## ત્રિશ્લોકી નમનમ્

નમામિ નિત્યમ્ ગુરુ પ્રેમરૂપમ્
માર્દવમુખમ્ સુખદા સદા ત્વમ્ ।
મિતભાષિ નિત્યં પ્રિયમૌનરુપમ્
નિજાનંદ પ્રેમમ્ તત્ત્વમ્ સ્વરૂપમ્ ॥૧॥

ચિંત્યમ્ સદા રંગવસિત પ્રેમહૃદયમ્
ગુહ્ય સ્વરૂપભાસિતમ્ તવ સ્વરૂપમ્ ।
રુચિતરંગતત્ત્વમ્ નયનમ્ વિકાસિન્
પ્રેમસ્વરૂપમ્ પ્રણતોસ્મિ નિત્યમ્ ॥૨॥

મન્દહાસ્યશોભિત વદનમ્ સુદર્શમ્
રુષિતદ્વિસ્વરૂપમ્ પ્રેમમ્ રંગમ્ ।
પરમાત્મઆત્મમ્ વસતિ પ્રેમદેહમ્
અહમ્ હૃદિવસનમ્ નમામિ નિત્યમ્ ॥૩॥



**: અનુવાદ :**

સદા સુખ આપનાર માર્દવમુખવાળા ગુરુ પ્રેમરૂપને નિત્ય નમન કરું છું. (કારણ) મિત (ઓછું) વદનાર, જેને મૌન અતિપ્રિય છે એવા નિજાનંદી પ્રેમતત્ત્વ સ્વરૂપ આપ છો. ...૧.

પ્રેમહૃદયમાં બિરાજમાન શ્રીરંગનું સદા ચિંતન કરનાર, તેવા તમારા સ્વરૂપમાં સમાયેલ ગુહ્ય (ગુરુ) સ્વરૂપ પ્રકાશિત થયેલ દેખાય છે, (જે) નયનમાં પ્રકાશસ્વરૂપ રંગતત્ત્વ પ્રકાશી રહ્યું છે તેવા પ્રેમસ્વરૂપને નિત્ય પ્રણામ કરું છું. ...૨.

મન્દ હાસ્યથી શોભાયમાન સુંદર દર્શન આપનારું તમારું મુખ છે. (તમો) પ્રેમ અને રંગના મિશ્રણરૂપ દ્વિસ્વરૂપથી શણગારાયેલ છો. આત્મારૂપી પરમાત્મા પ્રેમદેહે વસેલા છે, એવા મારા હૃદયમાં બિરાજેલા પ્રેમને હું નિત્ય નમન કરું છું. ...૩.

૨૭-૩-૨૦૦૫

ચરણાનુરાગી
- પીયૂષ જાની

# (૮૪)
## મંગળપ્રેમ પ્રાર્થના
### (અષ્ટક)

પ્રેમસિન્ધુ, ઓ! પ્રેમસિન્ધુ; પ્રેમ કરી કૃપા કરજો.
પ્રેમરંગ વરસાવી અવિરત, સત્ત્વગુણી સૌને કરજો.
હે પ્રેમ! સૌના હૈયામાં, પ્રેમના ધૂઘવા કરજો.
કરુણા ભરેલા નયનથી, હર નયનને ભર્યા કરજો.
પ્રેમદૃષ્ટિથી દૃષ્ટિ કરીને, દૃષ્ટિને આ ધન્ય કરજો.
પીયૂષ ભરી ભરી કાનમાં, પ્રેમકળશ ઢોળ્યા કરજો.
આંખે, કાને, જીહ્વે, મને; અંતરે, પ્રેમથી સ્પર્શ કરજો.
જોઉં, સાંભળું, બોલું, વિચારું; સઘળે પ્રેમથી વાસ કરજો.
પ્રેમનામ હર નામ ભરીને, આખા જગને પ્રેમી કરજો.
પ્રેમનામમાં રંગ ભરીને, આખા જગને રંગી કરજો.

પ્રેમસંબંધની વાત અધૂરી, આ જન્મે પૂરી કરજો.
ના મનનો, ના દિલનો; ઋણાનુબંધનો નાતો આ છતો કરજો.
દયા લાવીને પ્રેમમય! અહમ્, માન, યશ નાશ કરજો.
એકમેકમાં પ્રેમ ભરેલો, રંગઘટ પ્રિછે; એ આશ કરજો.

૨૮-૧૧-૨૦૦૫

ચરણાનુરાગી
- પીયૂષ જાની

# (૮૫)

## વિરહની વેળા

(રાગ-મિશ્ર પિલુ)

વિરહની વેળા આવી, આંખોમાં પાણી લાવી
હઈડામાં હિબ્કા લાવી, દલડે નારાજી લાવી. ...વિરહની. ૧.
મિલન માણ્યું ના માણ્યું, સહચર ભોગવ્યું ના ભોગવ્યું
વેરણ વિરહની, દોડતી દોડતી રાત આવી. ...વિરહની. ૨.
સોણલા શમણાંને છિનવી, વેરી થઈ આ નિંદરડી
તારલાઓ ગણવાની, લાંબી લાંબી રાતો આવી. ...વિરહની. ૩.
આવવા જવાનું ટાળી, બેસો 'કા'ના' હૈયે ઠરી
અણગમતું ગમતું કરી, રીઝવો આ 'રાધા' ઘેલી. ...વિરહની. ૪.

૨૯-૬-૨૦૦૫

ચરણાનુરાગી
- પીયૂષ જાની



# (૮૬)

# બોત્તેર પ્રેમ હાયકુ

૧. પ્રેમ એટલે
શાંતિ કૃપા નંદન
શ્રીરંગ દૂત

૨. પ્રેમ એટલે
ન કક્કો બારાખડી
અઢી અક્ષર

૩. પ્રેમ એટલે
નિરાકાર આકારી
રંગ સાકારી

૪. પ્રેમ એટલે
પ્રણવ સાક્ષાત્કારી
ૐકાર મંત્ર

૫. પ્રેમ એટલે
નિરાકાર, અભિન્ન
આતમ દેહ

૬. પ્રેમ એટલે
નિરાકારી ગમન
એક આકાર

૭. પ્રેમ એટલે
દ્વૈત અદ્વૈત મુક્તિ
એકી કરણ

૮. પ્રેમ એટલે
સુખ પરમાનંદ
શોક નિર્મૂળ

૯. પ્રેમ એટલે
આત્મા પરમાત્માનું
દિવ્ય વાઙ્ગમય

૧૦. પ્રેમ એટલે
તાદાત્મયનો ભાવ
બીજું સ્વરૂપ

૧૧. પ્રેમ એટલે
અંતઃ અખિયનને
ઝાંખી પ્રભુની

૧૨. પ્રેમ એટલે
પરમપદ પ્રાપ્તિ
સાધન શ્રેષ્ઠ

૧૩. પ્રેમ એટલે
દ્રષ્ટા અદશ્યનો
દર્શન યોગ

૧૪. પ્રેમ એટલે
તત્ત્વ ઈશ્વરીય
પ્યાર પ્રભુનો

૧૫. પ્રેમ એટલે
દંભવિનાની ભક્તિ
પ્રભુ સ્વીકાર્ય

૧૬. પ્રેમ એટલે
પ્રભુદ્વારની વાટ
રાહ વિનાની

૧૭. પ્રેમ એટલે
નોખું પ્રભુસ્વરૂપ
હૈયે દર્શન

૧૮. પ્રેમ એટલે
મૌનત્વ શબ્દનું
ગૂઢ શબદ

૧૯. પ્રેમ એટલે
અર્પણ સર્વસ્વનું
સર્વસ્વ તારું

૨૦. પ્રેમ એટલે
અંતરને ઓટલે
હું ને તું ચૂપ

૨૧. પ્રેમ એટલે
ચાર આંખોનું ઐક્ય
આંખો અદશ્ય

૨૨. પ્રેમ એટલે
જાતપાત અભાન
બેભાન હસ્તી

૨૩. પ્રેમ એટલે
સ્પંદન સ્પર્શનું
હાથ વિનાનું

૨૪. પ્રેમ એટલે
આંખ અમી ઝરણું
નહાયા કરું

૨૫. પ્રેમ એટલે
ઝણઝણાટી મીઠી
આંઠે પ્રહાર

૨૬. પ્રેમ એટલે
હું માં તું ને તું માં હું
અનેરું વિશ્વ

૨૭. પ્રેમ એટલે
રંગવિનાનો રંગ
અંતર પેખે

૨૮. પ્રેમ એટલે
પોયણું પ્રભાતનું
હું તો ઝાકળ

૨૯. પ્રેમ એટલે
લાગણીનું બંધન
બંધાવું ગમે

૩૦. પ્રેમ એટલે
ધરા-આભ મિલન
ક્ષિતિજ નહીં

૩૧. પ્રેમ એટલે
આપણ ઉભયની
હસ્તી ખલાસ

૩૨. પ્રેમ એટલે
પુરુષ પ્રકૃતિની
મિલન ઇચ્છા

૩૩. પ્રેમ એટલે
શબદ વગરનો
પ્રેમ આલાપ

૩૪. પ્રેમ એટલે
પરવા કેવી? કોની?
પરિણામની?

૩૫. પ્રેમ એટલે
મેઘાડંબર કાળા
શ્વેત વર્ષા

૩૬. પ્રેમ એટલે
મુજ પર ભરોસો
તારા ભરોસે

૩૭. પ્રેમ એટલે
કેયુર કેકારવ
નાચ વસંતે

૩૮. પ્રેમ એટલે
પ્રતિક્ષા મધમીઠી
વિરહ આનંદો

૩૯. પ્રેમ એટલે
રંગી મેઘધનુષ
રંગ અરંગી

૪૦. પ્રેમ એટલે
અમુંઝણ હૃદયે
ગમતું દર્દ

૪૧. પ્રેમ એટલે
પુરુષ ને પ્રકૃતિ
અભિન્ન અંગ

૪૨. પ્રેમ એટલે
અંતરનો ઉછાળો
શાંત અંતર

૪૩. પ્રેમ એટલે
ઊંડાઇ અંતરની
અમાપ ઉર

૪૪. પ્રેમ એટલે
અંતર ખૂણે ખૂણે
આર્ત પોકાર

૪૫. પ્રેમ એટલે
શોણિતનું વહેણ
રોમેરોમમાં

૪૬. પ્રેમ એટલે
ગગન વિહરવું
પાંખ વિનાનું

૪૭. પ્રેમ એટલે
નોખાં નોખાં હૈયાની
એક ધબક

૪૮. પ્રેમ એટલે
ઊંડે ડૂબી જવાનું
મરી જવાનું

૪૯. પ્રેમ એટલે
નરસિંહ મહેતા
મીરાં કે કા'ન

૫૦. પ્રેમ એટલે
સૌરભ અંતરની
પ્રસરાયેલી

૫૧. પ્રેમ એટલે
આંખો મહીં ઓગળે
દેહની આંખો



પર. પ્રેમ એટલે
નોખાં નોખાં હૃદયે
લક્ષણ એક

૫૩. પ્રેમ એટલે
દેહવૃક્ષનું મૂળ
દેહ વિનાનું

૫૪. પ્રેમ એટલે
ન્યોછાવર વૃતિત્ત
અભાનપણે

૫૫. પ્રેમ એટલે
અદ્‌ભૂત સંગમ
હૈયે હૈયાનો

૫૬. પ્રેમ એટલે
ઈશ્વરના ઘરનો
ટૂંકો રસ્તો

૫૭. પ્રેમ એટલે
પ્રભુકૃપા ઝિલતું
પાત્ર ચામનું

૫૮. પ્રેમ એટલે
શ્વાસે ઉચ્છવાસે
એકજ નામી

૫૯. પ્રેમ એટલે
ઉત્તમોત્તમ ભાવ
પ્રભુ મળે જ

૬૦. પ્રેમ એટલે
શણગાર દેહનો
આતમ રાજે

૬૧. પ્રેમ એટલે
સાંભળવાની વૃત્તિ
મૂંગી વૈખરી

૬૨. પ્રેમ એટલે
અનન્ય શક્તિદા
પ્રભુ રિઝાય

૬૩. પ્રેમ એટલે
ક્ષણ ક્ષણ સુખદ
મનોસ્થિતિ

૬૪. પ્રેમ એટલે
પ્રભુ તૃપ્તિ ભોજન
ભાવની ભિક્ષા

૬૫. પ્રેમ એટલે
દિવ્ય અનુભવ
પ્રભુ હયાતી

૬૬. પ્રેમ એટલે
નશીલી આસક્તિ
નશીલો કેફ

૬૭. પ્રેમ એટલે
જીવે હુંફ અનેરી
ખુદાનો ખોળો

૬૮. પ્રેમ એટલે
પહેલું પગથિયું
બીજે ઈશ્વર

૬૯. પ્રેમ એટલે
શીતળ ઉજામણા
ગાઢા અંધારે

૭૦. પ્રેમ એટલે
સિંચન શ્રદ્ધાબીજ
વૃક્ષ આકાશે

૭૧. પ્રેમ એટલે
અગમ ને નિગમ
અપાર લીલા

૭૨. પ્રેમ એટલે
નકરું નીતરતું
રંગ પીયૂષ

ચરણાનુરાગી
- પીયૂષ જાની

# (૮૭)

## પ.પૂ. પ્રેમ અવધૂતશ્રીના ૭૫મા અમૃતમહોત્સવ નિમિત્તે...

**પ્રે**મ પ્રગટ્યો પરબ્રહ્મે, જગત્ ઉત્પત્તિ કારણ.
**મ**રજી 'એ'ની જ ચારે કોર, ક્યા દેહે અવતરણ?
**ની**જ ઇચ્છા થકી કરે લીલા એ રંગ કેરો પ્રેમ.

**પં**ચમહાભૂતે ભેળો થઇ, કરે કેટલાંય કરમ.
**ચો**દિશ નહીં, દસે દિશ નહીં, શ્વસે અંતર હર અંતર.
**તે**ને પામ્યા એક રંગ થઇ, જપી પ્રેમમંતર.
**ર**હ્યો પાસે, રહ્યો શ્વાસે, રહ્યો એ અંતઃઅંગ.
**મી**થ્યા ભટક્યા વિણ બસ પાયો, અંગે રંગ અરંગ.

**અ**વસ્થા બક્ષી અવધૂતે, અવધૂતને મનભાવન.
**મૃ**ત થઇ નશ્વરથી, રંગ પ્રગટ્યો પ્રેમબદન.
'**ત**ત્ ત્વમ્ અસિ' કહી, તત્ થયું પ્રેમે અનંત.
**જ**ન્મ સફળ કર્યો સદ્ગુરુએ, લૂંટાવવા આનંદ.
**ય**તિ, જતિ, મુંડી, ઋષિ, મુનિ; સદ્ગુરુ સહિત સૂરગણ.
અ**ન્તી**ને દે અનંત આશિષો, ફૂટે હૈયે 'પીયૂષ' મણ મણ.

ચરણાનુરાગી
- પીયૂષ જાની



# (૮૮)

# બોતેરમી પ્રેમજયંતી

**બોં**તેર સહસ્રનાડી એ, પ્રેમના દેહે રંગ છે.
**તે**ના થકી રંગ અને પ્રેમ આપણ સંગ છે.
**ર**બની[૧] આ તો લીલા છે, રબનું આ તો અંગ છે.
**મી**રાની આંખે જોશો તો, બધે જ શ્યામ રંગ છે.
**પ્રે**મમાં ભેળવો રંગ તો, બને તે ભક્તિરંગ છે.
**મ**તલબ મૂકો બાજુએ તો, રંગ પ્રેમની સંગ છે.
**જ**નમ લઈ અવતરે દેહમાં, એવો પ્રભુનો ઢંગ છે.
**ન**થી ખોળિયું પ્રેમનું એકલું, અસ્સલ પ્રભુ રંગ છે.
**મ**ને ખબર પડી ગઈ છે, પ્રેમ તત્ત્વ છે ના અંગ છે.
**જ**નમ પ્રેમનો ક્ષણે ક્ષણે છે, હૈયે હૈયે ઉમંગ છે.
**યં**નામ[૨] નામી લાગે ભલે, અસ્સલ અનામી, અરંગ છે.
**તિ**રોભાવ[૩] ધારી આ પ્રેમ જ, સાચો પીયૂષ રંગ છે.

૨૨-૮-૨૦૦૨ — પીયૂષ જાની
રક્ષાબંધન-ગુરુવાર

❁

૧. ખુદા, પરમાત્મા. ૨. આ નામ, તારું નામ. ૩. અદૃશ્યતા.

# (૮૯)

અંતર્યામી સ્મર્તુગામી તું તારી યાદ મને ખૂબ આવે
સંકટ સમયે યાદ કરું ત્યારે, ઝટપટ દોડી આવે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૧.

માંદગી મારી ગંભીર હતી ત્યારે સ્વજનો બહુ ગભરાયે,
નિદ્રા વિદેશથી તૂર્ત મોકલી, માંદગી દૂર ભગાવે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૨.

ફાલ્ગુનની ગંભીર બિમારી ડૉક્ટરો ખૂબ મુંઝાયે,
માંદગી તેની દૂર કરીને, ગુરુને જશ અપાવે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૩.

ફર્નિચર બીનાની દુકાનનું, ચોરોથી તું બચાવે,
કોણ છો અલ્યા એવો સાદ પાડીને, ચોરોને તૂર્ત ભગાડે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૪.

પારૂલની માનસિક સ્થિતિ બગડી ત્યારે નિર્મળા ખૂબ ગભરાયે,
મુંબઇથી હાજર રહીને તું, તારું વચન નિભાવે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૫.

પરીક્ષા મારી વારંવાર કરે કેમ મને કદીના સમજાયે,
દરેક પ્રસંગે વ્હારે આવી, મારી શ્રદ્ધા પ્રબળ બનાવે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૬.

દેશમાં હોય કે વિદેશમાં હોય તેનો ફર્ક હવે ન જણાયે,
અંતરમાં તારી મૂર્તિ વસાવી, દુઃખ જુદાઇનું ભૂલાવે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૭.

રંગ જીવાડેને રંગ જીતાડે, રંગ પ્રેમ બતાવે,
સૂકાન સોંપી દો રંગાને રંગ જ પાર ઉતારે
વ્હાલાજી તું ઝટપટ દોડી આવે. ...૮.

- ઈન્દ્રવદન વ્યાસ

આપે માને દુઃખ જે જાય નરકમાં તેહ;
સપ્તજન્મ દારિદ્રયમાં સડે નિપુત્રિક એહ. (અ.૮૯/દો.૨૪૦)



## (૯૦)

## પ્રેમ અમૃત મહોત્સવ

**પ્રે**રક બળ અમ સૌનું રંગા
**મ**હેર થકી તુજ ફરીએ ચંગા
**અ**ખંડ આનંદ તુજ સ્મરણે મળતો
**મૃ**ત્યુભય તુજ સ્મરણે ટળતો.
**ત**ન મન ધનથી કરીએ તુજ સેવા
**મ**સ્ત બની ચરણરત તુજ રહીએ દેવ
**હો**ય તુજ કૃપા તો છે સહુ સઘળુ
**ત્સવ** મહા ઉજવી તુજ ચરણે વિરમું

- કપિલ

❁

## (૯૧)

ચાતક અમે સૌ તું વર્ષા અમારી
કૃપાદષ્ટિ તારી લેશે અમને ઉગારી.

થઇ દૂત રંગનો તું ફરતો વિદેશે
નિહાળતો રંગ સૌમા નથી શંકા સ્હેજે

નિર્દોષ, પ્રેમાળ, સિદ્ધ વાણી તમારી
ખેંચે છે સૌને કરવા સેવા તમારી

આવો દયાળુ, આવો મારા વ્હાલા,
પીવાડો સૌને દત્તઅમૃતના પ્યાલા

રહો સદા સ્મરણ રંગનું શ્વાસ શ્વાસે
માગુ દયાળુ આજ એ જ તારી પાસે.

- કપિલ

# (૯૨)

પ્રભુ પરખ્યા હ્દે જેણે, ફરે ભમતો જગે શાને?
બનીને પ્રેમ અવધૂત એ ફરે ભમતો જગે શાને? ...ટેક.

કરીને સૂક્ષ્મ સેવાઓ, રીઝવ્યા રંગ ગુરુદેવા (૨)
ન કલ્પી કોઈથી જાએ કરી છે ગૂઢ ગુરુ સેવા. ...પ્રભુ. ૧.

ભજ્યા છે જીંદગી સારી, રંગને બ્રહ્મ માનીને
જીવ્યા છો જીંદગી સારી સૌમાં રંગ માનીને. ...પ્રભુ. ૨.

સ્વિકારી રંગનો આદેશ, લીધો છે. પ્રેમથી આવેષ (૨)
ફેલાવવા રંગનો સંદેશ ઘૂમો છો દેશ ને વિદેશ. ...પ્રભુ. ૩.

ખરચી છે જીંદગી સારી, ન થાક્યા કે ગયા હારી (૨)
સુણાવી રંગની લીલા બન્યા છો સૌના હિતકારી. ...પ્રભુ. ૪.

બનીને બાળ સમ જીત્યા, દિલડા બાળ ભક્તોના (૨)
બન્યા પ્યારા તમે દાદા પ્રેમે સર્વ ભક્તોના. ...પ્રભુ. ૫.

વિવશતા બાળ ભક્તોની, નિહાળી દિલડું દાઝ્યું (૨)
કરું શું હે પ્રભુ કેમે તમ સંદેશ પહોંચાડું? ...પ્રભુ. ૬.

કરાવ્યું આંગ્લભાષામાં, રંગનું સર્વ સાહિત્ય (૨)
કરી રંગની બડી સેવા બન્યા છો વ્યાસ આદિત્ય. ...પ્રભુ. ૭.

અધૂરા રંગના કાર્યો, પૂરા કરવા પ્રભુ કાજે (૨)
કરી પૂરી સદી પોણી, છતાં ભમતાં ફરો આજે. ...પ્રભુ. ૮.

ગુરુવાર ભાદરવા સુદ-૧ - કપિલ
૨૪-૮-૨૦૦૬



# (૯૩)

ભટકતો અલર્ક સમ હું થઇ હડકાયો,
બની સુબાહુ આજ તું વ્હારે ધાયો.
કૃપાદષ્ટિ ગુરુમાની થતી સફળ આજ લાગે,
ગુણલા પ્રેમનાં ગાતા નથી મને લાજ આજે.
હતા ભાઇ સૌના લાડલા અતિ પ્યારા
કરી સુક્ષ્મસેવા બન્યા આજ ગુરુના દુલારા.
ફરી દેશવિદેશે દિપાવ્યું ગુરુ રંગનું નામ,
ફેલાવ્યો સંદેશ ગુરુજીનો કરીને નિંદ હરામ.
કરો પ્રેમ સૌને નિહાળો રંગ સૌમાં,
લીધુ કશું ના દત્તસમ વ્હેચ્યું જ જગમાં.
ચિંતિત સદા ઉત્કર્ષ કાજે યુવાના,
દ્રવે ચિત્ત હરદમ જોઇ સૌની તમન્ના.
ભાષાતણો પ્રશ્ન મોટી રૂકાવટ,
કસી કમર તમે ના સ્હેજે થકાવટ.
લઇ સાથ વિદ્વાન દત્ત ભક્તોનો,
કર્યો માર્ગ સીધો સૌ બાળભક્તોનો.
વળી વિદેશી ભક્તજનોના હિત કાજે,
કર્યા ઉપલબ્ધ સર્વ ગ્રંથો અંગ્રેજી ભાષામાં આજે
જોઉ હરખતા બાપજીને ખૂબ આજે
રાખ્યો રંગ બચુએ એના ગુરુનો જ સાચો.

૨-૮-૨૦૦૬ - કપિલ

## (૯૪)

**રં**ગના લાડલા સૌના અતિ પ્યારા
**ગ**ણ્યા ના ગણાય અમ પર ઉપકાર તમારા
**ના** કીધી સેવા કદી તમારી તોયે
**દૂ**ર કીધાં તમે વિઘ્ન સૌ કોએ
**ત**ન મનથી કરુ સેવા તુજની નિશદીન
**ને**ન ભરી ભરી નિહાળું તુજ ને બની મૂક દીન.
**લા**જ રાખવા સર્વ ભક્તોની વેઠો છો તમે કષ્ટ અપાર.
**ખો**વાયેલા ને રાહ દિખાવી કર્યો તમે કંઈકોનો ઉદ્ધાર.
**પ્ર**ણમી વારંવાર તુજ ચરણમાં માગુ રંગ કેરી કૃપા અપાર.
**ણા**થી ઘણાં જન્મોનું ફળ તુજ દર્શન ભુલુ ન જરીયે લગાર.
**મ**નથી એક જ માગુ તમ પાસે લઈ જાઓ રંગ ચરણોની પાસ.

- કપિલ

❁

## (૯૫)

ભૂલો પડી ભટકતો હતો પ્રભુ, ઉન્મત્ત સમ સંસારમાં
કૃપા કરી પ્રભુ રંગે આખરે, મોકલ્યા પ્રેમને ઉદ્ધારવા.
પામી અતિ અપરાધી મેલો, કીધા છે અગણિત અપરાધ
પ્રેમ પ્રભુએ દયા કરીને પકડ્યો છે મુજ રંકનો હાથ.
માફ કરી અપરાધ કરોડો દયા પ્રભુ તમે કીધી
સેવા કરુ રંગ ચરણોની, નિશદીન મતિ એવી દીધી
રંગપ્રભુના દૂત તમે છો છો રંગના અતિ પ્યારા
કાર્ય રંગનુ ઉપાડી લઈને સત્કર્મો જગે વિસ્તાર્યો
દેશ વિદેશે ભ્રમણ કરીને જનહિત કાજે ખર્ચી નીજ કાયા
રંગપ્રભુની કૃપાથકી તમે કંઈક જનોને ઉદ્ધાર્યા.

- કપિલ



# (૯૬)

## ક્યાં છે મારો પ્રેમ?

એક દિવસ મેં ફુલને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
ફુલે કહ્યું એ મહેકે છે સઘળે ખુશ્બુ બનીને જેમ.
એક દિવસ મેં વાદળને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
વાદળે કહ્યું એ હાજર છે સઘળે નીલા અંબરની જેમ.
એક દિવસ મેં હૃદયને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
હૃદયે કહ્યું એ છે યાદોમાં “**પ્રિયતમ**”ની જેમ.
એક દિવસ મેં સૂરજ ને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
સૂરજે કહ્યું એ સઘળે પ્રકાશે મારા કિરણની જેમ.
એક દિવસ મેં ચંદ્રને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
ચંદ્રે કહ્યું એ છે “**રજની**”માં ઓજસ બનીને જેમ.
એક દિવસ મેં શ્રીકૃષ્ણને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
શ્રીકૃષ્ણે કહ્યું એ છે “ગીતા”માં બોધપાઠની જેમ.
એક દિવસ મેં [૧]“સુરેશ ઈન્દુ”ને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
તેણે કહ્યું [૨]એ રમે છે સઘળે [૩]“આનંદ-મંગલ”ની જેમ.
એક દિવસ મેં [૪]“વસંત-ઉષા”ને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
તેણે કહ્યું એ ખુદ છે “તેજસ” કરોડો સૂર્યનો જેમ.
એક દિવસ મેં “શ્રીરંગ”ને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
શ્રીરંગે કહ્યું એ રહે છે [૫]**પ્રેમપૂરે** મા-બાપ બનીને “**ડાહીકયુ**”ની જેમ
એક દિવસ મેં હવાને પૂછ્યું, “ક્યાં છે મારો પ્રેમ?”
હવાએ કહ્યું એ સૌના હૃદયમાં શ્વાસ બનીને જેમ.

- રજનીભાઈ સૂરતી

૧. સુરપતિ એવા ઇંદ્ર ભગવાન. ૨. લીલા કરે છે. ૩. બ્રહ્માનંદ-કલ્યાણ. ૪. વસંતઋતુની કોમળ સવાર. ૫. નવાપૂર.

## (૯૭)

## સાદો માનવી મહાત્મા બની શકે

સાદો માનવી મહાત્મા બની શકે,
તેનું સાફ ઉદાહરણ છે પ્રેમ;
બચુભાઈમાંથી પ્રેમ અવધૂત બન્યા
સદા રંગસ્મરણ કરી જેમ.

પ્રેમ તારુ નૂરત છે કરોડો સૂર્યથી વધું,
કારણ તું છે સાક્ષાત રંગસ્વરૂપ;
અને દરેક દેવો છે તુજ સમીપે લઘુ,
કારણ તું છે સઘળા દેવોનો ભૂપ!

રાખજે "આનંદ" ને સેવક તારા ચરણનો,
અને કાપજે સઘળા પાપ;
"મંગલ" માર્ગ બતાવજે જીવનનો,
કારણ હું છું બેટો તું છે બાપ.

- રજનીભાઈ સૂરતી

## (૯૮)

તીર્વેચ્છા છે સ્વીકારો આનંદની અને પૂરી કરજો મુજ આશ;
સ્વીકારો પ્રથમ પાંખડી જીવનના ફુલની જે રાખજો તમારી પાસ.

નારાજ ન કરીશ તારા બાળને, તેથી પૂરી કરજો મુજ આશ;
સ્વીકારો પ્રથમ પગાર જીવનનો જે મૂક્યો તુજ ચરણકમળમાં આજ.

સદા ખુશ રાખે પોતાના બેટાને, એવો પ્રેમ છે બાપ;
વિશ્વાસ છે મને આવા બાપ પર કારણ તે પૂરી કરશે મુજ આશ.

- રજનીભાઈ સૂરતી

કરે દ્વેષ જ્ઞાની તણો, નિંદે ગુરુને તેમ,
ત્યાગે કુલદૈવત કુધી, લેવું તદન્ન ન એમ. (અ.૯૦/દો.૭૫)



## (૯૯)

પ્રેમ અવધૂત ઐસી દયા બરસાઓ
ઘરઘર આનંદ લાઓ
હર ઘર આનંદ લાઓ. ...પ્રેમ અવધૂત. ૧.
તૂ હે માતા, તૂ હે પિતા
બંધુ સખા હરિ તૂ
અંતર્યામી હે પરમેશ્વર
અભય પ્રદાયક તૂ. ...પ્રેમ અવધૂત. ૨.
ભવભયહારક જગદોદ્ધારક
વિઘ્ન વિનાશક તૂ
પ્રેમ કે સિંધૂ દીન કે બંધુ
પ્રેમ પ્રદાયક તૂ. ...પ્રેમ અવધૂત. ૩.

- વાડીલાલ સોની પરિવાર

## (૧૦૦)

(રાગ-મિશ્ર શંકરા)

હે ગુરુ, મેરે પ્રભુ
તેરે ચરણમેં મેરા સ્થાન હો
મેરી ભક્તિમેં તૂ હી તૂ દીખે
મેરી મુક્તિ હૈ તેરી શક્તિ સે
હર સાંસ મેં તેરા નામ હો. .........તેરે. ૧.
તેરી સાધના મૈં કર સકું
ઈતની કરુણા મુઝપે કર (૨). ...તેરે. ૨.
તૂ હે શિવસ્વરૂપ ઔર શક્તિરૂપ
કરુણા સ્વરૂપ મેરે પ્રેમરંગ (૨). ...તેરે. ૩.

- દિલીપભાઈ વાડીલાલ સોની

# (૧૦૧)

ૐ

॥ દ્રાં દત્તાત્રેયાય નમઃ ॥

રંગના સદ્‌ભાવનું સ્વરૂપ દીઠું ભાઈમાં,
ઓળખ અજાયબ રંગની થાતી અમોને ભાઈમાં.
સેવા કરીતી રંગની ભાઈએ ખૂબ પ્રેમથી
એ પ્રેમસાગર ઘૂઘવે છે આજ મારા ભાઈમાં
વર્ષ પંચોતેરમું ઉજવી પછીના વિરમીએ
બાળકો પણ ઉજવે શતવર્ષ મારા ભાઈનાં
પ્રત્યક્ષ જોયાનો પ્રભુને દાવો નથી કરતા અમે,
દિદાર દિલબરનાં થયાં છે અમને અમારા ભાઈમાં.
ઠાઠ ભભકો કે પરાયું સ્હેજ પણ લાગે નહીં,
પોતા પણાનો ભાવ જાગે રંગરૂપી ભાઈમાં
સન્માર્ગ દર્શક સર્વના ને બાપુજી સહુ બાળના
પરિવારના એ પ્રેમ અવધૂત પ્રેમ જાગો ભાઈમાં.

- શ્રી ઉમંગભાઈ પાઠક
તિલકવાડા.

❀



# (૧૦૨)

પ.પૂ. બાપુજીના પાવન ચરણોમાં
સાષ્ટાંગ દંડવત પ્રણામ.

એક પરબ્રહ્મે લીધું દ્વિભુજ સદ્ગુરુ રૂપ
ત્રિવિધ તાપ મિટાવે જે, ચારે વેદ સ્તુતે જે રૂપ
પંચ તત્ત્વો પર કાબુ તેનો, છઠ્ઠીના લેખ પર મારે જે મેખ
સાત સમંદર પાર, મારા પ્રભુની આઠમી આ ખેપ.

સાત ચક્રને ભેદે જે, અષ્ટભૂજા શક્તિ, ગુરુમાત સ્વરૂપ
નવખંડે ખ્યાતિ જેની, દશ દિકપાલ કરે સ્તુતિ અનૂપ
એકાદશરૂદ્ર જે, ગુરુ દ્વાદશ જ્યોતિર્લિંગ સ્વરૂપ
સહજ, સરળ, કરુણામય, પ્રેમાવતાર, શ્રી પ્રેમ-રંગ-દત્ત સ્વરૂપ.

આ મારું જીવન, અસ્તિત્વ આપના થકી છે.
આપના વિના બધી વાત નકામી છે.
વિયોગની હંમેશાં રહી વસમી ઘડી છે.
સદા પાસે રહેવાની સદ્નસીબી ક્યાં મળી છે?

છતાં...
આપના દર્શન તે, જન્મોની કેટલાય, ફળી પુણ્યાઈ છે.
કે આ પાપી પર આપની રહેમ નજર તો પડી છે.

માટે વિનંતી...
મારું પતિત મન અને કપટી ઘણું હૃદય છે.
ના સતત સ્મરણ, ના દિલથી પૂજા કરે છે.

બસ મુસીબતે, આપ પાસે યાચના કરે છે.
કરુણામય સદ્‌ગુરુ છતાં મારી ખબર લે છે.
નથી લાયકાત મારી, દૂર મંઝિલ ઘણી છે.
અરજી આ આપને શ્રી ચરણે ધરી છે.

કે પ્રભુજી...
મારી આંખોથી અને સદેહે ભલે રહો આપ દૂર
હૃદય-મનમાં મારા બિરાજી હો સદા પ્રભુ-મિલનનું પૂર.
કૃપા આપની હું શી રીતે પામું
કૃપા જો કરો આપ, તો જ તારી કૃપા પામું.

છેલ્લે...
મારા હૃદય-મનમાં કાયમ આપ બિરાજમાન હો
આપના પાવન ચરણોમાં મારું નતમસ્તક હો
શિર પર મારા આપનો વરદ હસ્ત હો
આપની કૃપા થકી મારી ખરી (એવી) લાયકાત હો.

- નિલેશ ઠાકર



# (૧૦૩)

## યાચના

આપની કૃપાનો ના આવે પાર,
માંગુ તવ શરણ વારંવાર
લાયકાત વગરનો છું હું યાચક,
બનજો મમ જીવનના આપ ચાલક.

મુજ જીવન-પતંગની દોર આપ ઝાલજો પ્રભુ!
આ ફૂદ્ધી પતંગને ગગને ઊંચે ચડાવજો પ્રભુ!

વિકારોમાં ઝોલા ખાતી પતંગને સ્થિર કરજો પ્રભુ!
વાસનાની લપેટથી એને હંમેશ લચાવજો પ્રભુ!

અનેક જન્મોના થીંગડા દીધેલીને ચલાવજો પ્રભુ!
જેવી-તેવી તો પણ આપ આંગળીયે રાખજો પ્રભુ!

હંમેશ માટે મારો હાથ ઝાલજો પ્રભુ!
તવ ચરણે થોડી જગ્યા આપજો પ્રભુ!

- નિલેશ ઠાકર

❀

# (૧૦૪)
# શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે

અતિ સરળ, સ્નેહસભર, દયાવંત શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે
અતિ પાવન, ક્ષમાશીલ, કૃપાવંત શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે
તેજોમય, મંગલકારી, દંડધારી શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે
કરુણામય, સુખકારી, અઘહારી શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે
સકલજ્ઞાત, સકલ વ્યાપ્ત, બ્રહ્મરૂપી શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે
રૂપ-અરૂપી, કર્તુમ-અકર્તુમ, ઓમકારરૂપી શ્રી પ્રેમગુરુ નમોસ્તુતે

કોટિ કોટિ વંદન તુજ ચરણે. હે પ્રભુ!
માફ કરજો ભુલો મારી કૃપાળુ, હે પ્રભુ!
હરઘડી, હરપળ સહાય સાથે રહેજો,
મન-બુદ્ધિ, સ્વભાવને તમે દોરતા રહેજો,

ષડરિપુ, ષડરસોમાં હું હંમેશ અટવાઉં
દુઃખ પડે ત્યારે પાછો, તવ ચરણે લપટાઉં
કૃપાવંત ભગવંત એવી આશિષ યાચું
નિશદિન, પ્રતિશ્વાસે તુજ સ્મરણમાં રાચું
ક્ષમા યાચું, કૃપા-દાન દો, હવે નથી રહેવાતું.

કોઈ યોગ્યતા નથી છતા હું ઘણી અપેક્ષા રાખું.
મારી ગુરુ-મા વિના કોની પાસે માંગુ?

આકર્ષણોમાં, મારી ભ્રમિત થાય મતિ.
આંગળી તારી વારંવાર છુટી જતી.
હવે તો તું જ હાથ ઝાલ, જેથી
સૌ ફીકર જાય મટી

ન જાણે કેટલાય યુગોથી, કેટલાયને તાર્યા,
ન જાણે કેટલાય જીવોને, દુઃખોથી ઉગાર્યા.
શ્રી રંગના 'શ્રી સ્વામી મહારાજ' બની, અનેકોને ઉગાર્યા

શ્રી પ્રેમના 'શ્રી રંગ' બની, ભવ-તાપે કંઇકને ઉગાર્યા
ગોવાળોના 'શ્રી કૃષ્ણ' બની, અસુરોને સંહાર્યા.
હનુમાનના 'શ્રી રામ' બની, પથ્થરોને તાર્યા
અવતારી 'શ્રી પ્રેમ ગુરુ' આ પથ્થરને ના તારો?
ક્યારે આવશે, આ ખરબચડા પથ્થરનો વારો?

ના તનથી એવી સેવા કરી છે
ના મનથી એવી પૂજા કરી છે
છતા, માંગવાની મેં હંમેશ ગુસ્તાખી કરી છે.

ના કોઈ એનું એવું કામ કર્યું છે
ના મન મારું નિર્મળતાથી ભર્યું છે
છતા, પ્રેમની એણે હંમેશ લહાણી કરી છે

ના કોઈ એવી યોગ્યતા ભરી છે
ના કોઈ એવી ઉપાસના કરી છે
છતા તારી કૃપાની યાચના કરી છે

મેં નાના મોઢે મોટી-મોટી વાતો કરી છે
ગુરુ-મા સાથે ચરણોમાં રહેવાની કાકલુદી કરી છે

યોગ્યતા નથી, લાયક બની શકું
જીવનમાં ઘણી ભૂલો નકામી કરી છે.
ચરણે બેસી, કૃપા પામી શકું.

- નિલેશ ઠાકર

❁



આર્તબંધુ શ્રીગુરુ નકી, કલ્પવૃક્ષ સમાન;
ના વિસારે ભક્તને, માનો રંગ પ્રમાણ! (અ.૯૨/દો.૯૧)

# (૧૦૫)

## પ.પૂ. બાપુજીની દિવ્ય પાવન જન્મજયંતીએ

શ્રી પ્રેમજયંતીનો દિવ્ય અવસર,
નાચે બ્રહ્મા, શિવ નટવર.

શ્રી દત્તનો આ પ્રેમાવતાર
પાલક, પોષક, તારણહાર.

લીંચ ગામે દેહ ધર્યો,
પરબ્રહ્મને સાકાર કર્યો.

શ્વેત વસ્ત્ર, દેહ દૈદિપ્યમાન,
સુહાસ્ય વદન, શુભ્ર અનુષ્ઠાન.

દૃષ્ટિમાં છે અજબ ચમકાર,
વાણીમાં વ્હાલનો રણકાર.

કરુણા-પ્રેમની કરતા લ્હાણી,
જીવ માત્રને શ્રીરંગનો જાણી.

અકિંચન, નિઃસ્વાર્થ પ્રેમ,
કરતા ભક્તોનું યોગક્ષેમ.

દર્શન માત્રે, શાતા મળે,
આધિ-વ્યાધિ સૌની ટળે.

સહજ-સરળ, અતિ પ્રેમાળ,
શરણે આવેલાની લે સંભાળ.

કીધી લીલાઓ અપરંપાર,
શ્રેય શ્રીરંગ ચરણે ધરનાર.
જન્મજયંતીએ કરુ શું અર્પણ

કિં લોલં તારુણ્યં વિત્તં ચિત્તં જનસ્ય જિહ્વસ્ય ।



જ્યારે સર્વ એનું સર્જન.
અમ અસ્તિત્વ ગુરુના કારણ,
વ્યાધિઓનું ગુરુશ્રી કરતા મારણ
કોટિ કોટિ પ્રણામ તવ ચરણે,
કૃપા કરી રાખો હવે શરણે
દિવ્ય-પાવન શ્રી પ્રેમજયંતી

- નિલેશ અને મીના

✿

# (૧૦૬)
# પ્રેમજયંતી પ્રસંગે

પ્રાગટ્ય થયું લીંચ ગામે આનંદ થયો પરિવારને
વરસ્યા અમી ઝરણા મેઘના શીતલ પવન લહેરે
બચુભાઈ નામ આપી પરિવારના લાડલા થયા
નામ તેવા ગુણ છે બાળક જેવા નિર્દોષ પ્રેમી છે
સંસારમાં રહી સંસારી બન્યા પણ ભક્તિનો રંગ છે
કર્મ કરતા રહી કાર્ય એવું કર્યું લીંચ મિનિ નારેશ્વર થયું
મળ્યા રંગ અવધૂત ગુરુદેવ તેમને થયા દત્ત દર્શન રંગમાં
ગુરુ સેવા કરી ભાવ થકી હૃદય પ્રેમે જીતી લીધું ગુરુદેવનું
આશિષ આપી રંગ ગુરુદેવે પ્રેમને મારો સંગ તારો રંગ છે
તપો ભૂમિ બની લીંચ ગામની ગુરુદેવની ચરણ રજથી
બચુભાઈ થયા ગુરુના પ્રેમી સાથે પરિવારના પ્રેમ અવધૂત
"ચંદ્ર" દર્શન કરી પ્રેમના રંગ ગુરુદેવ નિહારે તુજમાં

૬૩મી પ્રેમજયંતી
ભા.સુ. ૧, સં. ૨૦૪૯
ડાકોર, તા. ૧૭-૯-૯૩

- ચંદ્રકાન્ત સોમેશ્વર ભટ્ટ
અમદાવાદ

✿

# (૧૦૭)
# પ્રેમજયંતી

રંગ અવધૂતના દરબારમાં પ્રેમ આવી ઊભા
ગુરુ તણો આદેશ પરસ્પર દેવો ભવ ॥

સેવા-ત્યાગ-તપસ્વી જીવન કર્તવ્ય પાલન
પ્રભુ ભજન-હરિ સ્મરણ-દત્તબાવની નિત્યક્રમ ॥

દુઃખીના આંસુડા લૂંછી સેવા પરમો ધર્મ હજો
માત-પીતા ગુરુ પંદન, માનવતા ધર્મ અપનાવજો ॥

પ્રેમે જીવન સાફલ્ય કર્યું ગુરુ આદેશ ગ્રહી લીધો
નામ ગુણે પ્રેમે સૌના હૃદય સેવા થકી જીતી લીધા ॥

અવધૂત કૃપા પામી ગયા, પ્રેમ અવધૂત થઈ ગયા
સંસારમાં રહી સંસારી જીવનમાં પ્રભુ લાલા પામી ગયા ॥

અમૃતવર્ષે-જયંતી પ્રસંગે **ચંદ્ર**ની પ્રભુને પ્રાર્થના
આપ હજો હજારો સાલ, સાલ કે દિન હજો પચાસ હજાર ॥

૭૫મા-અમૃત મહોત્સવ પ્રસંગે
અભિવંદન
તા. ૨૫-૬-૨૦૦૬

- ચંદ્રકાન્ત સોમેશ્વર ભટ્ટ

# (૧૦૮)

સ્વપ્નમાં પણ દશા હવે જાળવું હું
વિવેક વીનાના મંથનોને ખાળવું છું
બસ અનન્ય એક એના શરણવીના
સર્વ મીથ્યાના વિચારને ટાળતો રહું
મારા અસ્તિત્વના અભિલેખ ખાલી
આ કાગળ પર રંગની બિછાતે રહે
કે શાહીથી જુઓને તરછોડાયેલ હું
શબ્દના અનહદ પારણાઓમાં રમું
ને છતાં કોઈને કાંઈ કહી પણ ના શકું
કીધા સાંભળ્યાના આ વાદ વીના જ
જે ખુલ્યાં કમાડ એ વાસ્યાં જ કરું હું
જે આ શરીરથી પર આવીને વસે
તેની જ છબીની સ્પષ્ટતા સંઘરું છું
ને તેના જ સાનીધ્યની સંગત કરું હું
તે અને હું, હું અને તે જ્યાં ન રહે
એ સત્સંગમાં કરુણ ચૈતન્ય માણું
ને બસ મારા મુર્ખ હોવાની વાતે હસું
ને બસ મારા મુખેથી નીકળે તો કહું
આ તો સમજી બુઝીને ઝાલ્યો છે દાવ
કાંઈ અજીત જેમ જીતનારો નથી હું.

તા. ૩૧-૮-૨૦૦૫

- અજિત પારેખ

❁



**સકલાભીષ્ટદ આ નકી ગુરુલીલામૃત સાર;**
**કરતાં સેવન, રંગ કો જાય ન સંસૃતિપાર? (અ.૯૩/દો.૧૬૦)**

# (૧૦૯)

આ નભ ઝૂક્યું તે "બાપજી",
ને ચાંદની તે "પ્રેમ" રે.
આ સરવર જલ તે "બાપજી",
ને પોયણી તે "પ્રેમ" રે.
આ બાગ ખિલ્યો તે "બાપજી",
ને લહેર જતી તે "પ્રેમ" રે.
આ પર્વત શિખર "બાપજી",
ને કેડી ચડે તે "પ્રેમ" રે.
આ ચાલ્યાં ચરણ તે "બાપજી",
ને પગલી પડે તે "પ્રેમ" રે.
આ *દીપ જલે તે "બાપજી",
ને આરતી તે "પ્રેમ" રે.
આ લોચન મારાં "બાપજી",
ને નજરું જુએ તે "પ્રેમ" રે.

- અશીત

---

* દીપની માફક બાપજીએ દેહને બાળી કષ્ટ સહન કર્યા ને આપણા જીવનમાં ઉજ્જવળ પ્રકાશ પાથરી ગયા, જેની આરતી સમી પ્રભુતા અને શીતળતા આપણે પ્રેમ અવધૂતજી પાસેથી મેળવી રહ્યા છીએ.

---

**કા પ્રેયસી વિધેયા સજ્જનમૈત્રી ન રાજસેવાઽત્ર ।**



## (૧૧૦)

એકોત્તરે મુનિમિતે ભવદીય જન્મ
સંવત્સરે શ્રીગુરુ રંગકૃપા પ્રસાદાત્
તત્કાર્યજાતમખિલં પરિપૂરયંસ્તં
જીવ્યાઃ શતં સુખમયં પરિવ્રિત્યરાણમ્

મુનિજી! ઈકોતેરમાં આપના જન્મ વર્ષે શ્રીગુરુ રંગ ભગવાનના કૃપાપ્રસાદથી તેમના કાર્ય જાત એટલે તમામ કાર્યો જે અધૂરા રહેલા તે પૂરા કરનાર તમે સો વર્ષનું નિરામય, સુખમય જીવન પ્રાપ્ત કરો.

- નીલદીપ પરિવાર

## (૧૧૧)

### પ્રમનું સ્મરણ

હું સતત વાગોળ્યા કરું પ્રેમની વાત,
ભલે અહીં હોય કે તહીં વહે સતત.

ઘણીવાર સ્વપ્ને આવી મળે ને વાત કરે,
પણ ઝાંઝવા જેવા સ્વપ્ન વ્યાકુળતા વધારે.

પ્રેમને પામવા આંખનો વિસ્તાર નાનો પડે,
પૂર આવેલી નદીને પટ ઘણો નાનો પડે.

પ્રેમમાં નથી કોઈ આવરણ કે વિક્ષેપ,
એ તો સતત વહ્યા કરે છે, નિરપેક્ષ.

અહીં તૃષ્ત્રિગુણમાં અપવાદ છે પ્રેમ,
જેમ પ્રેમને પ્રેમ કર્યા કરો વધે દિન રાત.

જો આ ‘અમૃત’ પ્રેમમાં ભળે
તો રંગ આવી સતત મળે.

તા. ૮-૧૦-૨૦૦૨ - અમૃત ‘પ્રેમાળ’ (પ્રજાપતિ)

# (૧૧૨)

હું કૃપણ તું કૃપાનિધિ!
કેવી કરામત કીધી કિસમતે
ક્યાં તું? ક્યાં હું?
રંગ ગુરુના સંબંધે ગંઠાયા
આ ગાંઠ છૂટે ના એવી પરભવના હક્કથી યાચના કરું.
સહુ સંબંધો આગળથી ચાલ્યા આવે છે.
સનાતન સત્યને કોણ નકારી શકે?
તું છે ત્યાં સુધી,
સમસ્ત જગત સાથે બાથ ભીડી શકું
શક્તિ દે! ભક્તિ દે!
ભવ ભવની જાળમાંથી મુક્તિ દે!
ઓ દેવા,
તું જ્યાં હોય ત્યાંથી
વરદહસ્ત પસરાવતો રહે
મારી મતિ શુદ્ધ રહે, ગતિ વિશુદ્ધ રહે
**શક્તિ દે ઓ રંગા!**
**ભક્તિ દે ઓ પ્રેમા!**

તા. ૨૦-૬-૨૦૦૭ — - પ્રા. અંજની ઉપાધ્યાય
અમદાવાદ.

❀

## (૧૧૩)

પ્હો ફાટીને પ્રગટ્યો સૂરજ પૂર્વમાં,
પણ સૂર્યને પૂર્વ પશ્ચિમ રમવાની આદત છે.
મારા પ્રેમને સૂર્ય કહેવાય... એના તેજથી...
પણ શીતલ ચાંદ જેવો. એ પણ આવી જ રમત રમે છે અમારી સાથે...
હેતુ સારો છે પણ અમે અકળાઇએ છીએ તેનું શું?
આવ! આવ! હવે બહુ થયું.
ના ટટળાવ અમને... તારા પ્રેમપ્રકાશથી અમે ઉજળા...
એ વિણ સૌ પાંગળા.
લાગે છે હવે તું પશ્ચિમી થઇ જવાનો. કેમ અમારો પ્રેમ તને ઓછો પડે છે?
પ્રેમ પરિવારના અમે નાનકડા શિશુ
રંગ પ્રેમમાં નાહીએ, પણ કોરાં કોરાં...
તું છે તો બધું જ છે.
તું નથી તો કશું જ નથી.

તા. ૯-૯-૦૫

પ્રા. અંજની ઉપાધ્યાય
('માસ્તર')

## (૧૧૪)

કલાપી! **'પ્રેમ'** કેટકેટલાં પીછાં પહેરાવું?
'માણસાઇનો દીવો', 'રંગ રંગારાએ રંગેલો
પરિવારનો વડલો' 'સ્નેહનો સમુદ્ર'. હું પામર
તારી કલગીનો શું હિસાબ માંડું?
કેટકેટલી કલા? તારું હાસ્ય સુમધુરઃ
તારું વ્યક્તિત્વ અદ્‌ભુતઃ તારા રંગે રંગાયો એ તારા હાથનો કેચ થઇ ઝીલાઇ જ ગયો સમજો.

આવા કેચ આઉટ થવાનું મારું સદ્‌ભાગ્ય છે. પણ કેચ હાથમાંથી છૂટી જાય નહીં એવી લીલા પણ કરજે મારા **'પ્રેમ'**!

રંગ રંગની રંગોળીમાં હું ભૂલભૂલામણી ના થાઉં તો બસ!

તા. ૮-૯-૨૦૦૫ - પ્રા. અંજની ઉપાધ્યાય

## (૧૧૫)

## સુરમ્યમ્

સુરમ્યમ્ સુદિવ્યમ્ સુભવ્યમ્ ।
રંગ અષ્ટોત્તર શત પ્રેમ અમૃત વર્ષમ્
સંભારણાં વાગોળતાં વાગોળતાં,
સમગ્ર જીવનનું ભાથું મળી ગયું.
સ્હેજવારમાં રોળાઇ ન જાય
એવું આ શમણું.
સાક્ષાત્ સ્વર્ગ અવનિના
આંગણે અવતર્યું
આ અતિ અલભ્ય શોભા
સર્વત્ર હર્ષ-હર્ષ દઇ ગયું.
જેણે માણ્યું એ પામ્યાં
જે રહી ગયાં તે રહી ગયાં;
તેમનું અપાર શાંતિનું સોહામણું શોણું
હાથમાં આવતાં રહી ગયું.
જ્યાં જુઓ ત્યાં રંગ રંગ છવાઇ ગયો
જ્યાં માણો ત્યાં પ્રેમ પ્રેમ પ્રેમ
એક સંપૂર્ણ સપ્તાહઃ
અમારાં ભાવવિશ્વમાં
અત્ર તત્ર સર્વત્ર વણાઇ ગયું.

૪-૧-૨૦૦૬ - પ્રા. અંજની ઉપાધ્યાય



# (૧૧૬)

એક ઝરણું નાનકડા સ્વરૂપે
વહેતું વહેતું નર્મદા તટે વિચર્યું
ઘડીક ભરમાં ગુરુકૃપા થાતાં
સ્નેહાબ્ધિથી છલકાયું
'પ્રેમ' સ્વરૂપે પૂજાયું.
સેવા કીધી મહામૂલી મૂડી સંતની
લૂંટાવી દીધી સમગ્ર સ્તરે
નકો નાનો-મોટો, સાચો-ખોટો
બાપજીનાં ભક્તોમાં બાપજીને નીહાળી
પ્રેમપંથે પરવર્યો...
પરબ્રહ્મ રંગાએ,
પોખરાજ પહેચાની
પહેલ પાડી પોતાની
વાહ રંગા! તેં તો કમાલ કીધી
નાનકડા 'બચુ'ની પ્રતિભાની
પીછાણ કરાવી પ્રત્યેકને
જેવો જબરો ઝવેરી
એવી એની ઝવેરાત
જગમાં રંગ રંગનો જયજયકાર થયો
સહુ પ્રેમ હીરો પામી પુલકિત થયાં
શું કહેશું?
'રંગપ્રેમ' કે 'પ્રેમરંગ'
બોલો રે ભાઇ સબ સંતનકી જય.

૪-૪-૨૦૦૬ - પ્રા. અંજની ઉપાધ્યાય

# (૧૧૭)

એક વિશાલ વૃક્ષને વળગીને
મધપાન કરવાનું કોને ન ગમે?
પણ એની એ વૈવિધ્ય સભર દષ્ટિમાં
દરેક પ્રતિ સદ્ભાવની સાથે
સહુ કોઈની ફિકરમાં ફરતો ફરે છે એનું શું?
ઓ પ્રેમા ફિકરની ફિકર
તને અકળાવતી નથી!
મને ખબર છે અમારી ચિંતામાં
તારી ઊંઘ હરામ થઇ જાય છે;
તારું અંતર ચીરાઈ જાય છે;
છતાં અમે પામર ચિંતાનો ઢગલો
ઠાલવતાં જ જઇએ છીએ!
કોકવાર તારી અદેખાઈ પણ આવે છે.
બધાની પરવા કરવા છતાં
તું પારદર્શક કેવી રીતે રહે છે?
તું જેનો દાસાનુદાસ છે
એણે અલ્લાઉદ્દીનની જાદુઈ ચિરાગ
ક્યારે આપી તને?
આવી અસીમ તાકાતનો ચમ્મર
અમારા પર પણ ઢોળતો રહેજે.

૨૧-૪-૨૦૦૬ - પ્રા. અંજની ઉપાધ્યાય



# (૧૧૮)

ઓ અવધૂત રંગા।
તું તો આબાદ ઘડવૈયો નીકળ્યો
તપોબળે કડવા લીમડાને મીઠો બનાવ્યો.
સ્વયં દત્તાવતારી પ્રભુ રંગા!
પ્રેમ પર તારા જાદુઈ ટાંકણાએ
તો ગજબ કરી!
એ તો મધુરપનો પર્યાય બની ગયો।
એના વર્તુળમાં નાનકડો મંકોડો
બનવાનું સદ્‌ભાગ્ય મળે તોય ઘણું?
તારું ટાંકણું એવું તે કેવું?
કે તું પોતે માત્ર આફ્રિકા ગયો
પણ પ્રેમ સ્વરૂપ બીજ તો
દેશવિદેશ વૃક્ષ તરીકે પાંગર્યું!
પાંદડે પાંદડે રંગનામ લખાયું
દિનપ્રતિદિન તારો રંગઘોષ ગવાયો
પણ ગુરુપૂર્ણિમા આવે અને મન ફફડે
કે પ્રેમ દૂર સુદૂર તારા ડંકા વગાડવા જશે
માત્ર તારી ભક્તિ અને એની સ્મૃતિના બળે
અમે પામર કેટલું ટકીએ!

૨-૫-૨૦૦૬ - પ્રા. અંજની ઉપાધ્યાય

❀

# (૧૧૯)

# અમેરિકા જતાં ચાલિયો ક્યાં?

(ઢાળ-મુને એકલી જાણીને કા'ન છેડી રે)

મુને એકલી મૂકીને તું ચાલીયો ક્યાં?
જઇને બેઠો હવે પરદેશમાં.
હાથ તેં મારો ઝાલ્યો શમણામાં લાગે પ્યારો
બોલાવું ક્યારનીયે, તોયે ન આવ્યો તું તો.
મારી આંખડી વરસાવી તું તો ચાલતો થયો,
જઇને કહી દઉં મધુબાના કાનમાં. ...મુને. ૧.

રંગાની કીર્તિ માટે, દૂર દૂર જઇ રહ્યો તું,
કીર્તિ ફેલાવી તું તો રંગમય બની ગયો તું.
તારી કીર્તિનો થાશે જય જયકાર જો જો.
જઇને કહીશું મધુબાના કાનમાં. ...મુને. ૨.

જુએ છે વાટ બેની, આંખો છે ભીની ભીની
ક્યારે તું આવીશ વીરા, ઝંખું તને ઘેલી બની,
કાળજું કોરાઇ ગયું બેની કુસુમનું
કોને કહું હું વિરહની વાતડી. ...મુને. ૩.

- કુસુમબેન જાની
(વડોદરા)



# (૧૨૦)

પ.પૂ. બાપુજી, મારા વ્હાલા બંધુ, ગુરુદેવ,
મારી પ્રાર્થના (યાચના) તારા ચરણોમાં સમર્પિત કરું છું.
હે ગુરુદેવ! જ્યાં સુધી જીંદગી છે ત્યાં સુધી તારા શ્રીચરણોમાં મારી શ્રદ્ધા ટકી રહે.

હે ગુરુદેવ!
લગાયા જો રંગ ભક્તિકા ઉસે છૂટને ન દેના,
ગુરુ તેરી યાદકા દામન કભી છૂટને ન દેના.
હર સાંસ મેં તુમ ઔર તુમ્હારા નામ રહે,
પ્રીતિ કી યહ ડોરી કભી ટૂટને ન દેના.
બઢતે રહે કદમ સદા તેરે હી ઈશારે પર,
તેરી કૃપા કા સહારા છૂટને ન દેના.
સચ્ચે બને ઔર તરક્કી કરે હમ,
નસીબ હમારા અબ રુઠને ન દેના.
દેતી હૈ ધોખા ઔર ભૂલાતી હૈ દુનિયા,
ભક્તિ કો અબ હમસે લૂટને ન દેના.
પ્રેમ કા યહ રંગ હમેં રહે સદા યાદ,
દૂર હો હમ તુમસે યહ કભી ઘટને ન દેના.
બડી મુશ્કિલ સે ભરકર રખી હૈ કરુણા તુમ્હારી,
બડી મુશ્કિલ સે થામકર રખી હૈ શ્રદ્ધા-ભક્તિ તુમ્હારી,
કૃપા કા યહ પાત્ર કભી ફૂટને ન દેના.
લગાયા જો રંગ ભક્તિ કા ઉસે છૂટને ન દેના,
‘પ્રેમ’પ્રીતિ કી યહ ડોર કભી ટૂટને ન દેના.

૪-૧-૨૦૦૬ — અસ્તુ
અમદાવાદ — - આત્મજા ‘કુંદન’

# (૧૨૧)

હે મારા પ્રાણપ્રિય પ્રભુ, મા, પિતા, પુત્ર, ગુરુ, સખા, નિર્વિકલ્પ પરમાત્મા પ્રેમ,
હું જન્મોજનમ તારી સેવા માગું છું
તારો પ્રેમ-અમૃત એ અક્ષયરૂપ મેવા છે,
જેના આનંદનો અનુભવ વર્ણવવો શક્ય નથી.
ક્યા કહે હમ આપકો કિ
રગરગમેં તુમ બસે હો 'પ્રેમ',
કૈસે કહે હમ આપકો કિ
દિલોદિમાગમેં તુમ છાયે હો 'પ્રેમ',
દિનરાત ખ્વાબો મેં સિર્ફ ઔર સિર્ફ
તુમ છુપે હો 'પ્રેમ',
ઈસ મન મંદિરમેં ભગવાનકી મૂરત કી તરહ
તુમ સમાયે હો 'પ્રેમ',
જીંદગીભર ઓર આજભી
દિલમેં તુમ રહે હો 'પ્રેમ',
તુમ્હારી પસંદ-નાપસંદ કા ખ્યાલ
હમ સોચા કરતે હૈં 'પ્રેમ',
જહામેં સબસે ખૂબસૂરત
તુમ દિખતે હો 'પ્રેમ',
આજ કે દિન હમ કહતે હૈં તુમ્હેં
'ગુરુદેવ પ્રેમ'

અમદાવાદ - આત્મજા 'કુંદન'



## (૧૨૨)

સોનેરી ઇચ્છાના ઉદવે સાત સમંદર
નહીં કિનારા ના હોડી ના સઢ નાબંદર
પથ છોડી પદ્માસન વાળી દેખો મંજર
જે બાટા છે તે જ બધું છે અંદર અંદર
મનનું અગડમ્ બગડમ્ સઘળું સમજી લેજે
ત્યાર પછી રટજે ને સોહમ્ સોહમ્ મંતર
સાતે સૂરની સમજણ ના આવી તો શું છે
એક જ સૂર અંદર રોપીને બજાવ જંતર
આતમજળમાં આગ અલખની પ્રગટાવી લે
છોડ પછી તાવીજ તંતર ને માળા મંદર
તારો ડમડમ ઢોલ પીટવો રહેવા દે તું
દરવાજે ગોરખ આયો છે ચેત મછંદર.

- મધુમતી મહેતા

❁

## (૧૨૩)

જળમાં જીવતર વાવ્યું આતમજળમાં જીવતર વાવ્યું
કોઇ કહે જન્મારો ધોયો કોઇ કહે પાણીમાં નાખ્યું. ...જળમાં. ૧.

આતમજળ તો ઊંડા પાણી ક્યાંથી ક્યાં નિકળે સરવાણી
મનબુદ્ધિના પરપોટાને ફોડ્યાં ને બાજી બદલાણી
ડૂબ્યા અમે તો એવા, બાટા નિકળ્યાં જેવું કાંઇ ન ભાળ્યું. ...જળમાં. ૨.

ધાસોના પંખાળા ઘોડા ઊડ ઊડ લઇ જા આતમ દેશે
સ્વાંગ સજાવટ શા કાજે અબઘડીયે આવુ આ દરવેશે
અમને ધુમ્મસીયા ધાબામાં સૂર્યકિરણનું શમણું લાધ્યું. ...જળમાં. ૩.

- મધુમતી મહેતા

# (૧૨૪)

## ગીત

હાર નહીં માનું હો હરજી હાર નહીં માનું
છડે ચોક મળશું કે મળશું સપનામાં છાનું
હરજી હાર નહીં માનું.
વૃન્દાવનમાં નહીં શોધીએ નહીં જમનાના જળમાં
સૂર-શબ્દોમાં નહીં ભટકીએ ના ભરમાશુ છળમાં
ત્રિકમજી પર ત્રાટક કરશું ભલેને વાતુ વાણુ
હરજી હાર નહીં માનું.
કહો તમે તો પંડ પીગળીએ કહો હીમાળા ગળીએ
કહો તમારે આંગણ ચપટી ધૂળ થઇને મળીએ
ગલ્લા તલ્લા ના કરશો અબઘડીએ દો સરનામુ
હરજી હાર નહીં માનું.
નરસી તુલસી કબીર તુલસી સૌન કરશું ભેળા
અલખ નિરંજન ભજશું ભરશું મનમંદિરમાં મેળા
અઢળક અઢળક તમે આવશો ના જોશો કોઈ ટાણું
હરજી હાર નહીં માનું.

શિકાગો - મધુમતી મહેતા

# (૧૨૫)

## ગીત

તમને આવું યાદ હરિ હું તમને આવું યાદ?
આવુ બહુ જો યાદ કદી તો દઈ દેજોને સાદ. ...હરિ, હું તમને આવું યાદ? ૧.

અમે અગમના પંખી ભજશું ટહૂકે ટહૂકે તમને
સૂર અને શબ્દોની ક્યાં છે કોઈ ગતાગમ અમને
ગમી ગયું બહું ગીત કોઈ તો દઈ દેજોને દાદ. ...હરિ, હું તમને આવું યાદ? ૨.



એક દિવસ ભાવ્યા'તા તમને શબરીજીના બોરાં
અમે બોરડી થઈને તેથી ઊગ્યા આંહી કથોરા
બોર બોરમાં છે ખટમીઠ્ઠો મળવાનો આસ્વાદ. ...હરિ, હું તમને આવું યાદ? ૩.

અમે સૂકેલા વાંસ વગડશુ એક નજીવી ફૂંકે
પણ રૂઠ્યા તો જઈ બેસશુ ગોવર્ધનની ટૂંકે
અમે ભલે ઝીણેરૂં ટીપું તમે ભલે વરસાદ. ...હરિ, હું તમને આવું યાદ? ૪.

શિકાગો - મધુમતી મહેતા

❀

# (૧૨૬)
## ગીત

પ્યાસ વગર શું કરીએ સંતો પ્યાસ વગર શું કરીએ
ઘાટ ઘડ્યા પારિજાતક સુગંધ વગરના ફરીએ. ...સંતો પ્યાસ વગર શું કરીએ. ૧.

અમે ગુરુ, લઈ અડસઠ ચેલા, ભટક્યા ગામ ગમાણે
બળતા ઘર છોડી દોડ્યાં, જો લાગી આગ મહાણે
સંઘ પહોંચશે કાશી પણ, સંન્યાસ વગર શું કરીએ. ...સંતો પ્યાસ વગર શું કરીએ. ૨.

તમે ધધકતા રણમાં બેઠાં વીરડાં ગાળી સાત
તમને એમ અમે આવીશુ તરસ્યા અડધી રાત
અમે ઝાંઝવા, પાણીના અહેસાસ વગર શું કરીએ. ...સંતો પ્યાસ વગર શું કરીએ. ૩.

શિકાગો - મધુમતી મહેતા

❀

# (૧૨૭)

## ગીત

આતમ અમથાં અમથાં રાજી
નથી હવે એ મુલ્લા પંડિત નથી કોર્ટના કાજી. ...આતમ અમથાં અમથાં રાજી. ૧.
બીજ બનીને બેઠાંતા ને ઢંકાણાતા ધૂળથી
બનતા બનતા વૃક્ષ બન્યા પણ હલી ગયા જડમૂળથી

ફળફૂલ ડાળી પાન પાની કરે હવે હરાજી. ...આતમ અમથાં અમથાં રાજી. ૨.
ચૂક્તે થઇ ગયા લેણ દેણ ને ગજવે કોડી કાણી

જમા ઉધારી પાસા સરભર મીંડાની જ કમાણી
લખ્યા ચોપડાં બાળ્યા એણે નથી રહ્યા મેતાજી. ...આતમ અમથાં અમથાં રાજી. ૩.

શિકાગો - મધુમતી મહેતા



## (૧૨૮)

રોજ દિવાળી પારકે દિવે
પોતા પુરતા બધા જીવે
અમૃતરસ સહુ આનંદે પીવે
હલાહળ પીધું ફક્ત શિવે
આરંભ છે નથી અંત
પીડાદાઈ ભલે હો પંથ
ખમીરવંતને શેનો ખંત
અનંત પંથ વિના ખંત
સાધે તે સંત
તંત્ર ફળેના જંતર
ગણતર વિનાનું ભણતર
જેમ પાયા વિનાનું ચણતર
આંખ ખૂલતાંજ છુમંતર
સહુને મારીયાદ અને પ્રેમ કહેજો
અંતે આટલું જ કહીશ.
જબ સુનો કીડીના પાયલની ઝંકાર
શું નહિ સંભળાશે બાળકની પુકાર?
કરવું છે ભવસાગર પાર
હાથ ઝાલી મુજ બાળકને તાર
તરીને તારી શકુ ચાર.

- શાલિની

# (૧૨૯)

આ જગ મહાનાટકનું મચાન
નાનો હોયા મહાન
આ દુનિયામાં દરેકને પોતપોતાનુસ્થાન

સર્જી સૃષ્ટિ વિશાળ
રચી કુદરતી નિશાળ
પ્રભુ રાખે સહુનો ખ્યાલ

મર્યાદાની પણ છે મર્યાદા
પરમાત્માના અમે સહુ પ્યાદા
સ્વયં કર્મે જ પાઈશુ કમ યા જયાદા

પોતાનો જ પરિચય મેળવી સ્વયંને જાણ
અહં અને જ્ઞાન
બે તલવાર અને એક મ્યાન

અમી ધારા વહેતી રહે નિતંત
પરંપરાઓને રાખવા અનંત
અવતરે દરિયાદ હ્દયી સંત

સંત જ્ઞાનેશ્વરે સંતોન સંતમાઉલી કહ્યુ છે
એટલે સંતોને મા તરીકે ગણ્યા છે
દેવી ભાગવતમાં માને દરિયાદ હ્દયી કહ્યું છે
એટલે મા સંતરૂપે અવતરીઓના બાળકોનો ઉદ્ધાર કરે છે

કેવી દશા તારી અવની?
મોખરે નિજ સ્વાર્થ સહુની
નથી ચિંતા માતા કે ગઉની
પડી નથી ભાવની કે ભવની

વ્યર્થમાં જીવન છે ઘસાય
સોચુ ક્યાં ગઈ ફસાઈ



ભૂલ કરી અહીં વસાઇ
જગમાં બધા લાગે કસાઇ

ભાઇબંધ શું પુત્રને બાપે
સ્વાર્થને લાલચથી બીજાને નાપે
તક મળતા ગળુ કાપે
થંડે કલેજે પ્રભુને થાપે

બસ થઇ અતિ
સતીના વેરી એનાજ પતિ
મરી ગઇ શું ન મારી મતિ?
અધોગતિને માનો પ્રગતિ

કાશ ત્વરિત આવે પ્રલય
એજ અમ ભાવિ કરશે તય
સ્થાપી જીવનમાં લય
જીવને બનાવશે શિવમય

- શાલિની

## (૧૩૦)

મને થોડું થોડું દુઃખ તમે આપજો હો નાથ
જેથી સ્મરણ રહે અંતે આવવું છે તારી સાથ.

મને થોડી તકલીફો, ને થોડા અપમાન,
મને થોડી મુસીબતો, ને થોડા તોફાન

મને થોડી થોડી, ઠોકરો લગાવજો હો નાથ
જેથી સ્મરણ રહે અંતે આવવું છે તારી સાથ.

તકલીફોમાં સાથ સદા તારો રહે
મુસીબતોમાં મસ્તક પર હાથ રહે

તોફાનોમાં દીપક બની આવજો હો નાથ
જેથી સ્મરણ રહે અંતે આવવું છે તારી સાથ.

- આરતી



**વિષ્ણુ દંડધર તેમ તું શરણાગતરક્ષક;**
**દૈન્ય નિવારી ભક્તનાં, સંહારે અઘ અક. (અ.૯૫/દો.૨૨)**

## (૧૩૧)

હનુમાનનું સિંદૂર થઈ
તન આખે વીંટળાવું છે.
દૂધ બનીને શિવલિંગ પર
આઠે પ્રહર વહેવું છે.
‘મા’ના પગનું ઝાંઝર બની
દશે દિશામાં ઝૂમવું છે.
ગુરુભક્તિ શિવાજી સમ
સિંહણ દૂધ દોહવું છે.
યાચી આશીર્વાદ આપના
નિત ચરણોમાં રહેવું છે.

- આપના ચરણોમાં રહેવા મથતી આપની
‘યાચક’

## (૧૩૨)

આપ હી મેરી પ્રેરણા હૈ।
આપ હી મેરી સ્ફૂર્તિ હૈ।

આપ હી મેરી હૃદયકી જ્યોત હૈ।
આપહી કે ચરણ મેરા જજીવન હૈ।
આપહી કે આઁખે મેરી ચેતના હૈ।
મેરા તન મન ધન આપકે
ચરણોં પર સમર્પિત કરતી હૂં।
બહુત હી કૃતજ્ઞ હૂં શબ્દ નહીં હૈ।
આપકા ચૈતન્ય નિરંતર જીવો યે હૈ આરજૂ।

**વિવેકની સૌથી પ્રત્યક્ષ ઓળખાણ સતત પ્રસન્નતા છે.**



મેરે જીવનકો મેરે અંતરમય જ્યોતકો
ચેતના દેનેવાલે આપ નર નહીં નારાયણ હૈ ।

- આપકે ચરણોં મેં સદા સૌ. સુરેખા

❁

## (૧૩૩)

## અમૃત વર્ષાભિનંદન (૭૫)

અમૃત વરસે જેના નયનો થકી,
મૃદુ સ્મિત રેલાય જેના અધરો થકી.

તત્ત્વમસિ બન્યા અમૃત વાણી થકી,

વસુંધરા હરખાય જેના ચરણો થકી.
હર્ષાશ્રુ વહે રંગદર્શન ચક્ષુ થકી,

ભિંજાયા સ્નેહે નારેશ્વર નાથ થકી.
નંદીગ્રામ સમ સોહે લીંચ જેના થકી,

દદનપ્રિય બન્યા પ્રેમ-રંગ-સેવા થકી.
ન મોહ મોટાઈ, બચુ-બાળક એ શ્રી રંગના.

ૐ રં રંગાય નમઃ રટણે બની રહ્યા મધુરા.

તા. ૧૧-૭-૦૬
લીંચ.

❁

# (૧૩૪)

પ્રેમ બોલો ન બોલો બોલાવ્યા કરું,
આઠ પહોરે અહર્નિશ સંભાર્યા કરું. ...પ્રેમ બોલો.
પ્રેમભક્તિના પુષ્પો ચડાવીને હું (૨)
મારા મનના મંદિરને સજાવ્યા કરું. ...પ્રેમ બોલો.
તારું મંગળ સ્વરૂપ મારા મનમાં વસ્યું (૨)
હું તો ઉરમાં ને ઉરમાં ઉભાયા કરું. ...પ્રેમ બોલો.
પ્રેમ એવું તે શું તમને માઠું લાગ્યું (૨)
હું તો મનમાં ને મનમાં મૂંઝાયા કરું. ...પ્રેમ બોલો.
ગુરુ થઈને અવધૂતજી રીસાવો છો શું (૨)
ભલે માનો ન માનો મનાવ્યું કરું. ...પ્રેમ બોલો.
કામકાજ સૂઝે ના મનમાં ગોઠતું (૨)
ગાંડા જેવો થઈ અહીં ને તહીં ગોત્યા કરું. ...પ્રેમ બોલો.
પકડ્યાં ચરણો તારા હવે ના મૂકું (૨)
પ્રાણ સાથે પ્રીતિ મારી પોષ્યા કરે. ...પ્રેમ બોલો.
પ્રેમ ઝાઝું શું કહેવું તારે પાયે પાડું (૨)
તારી જ્યોતિમાં જ્યોતિ મિલાવ્યા કરું. ...પ્રેમ બોલો.

ગુરુદેવ કે ચરણોં મેં સાદર વંદન સહ.
અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત



## (૧૩૫)

### પ્રાર્થના

પ્રેમ! રંગ, અખંડ આજ કરજો, હે રંગ, મમ અંતરે,
પ્રેમ! પ્રેમ, વડે તાપ હરજો, જેથી ભક્તો ઉદ્ધરે.

પ્રેમ! પ્રેમથી અમીરસ રૂડો, પાજો સહુને શ્રીપ્રેમ.
પ્રેમ! પ્રેમમાં શ્રીરંગ રાખજો મનમીતિ શાંત કરી દેહમાં.

પ્રેમ પૂર્વક કાપજો શ્રીરંગ જીવનની ભ્રાંતિને.
પ્રેમ પુષ્પ શ્રીરંગ, આજ સઘળે વર્તાવજો.

પ્રેમથી મળીએ 'પરસ્પર દેવો ભવ' સદા આવી પ્રેમમાં.
પ્રેમ! 'શ્વાસે શ્વાસે રંગનામ સ્મરણ' એ જ મમ પ્રાર્થના.

સંવત ૨૦૬૧, જેઠ વદ ૮
બુધવાર, તા. ૨૯-૬-૨૦૦૬

## (૧૩૬)

### શ્રીદત્ત

શું હતું? અને ક્યાં આવી ઊભું છે આ મારું જીવન,
ગલીચ કાદવેથી નીકળી મન શોધે છે 'પ્રેમ' ચમન.

'હું' પણને વિસારી કરવું છે બસ 'ૐ' તરફ ગમન,
કહું તલક વેઠવા આ ક્ષુલ્લક ભવાટવી તણા બંધન,

'રંગ-પ્રેમ' ગુરુ બીન કોઈ ન મેરો, એ જ સાચું ગઠબંધન.
તવ તાપથી મમ પાપ બાળી કરો આ દેહને ચંદન.

ટીપી ભક્તિના એરણ પર કરો આ લોહને કંચન,
સોંપી જાત તમને, હવે મોહ, માયા બાળી કરો હવન.

આંગળી પકડી, હવે જોજો ન થાય વિષયોમાં ચલન,
શાંત ચિત્તે સ્થિર છું 'પ્રેમ'માં, ભલે થાય કોઈ દમન.

'રંગ-પ્રેમ' મહાસાગર છે વળી અનંત, વિશાળ ગગન,
હવે તો એ જ રાહ, ક્યારે આ સૂતનું થાશે 'મા' સાથે મિલન?



ગુરુસેવા જે આદરે કરે, થાય તે પાર;
ક્યાંથી તેને દુઃખ? એ સદા સુખી નિર્ધાર. (અ.૯૫/દો.૪૭)

## (૧૩૭)

**સાખીઃ**

હે... જીભે ઝાઝુ ના બોલીએ,
ઝાઝુ ના ભરીએ પેટ;
ઝાઝી ના રાખે ઝંખના,
એ છે જગમાં શ્રેષ્ઠ.
આવ નથી આદર નથી,
નથી સ્નેહ હેત કે ભાવ;
ભૂલથી ત્યાં કદી જાવું નહિ,
ભલે રૂપિયાનો ઢગલો હોય.
નિત્ય મનથી નીરખીએ,
દરશન તારા રંગ;
જગત આખું ભૂલાય છે,
બસ પ્રેમ! પ્રેમ ને પ્રેમ...

**: ગરબો :**

મહિસાગરને કાંઠડે હો પ્રેમજીની ઝૂંપડી,
પ્રેમજી સંતનો નિવાસ પ્રેમજીની ઝૂંપડી.
બેઠકની આજુબાજુ ચીકુડીની છાયા,
મીઠા મીઠા વાયરા વાય. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.
વહેલી સવારે નિત્ય પ્રાર્થના થાય છે,
સંતની ત્યાં હાજરી દેખાય. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.
આથમતી દિશામાં મહિસાગરના પાણી,
નહાતાં નહાતાં મહિ 'હર' થાય. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.
પ્રેમને કોઈ બાવો કહે કોઈ એને સંત કહે,

**વિવેક વિનાની વિદ્યાનું પરિણામ કેવળ શ્રમ હોય છે.**



કોઈ કહે અવધૂતનો અવતાર. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.
દત્ત દિગંબરની ધૂન ત્યાં ગવાય છે,
પ્રેમ થકી ભોજન અપાય. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.
જે કોઈ આવશે કોઠિયાખાડ ધામમાં,
થશે એનું જીવન કલ્યાણ. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.
સંતો કહે છે પ્રભુજીના શરણે,
દર્શનથી પાવન થવાય. પ્રેમજીની ઝૂંપડી... મહિસાગરને.

## (૧૩૮)

## નીરખતાં નયન હો!

તમારું મનન એ જ મારું કવન હો!
તમારી મૂરતને નીરખતાં નયન હો!

કરુણા થઈને જગતમાં વરસતા,
પીલાવો સુધા સ્નેહની, દિલ કણસતાં;
કરો સ્થિર પગને, યુગોથી ભટકતાં,
વિસામો ભૂલ્યાને તમારા ચરણ હો! ...તમારું. ૧.

પ્રભાતે હુંફાળો તમે સ્પર્શ કીધો,
નયન જ્યાં ખૂલ્યાં ત્યાં સ્મૃતિ શ્વાસ દીધો;
શયનમાં પ્રભુ એક શાંતિ ભવન હો! ...તમારું. ૨.

શું દેવું તમોને અમારી છે મૂંઝવણ,
ધરાવીશ હું નૈવેદ્યમાં નિજનું કૌશલ;

હૃદય એવું દેજો થતું ભાવ પ્રસરણ,
ખીલે સ્નેહ ઉપવન દિલે એ સ્તવન હો! ...તમારું. ૩.





## (૧૩૯)

'પ્રેમ' પણ કેવો અજબનો છે દાખલો,
આંખથી ભાગો અને દિલથી ગુણો.
'પ્રેમ'ને પણ વ્યક્ત કરવાની અનોખી રીત છે,
આંખ વાચા હોય છે ને મૌન ભાષા હોય છે.

What a wonderful methematical problem this 'Prem' is-
Make devision by eyes and multiplication by hearts,
There are various wonderful ways of expressing "Prem",
Where Eye is a speach and Silence is a language.

❁

## (૧૪૦)

## બિરુદાવલી

અખંડ રંગનામ સ્મરણાત્મક મીની નારેશ્વર લીંચ નિવાસક
અનેક ભક્ત જ્ઞાનોપદેશક પ્રેમ રસ પ્રવાહક
શ્રી-કૃપયા શાંતાબા કૂખ ઉજવાળક
પરમ રંગ પ્રસાદ ઉત્તેજક
શ્રી પ્રેમાવધૂતો વિજયતેતરામ વિજયતેતરામ વિજયતેતમામ.

❁

# (૧૪૧)
## ॥ શ્રીપ્રેમાવધૂતએકાદશકમ્ ॥

શ્રુતિ સ્મૃતિપુરાણાનામાલયં કરુણાલયમ્ ।
વન્દે પ્રેમાવધૂતં તં શ્રીરંગસદ્ગુરું વરમ્ ॥૧॥

પવિત્રં દર્શનં યસ્ય પાવનં સ્મરણં તથા ।
શક્તિદં સન્નિધાનં તત્ પ્રેમાવધૂતમહાત્મનઃ ॥૨॥

વચનં મધુરં યસ્ય પાવનં પ્રેમાવધૂતપરાત્મનઃ ।
ઉદ્બોધકં ચ વ્યાખ્યાનં યુક્તિબુદ્ધિપ્રબોધકમ્ ॥૩॥

અધ્યાત્મજ્ઞાનનિરતં લોકકલ્યાણસમ્ભૃતમ્ ।
સત્કાર્યં લોકભદ્રાય પ્રેમાવધૂતજીવનમ્ ॥૪॥

અકારણદયાસિન્ધુઃ પરદુઃખપ્રદાઇકઃ ।
માતૃવદ્ વત્સલો ધીમાન્ શ્રીપ્રેમપરમાર્થદઃ ॥૫॥

યેન સેવા કૃતા ભૂરિઃ શ્રીરંગસદ્ગુરોમહાત્મનઃ ।
તં પ્રેમાવધૂતં વન્દે સેવાભક્તિપરાયણમ્ ॥૬॥

મૌનપ્રિયઃ સ સેવાયોગી રંગભક્તાનાં સદાગ્રણીઃ ।
શ્રીરંગપ્રિયો ભક્તોઽયમ્ શ્રીરંગજીવનદાર્શનિકઃ ॥૭॥

શ્રીરંગકૃપયા ભવેદ્ શતાયુષી પ્રેમાવધૂતોઽયમ્ ।
વન્દે તં શ્રીપ્રેમાવધૂતં યં વયં પ્રણમામો પુનઃ પુનઃ ॥૮॥

શ્રીરામદાસસેવકઃ પૂજનીયોઽસ્તુકલ્યાણઃ ।
પૂજનીયોભવેદ્ એવ શ્રીઅવધૂતસેવકોઽયમ્ ॥૯॥

અશીતિપ્રવેશદિને પ્રાર્થયામિ શ્રીરંગાવધૂતમ્ ।
પ્રેમાવધૂતજીવનં રક્ષેદ્ શ્રીદત્તકૃપયાન્વિતઃ ॥૧૦॥

પ્રેમાવધૂતચિન્તન એવ શ્રીરંગાવધૂતજીવનમ્ ।
નમામિ શિષ્યગુરુદ્વયં સાદરં ચ પનુઃ પુનઃ ॥૧૧॥

- શ્રીમતી ઉમાદેવી દેશપાંડે

ગુરુવાર ૯ સપ્ટેમ્બર ૨૦૧૦
ભાદ્રપદ શુક્લ પ્રતિપદા, સંવત ૨૦૬૬

# (૧૪૨)
# સરનામું ઈશ્વરનું

એક સવારે ડાયરીનાં પાનાં મેં ઉથલાવ્યાં,
યાદ કરી સૌ સ્નેહીજનોના હોંશે સરનામાં વાંચ્યાં.
ડાયરી મધ્યે દેખાયું પાનુ હતું એક કોરું.
લખું સરનામું ઈશ્વરનું નામ છે અને મોટું
નિદ્રાધીન થયો નિશાએ પહોચ્યું મન પ્રભુદ્વારે,
પાય પડી વિનંતી કરી લખવું સરનામું છે મારે,
લખું હિમાલય શિખર ઉપર કૈલાસે-કેદારે,
કે લખું કાશી, મથુરા, ગંગા યમુના કિનારે,
તું કહે તો લખું દ્વારકા, પુરી સાગર કાંઠે.
ક્યારે મળે તું વૃંદાવનમાં કાલિંદીના ઘાટે,
કોઈ કહે તું કુંભે મળતો પ્રયાગે-હરિદ્વારે,
મળવા આવું તને ડાકોરે, ગોમતીજીના ઘાટે,
મર્માળુ હસી બોલ્યા પ્રભુ, જો એ સરનામે જાશે.
ફરી ફરીને થાકશે તોયે મેળાપ ના મારો થાશે.
ઈચ્છા થાય મને જો મળવાની જજે સરોવર કાંઠે,
જળ મધ્યે ખીલતા કમળમાં દર્શન મારાં થાશે.
પહાડ મધ્યે જઈને પ્રેમે કોઈ મને આરાધે
પથ્થર ફાડી ફુટતા અંકુરે, સત્ત્વ મારું નિહાળે.
ઉગતા પ્રભાતે ખીલતી કળીમાં આવી હું બિરાજું,
ભરતો રહી ફોરમ પુષ્પોમાં સૌની સમક્ષ આવું.
લાંબા લાંબા લખી સરનામાં નવ રહેતો મુંઝવણમાં
નકી જાણજે નિવાસ મારો નિર્મળ માનવ હૃદયમાં.

ભરૂચ

- શિવલાલભાઈ પટેલ

# દિલરૂબા દિલકી સુનાઉં; સૂનનેવાલા કૌન હે?



હાર્મોનિયમ વગાડતાં પૂ.શ્રી બાપુજી

ગિટાર વગાડતા પૂ.શ્રી બાપુજી,
અમેરિકા

તંબૂરો વગાડતા પૂ.શ્રી બાપુજી

કાંદિવલી મંદિરમાં પૂ.શ્રી બાપુજી, મુંબઈ

વાયોલિન વગાડતા પૂ.શ્રી બાપુજી,
અમેરિકા

હાર્મોનિયમ વગાડતાં પૂ.શ્રી બાપુજી

# સૂક્તાંજલિ

રંગાવધૂત કૃપયા રંગપાદાબ્જ ભૃંગકાઃ ।
પ્રેમાવધૂતઃ પ્રેમાબ્ધિઃ સુખં જીવ્યાચ્છતં સમાઃ ॥

**: અનુવાદ :**

રંગાવધૂતકૃપાથી રંગચરણકમળના ભ્રમર સમ પ્રેમાવધૂત જે પ્રેમસાગર છે તેઓ સો વર્ષ સુધી સુખપૂર્વક જીવો.

**(૫૮મી જન્મજયંતી પ્રસંગે)**

દેહોમિજો ગુરુવરાંઘ્રિ સુસેવનાય
દત્તેન ચાત્રિમુનયે ન્વિવ યેન દત્તઃ ।
કલેશેન કર્શિતતનું પરમં દયાલું
પ્રેમાવધૂતમુનિરાજમહં નમામિ ॥

**: અનુવાદ :**

પરમ ગુરુના પવિત્ર ચરણની શ્રેષ્ઠ સેવાર્થ અત્રિમુનિએ જેમ પોતાનું સર્વસ્વ આપ્યું, તેમ સેવામાં રહી કષ્ટ સહન કરી જેમણે હાડમાંસ સૂકાવી નાખ્યા છે એવા પરમ દયાળુ પ્રેમાવધૂત મુનિવરને હું વંદુ છું.

**(૬૦મી જન્મજયંતી પ્રસંગે)**

ષષ્ઠિપ્રવેશ સમયે તવ રઙ્ગરાજં
સંપ્રાર્થયે ગુરુવરં શિરસા પ્રણમ્યા ।
રઙ્ગાવધૂત કૃપયા નનુ ત્વં લભસ્વ
પ્રેમાવધૂત! નિરુજં પુરુષાયુષં સ્વમ્ ॥

**: અનુવાદ :**

સાઠના વર્ષમાં આપના પ્રવેશ સમયે ગુરુશ્રેષ્ઠ રંગરાજને શિરસા વંદન કરી પ્રાર્થના કરું છું. રંગાવધૂતની કૃપાથી આપ હે પ્રેમાવધૂત! નિરોગી રહી પૂર્ણ આયુષ્ય પ્રાપ્ત કરો.

– ડૉ. પ્રા. અરુણોદય ન. જાની